સાક્ષર અને તેની સ્ત્રી.

રાણા દોલતસિંહ શીસોદિયા.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गूजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૭૨૪૧ वर्गांक

पुस्तकनुं नाम સાહુકાર અને તેની સ્ત્રી

विषय ટ : ૩

સાક્ષર અને તેની સ્ત્રી.

(એક નવલ કથા.)

લેખક તથા પ્રકાશક

રાણા દોલતસિંહ બી. શીષોદિઆ.

ચૂડા—ઝાલાવાડ. (કાઠીઆવાડ.)

મોટા જનોનાં જીવનો શું શિખવે છે અન્યને?
તેવા સરીખું આચરી તેવા સમું થયુ ઘટે.

સંવત્ ૧૯૬૯. સને ૧૯૧૩.

આવૃતિ પહેલી. પ્રત ૧૦૦૦.

અમદાવાદ

યુનિયન પ્રિન્ટીંગ પ્રેસ કંપની લીમીટેડ ટંકશાળમાં
મોતીલાલ સામળદાસે છાપી.

કીંમત. રૂ. ૧-૦-૦.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૪૪૪૧

અર્પણ પત્રિકા.

અમે બ્રીટીશ ઈસ્ટ આફ્રિકામાં સાથે હતા ત્યારે જેમણે મને આવી બાબતોની અભિરૂચિ ઉત્પન્ન કરાવી છે તે મ્હારા **વળા** નિવાસી સુહૃદવર્ય **ગિરિજાશંકર ભગવાનજી** બધેકર, ડીસ્ટ્રીક્ટ પ્લીડર—જે 'વસંત' વિગેરેના વાચકો-ને '**વિનાયક**' નાં ઉપનામથી જાંણીતા છે તેમ્‌ના કરપલ્લવમાં મારી અભિરૂચિનાં આ પ્રથમ ફળને સહર્ષ અને સપ્રેમ અર્પણ કરી કૃતકૃત્ય થઉં છું.

દોલતસિંહ.

પ્રસ્તાવના.

મને અમસ્તા-સહજ ઓળખનારા-ખાસ પરિચયવાળા તો નહિ-આ નોવેલના લખનાર તરીકે મને જોઈ આશ્ચર્ય ચકિત થઈ જશે અને તેઓના મુખોમાંથી 'પોલીસ સુપરિન્ટેન્ટેન્ટનું કામ કરનાર માણુસનામાં આવી અભિરૂચિ!' એવો ઉદ્ગાર નીકળ્યા વગર નહિ રહે. પરંતુ મારે અત્રે કહેવું જોઇએ કે પોલીસ એટલે શું? પોલીસ થયા એટલે શું આવી બાબતોનો બહિષ્કાર કરવો કે અમારામાં તેવો અધિકાર નહિ? મારે દિલગીરી સાથે કહેવું પડે છે કે કેટલાક પોલીસ અમલદારો પોતે શું છે તે બરાબર સમજતા નથી કે સમજવાનો યત્ન પણુ કરતા નથી અને માત્ર એવાં ક્ષુદ્ર જીવનમાં રચ્યા પચ્યા રહે છે કે તેમને આવી બાબતો ઉપર કદી પણુ વૃત્તિ થતી નથી. પોલીસ કર્ત્તવ્ય ઘણું જ પવિત્ર છે. માત્ર તેને બરાબર સમજવું જોઇએ. રાજાઓ પોતાનો **प्रजानां रक्षणं** નો ધર્મ પાળવાની ખાતર પોલીસ રાખે છે. એ ધર્મને અંગે રાજાનામાં રહેલો કુદરતી અધિકાર રાજાની વતી પોલીસ ચલાવે છે. એ યથાસ્થિત ચલાવવામાં પોલીસ અધિકારીઓ જેટલી ન્યૂનતા-ખામી રાખે છે તેટલી તેમની ઇશ્વર, રાજા અને પ્રજા પ્રત્યે અવફાદારી થાય છે અને તે અવફાદારીનાં પાપથી તેઓ છટકી જઈ શકતા નથી. અધિકાર હમ્મેશાં તેનો સદુપયોગ કરવાને માટે છે, નહિ કે દુરૂપયોગ કરવા માટે. પોલીસ એ સામ્પ્રત સમયમાં એક ત્રાસોત્પાદક-તિરસ્કાર્ય વસ્તુ થઈ પડી છે. તેનું કારણુ માત્ર એ જ છે કે તે ખાતાના અધિકારીઓ તેમનાં કર્ત્તવ્ય પ્રતિ દુર્લક્ષ કરી-બરાબર ન સમજી પોતાને મળેલા અધિકારનો દુરૂ-

પયોગ કરે છે. તેઓ સારા આચાર વિચારવાળા અને કર્ત્તવ્ય નિષ્ઠ હોય તો તે ખાતું જે તિરસ્કાર્ય કે ત્રાસોત્પાદક લાગે છે તે પ્રિય થઈ પડ્યા વગર રહે નહિ.

મારામાં આવી બાબતની અભિરૂચિ આ ખાતામાં જોડાયા પહેલાં થઈ અને તે પ્રભુ કૃપાથી જોડાયા પછી પણ ટકી રહેવા પામી છે. અલબત મારૂં લેખન, વિચાર વિગરે અદ્યાપિ પ્રૌઢ–પકવ તો નથી, તો પણ 'ચાર ચાર ગાઉ ચાલતાં લાંબો પંથ કપાય' એ કવીશ્વર દલપતરામ ભાઈનાં સુત્રને લક્ષમાં રાખી મારૂં કામ આગળ ચલાવ્યે જઉં છું. જો કે અત્રે આત્મ પ્રશંસા કર્યા જેવું દેખાશે તો પણ તે વૃત્તિ નથી એમ જણાવી મારે કહેવું જોઇએ કે મારાં પોલીસ કર્ત્તવ્યમાં હું આ અભિરૂચિથી મારામાં પડેલા સંસ્કારોનો ઉપયોગ કરૂં છું તેથી બધાં કામોમાં મને ફતેહ મળે છે એટલું જ નહિ કિન્તુ તે ઉપરાંત અમારા ખુદાવીંદ ઠાકોર સાહેબ અને તેઓશ્રીની વતી હાલ આ સ્ટેટનો તંત્ર ઝાલાવાડ પ્રાંતના નામદાર પોલીટીકલ એજન્ટ સાહેબની દેખરેખ તળે હોઈ રાજકોટના રા. રા. મહેરબાન વેણીલાલ રણછોડદાસ બક્ષી બી. એ; એલ્. એલ્. બી. જેઓ મેનેજર તરીકે કારભાર ચલાવે છે તેઓ, પ્રજા વર્ગ વિગરે મારાં કામથી સંતુષ્ટ છે. કામ તેના કરનારના આચાર વિચારને અનુસરીને જ થાય. દરેક બાબતનું સારા કે નરસાપણું તે બાબતના ધારણ કરનાર વર્ત્તનને અંગે જ દેખાઈ આવે છે.

કેટલાક લેખકો પોતે કોઇનો આધાર લઈ લખ્યું હોય છે તે છતાં તે નૈસર્ગિક હોવાનો ડોળ ઘાલે છે. તે એક દુષણ છે અને તેનાથી દૂર રહેવાની ખાતર મારે ખુલ્લી રીતે કહેવું જોઇએ કે આ નવલકથાની પ્રયોજના મારી પોતાની નથી પરંતુ તે મારાં અંગ્રેજી નોવેલોનાં વાચનનું પરિણામ છે. મેં અગાઉ એક 'Griffith Colgrove's

Wife' એ નામની અંગ્રેજી નવલકથા વાંચી હતી. તેના લેખક વિગરેની મને અત્યારે સ્મૃતિ નથી પરંતુ તે નોવેલની હકીકત મને પસંદ પડવાથી. તે યાદ કરી જેટલી બની તેટલી એકઠી કરી તે ઉપરથી આ નવલકથા લખી છે. ખોડ ખામીને માટે મારી સ્થિતિ લક્ષમાં લઈ તે પ્રતિક્ષન્તવ્ય દૃષ્ટિ રાખવા હું મારા વાચક ગણને સવિનય વિજ્ઞપ્તિ કરૂં છું.

ચૂડા, તારીખ ૨૭-૧૨-૧૨. દોલતસિંહ.

શુદ્ધિપત્ર.

પૃષ્ટ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
ટાઇટલ પેજમાં અવતરણ.	૨	થયું.	થાવું
અર્પણ પત્રિકા	૪	સુહ્રદ	સુહ્રદ
,,	૫	ડોસ્ટ્રકટ	ડીસ્ટ્રીકટ
૮	૧૭	વગ	વર્ગ
૮	૧૮	થાય	થાય છે.
૮	૧૯	કરનાર	કરનારનાં
૨૩	૧૩	પુછું	પુછું છું કે
૨૮	૬	રિવજ	રિવાજ
૩૨	૧૯	કુલ	કુળ
૪૧	૩	ગયો	જતો
૪૩	૧૩	સમુદ્રોને	સમુદ્રોનો
૪૩	૨૨	તે તે	તે
૪૬	૬	કમળાનાંજ	કમળાનાં
૫૨	છેલ્લી	દેખવા	દેખાવ
૬૯	,,	સ્વાભિક	સ્વાભાવિક
૬૫	૧૪	કહોતો	કહે તો
૮૫	૨	અજની	આજની
૯૨	૧૩	યાજ્ઞલ્કય	યાજ્ઞવલ્કય

પૃષ્ટ.	લીંટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૯૮	૨૧	પડશે	પડત
૧૦૨	૧૩	તેન	તેના
૧૦૩	૬	મટે	માટે
૧૦૩	૧૨	કરવા	કરવો
૧૨૯	૯	હત્તું	હતું
૧૫૬	૧	ટેજ	સ્ટેજ.
૧૫૬	૪	હેન્બીલો	હેન્ડબીલો
૧૬૯	છેલ્લી	અધકાર	અધિકાર
૧૮૪	છેલ્લી	સાહિત્યમાં ઇશ્વર છે	સાહિત્ય ઇશ્વિરમાં છે

પૃષ્ટ ૧૬૮ ની છેલ્લી લીંટીની શરૂઆતમાં કેટલાક અક્ષર બરાબર છપાયા નથી તો ત્યાં—આશાના—એ શબ્દો વાંચવા.

આ ઉપરાંત કોઈ કોઈ સ્થળે કાંતો બરાબર ન દબાયાથી કે ટાઇપ તુટેલા હોવાથી બરાબર છપાયું નથી. જેમકે નહિંને બદલે નાહં, વિચિત્ર ને બદલે ાવાચત્ર એમ છપાયું છે. કોઈ સ્થળે માત્રા તેમજ અનુસ્વાર બરાબર છપાએલ નથી—આવે સ્થળે વાચક વર્ગને સુધારીને વાંચવાની સવિનય વિનતિ કરવામાં આવે છે.

લેખક,

તા. ૧૦–૩–૧૩.

૪૪૭૧

સાક્ષર અને તેની સ્ત્રી.

ઉપોદ્ઘાત.

હિંદનાં મહાન પ્રતાપી બ્રીટીશ સામ્રાજ્યના અમલમાં એક દોઢ કરોડ રૂપીઆની વાર્ષિક ઉપજ, દસ હજાર ચોરસ મૈલ ક્ષેત્રફળ અને આશરે ત્રીસ લાખ માણસની વસ્તિવાળાં દેશી રાજ્ય આદિત્ય નગરમાં મહારાજા ઇંદ્રવિજયસિંહજી રાજ કરતા હતા. મહારાજા સાહેબની ઉમ્મર લગભગ બત્રીસ વર્ષની હતી. કેટલાંક વર્ષ વિલાયતમાં રહી તેમણે અંગ્રેજી ભાષા તથા રાજપદ્ધતિનો સારો અભ્યાસ કર્યો હતો. તેમનું જીવન પણ લગભગ પાશ્ચાત્ય સમાજને અનુસરતું થઈ ગયું હતું. પાશ્ચાત્ય રીત રિવાજોને રાજપ્રકરણી બાબતોમાં પણ ઘુસી જવાનો લાગ મળ્યો હતો. મહારાજા સાહેબનું સામાજીક જીવન જો કે પાશ્ચાત્ય સરખું હતું પરંતુ ધાર્મિક જીવન તો હિંદુ ધર્માનુસાર ઉમદું, સ્તુતિપાત્ર અને આદર્શીય હતું. તેમણે વિલાયતથી અભ્યાસ છોડી સ્વસ્થાને આવી રાજની લગામ હાથમાં લીધા પછી થોડા વખતમાં જ પોતાના અનુભવે કરી પસંદ પડેલી બ્રીટીશ રાજ્યના જેવી રાજપ્રકરણી પદ્ધતિ દાખલ કરી દીધી હતી. રાજપ્રકરણ ચલાવવા માટે તેમણે એક મંડળી નીમી હતી. અધ્યક્ષ પદે પોતે જ કામ કરતા. આ મંડળી જે કરે તે સહી થતું. મંડળીના અંગભૂતોની અર્ધી સંખ્યા રાજ્યના મોટા અમલદારોની અને અર્ધી પ્રજાએ પસંદ કરી નીમેલા પ્રતિનિધિયોની હતી. આ યુવાન નૃપતિની કારકિર્દિ દરમિયાન પ્રજાના ફાયદાના ઘણા સુધારા

કરવામાં આવ્યા હતા. વ્યાપાર રોજગાર પણ સારી રીતે આબાદ થયો હતો. પ્રજા પ્રતિ રાજાનો સ્નેહ હતો, અને રાજા પ્રતિ પ્રજાની પૂર્ણ ભકિત હતી. આવી રીતે કેટલાંક વર્ષ ચાલી મંડળીના અધિકારી અને બીન અધિકારી વર્ગના અંગભૂતોમાં અંદર ખટપટ થઈ. પરિણામે મંડળીના બે પક્ષ થઈ રહ્યા. દરેક પક્ષ પોતાનો જ કક્કો ખરો કરાવવા અને વિજયધ્વજ ઉરાડવા સ્પર્ધા યુકત પ્રયત્નો કરી રહ્યો હતો. આદિત્ય નગરનાં રાજ્યની આ રાજ પ્રકરણી મંડળીની આવી સ્થિતિમાં આપણી નવલકથા પ્રભૃત્ત થાય છે.

પરિચ્છેદ ૧ લો.

આદિત્ય નગરના એક મુખ્ય મહાલનાં મંગળપુર નામનાં શહેરમાં લગભગ પચીસ હજાર માણસની વસ્તિ હતી. શહેર સાધારણ રીતે ગંજાવર હતું મ્યૂનિસિપાલિટીમાં નવાં રાજ પ્રકરણથી પ્રશંસનીય સુધારા થતાં આ શહેરના વિસ્તારમાં ઘણો વધારો થઇ ગયો હતો. ઉપરાંત મીલ, જીન, પ્રેસ જેવાં ઘણાં કારખાનાં તેમજ વ્યાપાર ઉદ્યોગનાં બીજાં ભિન્ન ભિન્ન સ્થાન ઉઘડતાં. કારીગર તથા મજૂર વર્ગની વસ્તિ દિનપ્રતિદિન વૃદ્ધિ પામતી જતી હોવાથી શહેર બહાર પરાં બંધાવવાંની પણ જરૂર પડી હતી. શહેરના બહારના ભાગમાં માંગલિકા-નામક સરિતા વ્હેતી હતી. તેનો પટ લગભગ અર્ધા માઇલ જેટલો પ્હોળો અને જળગર્ભ વાંસ જાળ ઉંડો હતો. તેમાં મોટી હોડીઓ ચાલતી. આધુનિક સુધારાનાં પરિણામે એક બે નાની સ્ટીમ લોંચો પણ દાખલ થવા પામી હતી. સરિતાનો કાંઠો બાંધી દીર્ઘ ઘાટ અને વિશાળ ડક્કો બાંધવામાં આવ્યો હતો. હાલમાં તેના ઉપર પૂલ બાંધવાની યોજના પણ થતી હતી. વસ્તી પૈસા પાત્ર હોવાથી માટીનાં ઘરો ગણ્યા ગાંઠયાં જ દષ્ટિગોચર થતાં હતાં. આખું શહેર મોટી મોટી મેડીઓ, હવેલીઓ આદિ ભવ્ય ઇમારતો વાળું હોવાથી બહારથી તેનો દેખાવ ઘણો જ રળીયામણો અને લક્ષ્મીના વાસનું ભાન કરાવવાવાળો હતો. શહેરની સડકો પણ વિશાળ અને પાકી થઈ ગઈ હતી. સડકોને એમ બાજુ ઉંડી ગટરો બંધાવવામાં આવી હતી. એ ગટરોનો અંત માંગલિકા ન-

દિના શહેરથી આશરે એક માઇલ દૂર આવેલા ઉત્તર ભાગમાં વાંક હતો ત્યાં હતો. 'જળમાં મળ નહિ' એ કહેવત મુજબ આખા શહેરની ગંદકી નદિમાં મળી વિમળ થઇ જતી અને કેટલાંએ જળચર પ્રાણિને આધાર રૂપ થઈ પડતી.

પરામાં આધુનિક બાંધણીના બંગલા ઘાટના મકાન ઘણી શોભા આપતાં હતાં.

પરાંની સડકો પણ શહેરના જેવી જ બલ્કે વધુ સારી હતી. બહારના ભાગમાં ઉંચા વિસ્તૃત વૃક્ષો ગૌરવ સાથે ઉભાં રહી તેમના દેખાવને અલૌકિક કરી રહ્યાં હતાં.

આ શહેરમાં એક વિશાળ ફળી વાળાં જુની બાંધણીનાં પણ પાકાં મકાનમાં એક મા દિકરી રહેતાં હતાં. માનું નામ મણિકુંવર અને આત્મજાનું નામ કમળાગૌરી હતું. કમળાનો પિતા ઉચ્ચ કુટુમ્બનો હતો. તે ગ્રેજ્યુએટ હતો. તેની કેળવણીને પારણામે કમળામાં પણ કેલવણીના ઉચ્ચ સંસ્કાર આવવા પામ્યા હતા. કમળા મેટ્રીક પાસ થઈ હતી. તે ઉપરાંત તેનો અંગ્રેજી, સંસ્કૃત અને ગૂજરાતી ભાષાનો અભ્યાસ ઘણો બ્હોળો હતો. કમળાનો પિતા ઝવેરીનો ધંધો ચલાવતો હતો. દુકાન તેની પોતાની નહોતી પરંતુ પેરીસની એક પી. આર. ડીલારૂ અને કમ્પનીની પેઢીની મુંબઇમાં શાખા હતી, અને તેની ઉપશાખા અહીં હતી તેનો મેનેજર હતો. તેને માસિક દોઢસો રૂપિઆનો પગાર મળતો. સુધરેલી રીતિનું જીવન હોવાથી તે બહુ બચાવ કરી શકતો નહોતો તોપણ વાર્ષિક આઠસો રૂપીઆ તો બચાવતો. બાકી તેના પિતાની પુંજી ઘણી હતી. એક બે વાર તેણે રૂનો વ્યાપાર કર્યો અને તેમાં સારો નફો મેળવતાં તેને તે ધંધાનો સ્વાદ લાગ્યો. તે હવે

રૂના વ્યાપારમાં પણ ઝુક્યો હતો. તે કહેતો કે નોકરીથી કોઈનું ઉચ્ચું આવ્યું નથી. રૂના વ્યાપાર સિવાય પૈસો જમા થઈ શકતો નથી. રૂના વ્યાપારથી પ્રથમ તો તેને ઘણી જ કમાણી થઈ, પરંતુ એકવાર મોટી ખોટ આવી પડતાં પોતાની સઘળી પુંજી ગુમાવી બેઠો. રૂના વ્યાપારથી ખૂબ પૈસા થતાં તેણે શહેરમાં બીજાં મોટાં મકાન ચણાવ્યાં હતાં. ઘરમાં દાગીના વિગરે પણ વધાર્યા હતા. ઝવેરી હોઈ ઉંચાં અસલ નંગ પોતાની પેઢીને જુજ નફો આપી ખરીદી ભારે કિમ્મતના દાગીના કર્યા હતા. ઉપરોકત નુકસાન આવતાં તેને તે બધું દિલગીરી સાથે વેચવું પડયું. આ જુનાં ઘર જે તેણે ત્યાં સુધી ભાડે આપ્યાં હતાં તેમાં જઇ રહેવું પડયું. તેની પાસે હવે સાધારણ મુડી રહી. રોકડતો નહોતી પરંતુ આઠ દસ હજારના સાધારણ દાગીના રહેવા પામ્યા હતા. નોકરી ચાલુ હતી એટલે તેને બહુ હરકત પહોંચી નહિ. તેમાંથી કેટલાંક વર્ષ થયાં આ મા દિકરી તેમનો નિર્વાહ ચલાવતાં હતાં. તેમનાં જીવન મુળથી જ શોખીન હોવાથી ખર્ચ ઘણું ભારે હતું. એ બધું દાગીનાને ખમવું પડયું હતું છતાં પણ હાલમાં જેટલા હતા તેટલા કમળાને પરણાવતાં કરવાના કરિયાવર અને ત્યાર પછી મણિની જીંદગી સુધી સારી રીતે પહોચે તેમ હતા. ઉપરોકત નુકસાને કમળાના પિતાની તંદુરસ્તી ઉપર ભયંકર હુમલો કર્યો. તેને અંતઃકરણનો વ્યાધિ થઈ આવ્યો અને એક દિવસે અંતઃકરણ અચાનક બંધ પડી જવાથી તેનું મૃત્યુ નિપજ્યું હતું. કમળા કોલેજમાં પ્રીવીઅસનો અભ્યાસ કરવા જતી પરંતુ તેના પિતાના મૃત્યુથી તે આગળ ચલાવી શકાયો નહિ. કમળાએ તો આંગળ ભણવાનો ઘણો આગ્રહ કર્યો પરંતુ તેની માએ માન્યું નહિ અને તેને ભણતી અટકાવી. બીજાં સંતાનને અભાવે આ એકની એક દુહિતા ઉપર મણિને અત્યંત પ્યાર હતો. કમળા હવે યુવાન થઈ ગઈ હતી.

જો તેના પિતાને ઉપરોકત નુકસાન ન આવ્યું હોત તો તેને માટે યોગ્ય વર શોધી વિવાહ કરી દેવાનો હતો. ત્યાર પછી કરશું કરશું એવો વિચાર ચલાવતાં તે મર્ણ પામ્યો. વિધવા મણિને યુવાન દિકરી તેના પિતાની હયાતીના સમયની માફક હજુ પણ બહાર છુટથી હરવા ફરવાનું રાખે એ પસંદ પડયું નહિ, પરંતુ મોટાં છોરૂ સાસરે સારાં, એ વિચારે તેને માટે યોગ્ય વર શોધી પરણાવી દેવાની તે ગોઠવણ કરતી હતી. એ કર્ત્તવ્ય અદા કરી તેનાં ઋણમાંથી મુકત થવાય તો પછી નિરાંત એમ તે કહેતી. અદ્યપિ પુરતી છુટથી હરેલી ફરેલી કમળાને આ બંધી રૂચી નહિ. તે ડાહી હતી. પિતાના મૃત્યુ પછી ખર્ચ ઉપાડવાની સ્થિતિ ન રહેતાં તેની માની ઇચ્છિા મુજબ તેણે કોલેજ છોડી દીધી. પોતાની અરૂચિ છતાં માતાનું કહ્યું કાને ધરી તેણે કેટલાક દિવસ તો ઘરમાં રહી આળસુ જીવન ગાળ્યું પરંતુ વધુ વખત સુધી તે આવું જીવન નિભાવી શકી નહિ. આધુનિક સુધારા મુજબ શહેરની હાઈસ્કૂલમાં કન્યાઓ પણ અભ્યાસ કરતી. કન્યાઓ વધતાં તેમને માટે જુદી સગવડ કરવી પડી હતી. કન્યાઓને માટે આખરે જુદી હાઈસ્કૂલનું મકાન પણ જુનીની સામે જ હતું. બેય શાળાઓના શિક્ષકો જુદા જુદા હતા. બે–છોકરા અને છોકરીઓની–હાઈસ્કૂલોની દેખરેખ રાખવા માટે એક સૂપરીન્ટેન્ડેન્ટની નિમણૂંક થઈ હતી, બેય શાળાના હેડ માસ્તરો તેના તાબામાં મૂકાયા હતા. કન્યાશાળામાં સ્ત્રી શિક્ષકો રાખવામાં આવી હતી. કન્યાશાળાનાં હેડ મિસ્ટ્રેસ બી. એ. થયેલાં હતાં. તેમની નીચે એક બીજી પણ બી. એ. થયેલી મદદનીશ મિસ્ટ્રેસ હતી. બાકીની મેટ્રીક થયેલી વિગરે હતી. કમળા આ શાળામાં ભણી મેટ્રીક થઈ હતી. તેની ચપળતા અને હુંશીયારીને અંગે તેના ઉપર હેડ મિસ્ટ્રેસની અત્યંત મમતા હતી. આ કન્યા શાળામાં હાલ

એક શિક્ષિકાની જગ્યા ખાલી પડતાં હેડ મિસ્ટ્રેસે કમળાને ત્યાં રહેવાની સલાહ આપી. કમળા એકાંત જીવનથી મુંઝાઈ ગઈ હતી તેથી તુરત જ હા પાડી. હેડ મિસ્ટ્રેસની ભલામણ થતાં કમળાને તે જગ્યાએ નિમવામાં આવી અને તેને નોકરીમાં દાખલ થવાનો વખત આવી પહોંચ્યો. કમળાએ આ વાત તેની માથી ગુપ્ત રાખી હતી પરંતુ હવે તો કહ્યા વગર ચાલે તેમ નહોતું. મણિ કુંવરે પ્રથમ તો આનાકાની કરી પરંતુ કમળા પોતાનાં આ જીવનથી છેક કંટાળી ગઈ હતી અને તેને બિલકૂલ ચેન પડતું નહોતું એમ સમજાવતાં હા પાડી. પણ ખુલ્લા દિલથી તો નહિ. કમળા હવે કન્યાશાળાની શિક્ષિકા થઈ. અગાઉથી પ્રીતિ તો હતી જ અને દાખલ થઈ સંતોષ પૂર્વક કામ કરતાં થોડા વખતમાં હેડ મિસ્ટ્રેસની માનીતી થઈ પડી. કમળાના જીવનનો ક્રમ હવે બદલાયો; તે હવે નવીન–અદ્ભુત જીવનમાં આવી પડી. તે કોઈ તરૂણ ઉપર પ્રેમ કરતાં શીખી. તેની માની ગોઠવણ તો હજુ ફળિત થાય ત્યારે ખરી. મોટી ઉમ્મર થાય અને સંજોગો આવી મળે ત્યારે કેળવાએલી કુમારિકાનાં હૃદયમાં પ્રેમભાવ ઉત્પન્ન થાય તેમાં શું આશ્ચર્ય !

પરિચ્છેદ ૨ જો.

છોકરાઓની હાઈસ્કૂલનો હેડ માસ્તર એક એમ. એ. થયેલો નૌત્તમલાલ નામનો તરૂણ હતો. તે બહુ પૈસાદાર નહોતો. તેના બાપે જે પુંજી કરી હતી તેમાંથી તે આટલું ભણ્યો હતો. તેને માત્ર પગાર ઉપર હિસાબ હતો. તે માત્ર એકલો જ હતો. તેની મા તેણીનાં સૌભાગ્ય દરમિયાન સ્વર્ગ પંથે ચાલી ગઈ હતી. તેને કન્યાઓ મળતી પણ સારી કેળવણી વાળી કોઈ મળતી નહોતી. કેળવાએલાનું જીવન કેળવાએલી પત્ની સિવાય સુંદર ન બને એમ માની તે હજુ કુમારો જ રહ્યો હતો. તેની ઉમ્મર લગભગ સત્યાવીશ કે અઠ્ઠાવીસ વર્ષની હતી. પોતાની આ વયને તે મોટી ન માનતો. એમ. એ. થયા પછી તુરત જ તેને આ હાઈસ્કૂલના હેડ માસ્તરની જગ્યા મળી હતી. તે પોલીટીકલ ફીલોસોફી અને લોજીકનો પ્રોફેસર હતો. સંસ્કૃત જ્ઞાનપણ વિશાળ હતું.

ધીમે ધીમે કમળા ને તેની સાથે ગાઢ પરિચય થયો. કમળા નોકરી ઉપરાંત આગળ અભ્યાસ કરતી. હેડ મિસ્ટ્રેસને કેટલાંક ખાનગી ટ્યૂસનો હોવાથી તે કમળાને પોતાના વખત અને શિક્ષણનો લાભ આપી શકે તેમ નહોતી પરંતુ તેણે હેડ માસ્તર સાથે બંદોબસ્ત કરી આપ્યો. તેને અને હેડ માસ્તરને સારો મેળ હતો. આથી કમળા હેડ માસ્તર પાસે શિખવા માટે જતી. કુદરતનો નિયમ છે કે ગાઢ પરિચય થતાં શરમાળપણું, મર્યાદા, વિવેક, માન મરતબો વિગેરે હોય છે તે તુટી સ્નેહ ઉદ્ભવવા લાગે છે. તે મુજબ આ બે જણાં વચ્ચે બન્યું. આથી તેમની માનસિક સ્થિતિમાં ઘણો ફેરફાર થયો. બેયજણાં એક

બીજાની સાંસારિક સ્થિતિથી વાકેફ થયાં હતાં. બેય અવિવાહિત હતાં એમ તે જાણતાં હતાં.

નૌત્તમલાલ હાઇસ્કૂલના કમ્પાઉન્ડના છેડા ઉપર ન્હાના ઉદ્યાનની વચ્ચમાં પત્થરથી ચણેલાં પરંતુ બધાં સાધનોથી ભરપુર સુંદર બંગલા ઘાટનાં મકાનમાં રહેતો હતો. તે એકલો જ હોવાથી રસોયો રાખી કામ ચલાવતો. તેના કુટુમ્બમાં તેના પોતાનાં ઉપરાંત બીજું કોઈ નહોતું.

કમળા ગૌરી અને નૌત્તમલાલ વચ્ચે ઉદ્‌ભવેલો સ્નેહ ધીમે ધીમે રમણ રમણીના પ્રેમનું રૂપ પકડતો ગયો. બેય જણાં સરસ્વતી દેવીના પવિત્ર, શુભ અને ઉચ્ચ સંસ્કારોથી વિભૂષિત હતાં એટલે આવો ગાઢ અને એકાંત સમ્પર્ક નિષ્કલંક જ રહ્યો હતો.

એક દિવસે સાંજે હાઇસ્કૂલનાં કામથી પરવારી ઘેર જઈ ચાહ પીધા પછી નૌત્તમલાલ બગિચામાં વિરામાસન નંખાવી વાંચતો બેઠો હતો. તે વખતે કમળાની કલ્પનાથી પ્રભવેલી મૂર્તિ તેની દૃષ્ટિમાં આવીને કેલિ કરવા લાગી. વાચવું પડતું મૂકી નૌત્તમ કમળાના વિચારમાં તલ્લીન બની ગયો. તે સાહિત્યનો બહુ શોખીન અને ઉપાસક હતો. અગ્રગણ્ય માસિકોમાં તેના લેખો પુરતા આદર સાથે સ્વીકારાતા. તેની દૃષ્ટિમાં રમતી પેલી કમળાની મૂર્તિ પ્રતિ તે કવિ:દૃષ્ટિથી ટસી ટસીને જોવા લાગ્યો. આજુ બાજુનું કે અખિલ વિશ્વનું ભાન તે અત્યારે છેક ભૂલી જ ગયો.

કમળા પણ વિદ્યાશાળાનાં કામથી ફારક થઈ ઘેર ગઈ અને ચાહ પી પોતાની અભ્યાસની ચોપડીઓ સાથે હમ્મેશ મુજબ આજ નૌત્તમલાલનાં સદન પ્રતિ ગઈ. નૌત્તમલાલ બગિચામાં હતો એમ ચાકરથી ખબર મળતાં તે સીધી બગિચામાં જ ગઈ. તેનાં ચાલવાના અવાજથી નૌત્તમલાલ કાંઇ હાલ્યો ચાલ્યો નહિ પરંતુ ધ્યાનસ્થ જ રહ્યો તેથી

કમળા પણ ચેષ્ટા કરવાના રૂપમાં આવી ગઈ. બિલાડીનાં પગલે તે છેક નજીક ગઈ અને પીઠે ઉભી રહી. તે બિલકૂલ હાલી ચાલી કે બોલી નહિ, સહજ સ્મિત સાથે નિમિલ ઓષ્ટે તે મૌન ધારી ઉભી જ રહી. થોડોવાર એ પ્રમાણે કરી તે ચુપકીથી બાજુમાં જઇને ઉભી. તો પણ નૌત્તમલાલ તો ધ્યાન નિષ્ઠ જ રહ્યો. આખરે તે છેક સન્મુખ જઇને ઉભી. નૌત્તમનાં નેત્રો વિકસિત હતાં. ઓષ્ટો ફફડતા પરંતુ શબ્દો સ્પષ્ટતઃ બહાર શ્રુતિ જન્ય થાય તેમ નીકળતા નહોતા. નૌત્તમની કલ્પિત મૂર્તિને બદલે આ સાક્ષાતકાર મૂર્તિ આવીને ઉભી. તે અંતર્જ્ઞાન વગર તેના જોવામાં આવી. આટલે સુધી પણ વિચાર નિમગ્ન થયેલા નૌત્તમને કાંઈ ભાન આવ્યું નહિ. તેની આવી મનોદશા જોઇ કમળા મુંગી મુંગી હસવા લાગી. પ્રેમી બાળા પોતાના મનમાં ધારેલા રમણ સાથે આવાં ટીખળ કરીને જ તેનું મન હરી પ્રીતિ સંપાદન કરે છે. નૌત્તમના ઓષ્ટ દ્વારે અસ્પષ્ટ શબ્દો જ નીકળતા હતા એટલું જ નાહ પરતુ સાથે નસકોરાં વાટે શ્વાસ પણ નીકળતો હતો અને કોઈ વાર ાવચિત્ર અભિનયો પણ થઇ જતાં હતાં. આ દેખાવથી કમળાનું હૃદય અવનવા તર્ક વિતર્ક કરવા લાગ્યું. વગર બોલ્યે ચાલ્યે સ્તબ્ધ-ચકિત થઇ ક્યાં સુધી ઉભું રહી શકાય? મૌન પણ ક્યાં સુધી ટકી રહી શકે? અંતે હિમ્મતને મદદે બોલાવી તે "હેડ માસ્તર સાહેબ!" એમ ધીમેથી બોલી. એ ઉચ્ચારણ કેવું મધુર, મૃદુ અને મનોરંજક હશે? નૌત્તમને તેની કાંઇ અસર થઇ નહિ. કમળાએ જાણે કે તેના ઉપર કોઇ મોહિની નાંખી હોય નહિ કે જેથી તે બિલકૂલ શુદ્ધિ-ચેતના વગરનો થઇ રહ્યો હોય! વળી થોડી વાર રાહ જોઇ તે જરા તાણીને બોલી. તે તીવ્ર-તીક્ષ્ણ સ્વરનો પ્રવાહ નૌત્તમની શ્રુતિમાં

પેસતાંનીવાર જ તે ઝબકી ઉઠયો. તેને સહસા ચેતના આવી પહોં-ચી. કમળાને સાક્ષાત સામેં ઉભેલી જોઇ તે આશ્ચર્યચકિતથઇ ગયો. શું બોલવું તેનું ભાન પણ ઉડી ગયું.

"આહા, મારી કલ્પના શું સાક્ષાતકાર બની!" તે અચપ્રુચ બોલી ઉઠયો. કમળા તેનો કાંઇ અર્થ સમજી શકી નહિ. નૌતમને હવે પોતાની દશાનું પૂર્ણ ભાન થઇ આવ્યું.

"માસ્તર સાહેબ, તમે ઝબકીને તે શું બોલ્યા?" મૃદુલ કંઠ-માંથી માર્દવ ભર્યા શબ્દો નીકળ્યા.

"કાંઇ નહિ, એ તો હું ભૂલી ગયો. લાવો, તમારે આજ શું પુછવું છે?"

ત્યાર પછી તુરત જ ચાકરને હાક મારી એક ખુરશી લાવવાનું કહેતાં ચાકરે આવીને ખુરશી સામે મૂકી. તેના ઉપર બેસવાની આંગળી વતી ઇસારત થતાં કમળા બેઠી. નૌત્તમલાલનાં મુખમાંથી તેને જોઇ એકાએક ચકિત બની સરી પડેલા શબ્દોનો મર્મ તે સમજી નાહ તેથી તેના ઉપર ઉંડેથી વિચાર ચલાવવા લાગી.

"માસ્તર સાહેબ તમારા શબ્દોએ મને ચમકાવી છે. તેથી મારા તર્કો ભિન્ન ભિન્ન દિશાઓમાં મુસાફરી કરવા મંડયા છે તો મને તેનો અર્થ કહો."

"વારૂ કમળા, આપણા પરિચયે કરી આપણા વચ્ચે સ્નેહ જ-ન્મ લેવા પામ્યો છે એ વાત તું સ્વીકારે છે કે નહિ?" નૌત્તમલાલે પ્રશ્ન કર્યો. કમળાના પ્રશ્નથી તેનું મન-ચિત્ત ઉડી ગયેલી કલ્પનાને ફરી બોલાવી લાવ્યું. તે પાછો કલ્પના વિષયની પ્રણાલિકામાં જઇ ઉભો.

"હાજી આપણા દીર્ઘ અને ગાઢ પરિચયથી સ્નેહભાવ જાગૃત થયો છે અને તેને પરિણામે આપની રાખવી જોઇતી અદબ મેં છોડી દીધી છે. આપણા વચ્ચે રહેલું અંતર ભાગી ગયું છે, જાણે કે આપણે એક જ કુટુમ્બનાં અંગભૂતો નહોઇએ!"

"ઠીક; તો પછી એ સ્નેહને અંગે હું તને એક પ્રશ્ન કરૂં તો તેને તું અવજ્ઞા તરીકે નહિ ગણે ને?"

"Not at all. You can put as many questions as you like. ×"

"આપણો સ્નેહ ધીમે ધીમે પ્રેમનું રૂપ પકડતો ગયો છે કે નહિ? I mean * * આપણાં સ્નેહી હૃદયો પરસ્પર પ્રેમી બન્યાં છે કે નહિ?"

"હું એ તફાવતમાં સમજતી નથી."

"ઠીક કાંઇ નહિ ન સમજતી હોતો, પરંતુ તે સ્નેહ કાંઇક અલૌકિક પ્રકારનો થઇ ગયો છે કે નહિ?"

"હા, કાંઇક એવું થયું છે ખરૂં. પરંતુ એથી આપ શું કહેવા માગો છો?"

"હું એમ કહેવા માગું છું કે મારે તને એક પ્રશ્ન કરવો છે. તે આપણાં બેયનાં ભલાંનો છે. તે પ્રશ્નનો ઉત્તર તું હકારમાં આપીશ કે નહિ?"

"પ્રશ્ન જાણ્યા વગર હકાર કે નકાર એમ કેવી રીતે કહી શકાય? અગાઉથી બોલીને બંધાઇ જવાય નહિ. એ તો મૂર્ખાઇ ગણાય.

× બિલકૂલ નહિ. તમે ચાહો તેટલા પ્રશ્ન કરી શકો છો.

* * મારાં કહેવાનો અર્થ એવો છે કે.

એ તો જુના સંપ્રદાય સાથે ગયું. આગળનાં માણસો કહેતાં કે એક વેણ આપો. વગર જાણ્યે હા આપ્યું એમ કહે અને પછી વિચિત્ર માગણી થાય એટલે નામરજી છતાં વચન આપવાથી તે પ્રમાણે કરવું પડે. જુની વાર્તાઓમાં આવી બાબતો ઘણીવાર જોવામાં આવે છે. અને એ રીતિ પણ સ્ત્રીઓની છે. સ્ત્રીઓ પોતાના પતિયો પાસેથી કાંઇ વાત કર્યા વગર અગાઉથી વચન લઇ બાંધી લેતી અને પછી પતિને આશ્ચર્ય ઉપજે એવી માગણીઓ કરતી. તમે તો પુરૂષ છો અને વળી વિદ્વાન તથા નવા સંપ્રદાયના છો એટલે આવી રીતિ તમને શોભતી નથી."

"વારૂ કાંઇ નહિ. પરંતુ એ પ્રશ્ન કદાચ તને ન ગમે તો તેથી તારે નારાજ ન થતાં તેનો તને યોગ્ય જણાય તેવો ઉત્તર આપવો એટલું તો વચન આપી શકીશને?"

"હાજી. તેમાં કાંઇ પણ સંદેહ ન રાખશો."

"Thank you (તારો ઉપકાર) તો હું તને એ પુછું આપણો સ્નેહ હવે રમણ રમણીના ઉત્કટ પ્રેમનાં રૂપમાં આવી ગયો છે અને તેને અંગે હું તને મારી ગૃહિણી થવા ઇચ્છું અને તેની તારી આગળ માગણી કરૂં તો?"

કમળા ઘણીવાર સુધી બોલ્યા ચાલ્યા વગર નૌત્તમલાલનાં મુખ સામું તાકીને ઉંડો વિચાર કરતી બેસી રહી.

"ધારો કે હું ના પાડું તો?" કમળાએ આખરે સામો સ્વાલ કર્યો. મનનાં ઉંડાણમાં તો હા પાડવાનું ચોકસ કરી વાળ્યું હતું. પોતે જ એવો પ્રશ્ન કરવાનો તાકડો શોધતી હતી અને પોતાના માથેથી ઉતરી એ પ્રસંગ સામાને માથે જઇ પડયો એ જોઇ તે અત્યંત પ્રમુદિત થઇ.

"તો મારી જીંદગી ધુળધાણી—ફના ફિલાહ થઇ જાય! મને તારા

પ્રત્યે એવો તો ઉષ્ણ પ્રેમ બંધાયો છે કે તેનું યથાસ્થિત વર્ણન કરવાને મારી પાસે પુરતી ગિરા નથી."

" વ્હાલા ! હું પણ એજ પ્રશ્નની રાહ જોતી દિવસો ગાળતી હતી."


" વ્હાલા !" એ શબ્દ કમળાનાં ગળામાંથી—અંતઃકરણમાંથી આ પ્હેલ વ્હેલો જ નીકળી આવ્યો હતો. તે પહેલાં તો આપણે જાણીએ છીએ તેમ " માસ્તર સાહેબ " કે " હેડ માસ્તર સાહેબ " નાં સંબોધનથી જ બોલાવતી. નોત્તમલાલ તો પ્રથમથી જ તેને કમળા કહીને બોલાવતો.

કમળાના " વ્હાલા " ના સંબોધન વાળા શબ્દો સાંભળી નોત્તમલાલ સહસા પ્રેમ અને હર્ષથી મિશ્રિત થયેલા આવેશમાં આવી ગયો અને ઉઠીને ઉભો થયો. કમળા પાસે જઇ તેને ગાઢ પરિરંભમાં લીધી અને તેના ગુલાબીઝાંઈ વાળા ચળકતા મૃદુ કપોલ ઉપર આ કરારના સિક્કા તરીકે તાણીને ચુમ્બન કર્યું. ત્યાર પછી કમળાનાં બ્રહ્મચર્યનાં તેજથી ચળકતાં વિશાળ લલાટ ઉપર ચુમ્બન કરી પવિત્રતા, સ્નેહ, દયા અને શાંત મનહર સ્વભાવનું દર્શન કરાવતાં ચપળ પ્રભાશાળ નેત્રો અને મધુ ઝરતા લાલ ભીના અધરોષ્ટને ચુમવા પણ ચુક્યો નહિ.

પ્રીતિના પ્રથમ આવેશ સમયે હૃદયના ઉમળકા સાથે લીધેલું ચુમ્બન કેવું મિષ્ટ હશે ? કેવું સુખદ અને અલૌકિક હશે ? કેવું નવિસારાય તેવું હશે ? તે લેખકની લેખિની કે કવિની ગિરાથી વર્ણવી શકાય તેવું હોતું નથી. માત્ર જેને તેનો અંગિત અનુભવ હોય તેજ તે જાણી શકે છે. તેના અનુભવીમાં પણ તેને કહી બતાવવાની શકિત હોતી નથી, તે ગિરાની મર્યાદાથી બહાર હોય છે. તેનો સ્વાદ અલૌકિક જ

હોય છે. તે સ્વાદનો પ્રકાર પાડવો એ પણ મુશ્કીલ કામ છે. તે સ્વાદમાં મિષ્ટતા કરતાં પણ કાંઈક વધુ રહેલું હોય છે.

પાઠ તો પાઠને ઠેકાણે રહ્યા આજ તો આ પ્રેમનો નવો પાઠ ભણી ભણાવી નવલ પ્રેમી યુગ્મ છુટું પડયું. આ ઘડીથી તે બેય જણાં રમણ રમણી તરીકે વર્તી અદ્‌ભૂત જીવન ગાળવા લાગ્યાં.



પરિચ્છેદ ૩ જો.

—x—

તેમનો આ વ્યવહાર દીર્ઘકાળ પર્યંત જગત્થી અજાણ્યો રહી શક્યો નહિ. હાઈસ્કૂલના બેય વિભાગોથી ચાલી શહેરમાં થઈ છેક મણિ કુંવરના કર્ણ સુધી પણ આ વાત પહોંચીવળી. તે બીચારી દુહિતાની આવી છુટની વાત સાંભળી નારાજ બની ચીડાઈ, પરંતુ તત્કાળ બોલી શકી નહિ.

એક દિવસે સાંજે તે બેઠી હતી અને કમળા નિશાળેથી ઘેર આવી. કમળા હમ્મેશ પ્રમાણે પુસ્તકો લઈ ચાહ પીધા પછી બહાર જવા લાગી એટલે તેણે તેને રોકી અને પોતાની પાસે બેસાડી. કોઈ કોઈ વાર બપોરે નિશાળે જતી વખતે જ પોતાના અભ્યાસનાં પુસ્તકો સાથે લઈ જતી અને સાંજરે નોકરીથી ફારક થઈ બારોબાર તેના રમણનાં ગૃહે જતી અને બેય જણાં પ્રેમગોષ્ટિ સાથે ઘણા જ આનંદથી ચાહ સાથે બેસી પીતાં. પરણ્યા પહેલાંની પ્રીતિ પણ ઘણી જ રસદ અને સુખદ હોય છે. પ્રેમીઓ તેનો લાભ બરાબર લેવા ચુકતાં નથી. કોઈ કોઈ વાર તો બન્ને જણ સાથે બેસી ભોજન કરતાં અને ઘેર આવી ભૂખ નથી એવું કમળાને પોતાની માતા પાસે મિષ બતાવવું પડતું. તેઓ કહેતાં કે પ્રથમથી પ્રેમ બંધાયા વગરનું જીવન લવણ વગરના ખોરાક જેવું છે. તેથી પ્રેમ બાંધવામાં બેય જણાં ઉત્સુક બની કશી કચાશ રાખતાં નહિ. ગુલાબ જેમ પુષ્પોમાં રાજા છે તેમ હૃદયના ભાવોમાં પ્રેમ રાજા છે. રાજા જેમ સુખ અને દુઃખ બેય આપે છે તેમ આ પણ આપે છે. રાજા તરફથી જેમ આશા અને નિ-

રાશા મળે છે તેમ આનાથી પણ મળે છે. રાજાનાં મંદિરે પહોંચવું જેવું કઠિન છે તેમ અદ્રિનાં ઉચ્ચાં શૃંગ પર રહેલાં પ્રેમ મંદિરે પહોચતાં ઘણો વિકટ અને લાંબો માર્ગ કાપવો પડે છે. રાજા તરફથી જેમ ભય અને મહેરબાનીની વકી રખાય છે તેમ આના તરફથી રખાય છે. રાજા જેમ સત્તાથી ભરપુર હોય છે તેમ તેપણ છે. રાજાને જેમ મરડાતાં કે ચિડાતાં કે પ્રસન્ન થતાં વાર લાગતી નથી તેમ આને પણ હોય છે, રાજાની મરજી વિરૂદ્ધ કાંઇ કામ જેમ કરાતું નથી તેમ આમાં પણ છે. રાજાની આજ્ઞા જેમ પાળવી જ જોઇએ તેમ આની આજ્ઞા પણ લોપી શકાતી નથી. પ્રેમીઓ પરસ્પર મન દુભાવી શકતાં નથી. કવિઓ પ્રેમને અખિલ સૃષ્ટિનું આદિ કારણ ગણે છે. પ્રેમની આગળ આખી સૃષ્ટિ બાળકો સમાન છે. પ્રેમ એક એવી અદ્‌ભૂત વસ્તુ છે કે તેનું પુરેપુરૂં સ્વરૂપ બતાવવામાં કવિયો પણ પાર પામતા નથી.

"હેં બ્હેન, એ વાત સાચી?" માએ ધીમેથી પ્રશ્ન કર્યો.

"કઈ વાત, બા?" પુત્રીએ પ્રતિ પ્રશ્ન કર્યો.

"ગામમાં વાત ચાલે છે કે અંગ્રેજ લોકોની માફક તું તથા હેડ માસ્તર પ્રેમી બની રમણ રમણી તરીકે વર્તી આપણા સામાજીક નિયમોનો ભંગ કરો છો. તમે અંગ્રેજી આટલા વાસ્તે ભણ્યાં?"

"કદાચ એમ હોય તો તેથી શું?" કમળાએ સ્મિતસહ પ્રશ્ન કર્યો.

"જો તેમ હોય તો તે ઘણું જ ખોટું-શરમ ભરેલું ગણાય. તે ચાલશે નહિ."

"એનું કારણ?"

"કારણ એ જ કે મને એ રીતિ પસંદ નથી. તેમાં આપણી જ્ઞાતિની કે કુળની શોભા ન ગણાય. બ્હેન તેનું કુળ કયું અને તારૂં

કુળ કયું ! તેને ત્યાં તું ન હોય, બા. અલબત્ત એ વરવા લાયક સારો પતિ છે એ તો હું કબૂલ કરીશ, પરંતુ કુળની બાબતમાં તે મને માન્ય નથી. આપણા જ્ઞાતિ રિવાજ બલ્કે આખા હિંદુ રિવાજ પ્રમાણે તારા માટે પતિ શોધી પસંદ કરવો એ કામ તારા પિતાનું કે તેમની ગેરહાજરીમાં હવે મારૂં છે. એ કામ સ્વતંત્ર રીતે તારી જેમ મરજી પડે તેમ અંગ્રેજી રિવાજનું અનુકરણ કરી તારે જાતે કરવાનું નથી. આપણામાં પતિની પસંદગીનો હક કુમારિકાઓને હજુ મળ્યો નથી. અરે કોઈ દહાડો મળ્યો નથી અને આપવો એ પણ શ્રેયસ્કર નથી. પરણ્યા પહેલાં પ્રેમ બાંધવો એ શું કહેવાય તે મેં નથી જાણ્યું કે નથી મારી માએ કે એવી અનેક પ્રમાતાઓએ જાણ્યું ! કેવા વિચિત્ર વાત ! પરણ્યા પહેલાં પ્રીતિ થાય જ ક્યાંથી ? મને તો આ બધી નવાઇની વાત લાગે છે. પરણ્યા પહેલાં નિર્મિત પતિ સાથે બોલી કે તેની દૃષ્ટિ આગળ પણ કેમ જઈ શકાય ! આ તો હજુ સગપણ સરીખું પણ થયું નથી અને તેવા પુરૂષ સાથે પ્રેમ બાંધવો અને પરણવાની મસલત ચલાવવા ઉચ્છૃંખળ બનવું એ કેવી વાત ! એ શું આપણો ધર્મ છે ? એ શું વિદ્યા–કેલવણીનું ભૂષણ કે શિક્ષણ છે ? પોતાના ધર્મને યથાસ્થિત પાળીએ તો જ કેલવણી–વિદ્યા લીધી ગણાય. વિદ્યા આપવાનો હેતુ પણ એવો જ છે નહિં કે સ્વચ્છંદી બની કોઈ પુરૂષ સાથે પ્રેમમાં પડી પરણવાની વાતો ચલાવવાનો ! આવું સ્વચ્છંદી પણું, અધર્મીપણું કે નિર્લજપણું વાપરવું એ કેળવણીનુ શિક્ષણ નથી. અલબત્ત તું હવે પરણવા જોગ થઇ છું તો તારા માટે લાયક વર શોધી પસંદ કરવો, તારૂં હિત, સુખ ઈચ્છી તે જોવું એ મારી ફરજ છે અને મારે તે અદા કરવી જોઇએ. હું એ જ ગડભાંજમાં છું. તારાં આ વર્તનથી મને બહુ જ દિલગીરી ઉપજી છે. મારી કુખે જન્મી આવું

આચરણ કરે તો મારી જીંદગી ધિઃક્કાર પામે! મારો જીવ પણ સદ્‍ગતિને પામે નહિ!"

"આમાં મેં ધર્મનું શું ખંડન કર્યું?" મુગ્ધા ધીમે ધીમે સ્વરે બોલી.

"તારા મન તો એ કાંઈ નહિ હોય પરંતુ મને તો તે ગંભિર પ્રકારનું–પાપસમાન લાગ્યું છે."

"ખોટી વાત, એમાં કાંઈ પાપ નથી. ત્યારે શું માબાપ અવિચારીપણે ગમે ત્યાં લાકડે માકડું વળગાડી આપે તે બાળકોએ મુંગે મોઢે પશુ માફક સહન કરવું? બા, પ્રથમ પ્રેમ થયા વગર પરણવું એ વ્યર્થ છે. તમારા કહેવા મુજબ પરણ્યા પછી કોઇને જ પ્રેમ થાય છે. પછી તો તે થતો હોય તેવો જ થાય. પ્રેમથી લગ્ન કરવું એ જ ઉત્તમ છે. એનાથી સંસારમાં રેક સુખ અને જીવન સાફલ્ય સાધી શકાય છે. લાકડે માકડાં વળગાડતાં પાછળથી કેવા ભવાડા થાય છે એ શું તમે નથી જાણતાં? મેં પ્રેમથી મારો પતિ પસંદ કરી વાળ્યો છે. જો મને તમે મારી ઇચ્છા મુજબ તેની સાથે નહિ પરણાવો તો તમે મને જેની સાથે પરણાવશો તે લાકડાની અને હું માકડાંની સ્થિતિમાં આવી પડીશું. લાકડા માકડાનાં લગ્નથી કેવા કજીઆ–હૃદયભિન્નતા–પરસ્પર અરૂચિ–અણગમો થાય છે! પરંતુ જો પ્રથમથી જ બેય જણાં વચ્ચે પ્રેમ પ્રભવ્યો હોય તો એવાં અપ્રિય–અનીચ્છનીય પરિણામ આવે નહિ. પરણવાથી પોતાના માથે શી ફરજ આવી પડે છે તે અમે ભણેલાં બરાબર સમજી શકીએ અને વળી બેય જણાં પરણ્યા અગાઉથી જ પ્રેમી હોઇએ એટલે એવાં અનિષ્ટ પરિણામને આવવાનો લાગ મળે જ નહિ. વળી તમે પ્રશ્ન કરશો કે માબાપ પરણાવે ત્યાં પરણી પોતાની ફરજ સમજે તો? પરતુ ત્યાર પછી મેં કહ્યું તેમ હૃદય ઐક્ય ન થાય તો ફરજની પરવા રહે જ નહિ. ફરજ પણ હૃદય

ઐક્યને અંગે સમજાય છે. જેના પ્રતિ પહેલેથી જ અણગમો હોય તેના પ્રતિ કોકના જુલમથી આવી પડેલી ફરજ પુરા ભાવ સાથે અદા કરી શકાય જ નહિ. એ તો 'મન વગર મળવું અને ભીંત સાથે અફળાવું' એના જેવું થાય. દરેક કામમાં હૃદયની પ્રથમ દરજ્જે જરૂર રહેલી છે. હૃદયના ભાવ વગર કોઈ કાર્ય થઈ શકતું નથી. જુલમી શેઠનો નોકર અંતઃકરણ પૂર્વક નહિ પરંતુ માત્ર ફરજ અદા કરવાની ખાતર જ જે કામ કરે છે તે કેવું કરે છે? હૃદયના ભાવ સિવાય બધુંય નિરર્થક. જેની સાથે હૃદય એકતા ન હોય તેની સાથે પાટો ચડે જ નહિ. ચક્કરના કેંદ્રમાં જો આરા બરાબર ન ગોઠવાય તો પાટો ચડતો નથી તેમ હૃદયના કેંદ્રમાં પણ પ્રેમ ન હોય તો લગ્ન બરાબર સુધરતું નથી. શાંતિ બ્હેનને ભાનુ કાકાએ તેની મરજી વિરૂદ્ધ પરણાવી તેથી તેની શી દશા થઈ તે તમે કયાં નથી જાણતાં? મરજી વિરૂદ્ધ પરણાવતાં બાળા સદા ચિંતામાં રહે છે. તેના મગજમાં જાત જાતના અપ્રિય અને દિલસોજી વાળા તર્ક વિતર્ક આવ્યાં કરે છે. તેથી ધીમે ધીમે તેનું મગજ ખવાતું જાય છે, પતિથી તે સુખ પામતી નથી. મગજની નિર્બળતાને અંગે તેને હીસ્ટેરીઆ કે ક્ષય જેવા રાક્ષસી વ્યાધિયો થાય છે અને અંતે તેનું મોત નિપજે છે. કહો બાળાને તેની મરજી વિરૂદ્ધ પરણાવી એવી સ્થિતિએ પહોંચાડવી એ શું પાપનું કામ ન કહેવાય કે? માબાપોએ તે શું સારૂં કર્યું કહેવાય? વારૂ, પરણ્યા પહેલાં અપરિચિત પુરૂષના સહવાસમાં આવી પ્રેમ કરવો એને તમે અધર્મ ગણો છો. એ તો ઠીક, પરંતુ બાળાએ પોતાનો પતિ ન શોધવો કે તેની સાથે પ્રેમમાં પડી તેને ન પસંદ કરવો એ કયા ધર્મમાં કે કયા શાસ્ત્રમાં લખેલું છે? વરવું એ શબ્દનો શો અર્થ થાય છે? વરવું એટલે પસંદગી કરવી. પસંદગી ગ્રહણ કર્યા પહેલાં થાય છે. આ પસંદગી

પરણનારના પોતાના હાથમાં રહેલી છે. એ તો માત્ર એક પ્રથા છે. સ્વયંવર–ઇચ્છિાવર થતા તેનો શો અર્થ? વાર્તાઓ સાંભળતાં કે વાચતાં બધી પ્રેમ લગ્નની જ વાતો આવે છે. પોતાને જેની સાથે આખો ભવ જોડવો છે તે અજાણ્યો અને પ્રેમ કર્યા વગરનો હોયતો જીંદગી કેવી રીતે ગળાય? અલબત્ત હું એટલું તો સ્વીકારૂં છું કે આપણામાં પરણ્યા પહેલાં કન્યાએ કોઈ સાથે પ્રેમ ન કરવો અગર સગપણ થયા વગર સંસર્ગમાં પણ ન આવવું કે સગપણ પછી પણ ન આવવું એવો રિવાજ છે. પરણ્યા પહેલાં પ્રીતિ ગુંથવાનો રિવાજ આપણામાં નથી તેથી કદાચ એ રિવાજનું ખંડન કર્યું ગણાય પરંતુ તેથી કરી કાંઈ ધર્મનું ખંડન થતું હોય એમ હું માની શકતી નથી. દરેક મનુષ્યને પોતાનું સુખ શોધવાનો હક છે તેથી મારાં સુખને માટે યોગ્ય પગલાં લેવાનો મને પણ સંપૂર્ણ અધિકાર છે. આ હું ઉદ્ધતાઈથી કહેતી નથી પરંતુ તમને સમજાવવાની ખાતર કહું છું તો તેથી માઠું લગાડશો મા.”

પુત્રીની આવી દલીલ સાંભળી મણિકુંવર વિચારમાં પડી મુંગે મોઢે બેસી રહી. તેની પવિત્ર અનુકમ્પિત આંખ્યોમાંથી મૌકિતક સમાન અશ્રુ બાષ્પ નાકની બાજુના ખુણામાં વળગી રહી પછવાડેથી પુર આવતાં નીચે ખળવા લાગ્યાં. કમળાને પણ આ જોઈ ક્ષોભ થયો પરંતુ પોતાની માના મનનું સમાધાન કરી શકવાની હિમ્મત હોવાથી તેને અતિ ગંભિર પ્રકારની અસર થઈ નહિ.

“તું સ્વયંવરનું કહે છે પરંતુ તે માબાપની હિલચાલથી જ–સંમતિથી જ થાય છે.” છેવટે કાંઇક બોલવું જોઇએ એમ ધારી મણિ બોલી.

“એ તો ઠીક પરંતુ હેં બા તમે નૌત્તમલાલમાં એવું શું જુઓ છો કે તમે તેમને તમારા જામાત્ર તરીકે નાલાયક ગણો છો?”

“તે બધી રીતે સારો છે. વરવા યોગ્ય છે. વિદ્વાન છે. વળી

અત્યારે દરજ્જા ઉપર છે. વાંધો માત્ર કુળમાં છે એટલે કે તેનું કુળ આ પણા કરતાં હલકું છે અને બીજાં એક કારણથી પણ તે મને ગમતો નથી."

"આ કુળ એટલે શું?"

"કુળ એટલે કુટુમ્બ."

"તેની જ્ઞાતિ તો એક ખરી કે નહિ?"

"જ્ઞાતિ તો એક જ; તેમાં કાંઈ અંદેશો નથી."

"કુળ હલકું કેમ કહેવાય અને ઉચ્ચ કેમ કહેવાય?"

"એવા કોર્ટોના જેવા સ્વાલના જવાબ દેવાની મારામાં શક્તિ નથી કારણ કે એટલું બધું લાંબુ હું જાણતી નથી. લોકો કહે છે કે ફલાણાનું કુળ ઉંચું છે કે નીચું છે એ ઉપરથી હું જાણું છું. એનાં મુળ શોધવાં એ તમારૂં ભણેલાંઓનું કામ અમને એવી કુથલી ન આવડે. આપણામાં કહે છે કે નૌત્તમલાલ કરતાં આપણું કુળ ઉંચું છે. બસ એટલુંજ આવડે છે. તેનાં કારણની મને ખબર નથી."

"મનુષ્યોમાં કોઇ પણ બાબતનું કારણ શોધ્યા વગર જેમ તેમ માની લેવું એ મહા વિષમ પ્રકારનું દુષણ છે. મારી માન્યતા પ્રમાણે તો એકજ જ્ઞાતિમાં ઉચ્ચ કે વિષમ કુળ હોવાનું અસંભવિત લાગે છે. માણસો જેને હલકું કે ઉંચું ગણે છે તે માત્ર તે કુળ-કુટુમ્બના મુળ મુખ્ય પુરૂષની કારકિર્દિ ઉપરથી ગણાતું હશે એમ મને લાગે છે. જે કુળ-કુટુમ્બના મુળ પુરૂષ કીર્તિવંત કે પૈસાદાર હશે તે કુલ ઉચ્ચ અને બીજાનું તેમનાથી હલકું ગણાયુ હશે. એ ગણત્રી મારી માન્યતા પ્રમાણે ખોટી-મૂર્ખવાદ ભરેલા છે. ઉચ્ચ ગણાતાં કુળનો હોય અને નીચ કર્મ કરતો હોય છતાંય તે ઉચ્ચ અને નીચ કહેવાતાં કુળનો ઉચ્ચકર્મ કરતો હોય તો પણ તે નીચજ? અહા કેટલો બધો મૂર્ખ-વાદ-કેવો અન્યાય! ઈશ્વરની દૃષ્ટિમાં તો સહુ સરખુંજ છે. દરેક

જ્ઞાતિયો, કુળોનાં મનુષ્યો ઇશ્વિરનાં તો એક સરખાંજ બાળકો છે. ઇશ્વરનામાંતો કાંઈ ભિન્ન ભાવ નથી. તો પછી મનુષ્યે શું કરવા રાખવો? સહુ સહુના કર્મથી વર્ણ બાંધ્યા છે અને તે પ્રમાણે વર્તવું જોઇએ. આપણામાંતો આચારવિચારાનુસાર વર્ણમાં પણ અગણિત પેટાં પડી ગયાં છે. તે પેટાં જેને આપણે જ્ઞાતિ કહીએ છીએ તે છે. જ્ઞાતિયો પણ તમારા કહેવા મુજબ ઉચ્ચ નીચ કુટુમ્બોથી વ્હેંચાઇ ગયેલી છે. વર્ણ જે એક મોટી બાબત છે તેમાં તો હલકું ઉચ્ચ હોઇ શકે પરંતુ એકજ જ્ઞાતિ તેમાં ઉચ્ચ નીચ ગણવું એ ગેરવ્યાજબી છે. હાલમાં પૈસાદાર હોય પછી તમારી ગણત્રી મુજબ ભલેને તે હલકાં કુળનો હોય છતાં કેમ ઉચ્ચ કુળવાળા કરતાં ચઢી જાય છે? તેને ઉચ્ચ કુળવાળા પોતાની દિકરીઓ આપે છે અને તેમાં માન સમજે છે. ત્યાર પછી તેનું કુળ નીચતામાંથી અલગ થઇ ઉચ્ચતામાં દાખલ થઇ જાય છે. તેવીજ રીતે ઉચ્ચ કુળનો છતાં નિર્ધન થઇ જાય છે અને તેની નિર્ધનતાને અંગે તેને કોઈ ઉચ્ચ કુળની દિકરી આપતું નથી તેમજ તે પોતે પણ ઉચ્ચ કુળવાળાને પોતાની દિકરી આપી શકતો નથી તેથી તેને હલકાં કુળ સાથે વ્યવહારમાં ઉતરવું પડે છે અને તેને પરિણામે તે ઉચ્ચ મટી હલકાં કુળનો થઈ જાય છે. કહો, આમાં કુળની ઉચ્ચતા કે વિષમતાનું ધોરણ ક્યાં રહ્યું? આવી રીતે જોતાં કુળની ઉચ્ચતા કે નીચતા માત્ર માણસની સામાજીક સ્થિતિ અને શ્રીમંતાઇને લીધેજ ગણાય છે. જુઓ રાજર્ષિ ભર્તૃહરિ પણ કહે છે કે—

यस्यास्ति वित्तं स नरः कुलीनः
सपण्डितः स श्रुतिमान्गुणज्ञः ।
स एव वक्तासच दर्शनीयः
सर्वे गुणाः कांचनमा श्रयन्ते ॥

એટલે કે જે પુરૂષની પાસે ધન છે તેજ કુલીન, તેજ પંડિત, તેજ ગુણવાન, તેજ ગુણજ્ઞ, તેજ વક્તા અને તેજ દર્શનીય છે કારણ કે સઘળા ગુણો સુવર્ણમાં રહેલા છે. કાંચન હોય ત્યારેજ સર્વ ગુણો પ્રકાશે છે. વિત્ત વગર પુરૂષ પ્રકાશી નીકળતો નથી એ વાત તો ખરી તેમજ કુલીન પણ પૈસાવડેજ ગણાય છે એટલે હવે તમારી કુળ સંબંધી માન્યતા ટકી શકતી નથી. હવે વિત્તનું મુળ શેમાં રહેલું છે તે કહું. વિત્તનું મુળ વિદ્યામાંજ છે. વિદ્યાથીજ વિત્ત–બલ્કે સઘળી વસ્તુઓ પ્રાપ્ત થાય છે. એજ ભર્તૃહરિ કહે છે કે—

विद्या नाम नरस्य रुप मधिकं प्रच्छन्न गुप्तं धनं
विद्या भोग करी यशः सुख करी विद्या गुरूणां गुरुः।
विद्या बन्धुजनो विदेश गमने विद्या परं दैवतं
विद्या राजसु पूजिता नतु धनं विद्या विहीनः पशु ॥

એટલે કે વિદ્યાજ માણસને મોટું રૂપ છે, અતિગુપ્ત ધન છે, વિદ્યા ભોગ, યશ અને સુખ આપનારી છે, વિદ્યા ગુરૂની પણ ગુરૂ છે, વિદેશ જતાં વિદ્યા બંધુ તરીકે કામ કરે છે, વિદ્યા પરમ દૈવત છે, રાજાઓ વિદ્યાનીજ પૂજા કરે છે નહિ કે ધનની, વિદ્યા વિહીન માણસ પશુજ છે. આ ઉપરથી તમને ખાત્રી થશે કે કદાચ ધારો કે કોઈ ધનવાન નથી પરંતુ તેની પાસે વિદ્યા છે તો વિદ્યાવાન પુરૂષ ધનવાન કરતાં પણ બહુતર છે. ધન ઘણું હોય પરંતુ તે વિદ્યા વિહીન–પશુ જેવો હોય તો તે શું પતિ તરીકે ઇચ્છિનીય ગણાય? બિલકૂલ નહિ. આ નોત્તમલાલ પાસે સાધારણ પૈસો છે પરંતુ વિદ્યા રૂપી ધન ઘણું છે માટે મારી પસંદગી અસ્થાને કે તિરસ્કાર્ય નથી. હું આટલી વિદ્યા ભણેલી છું તેને તમે કોઈ ધનવાન પરંતુ નિરક્ષર મૂર્ખની સાથે પરણાવો તો શું તમે તેમ માનો છો કે અમારો સંસાર

સુખમય નિવડે ? લેશ પણ એવી આશા ન રાખતાં. જ્યાં સુધી બન્ને પાત્રોમાં ગુણ અને સ્વભાવનું એક સરખાપણું કે મળતાવડાપણું નથી ત્યાં સુધી ભિન્ન હૃદયો અભિન્ન થતાં નથી. સ્નેહ જે બે હૃદયોને એક કરનારો છે તે ઉદ્‌ભવતો નથી. સ્નેહ વગરનું જીવન વ્યર્થ છે. ખેર આટલેથીજ જો ન સમજો અને હજુ તમે કુળનેજ વળગી રહો તો તેમાં પણ તમારી દલીલ તોડી પાડવાનું મારી પાસે સાધન છે. આપણે ત્યાં જે "મહિલા મહત્વ" નામનું માસિક આવે છે તેમાં કેટલાંક કુળોની હકીકત આવેલી છે. આપણી તથા તેમની એકજ પંક્તિની સાખ જેને અંગ્રેજીમાં Surname—સરનેમ કહે છે તે છે. આપણી જ્ઞાતિના વિદ્વાનો અને મોટા—અગ્રગણ્ય પુરૂષો બેયને સરખાં માને છે છતાં તે હલકું હોવાનું તમને કોણે ભૂત ભરાવ્યું છે ? કહો હવે શો બાધ નડે છે ?"

કમળાની આ દલીલે મણિકુંવર ઉપર સજડ અસર બેસાડી. તે મૌન ધારી બેસી રહી. આ કુળની બાબતમાં તો તે પાછી પડી તેથી હવે નવીન યુક્તિ શોધવા લાગી. નૌતમલાલને જામાત્ર કરવા પ્રતિ તેને કુદરતી રીતે અણગમો હતો. તેનું શું કારણ હશે ? તેની તેને પોતાને પણ ખબર નહોતી. તેનું હૃદય તેને ના પાડતું હતું. માત્ર ગમતો નહોતો એટલું જ તે સમજી શકતી પરંતુ હૃદય—આત્મા શા કારણથી ના પાડે છે તે તે બરાબર સમજી શકતી નહોતી. લાવો ત્યારે આપણે તેનું હૃદય ઉકેલીએ. પરંતુ તેમ થઇ શકે તેમ નથી કારણ કે સ્ત્રીનું—અને વળી આવી જુના વિચાર વાળી નિરક્ષર સ્ત્રીનું હૃદય ઘણુંજ ગૂઢ અને અસ્પષ્ટ હોય છે. આપણે કોઇ અનુમાન ઉપર આવી શકીએ તેમ નથી તો પણ અણગમાનું કારણ કદાચ તેની સંમતિ વગર રમણ રમણી—પ્રેમી થયાં અને વિવાહની વાતો કરવા લાગ્યાં એ તેને રૂચતું

નહિ હોય. બીજું કારણ તો કલ્પી શકાતું નથી. પોતે પુત્રીને ક્યાં પરણાવવી એ માબાપનો સ્વતંત્ર હક છે છતાં પુત્રીએ તે તેની પાસેથી છીનવી લઇ પોતાના હાથમાં લીધો એમ માની આ બાબત પ્રતિ અણગમો લાવી હશે. ગમે તેમ હોય પરંતુ તેને આ વાત ગમતી નહોતી એટલું તો ચોકસ હતું. ઘણીવાર સુધી ગુપચુપ બેસી રહી તે બોલીઃ

" સરખાં કુળ હોય છતાં પણ હું તને તેની સાથે જોડવા ઇચ્છતી નથી. "

" કારણ શું ? કારણ દર્શાવ્યા વગર એક ઉંહું કરીને જીદ પકડી રાખવી એ વાસ્તવિક નથી. કારણ બતાવો તો તેનો ખુલાસો પણ કરાય. તો તમે મને તેમની સાથે જોડવા નથી ઇચ્છતાં તેનું શું કારણ છે તે કહો. "

" તે કોઈ દિવસ પૂજા પાઠ કરતો નથી—દેવ દર્શને જતો નથી—ધાર્મિક બાબતોમાં ભાગ લેતો નથી તેથી તેવા નાસ્તિક વેરે મારી આસ્તિકની દિકરીને દેવા મારી મરજી નથી. "

છેવટે કારણ જોડી કાઢી મણિ કુંવર બોલી. આ કારણથી પોતાનો વિજય થવાની તેણે વકી રાખી હતી.

" તમે નાસ્તિક કોને ગણો છો ? "

" જે કોઇ દિવસ દેવની પૂજા કે પાઠ ન કરે—મંદિરે દર્શન કરવા ન જાય—કોઈ દિવસ અપવાસ એક ટાણું ન કરે—જાહેર ધાર્મિક બાબતોમાં ભાગ ન લહે એ નાસ્તિક. "

" વાહવાહ નાસ્તિક શબ્દનો કેવો સુંદર અર્થ ! " કમળા ખડખડ હસીને બોલી. તમારા કહેવા મુજબ જે વર્તે તે આસ્તિક એમકે ? "

" હા જ તો. ઈશ્વરનાં દર્શન કરે નહિ—પૂજા પાઠ કરે નહિ તે તો નાસ્તિક નહિ તો બીજું શું ? "

" બા નાસ્તિકતો જે ઈશ્વરને ન માનતો હોય તે કહેવાય. તે તો ઈશ્વરને ઘણી સારી રીતે માને છે. ઈશ્વર કૃતિની પ્રશંસા કરતાં અસંખ્ય કાવ્યો તેમણે રચ્યાં છે. તે ઈશ્વરને જેટલો ઓળખે છે તેટલો તમારા જેવાં પૂજા પાઠ અને દર્શનનો આડંબર કરવા વાળાં બિલકૂલ ઓળખતાં નથી. પૂજા પાઠ, દેવ દર્શન એ તો ઉપરનો ડોળ છે. હૃદયનો ઉંડો ભાવ નથી. તે એક જાતનો ઉપર ઉપરનો મિથ્યા દેખાવ છે. તમારા જેવાં આચરણ વાળાં બધાંય છેક ડોળી છે એવો મારો આક્ષેપ નથી પરંતુ પાંચે આંગળીઓ સરખી હોતી નથી. વધુ અંશે હાલતો ડોળી જ હોય છે. તમે જેમ નાસ્તિક કહો છો તેમ એક વખત મુસલમાનોએ તેમને કાફર અર્થાત નાસ્તિક કહ્યા હતા. એકવાર તે તેમના મુસલમાન મિત્ર સાથે મસ્જીદમાં ગયા હતા. ત્યાં મુલ્લાં કોરાન વાંચતા હતા. તેમના જવાથી કેટલાક સાંભળવા બેઠેલા ધર્મની પુંછડી ગણાતા મુસલમાનોમાં ચણપણ ચણપણ વાત ચાલવા લાગી. તેઓ પૈકી એક ઉતાવળીઓ બોલ્યો–" આ કાફર આપણું કોરાન સાંભળે છે. આપણું પરમ પવિત્ર કોરાન તે સાંભળે છે તેથી અપવિત્ર બનશે. " બીજો બોલ્યો–" હા ખરી વાત છે પાક કોરાન તેથી નાપાક થઈ જશે. " એક બે જણાએ તેમાં અનુમોદન આપ્યું અને પહેલો બોલવા વાળો ઉભો થયો અને તેના શબ્દોનું ઉતાવળે પુનરૂચ્ચારણ કર્યું. મુલ્લાં ફેંસલો આપે તે પહેલાં નૌત્તમલાલ પણ એ વાત પોતાના સંબંધમાં હોવાથી ઉભા થયા અને મુલ્લાંને ફેંસલો આપતાં પહેલાં કાફર શબ્દનો અર્થ કરવા કહ્યું. મુલ્લાંએ કહ્યું કે પાક પરવર દિગાર–ખુદા તાલાને ન માને તે કાફર એ ઉપરથી તેમણે પોતે ખુદાને માને છે એમ કહ્યું અને–"

" શું એ ખુદાને માને છે? હાં તેથી જ આપણા ધર્મને પાળતો નહિ હોય!" મણિ કુંવર કમળાને બોલતી અટકાવી એકદમ


વચ્ચમાં બોલી ઉઠી. તેને નૌત્તમલાલ વિશે આ ઉપરથી ઘણો જ હલકો વિચાર આવ્યો. તેને મુશલમાન જેવો માન્યો.

"પુરૂં સાંભળ્યા પછી તમારે કહેવું હોય તે કહેજો. વચ્ચમાં બોલવું એ ઉચિત નથી. પછી તેમણે બધાને કાફરનો અર્થ સમજાવ્યો. તેમણે કહ્યું કે પરમેશ્વર કહો કે ખુદા કહો કે ગૉડ (God) કહો. એ વસ્તુ એક જ છે. માત્ર ભાષાનું ભિન્નત્વ છે. હિંદુ પરમેશ્વર કહે છે, મુસલમાન ખુદા કહે છે, અને ક્રિશ્ચિયનો ગૉડ કહે છે. પરંતુ તે તો એકજ છે દૃષ્ટાંત તરીકે એક હિંદુ, મુસલમાન અને અંગ્રેજને ઉભા રાખો. એક ઓરડામાં એક પુસ્તક રાખો. એકને રાખી તે બીજાને ન દેખે તેવી રીતે છેટા રાખો. હિંદુ ને કહો કે આ ઓરડામાંથી પુસ્તક લાવ. તે જઇને પેલું પુસ્તકજ લાવશે. પછી મુસલમાનને બોલાવો અને પુસ્તક પાછું તેને ઠેકાણે મૂકી તેને ઓરડામાંથી કિતાબ લાવવાનું કહો. તે શું લાવશે? એનું એ જ પુસ્તક. ત્યાર પછી અંગ્રેજને બોલાવી પુસ્તક પાછું તેની જગ્યાએ રાખી તેને બૂક (Book) લાવવા કહો. તે પણ એનું એ જ પુસ્તક લાવશે. કહો હવે તેમાં વસ્તુનું ભિન્નત્વ કે ભાષાનું? એ ભિન્નત્વ તો ભાષાનું જ છે નહિં કે વસ્તુનું કારણ કે ત્રણે જણા ત્રણ જુદાં નામોથી બોલાવતાં છતાં એકની એક જ વસ્તુ લાવ્યા છે. તે પરમેશ્વરને તો માને છે એટલે ખુદા કે ગોડને પણ માને છે એ સાબીત થઈ ચુકયું અને તેને પરિણામે તે કાફર નથી એમ પણ બધાને કબૂલ કર્યા વગર છુટકો ન થયો. ત્યાર પછી તેમને પુરતા માન સાથે બેસાડયા. તમે જાણો છો કે તે બધા ધર્મોનું રહસ્ય–શિક્ષણ જાણવાના શોખીન છે. જે ઈશ્વરને માને તે બધા તેમને સરખા જ છે. તે ઇશ્વરનાં બનાવેલાં સર્વ મનુષ્યો સાથે ભાઇચારાથી જ વર્તે છે. સાંસારિક વ્યવસ્થાને અંગે સમાજો બંધાઈ છે અને સાથે ખાવા પીવાનો

વ્યવહાર રાખેલો નથી. સાથે ખાવા પીવાનું નથી એટલેથી કાંઈ સ્ર-
હુએ ઇશ્વરનાં બાળકો તરીકે પરસ્પર રાખવો જોઇતો ભાઇચારો લુપ્ત
થઈ જતો નથી. સાથે બેસી ખાઇએ પીએ તો જ આપણે ઇશ્વરનાં
એક સરખાં બાળકો કહેવાઇએ અને અન્યથા નહિ એ વિચાર બુદ્ધિ
શૂન્ય છે. આ દૃષ્ટિથી તે નાસ્તિક નથી એમ પ્રતિપાદન કર્યું, પરંતુ ત-
મારી દૃષ્ટિથી પણ નથી એ બતાવું. તમે કહો છો કે તે પૂજા પાઠ કે
દેવ દર્શન કરતા નથી અને તેથી ધર્મી નથી. તમારી પૂજા પાઠ કે
દેવ દર્શનનો શો હેતુ છે ? એ માત્ર ઇશ્વરની પરમોત્કૃષ્ટતા સ્વીકારી
તેની ભક્તિ કરવી એ જ છે. તમારા જેવાં પૂજા પાઠ અને દર્શને જઈ
ભક્તિ ભાવ પ્રકટ રીતે બતાવે છે જ્યારે એ અંતરમાં જ એ ભાવને
ખીલવે છે. ઇશ્વરને જ્ઞાન અને કર્મથી ભજાય છે. ઇશ્વરે જે જે આ-
જ્ઞાઓ કરેલી છે તે બરાબર પાળવી એજ તેની ભક્તિ છે. નહિ કે
આખો દિવસ તેનું નામ જપી કે તેની ધાતુ કે પાષાણની મૂર્તિ બ-
નાવી પૂજા કરી કે તેવી મૂર્તિને મંદિરમાં બેસાડી હોય ત્યાં તેનું દર્શન
કરો. એ તો એક જાતનો દંભ છે. ઉપરનો દેખાવ છે. રોજ પુજા
પાઠ અને દર્શન કરે પણ ઇશ્વરની આજ્ઞાઓ પ્રમાણે ન વર્તે તો શું
તે ભક્તિ ગણાય ? તદ્દન નહિ. એ ધર્મ કહેવાય જ નહિ. ઇશ્વર તેની
આવી પૂજા કે દર્શનથી રીઝતો નથી પરંતુ તેની આજ્ઞા પાળવાથી રીઝે
છે. મારૂં આ પ્રેમ બંધન તમારી આજ્ઞા મેળવ્યા વગરનું છે તેથી ત-
મને કેમ તે ગમતું નથી ! તેમ ઇશ્વરને પણ છે. તેણે સદા ધર્મપરા-
યણ રહી તેને ઓળખવો એવી આજ્ઞા કરી છે. તમે એ માંહેનું શું
કર્યું ? ધર્મની ધ્વજા છો તે કહો જોઇએ વારૂ ? ધર્મ એટલે શું. તે મનુ
સમજાવે છે કે ધીરજ રાખવી, ક્ષમા રાખવી, દમન કરવું, ચોરી કરવી
નહિ ચોરી ઘણા પ્રકારની છે—શુચિતા રાખવી, ઇંદ્રિયો ઉપર નિગ્રહ રાખ-

વો, બુદ્ધિશાળી થવું, વિદ્યા મેળવવી, સત્યવાદી બનવું, ક્રોધ ન રાખવો-એ ધર્મનાં લક્ષણો છે. આ લક્ષણો પ્રમાણે વર્તનારે ધર્મ પાળ્યો ગણાય અને ધર્મ પળાય એ જ ઇશ્વિરની ભક્તિ છે. આમાં ધર્મનાં લક્ષણ તરીકે પૂજા પાઠ કે દેવ દર્શન કેમ ન આવ્યાં? તે આ લક્ષણો પ્રમાણે વર્તે છે તેથી તેમને પૂજા પાઠ કે દર્શનની જરૂર નથી. હું તેમનો મત સ્વીકારૂં છું એટલે મને કાંઇ મુંઝવણ નડવાની નથી. જેવા તે તેવી હું કહો તે હવે તો નાસ્તિક નથી બીજો કાંઇ વાંધો છે?"

મણિ કુંવર સર્વથા હારી ગઈ. શો જવાબ આપે? તેનાં સર્વ દ્વાર બંધ થયાં. પરાજય પામવાથી તેણે કાંઈ જવાબ આપ્યો જ નહિ. કમળાએ ધાર્યું કે "ફીકર નથી. વિજય મળી ગયો છે. 'હિમ્મતે મરદા તો મદદે ખુદા' એ સાચું છે. આટલી હામ ભીડી તો કામ સર્યું!"



પરિચ્છેદ ૪ થો.

નૌત્તમલાલ અને કમળા ગૌરીનાં પ્રેમી જીવનને લગભગ એક માસ થઈ ગયો હતો. બન્નેનો પ્રેમ દિનપ્રતિદિન વધતો ગયો હતો.

એક દિવસ સહવારે નૌત્તમલાલ નાહી ધોઈ ટેબલ ખુરશી ઉપર બેસી કોઈ લેખ લખતો હતો. ટેબલ ઉપર બાજુમાં વરાળ નીકળતી ચાહનો ચીનાઈ માટીનો પ્યાલો તેની રકાબીમાં પડયો હતો. એવામાં કમળા આવી. તેનાં આવવાથી નૌત્તમલાલે તેનું કામ પડતું મૂકયું અને કમળાને બાજુની ખુરશી ઉપર બેસવાનું કહી તેના સામું મ્હોં ફેરવી બેઠો. ચાકર પાસે બીજો ચાહનો પ્યાલો મંગાવતાં તે આવ્યો. બેય જણાંએ ચાહ પી લીધી. કમળા પાનની પટીઓ બનાવવા લાગી અને નૌત્તમલાલ સોપારી કાતરવા લાગ્યો. પટીઓ ખાતાં બન્ને જણાં થોડીવાર બેઠાં.

“ હું ચાહ પીને આવી પરંતુ તમે કહ્યું એટલે ના પાડી શકી નહિ. ”

“ એ મારા ઉપર મોટો ઉપકાર કર્યો. હું ધારૂં છું કે તું જીવન પર્યંત દરેક બાબતોમાં આજ વર્તન રાખીશ. ”

“ ઇચ્છા તો એવી છે પછી તો થાય તે ખરૂં. તમે મને જે પુરી ચાહનાની સાક્ષી રૂપી ચાહનો પ્યાલો આપો તેનો મારાથી અનાદર કેમ થાય ? ”

“ આ ચાહ આપણી પરસ્પર ચાહનાની સાક્ષી પુરે છે. તેનો અર્થ તેં ઘણી સારી રીતે જડતો કર્યો. તારો અર્થ લેશ પણ ખોટો નથી. ચાહનાતો હવે પકવ થઈ ગઈ છે. માત્ર મોર અને ફળ આવવાં

બાકી છે. આપણાં સંવનનને હવે દીર્ઘ સમય થયો છે. આવી સ્થિતિમાં વધુ વખત રહેવું એ મને અનુચિત લાગે છે. મને આ સ્થિતિનો હવે બહુ ભય રહે છે. જો, જુસ્સો–આવેશ એક એવી વસ્તુ છે કે તે અવરોધી શકાતી નથી. મને એ આવેશનો બહુ ભય છે તેથી લગ્ન કરી લઇએ તો ઠીક. આ બાબત ઉપર બારીક વિચાર કરવાનો છે. આપણે બેય જણાં પરસ્પર એવાં વશ થઈ ગયાં છીએ કે એક બીજાની વૃત્તિનો અનાદર કરવાને અશક્ત છીએ. આપણને એવો પ્રસંગ ન આવી પડે એજ આપણે સાવચેતી રાખવાની છે. આપણે આવી બારીક બાબતોની તુલના કરી શકીએ છીએ. વિલંબ સર્વદા હાનિકારક નીવડે છે. ”

“ મને પણ એજ વિચાર આવ્યાં કરે છે. પરંતુ–” કમળા બોલતાં અટકી ગઇ. “ પરંતુ મારી મા ના પાડે છે ” એમ તેને કહેવાનું હશે ? એ બાબત અનુમાન કરવાનો શ્રમ ન લેતાં આપણે તેના પોતાના જ મુખેથી ઉત્તર સાંભળીશું.

“ પરંતુ એટલે શું ? ”

“ મારી બા હજુ ઠેકાણે આવી નથી. મેં જો કે તેની સઘળી દલીલ તોડી પાડી છે છતાં તે હજુ આનાકાની છોડતી નથી. ચિંતા જેવું તો નથી પરંતુ તેની પ્રથમ સંમતિ મેળવી આપણો વિવાહ અને લગ્ન થાય એ હું બહુતર માનું છું. તેના હાથે જ એ કામ થાય એમને પસંદ છે. ”

“ મારો ઇરાદો પણ તેવા જ પ્રકારનો છે. પરંતુ હવે જલ્દી થાય તો ઠીક નહિતર પછી—”

“ કેમ અચકાયા ? ”

“ આપણું મિલન–આ સમ્પર્કનો હવે તે સમય આવતાં સુધી

અંત લાવવો જોશે કે કદાચ આપણો પ્રેમ પરસ્પર પાછો ખેંચી લેવો પડશે."

" આ હું શું સાંભળું છું. આથી મારી હૃદય સ્વસ્થતા ચાલી જાય છે. મને ચેન પડતું નથી. પ્રેમ પાછો ખેંચી લેવો પડશે ? શું આટલા બધા શ્રમ-પ્રેમ ઉપર પાણી ફેરવવું છે ? એવા શબ્દો ન કહો વ્હાલા. મને તેથી ઉલટું તીવ્ર દુઃખ ઉપજે છે. હું કાંઇ એવા શબ્દો સાંભળવા અત્યારે આવી નથી. આટલી બધી ત્વરા શાને કરો છો? જુઓ ' ઉતાવળે આંબા પાકતા નથી ' પરંતુ 'ધીરજનાં ફળ મિષ્ટ હોય છે.' યોગ્ય સમયમાં બધાંય સારાં વાનાં થઈ રહેશે. કર્યા પ્રેમને વળી પાછા ખેંચાતા હશે? તે કોઈ નાદાન-ભ્રષ્ટ મનુષ્યનું કામ છે. પ્રેમ તો એક જ સ્થળે હોય છે. ઠાર ઠાર અપાતો નથી. જો ચળે તો પછી એ પ્રેમ નહિ પરંતુ મોહ સમજવો. આપણે કાંઈ બેવકુફ કે ભ્રષ્ટ નથી કે આપણો પ્રેમ ચળી જાય. હવે તો જીવનનાં સાટાં છે. આપણાં જીવન રૂપી સમુદ્રોને સામુદ્રધુની રૂપી આ પ્રેમ પટલી જાય તો જીવન સાગર તોફાન-દુઃખમય બને. પરિણામે શૂન્ય લાવવાને માટે આપણે પ્રેમ ગુંથન કર્યું નથી."

" મારો સિદ્ધાન્ત એવો છે કે શુભ કાર્યે શીઘ્ર કરી લેવું. વિલંબ-લંબાણનાં પરિણામ ઉપર કાબુ રહી શકે નહિ. જે આજ થાય તે કાલ્યપર રાખવું ઉચિત નથી. જ્યાં સુધી અમુક બાબતનો નિવેડો આવે નહિ ત્યાં સુધી ચિંતા ઉગ્ર રૂપ પકડતી જાય છે. આપણાં પ્રેમ ગુંથનને ફળ આવે તો પછી ચિંતાથી મુક્ત થવાય અને કાંઈક આગળ રસ્તો સુઝે. આ ચિંતામાં હું હાલ કાંઈ સાહિત્ય સેવા બજાવી શકતો નથી. દરેક માસે લેખ કે કવિતા આપતો તે તે હવે આપી શકતો નથી. "

" હું મારી સગવડમાં જ છું માટે એવી ચિંતાનાં મુળ આ-

પનાં હૃદયમાં વધુ ઉંડાં જવા દેવાને બદલે છે તેટલાં પણ ચૂંટી કાઢજો."

"પરંતુ મને એક બીજી ચિંતા હેરાન કરે છે કે—"

"વળી બીજી શી ચિંતા છે?"

"તે એ જ કે તારો પ્રેમ અંતઃકરણ પૂર્વકનો છે કે કેમ. લંબાણુ થવાથી મારૂં મન વિહ્વળ રહે છે."

"શું તમે એમ માનો છો કે અંતઃકરણના ખરા પ્રેમ સિવાય હું તમારી સાથે આવી રીતે વર્ત્તું? એ તો અધર્મ કહેવાય. અનીતિથી તો હું વેગળે રહેવા વાળી છું. નીતિ માર્ગેજ હું વિચરવા વાળી છું. મ્હારા વ્હાલા નૌત્તમ!" કમળા સ્મિત સહબોલી ત્યાંથી ઉઠીને ચાલી ગઈ.

નૌત્તમલાલ તેની પછવાડે ઉઠયો અને અટકાવવાનો વિચાર કર્યો પરંતુ જોત જોતામાં તો તે ઘણે દૂર ચાલી ગઈ. પછવાડે જઈ ઘાંટા પાડવા એ ઘટીત નહિ એમ માની તે પાછો તેની જગ્યાએ જઈ બેઠો.

તેની ઉમ્મર લગભગ પચીસ કે છવીસ વર્ષની હતી તેનું કપાળ ભવ્ય અને બુદ્ધિની પ્રભાવાળું હતું. આંખો મોટી અને ગંભિર હોઈ તે શાંત સ્વભાવનો અને વિચાર શીલ હતો એવી સાક્ષી પુરતી હતી. કદ સાધારણ અને બાંધો સંગીન હતો. ત્વચા શ્વેતવર્ણી હતી. તેના ઉપર જેટલી સરસ્વતી પ્રસન્ન હતી તેટલી લક્ષ્મી નહોતી. પરંતુ સરસ્વતી પછવાડે તે ધીમે ધીમે આવતી હતી. તેનો પિતા એક સાધારણ સ્થિતિનો, ધાર્મિકવૃત્તિ વાળો અને વ્યાપારીના મુનીમની નોકરી કરનારો હતો. તેણે તેના શેઠીઆઓની ઉમદી મદદથી નૌત્તમલાલને આટલી કેલવણી આપી હતી. તે પ્રોફેસર થઈ આવ્યો કે તુરત જ તેનો પિતા મર્ણ પામ્યો. તેનાં નશીબે તેને દિકરાનું સુખ જોવા દીધું નહિ તો પણ તેને પ્રોફેસરના ઝબામાં જોઈ તે સંતોષ પામ્યો હતો.

ગરીબનાં છોકરાં પુરતાં તન મનથી વિદ્યા ભણે એ વાત તો નૌત્તમલાલમાં પ્રત્યક્ષ હતી. તેનું વાચન વિસ્તૃત હતું અને તેને પરિણામે અનુભવ ભંડાર પણ ભરપુર હતો. તે આદિત્યપુરના રાજ્યમાં હાલ ચાલતી રાજ પ્રકરણી વ્યવસ્થા અને સામ્પ્રત સામાજીક સ્થિતિથી વિરૂદ્ધ મતનો હતો. સ્થાનિક પાકને પરદેશ જવાના વિચારથી તે છેક પ્રતિકૂળ હતો. તે એવી દલીલ કરતો કે સ્થાનિક પાક પરદેશમાં માત્ર મોટા નફાને અંગેજ મોકલવામાં આવે છે પરંતુ તેથી પોતાના જ દેશને ઘણું સહન કરવું પડે છે. તેને પરદેશ ઉપરં આધાર રાખવો પડે છે. જે કાચી વસ્તુઓ પરદેશ જઈ પાકી થઈ બીજાં સ્વરૂપમાં આવે છે અને તેની મોટી કિમ્મત પરદેશ તણાઈ જાય છે તે ન જતાં દેશમાંને દેશમાં તેવી વિધિ થતી હોય તો દેશને ઘણો ફાયદો રહે. દેશમાં ઉદ્યોગ હુન્નર ઉદ્‌ભવવા પામે. મોંઘવારીને બદલે સોંઘવારી રહે. ગરીબ પ્રજાને જે વિટમ્બણાઓ ભોગવવી પડે છે તે બિલકૂલ ન રહે. હાલની રાજ પ્રકરણી મંડળીમાં ભંગાણ પડવાથી આ બાબતનો કોઇ વિચાર કરી ઉપાય યોજતું નહોતું તેથી રાજતંત્રને સંગીન પાયા ઉપર ફરી સ્થાપવાની આવશ્યકતા હતી. સભ્યોમાં અંદરો અંદર ખટપટ–પાર્ટી સ્પીરીટ (પક્ષભાવ) હોવાથી “કુતરૂં તાણે ગામ ભણી જ્યારે શીઆળ તાણે સીમ ભણી” એવું થતું. ઉભય પક્ષ વચ્ચે જોસભેર લડાઈ ચાલતી હતી. શીઆળ ઘરધણી થવા મથતા હતા એટલે કે રાજા નહોતા તે રાજાના અધિકાર ભોગવવા ઈચ્છતા હતા. રાજા પણ સભ્યોના વોટ (મતો) ને આધિન હતો. તેનો રાજા તરીકેનો સર્વોપરિ અધિકાર હવામાં ઉડી ગયો હતો. તે એક સાધારણ પ્રજા વર્ગના સભ્યની સ્થિતિમાં હતો. તે આ રાજ પ્રકરણી મંડળ તોડી પાડી રાજાને કુલ અખ્તિયારી બનાવવાના વિચારનો હતો. તેના આવા વિચારોને અંગે તે

જ્યાં ત્યાં આવી વાત કરતો તેથી તેને તેના ખાતાના વડા અમલદારો સાથે તકરાર થઈ. તેણે આ નોકરીમાંથી રાજીનામું આપી ચાલ્યા જવાનો નિર્ણય કર્યો પરંતુ હજુ કમળા તેની પુરેપુરી થઈ ચુકી નહોતી તેની ચિંતાએ તેને રોકયો.

કમળાને પરણુવા માટે જ તે રોકાયો. તે એક વખત કમળાનાં જ ઘરથી થોડે દૂર ભાડે રાખેલાં મકાનમાં રહેતો હતો ત્યાં વાચતો બેઠો હતો. કમળાને પરણ્યા પછી શું કરવું, ક્યાં જવું, ગુજરાન શાથી ચલાવવું વિગરે બાબતો ઉપર તે વિચાર ચલાવવા લાગ્યો. બેઠા બેઠા ખાવાથી રાજાના ભંડાર પણ ખુટી જાય છે તો પછી આ થોડી ઘણી બલ્કે તુચ્છ મુડીવાળાને બેસી રહેવું કયાંથી પાલવે ? તેને ઉધમ તો કર્યા વગર છુટકો નહોતો.

તેણે ધાર્યું કે કમળાને પત્ની બનાવી આ ગામ છોડી તળ આ દિલ્યપુરમાં જઈ કોઈ ઘર ભાડે રાખી રહેવું. પોતાની પાસે બચાવીને લગભગ એક હજાર રૂપીઆ એકઠા કર્યા હતા. લગભગ બે ત્રણ હજાર રૂપીઆ તેના પિતાના વારસામાં મળ્યા હતા તે બેન્કમાં પડયા હતા. કમળા તાજી પરણીને આવશે એટલે તેનાં ઘરેણાં કે કપડાંની ચિંતા રહેશે નહિ કારણ કે એવું બધું તો તે પરણુતી વખતે કરીઆવર–સ્ત્રી ધન તરીકે લાવવાની હતી. પેલા ચાર હજારમાંથી હમણાં તો નિર્વાહ ચલાવવો. કમળા ગૃહ કાર્યભાર ઉપાડી લેશે એટલે ઉધમની ખાતર તેણે આખો દિવસ પુસ્તકો લખ્યા કરવાં. પછી તે પ્રસિદ્ધ કરવાં એટલે કમાણી શરૂ થાય. તેનો બાંધો સંગીન હોવાથી તેને એકે દિવસ આરામ ખાતર રજા પાળવાની કે સાંજ સવાર ફરવા જવાની પરવા નહોતી. તેણે એક મોટું પુસ્તક લખવું શરૂ કર્યું હતું તે કામમાં મચી રહીને જલદી પુરૂં કરી વાળી પ્રસિદ્ધિમાં મૂકવું. તેની સાથે માસિકો-

માં પણ છુટક લેખો અને કવિતાઓ આપતી રહેવી કે જેથી તે લોકો સાથે સંબંધ–વ્યવહાર ચાલુ રહે અને પરિણામે પુસ્તકનું લાભપ્રદ અવલોકન થાય. તેમજ કેટલાક સાક્ષરો સાથે પણ પિછાણુ કરી તેમના પરિચયમાં આવવું. છેક ગુપ્ત નિવાસ રાખવો એ પણ ઠીક નહિ. તેમને પોતાને ત્યાં આવવાનાં આમંત્રણ આપવાં અને પોતે પણ તેમનાં આમંત્રણ સ્વીકારવાં. તેઓ આવે એટલે કમળાએ તેમના માનમાં ન્હાનકડી ઉજાણી જેવું એટલે ભોજન કરવું. બહુ ઉમદાં ભોજન નહિ પરંતુ સાદાં અને સ્વાદિષ્ટ કરવાં. સૌ આવનારા સાથે પછી બેસીને વાદવિવાદ–જ્ઞાનગોષ્ટિ કરવી. આવી રીતે તેણે નવાં જીવનનો ક્રમ ગોઠવ્યો.

વળી તે કમળા તથા તેની ખાસ પ્રકૃતિ–ગુણ વિશે વિચાર કરવા લાગ્યો. સ્ત્રી વ્યક્તિની આકર્ષણ કુશાગ્રતા વિશે કવિતાઓ કે લેખો લખવાની તેને કદિ પણ ટેવ નહોતી. એ તેનો લેખન વિષય નહોતો. સાધારણ સ્થિતિ, નીતિપ્રતિ આસક્તિ, વખતની તંગી અને વાગ દોષાતિ ભીરૂ સ્વભાવને અંગે તેણે સ્ત્રીઓના સંબંધમાં સન્યસ્ત ધારણ કર્યું હતું. મનઃકલ્પિત શૃંગારના લેખકોએ સ્ત્રીની પ્રીતિ સંપાદન કરવા વિશે લખેલી નવલ કથાઓમાં તેને બહુ રસ ઉપજતો નહિ તેથી કથાઓનાં પુસ્તક તે ઘણાં થોડાં વાચતો. એક પુસ્તકમાં તેણે પ્રેમની વિશિષ્ટતા બતાવતા શબ્દો વાચ્યા ત્યારે તેણે ધાર્યું કે એ બધા અનિર્વાચ્ય કચરા જેવા છે. જે માણસો પ્રેમ વિશે વધારે લખે છે, બોલે છે અને વિચાર કરે છે તે પ્રેમને માટે ઘણા જ થોડા લાયક હોય છે. પરંતુ તે હવે પ્રેમી થયેલો હોવાથી કમળાનાં શારીરિક સૌંદર્ય અને લાવણ્ય, કેલવણી, બોલવાની છટા, મધુરતા, નરમાશ, જ્ઞાન, મૃદુ આનંદ પ્રદ સ્વભાવ વિગરેનો વિચાર ચલાવવામાં તેને અત્યંત પ્રમોદ થતો. કમળાની પ્રાપ્તિ થવાની વકીથી તે અતિશય સંતુષ્ટ અને સુખી રહેતો હતો. તેનાં

હૃદયમાં હર્ષાનંદનું ઝરણું વહ્યાં કરતું હતું. તે બધાં ઉપરાંત કમળાનું વર્તન આદર્શીય–પરમોત્કૃષ્ઠ અંગનાના જેવું હોવાથી તેને વધારે આનંદ રહેતો.

તેણે ધાર્યું કે ચાર હજાર રૂપીઆ પાસે છે અને કમળા ગૃહ કારભારમાં અતિ નિપુણ છે તેવી જ પાક શાસ્ત્રમાં પ્રવીણ છે એટલે વાંધા જેવું નથી. ચાર હજાર રૂપીઆ થઈ રહેતાં પહેલાં તો પુસ્તક બહાર પડી પૈસા મળવાના હતા. તે ખાવા પીવા પહેરવા ઓઢવામાં ખર્ચાળ હતો. તેનું એકલાનું માસિક ખર્ચ લગભગ પોણોસો કે સો રૂપીઆનું થતું અને કમળા વધતાં ખર્ચ વધે તેમ હતું. તો પણ લગભગ ત્રણ વર્ષ સુધી તો ચિંતા જેવું નહોતું. તેને ગૃહની ચિંતા તો લેશ પણ રહેવાની નહોતી. મુડી ખાતી વખતે દરેક સમજુ માણસે કરકસર કરવી જોઇએ. ચાલતી કમાણીએ તો બહુ હરકત ન આવે. બહાલ નોકર રાખવો એ ભારે પડે પરંતુ પાણી–દરણું–વાસીદું–ઠામમાં જવા વિગરે માટે એક કામ વાળી રાખી બાકીનું કામ કમળાએ કરવાનું હતું.

આ જીવન ક્રમમાં અંતરાય આવવાનું તેને ભાન થયું. ત્રણ વર્ષ દરમિયાન ઇશ્વિર તેમને કાંઈ સંતતિ પણ આપશે અને તેથી કમળા ઉપર કામનો બોજો વધી પડશે. કમળાને પતિ તેમજ બાળકો ઉભયનાં સુખ અને આરામ માટે લક્ષ રાખવું પડશે. બાળકો થતાં તેના પ્રેમના બે ભાગ પડશે. એક પતિંપ્રતિ અને બીજો બાળકો પ્રતિ, સ્વાભાવિક રીતે સંતતિ ન હોય ત્યાં સુધી પત્નીનો પ્રેમ એકલા પતિપ્રતિજ રહેલો હોય છે પરંતુ સંતતિ થતાં તે પ્રેમ બાળકો તરફ વળે છે. તેને બેયની ચિંતા રાખવી પડે છે અને તેથી તેના કામમાં ઘણો વધારો થાય છે. બાળકને રાખતાં તેનાથી ઘરનું કામ ભાગ્યે જ થઈ શકે છે અને જો કરે છે તો બાળક દુઃખી થાય છે. ન્હાનાં બાળક વાળી સ્ત્રી ઉપર કામનો બોજો અતોલ આવી પડે છે અને તે ઉપાડતાં તે બીચારીને ઘણો શ્રમ કરવો પડે છે–ઘણાં કષ્ટ વેઠવાં પડે છે અ

તેનાં પોતાનાં સુખચેન–આરામનું સ્વાર્પણ કરવું પડે છે. એક તો આવું હોય અને ઉપર વઢકણી સાસુ હોય. જુઓ પછી મજા! અહા તે સમયે બીચારી સાસુની દૃષ્ટિમાં પશુ–ભાડુતી વૈતરી જેવી ગણાતી વહુની શી સ્થિતિ થતી હશે? તેની ખબર તો તેનો અનુભવ હોય તેને જ પડે. કમળાને આ છેલ્લી બાબતની તો નિરાંત હતી.

આ બધી બાબતો તો હજુ કલ્પના સૃષ્ટિની જ હતી, તે થાય ત્યારે ખરી એમ તેને ભાન થતાં તેણે આ શેખસલ્લીના જેવા હવાઈ કિલ્લા બાંધવા બંધ કર્યા તો પણ અગમચેતી તરીકે એક વિચાર લાવ્યો. પોતાની સાથે લગ્ન કર્યા પછી કમળા તેની મા સિવાય અન્ય સગાં સંબંધીના અભાવે તેને જ વળગી રહેશે. કમળાને માની જેવી જોઈએ તેવી ચિંતા નહોતી કારણ કે તેના પ્રતિ તેને બહુ મમતા નહોતી. તે પતિ કરતાં માના માટે વધુ વિચાર લાવવા વાળી સ્ત્રી નહોતી. પરણ્યા પછી મા બાપ ઉપર મમતા રાખી સસરામાં બરાબર જીવ ન રાખવો અને વારંવાર પીઅરના વિચાર લાવવા એ સ્ત્રીમાં એક મોટું દુષણ છે. જીવન પતિ સાથે સાંકળ્યું છે તો પછી તેના સિવાય બીજી ચિંતા કરવામાં શો ફાયદો? કમળાની મા છેક ગ્રામ્ય વિચાર વાળી હતી. દ્વારિકાનો જીવ પતિ ગૃહે ટકવા દે તેવી તે નહોતી તેથી તેને કોઈ દિવસ આંગણે ન પેસવા દેવાનો તેણે વિચાર કર્યો. તે તેના મૂર્ખ વિચારોથી તેમના સંસારમાં વિઘ્ન નાખ્યા વગર રહે તેવી નહોતી. આ ગામ છોડી જવાનું મુખ્ય કારણ આ હતું. જો તેની મા બહુ માંદી પડે તો જ કમળાને પીઅરમાં જવા દેવી અને બીજા પ્રસંગે બિલકૂલ મનાઈ જ કરવી એવો તેણે નિશ્ચય કર્યો.

જમવાનો વખત થતાં ચાકરે બોલાવવાથી આ વિચાર વારિધિમાંથી બહાર નીકળી તે જમવા ગયો.

પરિચ્છેદ ૫ મો.

કમળાએ આખરે તેની માને ઠેકાણે લાવી મૂકી. મણિકુંવર સમજી ગઈ અને પોતાની એકની એક લાડકવાઈ દુહિતાને નૌતમલાલ સાથે પરણાવી.

તેમનાં લગ્નને હાલ લગભગ એક વર્ષ થઈ ચૂક્યું હતું. પરણ્યા પછી તુરતજ આ યુગ્મ આદિત્યપુરમાં જઈને વસ્યું હતું. આ મહાન શહેરમાં વસતિ વધતાં નવાં પરાં વસ્યાં હતાં. પરાં હવા, પાણી, સ્વચ્છતા અને સગવડવાળાં હતાં. સારાં સારાં કુટુમ્બો પણ અહીં આવીને મોટી ઇમારતો બાંધી વસ્યાં હતાં. પરામાં સડકો, ગટરો, બત્તીઓ, પાણીના નળ, આરોગ્યતા વિગેરેની ઘણીજ સારી–ઉમદી અને સુધરેલી ગોઠવણ હતી. શહેરની વાંકી ચુંકી શેરીઓ અને વસતીના ખીચડાને અંગે આટલી બધી સફાઇથી આ કામ ત્યાં થઈ શક્યું નહોતું. પરાનાં મકાનો બધાંય આધુનિક સુધરેલી બનાવટનાં હતાં. નૌત્તમલાલે અહીં એક ઘર ભાડે રાખ્યું હતું. તે ઘર સાધારણ હતું અને નૌત્તમલાલે તેને “ શારદાગૃહ ”નું અભિધાન આપ્યું હતું. તેના તમામ પત્રો અને લેખોમાં તે “ શારદાગૃહ, આદિત્યપુર, તારીખ—” એમ મથાળુ કરતો. પરાના છેડા ઉપર આ ઘર આવેલું હતું. આ ઘર લાંબુ અને જુદા જુદા છ ભાડુતો રહી શકે તેવું હતું. આ બ્લૉક છેવાડો હોવાથી એમાં જવલ્લેજ ભાડુત આવતા. નૌત્તમલાલે રાખ્યું ત્યારે તે બ્લૉકમાં કોઈ રહેતું નહોતું તેથી ઘરધણીએ તેની પહેલી માગણી માની ભાડાના દરમાં પણ કીફાયત કરી હતી. નૌત્તમલાલને આથી એવડો લાભ

થયો. એકાંતવાસની ઇચ્છા તૃપ્ત થવા સાથે ભાડામાં પણ ફાયદો થયો. આ મકાન સડક ઉપર આગલા ભાગમાં હતું. મોટો ડેલો અને બેય બાજુ બબ્બે ઓરડા હતા. ડેલા ઉપર મેડી હતી. ડેલાની મેડીનો હૉલ ઘણોજ વિશાળ હતો તેથી તેમાં ત્રણ ખંડ પાડવામાં આવ્યા હતા. સડકના ભાગમાં રવેશ પણ હતો. ડેલામાથી આગળ જતાં અંદર મોટું કમ્પાઉન્ડ હતું. આ ભાગ ઉત્તર દિશામાં હતો તેથી કમ્પાઉન્ડની પૂર્વે અને પશ્ચિમ દિશાઓમાં બબ્બે કુટુમ્બો રહી શકે તેવી સગવડવાળા ચાર ચાર ઓરડા હતા. દક્ષિણ દિશાના ભાગમાં છાણાં છોડ ભરવાની દર એક ભાડુત દીઠ એક એટલે છ ઓરડીઓ હતી અને તેમની બાજુમાં ત્રણ પાયખાનાની ઓરડીઓ હતી. દક્ષિણ દિશાની ઓરડીઓની હાર સામે એક થાંભલા વાળું ફાનસ ખોડેલું હતું. એક બીજું એવુંજ ફાનસ ડેલીના અંદરના છેડાથી થોડે દૂર હતું. કમ્પાઉન્ડની વચ્ચમાં વિશાળ પાકા પથ્થરથી બાંધેલી ચોકડી ઉપર પાણીનો નળ હતો. આ ચોકડી આસપાસ કેટલાંક સુંદર ફુલ ઝાડ વાવેલાં હતાં. આ ચોકડી ઉપર ન્હાવા તથા ધોવાની સગવડ ઘણી સારી હતી. ફુલ ઝાડોને ખાસ પાણી પાવાની ચિંતા ન્હોતી. પાણી ભરતાં—ન્હાતાં કે ધોતાં જે પાણી ઢળે તે બધું આ ફુલઝાડે પહોંચી જતું. નૌત્તમલાલે ડેલા ઉપરની મેડી તથા નીચે જમણી બાજુના બે ઓરડા રાખ્યા હતા. ઓરડાને રવેશના ભાગ જેટલા સડક ઉપર લાદી પાથરેલા ઓટલા હતા. આ ઓટલા ઉપર રવેશના થાંભલા હતા. ઓટલાને ફરતો લાકડાનો સુંદર કઠેરો હતો. જવાનું ડેલામાંથી હતું. ઓટલાના ભાગમાં પણ ઓરડાનાં બારણાં પડતાં હતાં.

સવારના અગીઆર વાગી ગયા હતા. તેની હમ્મેશની ટેવ

મુજબ નૌત્તમલાલ જમીને મેડી ઉપર જઈ તેના “ અભ્યાસખંડ ” નામના ઓરડામાં બારણું બંધ કરી બેઠો હતો. નીચેના બે ઓરડાઓમાં એક રસોડાંનો હતો, બીજો કમળાની બેઠકનો હતો. કોઈવાર પેલા રવેશ નીચે આવેલા કઠેરાવાળા ઓટલા ઉપર પણ આરામ ખુરસી નાખી બેસતી. ઠામ માંજવા વિગેરેનું કામ કરી કામ કરનારીના ગયા પછી કમળાગોરી તેનું ભરત કામ લઇને બેઠી. પાસે સરસ્વતીચંદ્ર ભાગ રજો તથા “ મહિલા મહત્વ ” નો એક અંક પડયો હતો. એક અંગ્રેજી નોવેલ પણ દૃષ્ટિગોચર થતું હતું. તે ઘણું કરીને મીસીસ હેન્રીવૂડનું ઇસ્ટલીનનું હતું. ભરતકામ અને પુસ્તક વચ્ચે તેને ચાર વાગ્યા સુધીનો વખત ગાળવાનો હતો. આ વખત દરમિયાન તેમને ત્યાં કોઈ બેસવા ઉઠવા આવતું નહિ તેમજ કમળાને પણ પતિ પાસે મેડી ઉપર જવાનું નહોતું. આ પાંચ કલાક સુધી નૌત્તમલાલ તેનું પુસ્તક લખતો તેથી તે દરમિયાન મેડી ઉપર જઈ તેને બોલાવી કે ત્યાં અવાજ કરી તેના કામમાં ખલલ પહોંચાડવાની તેણે ચોખ્ખી–સખ્ત મનાઇ કરી હતી. તોપણ પોતે બોલાવે તો કમળાએ તુરતજ ત્યાં જવું એવી આજ્ઞા હતી.

કમળાની બેઠકના ઓરડામાં નીચે શેત્રંજી બીછાવેલી હતી. એક ન્હાનો હીંચકો, એક આરામ ખુરસી, બે ટીપાઈ અને ચાર બેન્ટવૂડની કાળી ખુરશીઓ–આટલું ફર્નીચર તેમાં ગોઠવેલું હતું. એક સીસમનાં લાકડાંની પીતળની ચળકતી પટીઓ–બંધ-જલોયાંવાળી ઇસ્કોતરી હતી. તેમાં તેનાં લખવાનાં સાધન રહેતાં. ઇસ્કોતરી ફુલ્સ કેપ કાગળ કરતાં સહજ મોટી હતી. ભીંતમાં એક ભીંતાકબાટ હતો. તેમાં તેનાં પુસ્તકો વિગેરે રહેતું. બહાર ઓટલા ઉપર વેલીઓનાં બે કુંડા ગોઠવેલાં હતાં. વેલી થાંભલાને ફરતી વીંટળાઈ આનંદ પ્રદ દેખવા

કરી રહી હતી. કમળાને ફુલનો બહુ શોખ હતો તેથી તેણે આ દેખાવ કર્યો હતો.

રસોઈ તથા જમવાનાં કામથી પરવારી કમળા ઉપર જણાવ્યા પ્રમાણે તેની બેઠકના ઓરડામાં આગળનાં બારણા આગળ આરામ ખુરશીમાં બેઠી હતી. ઉપરનાં પુસ્તકો એક ટીપાઈ ઉપર પડેલાં હતાં. ભરત કામ ટીપોઈ ઉપર રાખી તેણે ઇસ્ટલીનનું નોવેલ ઉપાડ્યું. તેણે ઉમદું રેશમી પોલકું અને રેશમી કોરવાળી આછા વાદળી રંગની સાડી પહેરેલી હતી. પુસ્તક ઉપાડી ઉઘાડયું એવામાં બે ચીંથરે હાલ ભીખારી તેના સામે આવીને ઉભાં રહ્યાં. તે બેય તરૂણ વયનાં છોકરો છોકરી હતાં. બેયના ચ્હેરામળતા હોવાથી તે ભાઈ બ્હેન હોવાનું જણાતું હતું. છોકરા પાસે તંબુરો હતો અને છોકરીના હાથમાં બે જોડી મંજીરાં હતાં. તેમણે આવીને "જે સીતારામ" કહી ભજન ઉપાડવા સાથે તંબુર અને મંજીરાં પણ વગાડવા માંડયાં.

> " કોઈ સંત વિરલે જાણીયું એ વાતું સે ઝેણીયું,
> મોટા કુવાડા.............................. "

તેઓ આગળ બોલે તે પહેલાં કમળાએ તેમને અટકાવ્યાં અને ગરબડ ન કરવા કહ્યું. બેયને ઉભાં રાખી ઉઠીને ધ્રસ્કોતરી ઉઘાડી તેમાથી બે પેસા લાવીને ઓટલાના કઠેરા આગળથી છોકરીના હાથમાં મૂકયા અને કેટલાક મીઠા, અનુકમ્પિત મૃદુ શબ્દો સાથે તેમને વદાય કર્યાં. તે ઘણુંજ ધીમું બોલી હતી. રખેને એ સ્વર ઉપર જઈ પતિને કામમાં ખલલ પહોંચાડે નહિ!

પુસ્તકમાંથી એક બે પ્રકરણો વાંચી તે બંધ કર્યું અને પેલું માસિક હાથમાં લીધું. તેનાં નૌત્તમલાલ સાથેનાં આ જીવનનો તેને વિચાર આવતાં તેના ઉજ્વલ, ગુલાબી, કુમળા અને હસમુખા ચ્હેરા

ઉપર મનઃક્લેશ અને ભ્રાન્તિની છાયા પ્રસરી રહી. લાંબા વખતસુધી એકાંત, ઘરનાં કામ અને તરેહવાર તથા આપમતીઆ પતિની તુરંગી લ્હેરોનો અભ્યાસ–અનુભવ કરવો પડશે એવી કમળાને શું આગળ થીજ ખબર નહોતી? પોતે જે ફરજો અને જીવન વ્હોરી લેતી હતી તેની તેને લગ્ન પૂર્વે પૂર્ણ માહિતી હતી. આ બધાંના ભોગે–બદલામાં તે માનસિક કેળવણીનો લાભ મેળવવાની વકી રાખતી હતી. કમળાએ ગૃહ કારભાર ઉપાડી લેવો અને નોત્તમલાલે તેના વિચાર, વિદ્યા અને અભિલાષાઓમાં કમળાને પુરતો ભાગ લેવા દેવો. કમળા એવી વકી રાખતી કે આવા વિદ્યાશીળ પતિથી માનસિક વિનિમય અને ઉચ્ચ વિષયો ઉપર હંમેશાં વિવેચન–વાદવિવાદ ચલાવી તેના જ્ઞાનભંડારમાંથી પોતાનાં જીવનને ઉમદી બુદ્ધિરૂપી રંગ ચડશે અને સામાજીક લાભ પણ તેટલોજ મળશે.

લગ્ન પછીના પહેલા માસથીજ આ આશાઓ ફળિભૂત થવાની નથી એમ કમળાના સમજવામાં આવી ગયું હતું. નોત્તમલાલ અપકૃત નહોતો; કમળાએ તેના પ્રત્યે કરેલાં સ્વાર્પણની કદ્ર બુજી તે તેની સ્તુતિ કર્યા વગર ભાગ્યેજ એક દિવસ પણ જવા દેતો. તે કાંઈ બોલતો ચાલતો નહોતો એમ નહોતું. કમળા સાથે તે ખૂબ વાતો કરતો અને તેનું પુસ્તક લખવાનું કામ પુરૂં કરી પ્રણય સાથે તેને ઉપર બોલાવી ચાહ તૈયાર કરી લાવવા કહેતો અને પછી સાથે બેસી ચાહ પીતાં રમુજી વાતો કરી તેને ખૂબ આનંદ પમાડતો. તેના વિચારોને તે કમળા આગળ અવ્યક્ત રાખતો એવી ફરિયાદ કમળાથી કરી શકાય તેમ નહોતી. કમળાના દરેક પ્રશ્નોના તે તુરતજ ઉત્તર આપતો. કેટલીક બાબતોમાં પોતાના વિચાર દર્શાવી સમજાવતો અને કેટલીક બાબતોમાં તેના વિચાર જણાવવા પણ કહેતો. કમળાને

હરકત માત્ર એજ લાગતી કે તેને ગંભીર વિષયો ઉપર વાત કરવાનો લાભ ન આપતો અથવા સાથે બેસવા કે તેનું પુસ્તક વાચવા ન દેતો. તે ધારતો કે કમળા જે ગંભિર વિષયોમાં પ્રવેશ કરવાની ઇચ્છા ધરાવતી તે માત્ર ઘર કામથી પરવારી પોતાનું મન રંજન કરવા ખાતરજ હતી. તેમના વચ્ચે માનસિક–વિચારોનો પંત્યાળો નહોતો. કમળા જે કાંઈ ટીકા કરતી તેને નૌત્તમલાલ વિદ્વતા ભર્યા અવલોકન તરીકે ન લેખતો પરંતુ તેને માત્ર કેળવાએલી સ્ત્રીઓની ચંચળતા અને આનંદને પરિણામે કરેલી માનતો. કમળા પણ સાહિત્યની અભ્યાસી હતી. તેની વિદ્યાના પ્રમાણમાં તેનામાં લેખન શક્તિ સારી હતી. પોતાના દંપતિ સંબંધ વિશે નૌત્તમલાલ જે કહેતો તેને તે સ્વીકારી વશ થઈ જતી હતી એવી સ્મૃતિ થઈ આવતાં તે દિલગીર બનતી. કમળા જેટલી ઉત્સુકતા સાથે પોતાના હકનો દાવો કરતી તેટલો નૌત્તમલાલ તે દાવાને હસી કાઢતો. નૌત્તમલાલને આ બાબતમાં સમજાવવાનો કોઈ માર્ગ શોધી કાઢવામાં કમળા તેના મગજને વાપરતી હતી. ઘણી માથાકુટ કરતી હતી પરંતુ નૌત્તમલાલ ઉપર તેની કાંઈ અસર થઈ નહોતી. તેતો હમ્મેશની માફક કમળાની એ દલીલ ઉપર દરકાર કર્યા વગર શિથિલ, શાંત અને ખુશ મિજાજીજ રહેતો. એથી કમળાને બહુ માઠું લાગતું અને પોતાને વૈતરા–મજુરની સ્થિતિમાંજ ડુબી રહેવાનું હતું એમ માની બહુજ ઉદાસ રહેતી. શું ઉમદી સ્ત્રીના આદર્શ જેવી તરૂણીને સુખાનંદને બદલે આવી વૈતરાની સ્થિતિજ રહેશે ? સ્થિત્યંતર સર્વ વસ્તુમાં છે એટલે એને પણ તેનો વખત આવ્યે થઈ રહેશે.

કમળાને વળી એક બીજી બાબતની દિલગીરી–અડચણ હતી. તેના દિવસના એકાંતવાસ વખતે આના માટે તેને બહુ લાગી આવતું. નૌતમલાલના કામના વખત દરમિયાન કમળાએ પોતાની પાસે

કોઈ સખીઓને બેસવા આવવા દઈ તેમની ગમ્મત–વિનોદથી તેને ન દખલ પહોંચાડવી પરંતુ તેણે એકલીએજ શાંત રીતે તેને રૂચે તે કામ કરવું એવું કમળાને વચન આપવું પડયું હતું. આપતી વખતે તો તે વચન સાદું અને સ્હેલું જણાયું હતું પરંતુ કાળ ક્રમે કરી તેને તે પોતાની ગંભિર ભૂલ થઈ હતી એમ માલૂમ પડતાં પસ્તાવાનો પાર રહ્યો નહોતો. કોઈ કોઈવાર તો આ શાંત એકાંતવાસ તેને ભયંકર અને બેચેનીવાળો થઈ પડતો. માતૃગૃહે આખો દિવસ માતા અને બીજી સખીઓના સહવાસમાં રહી વિનોદ–ગમ્મત કરી આનંદમાં દહાડા ગાળતી તે તેને યાદ આવવા લાગ્યા. સખીઓ સાથે બેસી ગમે તેવા નકામા પરંતુ જાણવાજોગ બનાવોની વાતો, સામાજીક, પ્રજાકીય અને રાજદ્વારી બાબતો પર વાતો, અમસ્તી રમુજની વાતો, કોઇ રૂચિકર વિષયો અને બીજી અનેક બાબતો પર વાતો અને વાદ વિવાદ ચાલતા તે બધા હવે નજરે પડતા નહોતા. અહીંઆ પોતાના ઘર બહારની દુનિયા તેણે જોઈ નહોતી. તેમજ નહોતી તેની કાંઈ ખબર કે અનુભવ, એક વિના અપરાધે કારાગૃહમાં પુરાઈ રહેનારી ગરાસણી કરતાં પણ પોતાનું જીવન તેને અધમતર લાગતું. તેને દેખીતી આસન કેદની શિક્ષા ભોગવવાની હતી. કુમારાવસ્થામાં તો માતાને ઘેર હોઈ દેવદર્શન કરવા, વિદ્યા ભણવા, નોકરી કરવા જતી ત્યારે ઘણાં માણસોને મળવાના અને વાતો કરવાના પ્રસંગ મળતા. અહીં બધુંય બંધ હતું. ઘર ભલું અને એ ભલી. બહુ કરે ત્યારે પુસ્તકો વાંચે કે લખે કે ભરત કામ હાથમાં લે. નૌત્તમલાલ કોઈ દહાડો રજા પણ ન પાળતો કે જેથી તે દિવસે તો આખા દહાડાનો તેનો સહવાસ મળે. આટલા લાંબા વખતના એકાંતવાસથી તે બહુજ મુંઝાતી અને દિલગીરી સાથે પસ્તાવો કરતી. એકાંતવાસ જો કે તેને આમ બેચેનીવાળો લાગતો પરંતુ તેથી કમળાને ઘણોજ

ઉમદો લાભ મળ્યો. કમળાને તેનું ભાન ઘણા લાંબા વખત પછી થયું.

નૌત્તમલાલ વારંવાર શહેરમાં જતો. તેનાં કામની ખાતર તેને પુસ્તકશાળાઓ અને બીજા સાક્ષર મિત્રોની મુલાકાતો લેવી પડતી. તેની ગેરહાજરીમાં પણ કમળાને તો ઘરમાં જ ગોંધાઈ રહી ગૃહ કામ અને વાચન લેખન કે ભરત કામ વચ્ચે તેના વખતને કામે લગાડવાનો હતો. આવી રીતે પુરાઇ રહેવાથી કમળાએ માત્ર અસંખ્ય નવલ કથાઓજ કે વસંત, સુંદરીસુબોધ, મહિલામહત્વ આદિ માસિકો વાચ્યાં એટલુંજ નહિ પરંતુ તેણે ગંભિર પ્રકારનાં પુસ્તકો જેવાં કે મહાન કવિયોની કવિતાઓના સંગ્રહો, ઇતિહાસો, શાસ્ત્રો, નીતિયો, સ્મૃતિયો, તત્વજ્ઞાનનાં ભાષ્યો અને ધર્મ પુસ્તકો વિગેરે વાંચ્યાં હતાં. કેટલુંક લખ્યું પણ હતું. ગીતા, મહાભારત, રામાયણ, ભાગવત વિગેરે ગ્રંથોમાં તે પ્રવીણ થઇ ગઇ હતી. તેને પુસ્તકો ખરીદવાની નૌત્તમલાલે સ્વતંત્રતા આપી હતી. કેળવાએલી સ્ત્રીને માટે એવો પ્રતિબંધ રાખવો એ તે વાસ્તવિક ગણતો નહોતો. તે ખરીદ કરવા જવાનો વખત રોજીંદું કામ થઇ રહ્યા પછીનો હતો. કોઇવાર કમળાને વાચવા લાયક પુસ્તકો તે જાતે પણ ખરીદી લાવી આપતો. પુસ્તકો ખરીદ કરવાનું તેને મોટું ખર્ચ હતું. તે સિવાય જ્ઞાન ભંડાર ક્યાંથી વધે કે તાજો રહે? આથી કમળાને લાગતું કે પોતાને આગળના લેખકોની કૃતિયો વાંચી જ્ઞાન ભંડાર ભરવાની એકલાનીજ નહિ પરંતુ આધુનિક નવાં લેખનો વાચવાની પણ તક મળ્યાં કરતી હતી. પોતે બુદ્ધિશાળી તરૂણી છે એવી છાપ તેના પતિના હૃદય ઉપર પાડવાને માટે તે ઘણોજ પ્રયાસ કરતી તથાપિ તે હેતુ અદ્યપિ પાર પડયા વગરનોજ રહ્યો હતો. કમળાની જ્ઞાન સંપાદન કરવાની ઉત્કંઠાથી નૌત્તમલાલને અતિશય આનંદ–રસ આવતો. તેણે તેની કઠોરતાવાળી મશ્કરીની ટેવ કદિ તજી દીધી નહોતી. કમળાની અભ્યાસ પરાયણતા તેને મન માત્ર

સ્ત્રી ભાવની વિલક્ષણતાના જેવી લાગતી. તે માનતો કે કમળા તેના બચત વખતનો આવો ઉપયોગ કરતી તે ઘણુંજ સારૂં હતું. એક બાજુ કમળા તેના એકાંત વાસના વિચાર સામે ચિડાઇ રીસને બને ત્યાં સુધી છુપાવીને કોઇવાર તેની અભિલાષાઓનાં ખરાપણાંની અસર નૌત્તમલાલ ઉપર બેસાડવાનો પ્રયત્ન કરતી અને કોઇવાર નૌત્તમલાલની કડક સ્વભાવવાળી કુથલી–ટાયલી વાતોનું નિવારણ કરતી કરતી પોતાની લડાઇ આગળ ચલાવી જતી હતી.

કોઈ કોઇવાર કમળાને તેની મા યાદ આવતી અને તેનો વિયોગ સાલતો. તેથી તે ખરેખર દિલગીર થતી. મા દિકરીનાં જીવન આ લગ્ન પૂર્વે સારી રીતે જડાએલાં હોવાથી કમળા સ્ત્રીનો સહવાસ ગમે તેવો માયા વગરનો હોય તો પણ તેને પરમ સુખ સમાન સમજવા લાગી. પરંતુ નૌત્તમલાલે વિક્રાળ આગ્રહ સાથે ઠરાવેલી ગોઠવણ ફેરવવી એ અસંભવનીય હતું એટલે કે ગમે તે કારણસર પણ તેની માને કદિ પણ પોતાના ઘરમાં પેસવા દેવાની નહોતી અને તેની માની ખાસ ભયંકર–ગંભિર માંદગીના સમય સિવાય કમળાને પણ ત્યાં જવાનું નહોતું. કમળાને તેની મા સાથેનો સંબંધ માત્ર દર મહિને એક પત્ર લખી ચાલુ રાખવાનો હતો. કમળા તેની માના કાગળોમાં પોતાનાં જીવનને અપ્રિય તરીકે કહેવાને બદલે તેની જીવનની હકીકત ઘણીજ છટાદાર ભાષામાં પદ્ય સમાન ગદ્યમાં જણાવતી. સામાન્ય રીતે બંધ કરી ટપાલમાં રવાના કર્યા પહેલાં કમળા દરેક પત્રો તેના પતિને વંચાવતી. તેની લેખનકળા અને શૈલિને માટે તેના પતિ તરફથી તેને અભિનંદન મળતું. તે કહેતો કે ભવિષ્યની પ્રજાને સાક્ષરની સ્ત્રીના સુખ દુઃખનું ચિત્ર આપવા ખાતર આ કાગળો સંગ્રહી રાખી એક પુસ્તકના રૂપમાં પ્રસિદ્ધ કરવા જોઇએ.

પરિચ્છેદ ૬ ઠો.

એક દિવસ નૌત્તમલાલનો કામ કરવાનો વખત પુરો થઇ રહેવા આવતાં કમળા પોતાનું કામ પડતું મૂકી ચાહ બનાવી પાનની પટીઓ તૈયાર કરવા લાગી એવામાં ઉપરથી તેના પતિયે ચાહ સાથે ત્યાં જવાની આજ્ઞા કરી.

કમળા ચાહદાની, બે પ્યાલા રકાબીઓ, પાનની પટીઓ વિગેરે લઇને ઉપર ગઇ ત્યારે નૌત્તમલાલ કામ છોડયા પછી મુખ પ્રક્ષાલન કરી થાક ઉતારવાની તેની ટેવ મુજબ મુખ ધોઇ ટુવાલવતી લ્હોતો હતો. કમળાએ બધો સામાન નીચે મૂકી ટીપાઇ ઉપાડી તેના પતિને બેસવાની આરામ ખુરસી પાસે રાખી તેના ઉપર સામાન ગોઠવ્યો અને એક ખુરશી લાવી પોતે બાજુમાં બેઠી. બેઉ જણાંએ ચાહ પી લઇ પાન ખાધાં. તે વખતે કમળાએ નૌત્તમલાલને તેનાં આખા દિવસનાં કામ વિશે પુછવાનો લાગ સાધ્યો.

“ સુંદર ! આજનો વિષય ખાસ રાજ પ્રકરણ સંબંધી હતો,” નૌત્તમલાલે તેના હમેશના ઉત્સાહ સાથે જવાબ દીધો. “અગાઉનાં અને હાલનાં રાજ પ્રકરણમાં ઘણો તફાવત છે. દરેક બાબતમાં સારૂં અને નરસું બેય રહેલું હોય છે. આગળની રાજનીતિ કેટલીક બાબતોમાં ઉમદી અને કેટલાકમાં વિષમ જણાય છે. હાલની પદ્ધતિ સુધરેલી છે તેમાં પણ દુષણો છે. એતો સ્વાભાવિક છે કે રાજા પોતાની જ્ઞાતિને બીજા કરતાં વધુ લાભ આપે. મુસલમાનોના વખતમાં તે જ્ઞાતિનું જોર હતું, હાલ અંગ્રેજોના વખતમાં અંગ્રેજી પ્રજા પ્રબળ છે-

રજપુતોના વખતમાં રજપુતો સત્તાવાળા હતા તે મુજબ હાલ પણ આપણાં રાજ્યમાં રજપુતો સત્તાવાળા થયેલા છે. આપણાં રાજ્યો હાલ બ્રીટીશ રાજ્યની દેખરેખ તળે હોવાથી તેમનામાં અગાઉના જેવા અન્યાય થવા પામતા નથી. જે અતિ-ક્રૂર શિક્ષાઓ થતી અને પ્રજા ઉપર બીજા ઘણા ત્રાસોત્પાદક જુલ્મ ગુજારવામાં આવતા તે બધાંનો હવે નાશ થઇ ગયો છે. આપણા દેશનું એટલું સદ્‌ભાગ્ય કે બ્રીટીશ સામ્રાજ્ય છે. નાહંતર આપણાં દેશી રાજ્યો હાલના જેવી શાંતિ કે સહી સલામતીમાં હોત નહિ. મુસલમાની સામ્રાજ્યના ઘા હજુ બબડે છે. ઇતિહાસો વાચતાં એ મલેચ્છ પાદશાહોએ ગુજારેલા જુલ્મથી શરીર કંપી ઉઠે છે અને ત્રાસ ઉપજે છે. આપણાં આ રાજ્યમાં બ્રીટીશ રાજ્યનું અનુકરણ કરવામાં આવ્યું છે. હાલ તેમાં પક્ષ પડી ગયા છે. મારો મત એવો છે કે રાજાને તમામ કોમની પ્રજા સરખી હોવી જોઇએ. રાજા દેખીતો ઇશ્વર છે. તેનામાં બીજા મનુષ્યને નથી એવું ઐશ્વર્ય રહેલું છે. આખી સૃષ્ટિનાં મનુષ્યો જેમ ઇશ્વરનાં એક સરખાંજ સંતાન છે તેમ રાજાને પણ બધી પ્રજા એક સરખાં બાળકો સમાન છે. એકને દુધ અને એકને દહીં એમ ન થવું જોઇએ. રાજાને પોતાનું પારકું હોતું નથી. હાલમાં આ રાજ્યમાં જે મંડળીની પદ્ધતિ બ્રીટીશ રાજ પ્રકરણનું અનુકરણ કરી દાખલ કરી છે તે કેવળ હસી કાઢવા જેવી છે. તેમાં પણ પક્ષ પડી ગયા છે અને પક્ષપાત જોસભેર વહે છે. એવું પક્ષપાતી મંડળ રાજ્યનું કે પ્રજાનું શું કલ્યાણ કરવાનું હતું? રાજ્યને સારા પાયા ઉપર લાવી શું આબાદ કરવાનું હતું? દરેક સભ્ય સત્ય ગ્રાહી, ધર્મ પરાયણ અને હિમ્મતવાન હોવો જોઇએ. તેનામાં વિદ્વતાની તો ખાસ જરૂર જોઇએ. કેટલાક સભ્યો ગાડરીઆ પ્રવાહની માફક બીજાની હામાં હા પાડયા જાય છે-વગર

સમજ્યે લોલમાં લોલ ઠોકયે જાય છે."

"મારો મત એવો છે કે આગળની માફક રાજતંત્ર ખુદ રાજાના પોતાના હાથમાં હોવું જોઇએ. હાલના મહારાજા સાહેબે દાખલ કરેલી આ મંડળીની પદ્ધતિ બહારના દેખાવથી તો ઠીક પરંતુ અંદર ખાતે ઘણીજ હાનિકર્ત્તા છે. પૈસાદાર સભ્યો ગરીબ લોકોની સ્થિતિનો ખ્યાલ કર્યા વગર નવી નવી જાતના ધારા ઘડતા ચાલ્યા જાય છે. એક જણ ધારો ઘડે અને તેનો મુત્સદ્દો સભામાં રજુ કરે. તે વંચાય અને તેના ઉપર ટીકા થઈ મતમતાંતરો ચાલે. વધુમતે પસાર થાય. કેટલાક તો સમજેજ નહિ કે આ ધારાથી શું થશે અને શું નહિ થાય? પૈસાને અંગે કોમના પ્રતિનિધિ તરીકે ચૂંટાઇ નીમાયા હોય અને વિદ્વતા કે બુદ્ધિ સાથે બારમો ચંદ્ર હોય તે શું સમજે ભલા? ખરડો રજુ કરનાર હોંશીયારજ હોય. તે સિવાય તો તેનાથી ખરડો તૈયાર કરી શકાય નહિ. પછી તે પોતાનો કકો ખરો કરાવે. તેના લાભમાં વધુમત આવે એટલે તે મહારાજા સાહેબને પણ બંધનકર્ત્તા. તે પસાર કર્યા વગર ચાલેજ નહિ. પછી તે ભલે ને મહારાજા સાહેબને ન ગમતો હોય!" કમળાએ પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો.

નોત્તમલાલે હમ્મેશની માફક કમળાના વિચારનો ઉપહાસ કર્યો.

"તને પણ રાજદ્વારી બાબતો ચર્ચવાનો બહુ શોખ જણાય છે!"

"તમારી આગળ અમે તો કાંઈ લેખામાંજ નહિ? તમે મને બહાર જવા દેતા નથી નહિતર હું કાંઇનું કાંઈ કરૂં તેવી છું. મને ઓછી ના જાણશો. અલબત્ત તમે આગળ વધેલા છો. પરંતુ તમારા ઉપર તમારી પત્ની ટીકા કર્યા વગર રહે એવી આશા કદિપણ રાખતા નહિ, તેની અક્કલ મુજબ તે પણ વાત કરશે."કમળા બોલી.

"માણસની પોતાનાં ગામ—દેશ કરતાં પરગામ—દેશમાં વધુ

કદર બુજાય છે અને સન્માન મળે છે કારણ કે પોતાનાં ગામમાં તો 'ઘરકી મુરઘી દાલ બરાબર' હોય છે. પતિને બહારનાં માણસો ગમે તેવું માન આપે અને મોટો ગણે પરંતુ સદા એકજ ઘરમાં સાથે રહેવાવાળી પત્નીની દૃષ્ટિમાં તો એ ઓછું હોય છે. કેમ મારી પણ એજ ગતિ છેને, મધુરી? મોટો હોદ્દેદાર હોય તે બહાર પરંતુ ઘરમાં તો નહિ. તેનાં છોકરાં તેને કાંઈ એ દરજ્જાને અંગે માન આપતાં નથી. મુછ તાણે, ખોળામાં કુદકા મારે અને ભલાં હોય તો તેને ઘોડો બનાવી સ્વારી કરે!"

"ખરેખર એમજ છે. મારી પણ તમારી આગળ એજ સ્થિતિ છે," કમળાએ જવાબ દીધો. "તમારૂં પુસ્તક અત્યારે મને બતાવતા નથી પરંતુ છપાવીને બહાર પાડશો ત્યારે તો તે મારા હાથમાં આવ્યા વગર રહેવાનું નથી. ત્યારે મારી અક્કલ–શક્તિ પ્રમાણે હું તેનું અવલોકન કરીશ અને તમારૂં છિદ્રાન્વેષણ કરવામાં સખ્ત ગિરા વાપર્યા વગર નહિ રહું. હાલમાં મેં 'પુરૂષોના મનમાં સ્ત્રીની ગણના' એવો લેખ તૈયાર કર્યો છે. તે વસંત, સુંદરી સુબોધ કે પછી મહિલા મહત્વમાં મોકલીશ. તેમાં મેં તમારા જેવાનાં એકલ પેટાપણાં ઉપર સખ્ત ટીકા કરી છે. આ વસુધા ઉપર મારા જેવાં કાંઈ કાંઈ રત્નો પડયાં છે હો!"

નૌત્તમલાલ પ્યાર સાથે કમળા સામું તાકી રહ્યો. તેને આવાં વાક્યુદ્ધથી બહુજ આનંદ થતો. આથી તેને પોતાની ઉચ્ચતાનો વિચાર આવતો અને તેની સાથે આખો દહાડો મહેનત કરી શ્રમિત થવાથી તેમાં રમુજ સાથે આરામ મળતો.

"તારૂં પુસ્તક તું ક્યારે બહાર પાડવાની છું, કમળા? નૌત્તમલાલે સ્મિતપૂર્વક પ્રશ્ન કર્યો. "મને ખાતર જમા છે કે તારી એ-

રણ ઉપર મોટું કામ ઘડાય છે—તું કોઇ મોટું પુસ્તક લખે છે. કેટલાક સમયથી હું તને એમાં રોકાએલી જોઉંછું. તારા સાહિત્ય સંબંધી શ્રમની મને ખબર પડી છે. તું બહુ વાંચે છે તેથી મને ભય રહે છે કે તારી આંખ્યોને તેની અસર થશે. તોપણ તારી ઘેલછા છેક ઢંગ ધડા વગરની નથી એટલું ઠીક છે. તને પણ મહત્વાકાંક્ષા હચમચાવે છે, એમ કે? મહત્વાકાંક્ષા એ ઉમદાં મનવાળાં મનુષ્યનું એક દુષણ છે. લાઇટ ઓન ધી પાથ (Light on the Path) ની ચોપડીમાં ‘ Kill out ambition ’ (મહત્વાકાંક્ષાને મારો) એવો બોધ કરેલો છે. મહત્વાકાંક્ષા એક એવી વસ્તુ છે કે તે દૂર કરી શકાતી નથી. ઇશ્વિરે પણ મહત્વાકાંક્ષાને અંગેજ આ સૃષ્ટિ રચી છે એ વિચાર કરતાં જણાય છે. ઇશ્વર એવો છે તો પછી મનુષ્ય હોય એમાં શી નવાઈ. ઠીક, પણ તું મારૂં પુસ્તક પ્રથમ પ્રસિદ્ધ થવા દેજે. મને ખાત્રી છે કે તારૂં પુસ્તક ઘણુંજ ઉમદું અને ગુમાનીનું ગુમાન તોડી પાડવા વાળું હશે. તારા પ્રતિસ્પર્ધીઓને આંજી દેશે—તેમને ફીક્કા પાડી દેશે.”

“ મારૂં પુસ્તક આપના જેવું તો કાંઇ થાય! હું પુસ્તક લખું એ કાંઈ આશ્ચર્યની વાત નથી. હાલમાં આપણામાં ઘણી સ્ત્રી લેખકો થઇ છે. બ્હેન વિદ્યા, સારદા, સુમતિ, ઉષા, આદિ ઘણીઓ લખે છે અને કવિતાઓ પણ કેવી સુંદર કરે છે! ”

“ હા; તમારાં લેખનો કાંઈ ઉમદાં ગણાય નહિ. ”

કમળાએ આ શબ્દો ઉપર કાંઈ લક્ષ પ્રેર્યું નહિ.

“ સ્ત્રીઓને ” કમળાએ અસરકારક રીતે શરૂ કર્યું, “ દેશનાં સાહિત્યમાં અતિ આવશ્યક સ્થાન છે. પુરૂષો કદાચ બળ, તર્કશક્તિ અને બુદ્ધિમાં વધુ પડતા હશે પરંતુ સ્ત્રીઓને પણ કાંઇ છેક કાઢી નાખવા જેવી નથી. સ્ત્રીઓ સિવાય સાહિત્યને મૃદુતા, લાલિત્ય, તીવ્રતા, ચપળતા, ઉલ્લાસ, મનરંજકતા અને ચિત્તાકર્ષકતા આપવાવાળી

બીજી કઈ વસ્તુ છે ! સ્ત્રી પાત્ર વગર સાહિત્ય શોભીતું કે રસપ્રદ થતું નથી. પોતાનાં પુસ્તકને આનંદપ્રદ, રસદ, સુંદર, મનહર અને ઉમદું બનાવવાની ખાતર દરેક લેખકને સ્ત્રી પાત્રનો આશ્રય લેવો પડે છે. સ્ત્રીપાત્રના અભાવે તેમનાં પુસ્તક નિરસ–લુખાં લાગે છે અને કોઈ વાંચતા પણ નથી. આધુનિક લેખકોનાં જીવન તેમના લેખોમાં તેમણે કોઇનો ચોરી કરી–ઉછીતા લઈ દર્શાવેલા વિચારોને મળતાં હોતાં નથી તેથી તેમનાં લેખનોમાં નૈસર્ગિકતા દૃષ્ટિગોચર થતી નથી. તે ખરા–અસલ લેખક હોતા નથી. પોથી માંહેનાં રીંગણા જેવું તેમનું હોય છે. એમ કરવું એ ઘણું ખોટું છે. પોતે ભ્રષ્ટ હોય અને બીજાને પવિત્રતાનો બોધ કરે તો તેની અસર બીજાને શું થવાની હતી ? બીજા ઉપર કોઈ બાબતની અસર કરાવવામાં પોતાનામાં તે વસ્તુ હોવીજ જોઇએ. ”

“ અમે તો તેવા પરંતુ તમે તો દેવીઓ ! ખાસ શુદ્ધતાની મૂર્તિઓ ! ” રમુજ સાથે નોત્તમલાલ બોલી ઉઠ્યો. “ આ બાબત ઘણી મોટી છે. હાં આગળ ચલાવ સુંદરી, તુંતો વળી લેખકોનાં ખાનગી વર્તનો ઉપર પણ ટીકા કરનારી થઇને શું ! ”

“ કેમ ન થઇએ. કહેવું કઇ અને કરવું કંઈ એ મને પસંદ નથી. સ્ત્રીઓ જોકે ગંભિર બાબતોનાં પુસ્તકો લખી શકતી નથી, ” કમળા ગાજતા સ્વરે બોલી, “ તોપણ પ્રજાકીય–સામાજીક સુધારાને પરિપૂર્ણ બનાવવામાં તો તે તેમની વગ ચલાવી શકે તેમ છે. તેમની વાતચિત કરવાની પ્રજ્ઞા, સામાજીક કળવિકળ, નિર્મળ અને સુંદર હૃદય કોમળતા તથા સીધ્ર સૂચકતા અને તે ઉપરાંત તેમની ઉત્તમ–મહાન પુરૂષોને પણ પોતાના પક્ષમાં ખેંચી લેવાની અને તેમને જુદા તારવા કાઢવાની શક્તિ–આવા ગુણોથી વિભુષિત થયેલી હોવાથી

સ્ત્રીઓ પુરૂષો સાથે બુદ્ધિ સમાનતાનો દાવો કરવાને પૂર્ણ હકદાર છે. મહાન પુરૂષોને પણ કોણે જન્મ આપ્યા હોય છે? સ્ત્રીઓએજ કે કોઈ બીજાંએ? ન્હાની ઉમ્મરમાં તેમને કેળવીને તેમની બુદ્ધિને કોણ ઉદ્દીપ્ત-વિકસિત કરે છે? જે સમાજ-જ્ઞાતિ પોતાની મહિલાઓને હલકી સપાટી-પંક્તિમાં મૂકે છે તે સમાજ સ્વાભાવિક રીતે બુદ્ધિ તથા નીતિ હીણતાથી ઘેરાઈ જાય છે. તમે પુરૂષ લેખકોની માફક અમારામાં ચાવવાના બીજા અને બતાવવાના બીજા હોતા નથી. અમારાં જ્ઞાન મુજબ અમે જે લખીએ છીએ તે 'અમારામાં તે વસ્તુ હોય તોજ લખીએ છીએ. જે વસ્તુ અમારા પોતાનામાં નથી હોતી તેનો અમે ડોળ ઘાલતાં નથી. અમારા લેખો નૈસર્ગિકજ સમજવા. બીજાની ચોરી કરી તેને પોતીકું બનાવવાંની ટેવ અમારામાં હોતી નથી."

"હવે મારૂં કહેવું શ્રુતિપર ધર।" નૌત્તમલાલ બોલી ઉઠયો. "તારી વ્યકિતનાં લેખકો પણ એવાંજ છે કિંતુ તારામાં આવી વાતો કરવાની શકિત છે તેનો મને અદ્યપિ ખ્યાલ સરખો પણ નહોતો, કમળા. તું મને સ્ત્રીમતનો હિમાયતી-પક્ષવાદી થવા સમજાવે છે. યુરોપમાં જેમ મીલ થયો તેમ તું મને હિંદનો મીલ બનાવવા ઇચ્છતી હશે?"

"સ્ત્રીઓના હકોને માટે લડત ચલાવનાર તરીકે મીલ કાંઈ સૌથી પહેલો મહાન પુરૂષ નહોતો," કમળાએ ઉત્તર આપ્યો. "તે તો પ્લેટો હતો."

"આપણા દેશમાં એવો કોણ થયો છે? તેં પણ ઘણું વાંચી કાઢયું લાગે છે!"

"મેં હજુ એવો કોઈ જોયો નથી. કેટલાંક ઉભય વ્યકિતનાં લેખનો સ્ત્રીની પદવીને ઉચ્ચ બનાવવાનાં-તેમને પુરૂષો સાથે સમાન પદ અપાવવાનાં બણગાં ફુંકે છે પણ તેમની પંપુડીનો અવાજ કોઈ

સાંભળતું નથી. લેખો લખવાથી શું થાય? તેથી કાંઈ દહાડો વળે નહિ પરંતુ ખુલ્લા મેદાનમાં પડવું જોઇએ. જ્યારે કરી બતાવે ત્યારે કામ આવે. પરંતુ હજુ કોઈ શુરવીર જાગ્યો નથી કે તે કાર્યને માટે કંથા, ઝોળી અને દંડો લઈ નીકળી પડે. હિંદમાં સ્ત્રીતો એક મજુર કે કેદીની સ્થિતિ ભોગવે છે. આધુનિક સમયમાં સ્ત્રીનામાં રહેલી શક્તિ અને તેની પદવીની કદ્ર થવા લાગી છે. મને આશા છે કે આપણા દેશમાં પણ પ્લેટો અને મીલ જેવા જાગશે ખરા કારણ કે હવે એવો સમય આવી પહોંચ્યો છે. દક્ષિણ અને ગૂજરાતના અમુક ભાગોમાં ધીમે ધીમે સ્ત્રીઓને સ્વાતંત્ર્ય મળવા લાગ્યું છે. કાઠિઆવાડ અને હિંદના બીજા ભાગોમાં હજુ ઘણુંજ ઓછું છે. બધા હજુ સહુ સહુના વર્તુળમાં રહીને કામ કરે છે પરંતુ સાર્વજનિક–આખા હિંદને માટે એ હિલચાલ થતી નથી."

નૌત્તમલાલ આથી ખૂબ હસ્યો અને તેની ખુરસીમાં પાછો પડયો. હસવાથી તેનાં ગળામાં પાનનો અંતરાય જતાં તે ખોંખોં કરવા લાગ્યો. કમળાએ દોડી જઈ પાણીનો પ્યાલો લાવી તેના હાથમાં મૂકયો અને પીઠ પંપાળવા લાગી. નૌત્તમલાલનાં કપાળ અને નાક ઉપર પરસેવાનાં બાષ્પ આવી ગયાં. થોડીવારે અંતરાય બેસી જતાં તે શ્વાસ લેવા લાગ્યો અને ત્યારપછી કેટલીકવારે સરખી રીતે બોલી શકયો.



પરિચ્છેદ ૭ મો.

નોત્તમલાલને સાંજરે તેના કોઈ મિત્રને મળવા જવાનું હોવાથી તે કપડાં પહેરી શહેરમાં ગયો અને કમળા રસોઈ વગેરેનાં કાર્યમાં જુતી.

રાત્રે વાળુ કર્યા પછી આ દંપતિ વિનોદ કરતું મેડી ઉપર હીંડોળામાં બેઠું હતું. નોત્તમલાલનો થાક ઉતરી ગયો હતો અને પૂર્ણ ખુશ મિજાજમાં હતો.

“ વિદ્વાન પતિને નિરક્ષર ભાર્યા હોય તો અને ભણેલી સ્ત્રીને અભણપતિ મળ્યો હોય તો તેમનાં જીવન સુખમય થતાં નથી. જ્યાં સુધી પતિ પત્નીના વિચાર, આચાર, સ્વભાવ, ગુણ વિગેરે એક સરખા ન હોય ત્યાંસુધી તે પરસ્પર પ્રેમી કે સુખી હોયજ નહિ. આપણી જ્ઞાતિમાં આવા દાખલા જવલ્લેજ બને છે. પરંતુ એક ક્ષત્રિય જ્ઞાતિમાં આવો દાખલો બન્યો છે. એક સારી કેળવણી પામેલા ક્ષત્રિયનું લગ્ન નિરક્ષર અને ગ્રામ્ય કુમારિકા સાથે થયું. તે બેયજણાં પરણ્યા પહેલાં તો અપરિચિત હતાં. પરણ્યા પછી પણ આ અર્ણવ સમાન–વિપુલ વૈરોધ્યને પરિણામે તેમનામાં પ્રેમ પ્રભવ્યોજ નહિ. તેમનાં હૃદય ઐક્ય અનુભવવા પામ્યાંજ નહિ. પુરૂષનું પરણ્યા પૂર્વે જે આનંદમય જીવન હતું તે પરણ્યા પશ્ચાત અકારૂં થઈ પડયું. ગ્રામ્ય સ્ત્રી તેમાં શું સમજી શકે ? તેતો તેવીને તેવીજ રહી. તેને ન આવડે પતિ પાસે બેસતાં કે બોલતાં. બન્ને જ્યારે મળતાં ત્યારે મુંગે મોઢે એક બીજા સામું જોઈ બેસતાં. વિદ્વાન પતિ આવી સ્ત્રી જોઇ તેનાં

ભાગ્ય વિશે વિચાર કરતો. તેનું હૃદય ક્ષોભથી ભરાઈ આવતું અને તે પોતાનાં કર્મનો વિચાર કરતો. ભાગ્ય કર્માધિન છે. આપણાં જેવાં કર્મ હોય છે તેવું સંચિત બંધાય છે, માણસ ગત સંચિત સાથે અવતરે છે અને આ ભવમાં આવતા અવતાર માટે પાછો કર્મો કરી સંચે છે. 'મારાં સંચિતને લઇનેજ મારે આવી દશા ભોગવવાનો વખત છે. સંચિતના આધારે જે મળ્યું તે નિભાવી લેવું જોઇએ.' આવા આવા વિચાર કરી તે મનનું સમાધાન કરતો અને આ ગ્રામ્ય સ્ત્રી ઉપર પ્રેમ લાવવા મથતો. પરંતુ પ્રેમ આવવાને બદલે તેને ઉલટો તિરસ્કાર આવતો ગયો. તેણે ઘણી મહેનત કરી પરંતુ તિરસ્કાર–અપ્રિયતા ગઈજ નહિ. આ ગ્રામ્ય નારીથી તેને કંટાળો આવવાનું બીજું પણ એક કારણ હતું. તેનાં હૃદય ઉપર એક કુમારિકા વિજય મેળવી ગઈ હતી. આ ગ્રામ્ય કુમારિકા સાથે તેનું સગપણ કર્યા પૂર્વે એક બીજી અતિ સુંદર અને સારી કેલવણીવાળી કુમારિકા સાથે તેનાં સગપણની વાતચીત ચાલતી હતી. તે તથા આ બીજી કુમારિકા હમ્મેશ મળતાં અને આનંદગોષ્ટિ કરતાં. તેમને પોતાનું સગપણ થવાની વાતની ખબર પડતાં તે બહુજ રાજી થયાં અને ત્યારથી અદ્‌ભુત જીવન ગાળતાં હતાં. તેવામાં તરૂણની માતા જે બીજે ગામ રહી સગપણ શોધતી હતી તેણે પેલી ગ્રામ્ય કુમારિકા પસંદ કરી અને સગપણ કરી વાળ્યાના ખબર મોકલતાં આ સગપણની વાત બંધ પડી. એ સાંભળી આ બેય સ્નેહી હૃદયો ખિન્ન થયાં, પરસ્પર અર્પણ થઇ ચુક્યાં હતાં તેમાં આ બનાવ બનતાં તે ઘણાંજ દિલગીર અને દુઃખી થયાં. તેમનાં મિલનો–આનંદ વાતો વિગરે વિરમી ગયાં. એક બીજાને ત્યાં જવું આવવું બંધ. કેટલાક દિવસ સુધી તો તે એક બીજા સામું જોઇ શક્યાં નહિ તો ચાર આંખ્યો તો ક્યાંથી સ્નેહ વિનિમય કરે.

તેમનાં જીવન ત્યારથી બદલાયાં. પછી તે એકજ નગરમાં અને પાડોશમાં અને પરિચિત હોવાથી મળતાં, પરંતુ ઘણુંજ થોડું અને આનંદની વાતો અને સ્નેહ વિનિમય તો છેક સુકાઇજ ગયો. તરૂણને પરણાવવાનો વખત આવ્યો. તે પેલી કુમારિકાને જોવા પામ્યો નહોતો. તે કેવી હશે ? કેળવાએલી હશે કે કેમ ? મનમાં આવા અનેક વિચાર કરતો. મર્યાદા લોપી માબાપને પુછી પણ કેવી રીતે શકાય ? આખરે તેની માએ તેને તથા તેના પિતાને પોતાને ગામ લગ્ન કરવા બોલાવ્યા. તરૂણને એ વાત રૂચી નહિ. તે ગોઠવણ થાય તે પહેલાં તે ઘર ત્યાગી ન્હાસી ગયો. કેટલાક વખતે તે પાછો આવ્યો અને અંતરથી તેની ઇચ્છા નહોતી છતાં તેને વડિલોની મરજીને આધિન થઈ પરણવું પડયું. પરંતુ તે પરણ્યો એટલુંજ. તેનું જીવન ઉપર કહ્યા મુજબ દુઃખમય થયું. તેને પરણ્યે લગભગ ત્રણેક વર્ષ થયા પછી તેને એક બીજી કુમારિકા પ્રતિ સ્નેહ થયો. આ ત્રણ વર્ષ દરમિયાન તેણે તેની પરણેલી સ્ત્રીને ભાગ્યેજ ચાર કે પાંચ વખત પાસે ઢુકવા દીધી હશે. આ નવીન કુમારિકા સારી કેળવણીવાળી હતી. લાલિત્ય અને લાવણ્યમાં પણ પસંદ કરવા જેવી હતી—પરણિત સ્ત્રીની હયાતી છતાં બીજી કુમારિકા તરફ દૃષ્ટિ કરવી એ વ્યાજબી કહેવાય નહિ પરંતુ આ તરૂણના સંજોગો ઉપરથી આપણને તેને માફી આપવી પડશે. પેલી નવિન કુમારિકા સાથે ગાઢ પ્રેમ બંધાઈ પરસ્પર પરણવાનાં વચન અપાઈ ગયાં. નવીન કુમારિકાનો પિતા હયાત નહોતો. તેની મા હતી. આ નવીન કુમારિકાની મા હલકી જ્ઞાતિની હતી, તેથી આ કુમારિકા પણ હલકી જ્ઞાતિની ગણાય. પરંતુ તેના ગુણ પ્રશંસનીય અને પોતાને જોઈતા હોય તેવાજ હોય એટલે તરૂણો તેવી બાબતો પ્રતિ લક્ષ ન આપે એ સ્વાભિક છે.

યોગ્યકુળની પોતાને જોઇતી હોય તેવી નહોય એટલે શું કરે? પેલી પરિણિત સ્ત્રી ધણીએ યોગ્ય હતી પરંતુ તેનામાં આ તરૂણને જોઇતી યોગ્યતા નહોતી. આ વાત નવીન કુમારિકાની માએ સારૂં ઠેકાણું મળતું હોવાથી ઘણા હર્ષપૂર્વક સ્વીકારી. તેના અને તરૂણ વચ્ચે ચોકસ થયું પરંતુ લગ્ન કરવામાં તરૂણને તેનાં માબાપની ગરજ પહેલી. તેમણે એ હલકી સ્ત્રી સાથે પરણવાની ના પાડી. બીજું પણ એ કારણ હતું કે એક સ્ત્રી તો હતી અને તેને દૂર કરી આવી ફરી પરણવી એ તેઓ કલંકિત ગણવા લાગ્યાં. તરૂણને આજ સુધી જે પહેલી કુમારિકા યાદ આવ્યા કરતી તેમાં નવી કુમારિકાથી સ્નેહ થતાં વિસરાઇ ગઈ. તેનું હૃદય હવે આગળની કરતાં આ નવી ઉપર ઘણુંજ ચોટયું. આ નવી કુમારિકામાં કાંઇક અલૌકિક અને અવર્ણ્ણનીય આકર્ષક શક્તિ હોવી જોઇએ. તરૂણે એ નવી કુમારિકા સાથે તેનું લગ્ન કરી આપવા તેના પિતાને ઘણું કહ્યું પરંતુ તે માન્યો નહિ. તેથી તરૂણને તેની મરજી વિરૂદ્ધ વર્તવાનું નક્કી કરવું પડયું અને તે તેણે સ્પષ્ટ રીતે જણાવી દીધું. ‘ તમે ના પાડો છો છતાં પણ હું તેને પરણ્યા વગર રહેવાનો નથી. ’ આથી તેને પિતા સાથે કલેશ થયો. આ વાત તેણે કુમારિકાને લખી અને તેના જવાબમાં કુમારિકાએ તેને હિમ્મત આપી પોતાનો સ્નેહ અચળ રાખવા કહ્યું.તરૂણ આખર પરણવાની સ્થિતિમાં આવવાની ખાતર પરદેશ ચાલ્યો ગયો કારણ કે આવા સંજોગોમાં પિતા પાસેથી કાંઈ પણ મળી શકે તેમ નહોતું. પરદેશ ગયા પછી કુમારિકા અને તેના વચ્ચે કેટલાક વખત સુધી તો પત્રવ્યવહાર ચાલુ રહ્યો પરંતુ પછીથી બંધ થયો. કુમારિકા દૂર રહેવાથી બદલાઈ ગઈ. તરૂણનો તો તેના પ્રત્યે સાચો પ્રેમ હતો પરંતુ એ છોકરીનો તો માત્ર મોહજ હોવો જોઇએ. તરૂણ પરદેશથી

પાછો આવ્યો ત્યારે તેણે આ કુમારિકાને જુદાજ પ્રકારનું જીવન ગાળતી જોઈ. પરદેશથી આવી તેને રૂબરૂમાં મળી ઠપકો દેવાનો તેણે મનસુબો કર્યો હતો પરંતુ સ્થિતિ જોતાં તેણે તે વિચાર માંડી વાળ્યો. પોતાની પુત્રીને આ તરૂણ સાથે પરણાવવા એ કુમારિકાની માનો આગ્રહ હતો. તે બીચારી પત્રવ્યવહાર બંધ પડયો તે પહેલાંજ ગુજરી ગઈ. તેના મર્ણ પછીજ કુમારિકા તરૂણથી જુદી બની. તરૂણ હવે તેનું બેચેનીવાળું જીવન ગાળે છે. હૃદયથી આ કુમારિકાને તેની આવી વર્તણૂંક માટે માફી આપે છે. તેનો પ્રેમ એ જુઠી કુમારિકા ઉપર છે તે હજુ કાયમજ છે. એ છાપ મરતાં સુધી ખસશે નહિ અને બીજા કોઇની છાપ હવે ત્યાં પડશે નહિ એમ તે તરૂણ કહે છે. આવું સંતોષ વગરનું અને અપ્રિય જીવન થતાં તે ઘણોજ દિલગીરીમાં રહે છે. તેની પરણિત પત્ની ઉપર તેને હજુ પ્રેમનો ઉમળકો આવ્યો નથી તે આવવાનોજ નથી. બેયનાં ભાગ્યજ સમજવાં કે બીજું કાંઈ? એ તરૂણને મારા પિતા સાથે મિત્રાચારી હતી. તે વખતો વખત મિત્રાચારીને લીધે આ વાત કરતા ત્યારે મારા પિતા તેમની વાતથી દિલગીર થતા. મને પણ લાગી આવતું તે હાલ સંસારથી કંટાળી ગયેલો છે. પ્રેમ વગરનું જીવન વ્યર્થ છે. ”

“ ખરી વાત છે કે દંપતિમાં જ્યાં સુધી એક જ સ્વભાવ અને સરખા ગુણ ન હોય ત્યાં સુધી તેમનો સંસાર સુખમય જતો નથી. જેવો પુરૂષ તેવી સ્ત્રી હોય તો જ સંસાર પ્રેમમય બને. મને આ ઉપરથી એક અંગ્રેજી કવિતાની કેટલીક લીટીઓ યાદ આવે છે:

‘ There are girls who can speak
Both Latin and Greek
Can read Goethe and Plato;

But I should like to marry
A girl who can cook a potato. '+

આ પુરૂષ માત્ર સ્ત્રી રાંધી આપે એટલે કે ઘરખટલો ચલાવે તો બસ એવા વિચાર વાળો હોવો જોઇએ. તેને તે મળે એટલે સંતોષ. વિદ્વાન સ્ત્રી કાંઈ રાંધી આપે નહિ. પોતે નિરક્ષર હોય તેથી તેને શા કામની? મતલબ કે જેવું તેવાંને માગે છે. તે સિવાય તે સંતોષ પામે નહિ. આપણે તો પરસ્પર સંતોષી છીએને ?" કમળાને રાજી કરવાની ખાતર નૌત્તમલાલે પ્રશ્ન કર્યો.

કમળા જવાબ આપ્યા વગર હસી પડી. નૌત્તમલાલ પણ હસ્યો. નૌત્તમલાલે કમળાને તેના ભૂજ બંધમાં લીધી અને તેના મુખમાંથી "ઉક !" એવો ઉચ્ચાર સરી પડતાં સુધી તેને વ્હાલના ઉત્કટ આવેશ સાથે છાતી સાથે દાબી.

"વ્હાલી કમળા, પરંતુ તું મને કહે જોઇએ કે તારે મારા સંબંધમાં કાંઈ ફરિયાદ કરવા–કચવાવા જેવું તો નથીને ? હું મારાં કામની ઘાણી પીલતો આખો દહાડો અભ્યાસગૃહમાં પુરાઈ રહું છું તેથી તને એકાંત અસહ્ય તો નથી થઈ પડતીને ?"

"બિલકૂલ નહિ," કમળાએ ઉત્તર દીધો. "જો મને ફરિયાદ કરવાનું કાંઈ કારણુ હોય તો તમે એમ માનો છો કે હું અહીં રહું ? કેદહાડાનીએ મારી મા પાસે ચાલી ગઈ હોઉં !"

+ લાટીન અને ગ્રીક બેય ભાષા બોલવાવાળી ઘણી કુમારિકાઓ છે, પ્લેટો અને ગોઈથી જેવાનાં ગંભિર પુસ્તકો પણ તેઓ વાંચી શકે છે (અર્થાત વિદ્વાન કુમારિકાઓ ઘણી છે); પરંતુ હું તો જે કુમારિકા રાંધી-સંસાર ચલાવી જાણુતી હોય તેનેજ પરણવા ચાહુંછું.

નૌત્તમલાલ હસી પડયો. કમળાના આ ઉદ્દીપ્ત ઉભરાથી તેને આનંદ આવ્યો.

"ઉચ્ચ ભાવના વાળી લલના!" તે સ્વતઃ ગણુ ગણ્યો. "મારે તેની સારી રીતે સંભાળ–ચિંતા રાખવી જોઇએ. તે નહોત તો હું શું કરત?"

"ખરેખર શું કરત?" કમળા સ્મિત પૂર્વક બોલી. "તમારાં લેખનો અને પુસ્તકો સાથે તમે અભ્યાસખંડમાં પુરાઈ રહેલા હો ત્યારે નીચે ઉંદરની માફક શાંત થઇને કોણ રહેત? તમારા માટે ભોજન કોણ તૈયાર કરત? તમારા આરામ ચેનને માટે કોણ ચિંતા રાખત? તમારા ઘરની કોણ સંભાળ રાખત? તમારા ગંદકી જેવા ચિડિયા મિજાજ, બબડાટ, ભૂલ કાઢવાની ટેવ, ઠપકો, ક્રોધના આવેશ, અવગણના–એ બધાં કોણ સાંખ્યાં કરત?"

નૌત્તમલાલને આ શબ્દોથી તીવ્ર લાગણી થઈ આવી. કમળાના ગળે હાથ નાખી તેને પોતાનાં મુખ નજીક ખેંચી તેનાં પવિત્રતાથી ચળકતાં બરફ જેવાં લલાટ ઉપર તેણે મોટા અવાજવાળું ચુમ્બન કર્યું.

"કમળા, તું મને બેહદ વ્હાલી છે!"

તે બેય જણાં રમણ રમણીના વ્યવ્હારમાં પડયાં અગાઉ તે જ્યારે પહેલ વહેલાં મળ્યાં હતાં તે વખતે તેણે કમળા ઉપર કરેલી અદ્દભૂત–ચમત્કારી અસર કમળાને અત્યારે યાદ આવી.

ઠામ માંજી કામ કરવા વાળી જવાની હોવાથી તેણે નીચેથી કમળાને બોલાવી તેથી તે નીચે ગઈ. નૌત્તમલાલ આનંદ અને સંતોષ સાથે તેની સૌંદર્યવતી ભાર્યા પાછળ તાકી રહ્યો. તેનું લગ્ન ઘણું જ ફતેહમંદ નિવડયું હતું એવો તેને વિચાર આવ્યો. તેનો ગૃહ કાર્યભાર કમળા સંતોષપ્રદ સુઘડતા સાથે ચલાવી જતી હતી. તેણે લખવા માંડેલું પુસ્તક પણ ઝપાટાબંધ લખાતું જતું હતું. સ્ત્રીઓના ગુણોમાં કમળા પરિપૂર્ણ હતી. તે સદા ખુશમિજાજી, ચાલાક, ચપળ,

આજ્ઞાંકિત અને યોગ્ય સુખાનંદ આપનારી હતી. તેને આ મુંઝવણ લાગતી છતાં તેથી તે નારાજ થતી કે એક શબ્દ સરખો પણ બોલતી નહિ. મુંગે મોંઢે તે સાંખ્યા કરતી હતી. પતિ સાથે વિવાદ કરવાના તેના ખુશકારક પ્રયત્નો ખરેખર શાશ્વત સુખદ્રુમનાં મુળ સમાન હતા. તે કોઈ બીજી કુમારિકા સાથે પરણ્યો હોત અને તે કેળવાએલી હોત અને આગળ વધવાને—કીર્તિ સંપાદન કરવાને ભગીરથ પ્રયત્નો કરતી હોત, ગંભીર વિષયોમાં તેના સામે થઈ વિવેચન ચલાવતી હોત લેખક તરીકે બહાર પડવાં—પ્રકાશી નીકળવાની મહત્વાકાંક્ષા વાળી હોત અને કમળા જેમ ઉપરના બધા ગુણો છતાં વૈતરૂં કરતી હતી તેમ તે ન કરત તો પછી તેની શી દશા થાત!—ભયંકર જ ! એકાંત વાસમાં રહેનારી કેળવાયેલી સ્ત્રીને સાહિત્ય અને વિદ્યાનો શોખ હોય છે. નૌત્તમલાલનો એવો દૃઢ વિચાર હતો કે સ્ત્રીઓ એકલીથી જ થઈ શકે તેવી બાબતો સિવાય તો સ્ત્રીઓ કરતાં પુરૂષોમાં બીજી દરેક બાબતમાં વધુ સારી શક્તિ રહેલી છે. પરણેલી સ્ત્રીઓને બહુ સ્વાતંત્ર્ય આપવું એ સૃષ્ટિ ક્રમનો તિરસ્કાર—અપમાન કરવા સરખું છે; તેમને માટે આવી સ્થિતિનું નિર્માણ કરનાર વિધાતાના મુખ ઉપર થુંકવા જેવું છે. આવા અભિપ્રાય વાળા પુરૂષને કમળા જેવી સહન શીળ અર્ધાંગના ન મળી હોત તો તેનું શું થાત !

શયન કરવાનો સમય હતો. નૌત્તમલાલને સુતાં સુતાં પુસ્તક વાંચવાની ટેવ હતી. પુસ્તક ન વાંચે ત્યાં સુધી તેને નિદ્રા આવતી નહિ. તરફડીઆં મારતાં પણ આવતી નહિ. મેજ ઉપર પડેલું એક પુસ્તક લઈ તે શયનખંડ તરફ ગયો. ઓશીકાં તરફની ભીંતે ચકચકિત ચંદા વાળી એક ચૌદ કેન્ડલ પાવરની ભીંતા બત્તી લગાડેલી હતી; તેમાંથી નીકળતો પ્રકાશ ઘણો જ તેજ હતો. કમળાએ તેને માટે તૈયાર કરેલી

શય્યા ઉપર સુઈ તે વાચવા લાગ્યો. સુંદર નોકદાર પાયાની પાટી ભરેલી ઢોલણી ઉપર દળદાર સુંવાળાં રૂનું ગાદલું હતું તેના ઉપર ટુવાલના જેવી મોટી ચાદર આસ્તરેલી હતી. ઓશીકાં લંબચોરસ અને ઝાલરવાળા ગલેફથી આચ્છાદિત હતાં. વાંચતાં વાંચતાં તેને સહસા સ્મરણ થઈ આવ્યું કે કમળાની માનો પત્ર આવેલો હોવાથી તે તેનો જવાબ આવતી કાલે લખવાની હતી. કમળાની મા યાદ આવતાં તેનો વિચાર કરી તે હસ્યો. કમળાને પોતાની સાથે પરણાવવામાં તે વૃદ્ધાએ કેવો વાંધો લીધો હતો તેની તેને ખબર હતી. માને દિકરીનો વિયોગ ગમતો નહોતો અને આ લગ્નથી તે થયો હતો. ડોશીના બધા પત્રો રોદડા ભરેલા અસંતોષ વાળા જ આવતા. તેના પત્રો ઉપરથી તેનો સ્વભાવ ધીમે ધીમે બિલાડી જેવો થઈ ગયેલો જણાતો હતો. ડોશીને પુત્રીનો વિયોગ બહુજ સાલતો. તે પુત્રી સાથે રહી તેનું સુખ જોવા ઈચ્છતી હતી, પરંતુ નૌત્તમલાલ તેને આવવા દેતો નહોતો. ડોશીને તેના આંગણામાં પગ મૂકવાનો નહોતો. તે કહેતો કે "God sent wives but the devil sent mother-in-laws." (પત્નીઓ ઈશ્વરની મોકલેલી છે પરંતુ સાસુઓ સેતાને મોકલી છે એટલે કે પત્નીઓ દેવીઓ સમાન છે પરંતુ સાસુઓ તો રાક્ષસિણીઓ સમાન છે.)

"વ્હાલી કમળા," કમળા નીચે બધું બંધ કરી કામથી ફારક થઈ ત્યાં સુવા આવી એટલે નૌત્તમલાલ બોલ્યો, "કાલે તું તારી માને જવાબ લખવાની છે ખરૂં કે? શું શું લખવું એ તેં નક્કી કર્યુંછે?"

"હાજી." કમળાએ બેદરકારીથી જવાબ આપ્યો. "આ વખતે કાંઈ વિશેષ લખવાનું નથી. હમ્મેશની જ હકીકત-આપણા ગૃહસ્થાશ્રમની, કામ કરવાવાળીના તમાસાની, હવા પાણીની અને શહેરના અહીં એકાંતમાં રહી તમારા તરફથી સાંભળવામાં આવતા સમાચારોની."

'બહુ સારૂં," નૌત્તમલાલ બોલ્યો. "સાથે એટલું પણ લખજે

કે મારૂં પુસ્તક હવે લખાઈ રહેવા આવ્યું છે અને મેં તેમને ઘણા કરી પ્રણામ લખાવ્યા છે. સમજી, દયિતે?"

આવી રીતે તેણે કોઇ દિવસ લખાવ્યું નહોતું તેથી કમળા અચંબો પામી. શું કમળાની મા તરફનો તેનો તિરસ્કાર હવે ઓછો થઈ સ્નેહ તરીકે બદલતો જતો હશે? શું પોતાની વર્તણૂંકનો તેને પસ્તાવો થતો હશે? પોતાની વ્હાલી પત્નીની માને તે હવે આજ સુધી ન અપાએલો આવકાર દેવાનો હશે? જે હશે તે તેનાં હવે પછીનાં વર્તન ઉપરથી જોવાશે.

"બહુ સારૂં, પ્રાણેશ," કમળા બોલી.

નોત્તમલાલે તેને પોતાની પાસે બોલાવી તેનો કુમળો હાથ પકડી તેના આંખ્યો ઉપર દાબ્યો અને પછી ઘણાંજ હેતના ઉભરા સાથે ચુમ્યો. કેવું હેત? પતિના પ્રેમ વગરની અંગના શું આવો અનુભવ કરતી હશે? ચુમ્બનની મિષ્ટતાનો સ્વાદ શું તેણે ચાખ્યો હશે? ખરેખર પ્રેમના ઉભરા વગર તો ચુમ્બન ઉદ્ભવ પામતું નથી. નોત્તમલાલ ભલે તેને પોતાનાં કામથી દૂર ફડાક રાખે છે પરંતુ તેના ઉપર પ્રેમની ન્યુનતા તો અવશ્ય નથીજ. જો પ્રેમ નહોત તો પરણતજ નહિ. કમળા આટલું તો ચોકસ સમજતી. એ કારણથીજ એકાંતવાસથી તેને ઉપજતો બેદિલીથી તે બહુ સંતાપ ન પામતી.

"આખો દિવસ કામ કરી શ્રમિત થઇ ગઈ હોઇશ માટે હવે આરામ લે, પ્રિયે." તેનો પકડેલો હાથ ચુમી મૂકી દેતાં તે બોલ્યો અને પુસ્તક લઈ વાંચવા લાગ્યો.

કમળાએ તેની આજ્ઞાનું અનુકરણ કર્યું. તેની બાજુમાં તેને માટે સજ કરેલી શય્યામાં જઇ સૂતા અને થોડીકવાર મધુરા વિચાર ચલાવી નિદ્રાવશ થઈ.

પરિચ્છેદ ૮ મો.

——XX——

કમળાને એક દિવસે નૌતમલાલે કહ્યું કે તેનો એક "ગજેંદ્ર" નાં તખલ્લુસવાળો સાક્ષર મિત્ર તેની પત્ની સહિત તેમને મળવા આવનારો હતો અને બપોરે સાથે જમવાનો આનંદ આપવાનો હતો. કમળાએ તે મુજબ ભોજન તૈયાર કર્યું અને નિર્મિત સમયે ગજેંદ્ર તેમની પત્ની સહ આવી પહોંચ્યા.

કમળાને આ પુરૂષનો કે તેની સ્ત્રીનો અંગિત પરિચય નહોતો. તે સાક્ષરોનાં પુસ્તકો કે બીજાં લેખનો વાંચતી પણ કોઈ લેખકને મળવાનો તેને અદ્યપિ પ્રસંગ આવ્યો નહોતો. માત્ર તેમની કૃતિઓ વાંચી વખાણતી એટલુંજ. આથી તેને આ સાક્ષર ને મળવાની અતિશય ઉત્કંઠા હતી. ખરો આનંદ તો તેને સાક્ષરની પત્નીનાં મિલનનો હતો. સ્ત્રીને કુદરતી રીતેજ સ્ત્રીનું મિલન અને સમ્પર્ક ગમે છે. તે પ્રાપ્ત થતાં કમળા રાજી થાય તેમાં શું આશ્ચર્ય ? નૌત્તમલાલ વારંવાર આ યુગ્મ વિશે કમળા આગળ વાત કરતો. તેમનાં પ્રેમમય અને બીજી રીતે ઉમદાં જીવનનું વર્ણન પણ કરતો. નૌત્તમલાલના સંપ્રદાયવાળા સ્ત્રીઓને પોતાની સાથે હળવા ભળવા દઈ વાતો કરવાની છુટ આપવાવાળા હતા. તેને અંગે બેય મિત્રોની સ્ત્રીઓ પણ તેમની સાથે બેસી વાતચિતમાં પુરતી છુટથી ભાગ લેવાની હતી.

ગજેંદ્રની ખ્યાતિ ઘણી પ્રસરી હતી. તે આધુનિક સમયનો ફીલસુફ કવિ હતો. તેની શરૂઆતમાં તો તે શૃંગારી કાવ્યો રચતો.

તેનામાં અસરકારક અને આબેહુબ વર્ણન કરવાની નૈસર્ગિક પ્રતિભા હતી. ઐતિહાસિક બનાવો અને કલ્પિત દેખાવોનાં ચિત્રો ગિરારૂપી પીછીથી તાદૃશ આલેખવામાં તેનાથી કોઈ ચઢીઆતું નહોતું. ગજેન્દ્રની કૃતિના વાચકો—ઉપાસકો—સ્તુતિ કરનારા તેને દિવ્ય ચિતારો—કળાવાન અને ઉચ્ચ વિચારક લેખતા. તેની કવિતાઓમાં રહેલાં ચિત્ર તત્વને મશાલા—રંગ તરીકે તારવી કાઢી બાકી રહેલી ફીલસુફીનો પૂર્ણતઃ આદર સત્કાર થતો, કેટલાક સમય પર્યંત ભગીરથ પ્રયત્નો કરી ગજેન્દ્ર આખરે બેય તત્વોમાં વિજયવંત નિવડયો. પેલી મશાલા—રંગ તરીકે તારવી કઢાતી ચિત્રકળા પણ નૈસર્ગિકતા તરીકે ગણાવા લાગી. બેય તત્વોની ચોમેર એકીસાદે પ્રશંસા થવા લાગી. તેની લેખનશક્તિ ગૂઢ—ઉચ્ચ અને શૈલિ—ગિરા સુંદર અને સરળ હતી.

તેની પત્ની ચંદ્રકુંવર ઉમદાં કુટુમ્બની હતી. તેનો પિતા કોઈ બીજાં રાજ્યમાં મોટો હોદ્દેદાર હતો. તેનામાં કેળવણીના ઉચ્ચ સંસ્કાર હતા. તે કદે સહજ નીચી, શરીરે સાધારણ અને રજત—કૌમુદી વર્ણી હતી. આંખ્યો મોટી અને સ્નેહ દયા ભરેલી હતી. મુખ પણ હસતું, વ્હાલું લાગે તેવું અને ગોળ હતું. ચ્હેરાનો ડોળ ઘણો જ સુંદર હતો. અધરોષ્ટ ગુલાબી, દાંત મુક્તાહાર સમ, આંગળીઓ કુમળી અને નખ ગુલાબીરંગવાળા હતા. સાદ તીણો અને મંજુલ હતો. ચિબુક માફકસર હતી. ઉદર કૃશ હતું. તેની ઉમ્મર લગભગ બત્રીસ વર્ષની હતી. તેમનું દમ્પતિ સંતાનોત્પત્તિથી અદ્યપિ સુખી થયું નહોતું. તેનું વિશાળ ભાલ ચળકાટ મારવા સાથે વિશુદ્ધિ અને બુદ્ધિની સાક્ષી પુરતું હતું. તે કંકુ સાથે કેશર મેળવી લલાટે ઝીણો ચાંલ્લો કરતી. તેનો સ્વભાવ ઉમદો અને મિલનસાર હતો. ક્ષોભ તો તેનાથી ભય પામી તેના ચ્હેરા નજીક આવી શકતો નહિ. આવીને કમ-

ળાને મળી અને ચાર આંખ્યો એકઠી થઇ કે તુરતજ કમળાનું હૃદય તેને ચાહવા લાગ્યું. સાહિત્ય ક્ષેત્રમાં તેણે તેના પતિની માફક સારી નામના મેળવી હતી. તે " ચંદ્રિકા " નાં ઉપનામથી લખતી. તેની મહત્વાકાંક્ષા તેના પતિની મહત્વાકાંક્ષા સાથે લડાઇમાં ન ઉતરતી. તેનું સંભાષણ કૌશલ્ય–વાક્પટુતા અને મિઠાસ તેનાં પતિનાં મૌનનો ઘડીકમાં ભંગ કરવાવાળું હતું. તીક્ષ્ણ ધારવાળી તલવારથી જેમ શરીર છેદાય છે તેમ તેનાં બોલવાથી તેના પતિનાં મૌનનો અવસાન આવતો. તેનો પતિ ગમે તેવું મૌન ધારણ કરીને બેઠો હોય પરંતુ તેની વાણિ એવી મનહર અને કર્ણ પ્રિય હતી કે તેનાથી બોલ્યા વગર રહેવાતું નહિ ગજેન્દ્ર અતિશય શ્રીમંત હતો અને સંતાન ન હોતાં તોપણ તે બેઉ જણ જ્ઞાનને અંગે સંતોષપૂર્વક તેમનાં જીવન આનંદમય ગાળતાં હતાં. બેયજણ મુસાફ્રરી–યાત્રાનાં બહુજ શોખીન હતાં. આખા હિંદુસ્થાનનું કોઇકજ રમણીય સ્થાન તેમની મૂલાકાત વગરનું રહ્યું હશે. તેણે સૃષ્ટિ સૌંદર્ય અને મનુષ્ય સ્વભાવનાં ઘણાં કાવ્યો લખ્યાં હતાં. તે કાવ્યોમાં ઉત્તમ ફ્રીલસુફ્રી ઉપરાંત સુંદર વ-વર્ણનથી તે સ્થાન સ્વભાવનો આબેહુબ ચિતાર વાચકની દૃષ્ટિસમીપ રજુ થઇ જતો.

બેયજણાં આવી પહોંચતાં તેમનો નૈત્તમલાલ તથા કમળાએ સત્કાર કર્યો. થોડીવાર પછી જમી રહી ચારે જણાં મેડી ઉપર બેઠકના ખંડમાં ખુરશીઓપર બેસી પાન ચાવતાં બેઠાં હતાં. કમળાએ અતિ ઉમદું ભોજન તૈયાર કર્યું હતું. સર્વેએ તેને સ્વાદ પૂર્વક પુરતો ઈન્સાફ્ આપ્યો હતો. ચંદ્રિકા તો કમળાની પાક કળાથી દંગ બની ગઇ હતી. ચંદ્રિકાને ત્યાં અતિ કુશળ રસોયો હતો તોપણ આવાં સ્વાદિષ્ટ ભોજનનો લાભ તેને મળતો નહોતો. તેની જીંદગીમાં તેણે કોઇ

દહાડો રાંધ્યું નહોતું કારણ કે બાપના ઘેર પણ રસોયા હતા અને અહીં પતિગૃહે પણ એજ સ્થિતિ હતી. પિતા કરતાં પતિ તો વધુ શ્રીમંત હતો અને બહુજ સ્નેહાદ્ર હતો. તે કમળાને વારંવાર નિરખીને જોતી હતી. નૌત્તમલાલ કોઇ દિવસ કમળાને સાથે તેડી જતો નહિ તેથી તે ધારતી કે તેની ગૃહિણી કેલવણીના સંસ્કાર વગરની, માત્ર ઘર કામનું વૈતરૂં ઉઠાવવાવાળી અને સાધારણ પંક્તિની હશે. તેનો પતિ પણ આવોજ વિચાર ધરાવતો. પરંતુ જ્યારે તેમણે કમળાને અત્યારે એક ઉચ્ચ સંસ્કારાલંકૃત, દેખાવડી, સુઘડ, સુંદર વસ્ત્રાભુષણવાળી, દંભ વગરની, સરળ, બુદ્ધિશાળી, વિદ્વાન અને મિલનસાર જોઈ ત્યારે તેમના અચંબાનો પાર રહ્યો નહિ. તેમના સમજવામાં સહસા આવી ગયું કે નૌત્તમલાલ કરતાં કમળાની સામાજીક કેળવણી વધુ સારી હતી. કમળા આવા મ્હેમાનોને જોઇને અને તેમના સાથે વાર્તાલાપ કરવાનો પ્રસંગ મળવાથી અતિશય પ્રમુદિત બની ગઈ હતી તે ઉપરથી આ સાક્ષર યુગ્મે ચોકસ કર્યું કે નૌત્તમલાલ તેને સામાજીક લાભ ન લેવા દેતાં માત્ર એકાંતવાસમાં ગોંધી રાખતો એ ઘણુંજ ગેરવ્યાજબી કરતો.

તેમની માન્યતા ભુલ ભરેલી નહોતી. કમળાએ આ પ્રસંગનો સારો લાભ લેવાનો નિર્ણય કર્યો હતો. આ સાક્ષર દંપતિને તેને બતાવી આપવું હતું કે પોતે કેટલી શક્તિવાન અને સમાજમાં કેવી દીપી નીકળે તેવી હતી. પતિના ઉપર આવા પ્રકારની અસર બેસાડવાના તેના સઘળા પ્રયત્નો નિષ્ફળ નીવડયા હતા પરંતુ આ મ્હેમાનો ઉપર બેસાડવાનો આ વખતનો પ્રયાસ એવો થાય તેમ ન હોતો. કમળાની ઇચ્છા—ઉમેદ બર આવ્યા વગર ન રહી.

સાક્ષર પતિ પત્નીએ વાતચિત ઉપરથી શોધી કાઢયું—જાણી

લીધું કે કમળા આટલી બધી ચપળ, કુશળ અને વિદ્વતાવાળા હતી. છતાં નિર્જનાવસ્થામાં કેવીરીતે રહેતી હશે? તે તેનો વખત કેવા રીતે વ્યતિત કરતી તે વિશે તે પુછ્યા વગર રહ્યાં નહિ.

“ તમારૂં વાચન અતિ વિસ્તૃત જણાય છે.”

“ હા, ” કમળાએ ઉત્તર દીધો.

“ ખરો શોખ તમને કયા વિષય ઉપર છે? તમને કયા વિષયમાં રસ આવે છે? ”

કમળાએ અંત્નિર ભાવના વાળાં ઘણાં પુસ્તકો વાંચ્યાં હતાં ગૂજરાતી સાહિત્યનું કોઈક જ પુસ્તક તેનાથી વંચાયા વગરનું રહી શકયું હશે. તેનું અંગ્રેજી વાચન પણ જબરૂં–વિપુલ હતું. કમળા તેના મિજબાનોને તો બુદ્ધિમાં ઘણી જ આગળ વધેલી જણાઈ.

“ હાલમાં તો કાવ્ય સંગ્રહો અને નવલ કથાઓ વાચું છું,” કમળાએ જવાબ દીધો.

કુમારિકા અવસ્થામાં તેને નવલ કથાઓ વાચવાનો લાભ જેવો જોઈએ તેવો મળતો નહોતો તેથી તે હવે તેનું સાટું–બદલો વાળતી હતી. ગૂજરાતી નવલકથાઓ તો એટલી બધી નથી. અંગ્રેજીમાં તેનો માનિતો લેખક સર વૉલ્ટર સ્કોટ હતો. બીજા ઘણા લેખકોનાં પુસ્તકો તેણે વાંચ્યાં હતાં. તે ઓપન હેઈમને પણ પસંદ કરતી. સ્માઈલ્સ, ટોલસ્ટોય, લ્યુકાસ, ડીકન્સ, ઠેકરે અને બીજા નવા નવા લેખકોનાં નોવેલો ઉપરાંત તેણે જેમ્સ એલનનાં આત્મવાદી પુસ્તકો પણ વાચ્યાં હતાં. ગોલ્ડસ્મિથ, વર્ડઝવર્થ, બ્રાઉનિંગ, મિલ્ટન, સેકસપીઅર, બાયરન આદિ અંગ્રેજી કવિઓની કૃતિયો પણ વાચેલી હતી. અંગ્રેજી સ્ત્રી લેખકોમાં મેરી કોરેલી, મીસીસ હેન્રીવૂડ વિગેરે ઘણીનાં નોવેલો

વાંચ્યાં હતાં. ગૂજરાતીમાં અંગ્રેજી જેટલાં નોવેલો નથી તેથી તે બહુ જ દિલગીર રહેતી. નોવેલો વિશે તેનો સારો અભિપ્રાય હતો. ગૂજરાતીમાં અંગ્રેજીની માફક જાત જાતના વિષયો ઉપર અસંખ્ય નોવેલો જોવાને તે ઉત્સુક હતી. તેનો પતિ હાલમાં "રાજનીતિ અને તેનો ઇતિહાસ" એ નામનું મોટું પુસ્તક લખતો હતો. કમળાએ નવલ કથાની ખોટ પુરી પાડવાની ભલામણવાળા ઘણા લેખો પ્રકટ કર્યા હતા. આ પુસ્તક લખાઇ રહ્યા પછી નવલ કથાઓ લખવાની તે તેના પતિને પણ ભલામણ કરતી અને પોતે પણ લખતી જતી હતી.

ત્યાર પછી કેટલીક બાબતો ઉપર વાત ચાલી. કમળાને પણ આ મિજબાનોના સહવાસથી ઘણો જ હર્ષાનંદ થયો. કમળા તેમની સાથે છુટથી વાત કરતી હતી. તેની બોલવાની ચતુરાઇ, ચપળતા અને વિદ્વતાની અસર મિજબાનોનાં હૃદયો ઉપર થયા વગર રહી નહિ. નોત્તમલાલને આ રીત ગમી નહિ. તેણે ધાર્યું કે આ ઉપરથી તેની પોતાની સ્વાર્થી વર્તણૂંક પ્રકાશમાં આવતી જતી હતી. નોત્તમલાલને આજ તો રજા પાળવા જેવું થયું. એ પણ તેને અંતર ખાતે ગમ્યું નહિ. તેને તો કામમાં મચ્યા રહેવું એ જ ગમતું. કેટલીક વાતચિત થતાં બપોર પછીની ચાહ પીવાનો વખત આવી પહોંચ્યો. કમળા ચાહની સામગ્રી ઉપર લાવી અને રવેશમાં સ્ટોવ સળગાવી ચાહ તૈયાર કરવા લાગી. વચમાં વચમાં મિજબાનો પાસે આવીને ટપકાં મારી જતી. તેના હાવ ભાવ, ચાલવાની છટા, અભિનય અને વાણિની મિઠાશથી ચંદ્રિકા તો તેને બહુ જ ચાહવા લાગી. તે તેના ઉપર સ્નેહ કરતાં શિખી.

અનુષ્ટુપ.

ભલે હો અલ્પ સમ્પર્ક પરંતુ સ્નેહ તે થકી,
બને છે ગાઢ એવો કે તોડયો નહિ તુટે કદી.

કમળાએ બધાંની બાજુમાં એક ટીપાઈ મૂકી તેના ઉપર ચાહના રકાબી સહિત ચાર પ્યાલા લાવીને રાખ્યા. ત્યાર પછી ચાહદાની લાવી તે ચાહથી ભર્યા અને ચાહદાનીને તેને ઠેકાણે મૂકી આવી. ચાહ પી રહ્યા બાદ સહુ સહુની મેળે હાજર કરેલાં પાન ખાધાં. કમળાએ પાનની પેટીમાં આગલથી સોપારીનો ભુકો કરી ભરી રાખ્યો હતો.

મ્હેમાનોએ હવે ઘેર જવાની રજા માગી. નૌત્તમલાલ પણ કંટાળેલો હોવાથી તેણે તો તુરતજ આપી દીધી. પરંતુ કમળાએ થોડી વાર બેસવા આગ્રહ કર્યો. આજ તે પોતાને લાધેલી તકનો પુરતો લાભ લેતી હતી. કમળાએ ધાર્યું કે ઘણા દહાડાથી વશવર્તીપણું ભોગવ્યું છે, એકાંત વાસમાં જીવન ગાળ્યું છે માટે તેમનો આ સુખાનંદમય સહવાસ જેટલો થયો તેટલો થોડો હતો. તેણે એક એવી વાત કાઢી કે મિજમાનોને ધારવા કરતાં પણ વધારે વાર બેસ્યા વગર ચાલ્યું નહિ કારણ કે વાત પૂરી થાય ત્યારે જ ઉઠાય. વાત પુરી થતાં તે ઉઠીને ચાલ્યાં. તે આજ ગાડી લઇને આવેલાં નહોતાં કારણ કે આજ પગે ચાલીને પબ્લીક બાગ તરફ ફરવા જવાનું તેમણે નક્કી કર્યું હતું. તેમણે નૌત્તમલાલ તથા કમળાને પણ સાથે ફરવા જવાનો આગ્રહ કર્યો પરંતુ બેયની વતી નૌત્તમલાલે ઉપકાર સાથે ના પાડી અને કામનું બ્હાનું બતાવ્યું. વિવેક કરવાની ખાતર તે બેય જણાં તેમની સાથે છેક રસ્તા સુધી ગયાં છેવટ છુટા પડતી વખતે કમળા હિમ્મત લાવીને બોલી:

" ચંદ્રિકા બ્હેન આજે તો પુરૂષો વચ્ચે આમંત્રણ હતું પરંતુ

આવતી કાલને માટે હું આપણા માટે આમંત્રણ કરૂં છું તો તેનો સ્વીકાર કરો અને હું આશા રાખું છું કે આજ તમે જેમ તેમની સાથે આવ્યાં તેમ ગજેન્દ્ર પણ કાલે તમારી સાથે આવશે.”

નૌત્તમલાલ મનમાં ઘણો ચિડાયો પરંતુ મિજબાનો હોવાથી કાંઈ કરી શકયો નહિ. ચંદ્રિકાની કમળા ઉપર બહુજ મમતા થઈ ગયેલી હોવાથી તેનાં આમંત્રણનો તેમણે હર્ષથી સ્વીકાર કર્યો. કમળા આથી બહુજ રંજિત થઈ. નૌત્તમલાલે ઘરમાં જઈ કમળાને ઠપકો દેવાનો વિચાર કર્યો પરંતુ ઘડી પછી તે પાછો માંડી વાળ્યો. ગમે તેમ તોપણ તે ઉચ્ચ વિચાર શીળ પુરૂષ હતો. તેણે ધાર્યું કે કમળાની હોંશનો ભંગ કરવો એ ઘટિત નથી. ભલે તે બિચારી આથી રાજી થતી. લગ્ન પશ્ચાત તે બીચારીએ એકાંત સેવ્યા સિવાય બીજું કાંઈ દીઠું કે અનુભવ્યું નહોતું તેથી મિજબાનો—અને વળી આવાં સાક્ષર મિજબાનોનો સહવાસ તે ભોળી અબળાને પ્રિય લાગે તેમાં શું આશ્ચર્ય. નૌતમલાલે આવેલી ચિડને મારી આ બાબતમાં પોતાની સંમતિ સાથે પ્રસન્નતા બતાવી.



પરિચ્છેદ ૯ મો.

બીજે દિવસે ગજેન્દ્ર અને ચંદ્રિકા નિર્મિત સમયે આવી પહોંચ્યાં. આજની રસોઈ કમળાએ ગઈ કાલ્ય કરતાં અનેરા પ્રકારથી ઉમદી બનાવી હતી. આજ તો પોતાનું જ આમંત્રણ હોવાથી તેનો અંતઃકરણનો ખરો ભાવ હતો. ગઈ કાલ્ય તો માત્ર ફરજ કે સહજ ભાવ હતો. ફરજ અદા કરવામાં પણ તેણે કોઈ પ્રકારે ન્યૂનતા રાખી નહોતી તો પણ કુદરતી રીતે હૃદયના ખાસ ભાવથી બનાવેલી રસોઈ ફરજ અદા કરવા કરતાં અધિક ઉમદી જ બને છે. ભોજન લઈ ઉભય યુગ્મો વાતો કરવા બેઠાં.

“ તમારાં અર્ધાંગનાની માફક તમને નોવેલો વાચવાનો શોખ ખરો કે કેમ નૌત્તમભાઈ? ” ગજેન્દ્રે વાત ઉપાડી પ્રશ્ન કર્યો.

ગજેન્દ્રનું ખરૂં નામ પ્રભાકરલાલ હતું. નૌત્તમલાલ તખલ્લુસને ધિક્કારતો. તે કહેતો કે તખલ્લુસ ધારણ કરવાથી આપણને કોણ ઓળખે? કદાચ જાણીતા હોય તે ઓળખે પરંતુ સમગ્ર જનસમાજ તો ઓળખે નહિ. જાતે દહાડે એ ઓળખાણ પણ ભુંસાઈ જાય. પ્રભાકરલાલને તે આ વિશે વારંવાર કહેતો. જ્યારે લેખકનું ખરૂં નામ વાચકગણ ન જાણે ત્યારે તે શું કામનું? તેથી તો આત્મવિલોપન થાય. પ્રભાકરલાલ આ વિચારને ન સ્વીકારતો. તે કહેતો કે તખલ્લુસ ધારણ કરવામાં–ખરૂં નામ અંધારામાં રાખવામાં એક તો મહત્વાકાંક્ષા ન રાખવી એ કારણ છે. “ જન સમાજ આપણને ઓળખે કે ન ઓળખે તેની નિસ્પૃહી લેખકે દરકાર રાખવાની નથી. માત્ર તેઓ આપણી

મ્હેનત—જ્ઞાનનું ફળ વાંચે એટલે બસ. એ જ આપણું કર્ત્તવ્ય અદા થયું કહેવાય. નામ જાણવા સાથે કોઇને સંબંધ નથી. ન જાણે તેથી શું થઈ ગયું ? હું ગજેન્દ્ર નામથી લખું છું એમ મેં તમારા જેવા ખાસ મિત્રો સિવાય સાધારણ મિત્રોને પણ કહેલું નથી, સાચાં નામ કરતાં તખલ્લુસમાં એક બીજો ફાયદો એ છે કે ઉપનામથી લખેલા લેખો ઘણી જ અદ્ભુત અસર કરે છે. નવા લેખકને વાચકો સાચાં નામથી જાણતા હોય તો કહે કે ' અહો ! તેનું રચેલું છે એમ કે ? ' આપણાં જ્ઞાનને તે સ્વીકારતા હોય તોં તો ઠીક, નહિતર તેણે હવે શું સારૂં લખ્યું હશે ! તેને શું આવડે છે તે ! ઠીક હવે દીઠું તેનું લેખન ! તે વાચવાનો વ્યર્થ શ્રમ કોણ લહે ! ' આવા આવા ઉદ્‌ગારો કાઢે. લેખને તખલ્લુસ સુંદર અને ચિત્તાકર્ષક રૂપ આપે છે અને તેની ખુબીમાં વધારો કરે છે. જાણીતા લેખકની કેટલાકને પ્હેલ વ્હેલી કાંઈ ગણત્રી હોતી નથી પછી ધીમે ધીમે તેના લેખોના ગુણથી ભલે તે વધવા પામે. એક પિતાને તેના પુત્રનો લેખ ઉમદા હોય છતાં તે વાંચવાથી જેવી જોઇએ તેવી અસર એકદમ થશે નહિ પરંતુ તેજ લેખ તખલ્લુસ વાળો હશે તો તે ઉમેદો હોવાથી લેખ અને લેખક બેઉની પ્રસંસા કરશે. ખરૂં નામ જોઈ એવી પ્રશંસા તે કદિ પણ કરશે નહિ."

પ્રભાકરલાલે આ વિચારથી જ તખલ્લુસ ધારણ કર્યું હતું. ગજેન્દ્ર તરીકે પ્રથમ તો તેને કોઈ ન ઓળખતું પરંતુ ક્રમે ક્રમે તેના મિત્રો મારફતે સહુકો તેને ઓળખવા લાગ્યું. આ ઓળખાણ પહેલાંથી જ તેના લેખો સ્તુતિપાત્ર થઈ પડયા હતા. ઓળખ્યા પછી તેને શ્રીમંત અને ઉમદા લેખક ઉભય તરીકે ઘણું જ માન મળતું. શ્રીમંત લોકો સાહિત્ય પ્રતિ જોકે સર્વદા બેદરકાર હોવાનું લેખાય છે અને સામાન્યતઃ એ લેખવું સત્ય પણ જણાય છે, અને આ એવો શ્રીમંત છતાં

આવું ઉમદુ કામ કરતો તેથી તેને અધિકતર માન મળતું અને ઘણી જ સ્તુતિ થતી. કોઈ રાજાને સાક્ષર થયેલો હાલમાં જોયો છે? સામાન્ય ઉત્તર નકારમાં જ આવશે તો પણ કલાપીમાં આપણે એક રાજવી સાક્ષર હોવાનું દૃષ્ટાંત જોઇએ છીએ. કલાપી તેમની જાતિમાં ન સંભવે છતાં થયા તેથી આપણે તેમની બેવડી સ્તુતિ કરીએ છીએ. જેમાં ન હોય તેમાં જે થાય તે અતિશય ઉમદો થાય છે. તેવી જ રીતે આપણો મિત્ર ગજેન્દ્ર પણ હતો. ગજેન્દ્રની સહી વાળો લેખ દૃષ્ટિગોચર થતાં સહુકો તેને પ્રથમ વાચતું. ગજેન્દ્ર નામ હવે સર્વ સામાન્ય થઈ પડયું હતું. તેને તખલ્લુસ તેમજ ખરાં બેય નામથી સહુ ઓળખતા. એટલે આપણી કથા દરમિયાન આપણે પણ તેજ નામનો ઉપયોગ કરશું.

નૌત્તમલાલ અને કમળાનાં જીવન વિશે ગજેન્દ્રને બહુ શંકા હતી. તે ધારતો કે તેમનો સંસાર જેવો જોઇએ તેવો સરાગમાં નહિં ચાલતો હોય.

"હું નોવેલો તેમજ તેના લેખકોને ધિઃક્કારૂં છું," નૌત્તમલાલે સ્વમતાગ્રહીપણે ઉત્તર આપ્યો. "હું આધુનિક ફીકસન (Fiction =કલ્પિત વાતો) નું પ્રચલન ભવિષ્યનાં સાહિત્યને ખરેખર હાનિ પહોંચાડનારૂં માનું છું. નવરાશનો વખત ગાળવા સિવાય નવલ કથાઓ બિલકૂલ કિમ્મત વગરની છે. નવલ કથાનું સાહિત્ય માત્ર તમાકુ જેવું છે. જેમ તમાકુના વ્યસનીને તમાકુ પીતાં, ચાવતાં, સુંઘતાં કે ઘસતાં અલ્પ વખતને માટે આનંદ–શાંતિ આપે છે તેમ નવલ કથા પણ તેના વ્યસનીને તે વાંચે તેટલી ઘડી આનંદ–રસ આપે છે. હું પોતે પણ જ્યારે કામથી કંટાળી નવરો બેઠો હોઉં છું ત્યારે મનને રંજિત–પ્રફુ-

લિત કરવાની ખાતર પ્રસંગોપાત સ્કોટ અથવા ડીકન્સનો ડોઝ × ચડાવું છું અને ચિત્ત શાંતિ–આરામ શોધું છું. પરંતુ નવલ કથાને જે ઉમદું–ગંભિર પ્રકારનું સાહિત્ય ગણે છે, તેનાં વાચનથી વર્તન સુધારવાનું કે વિચાર શક્તિને વિકસાવવાનું કે વિસ્તૃત કરવાનું ધારે છે તે તેને પોતાને ઠગે છે. તે તેની ભૂલ છે. એવા વિચારથી તે માણસની આવડત–શક્તિ આગળ વધતી નથી અને તેના વિચાર તથા બુદ્ધિ મંદ થઈ જાય છે." .

"તમે કબૂલતો કરો છો કે નોવેલો અવકાશમાં આનંદપ્રદ છે છતાં સઘળાં કલ્પિત સાહિત્ય–નવલ કથાઓને દૂષણવાળી શ્યા માટે ઠરાવો છો?" નોવેલની હિમાયતી અને ઉપાસક ચંદ્રિકાએ પ્રશ્ન કર્યો.

"ના, એમ નથી, વ્હાલાં ચંદ્રિકા બ્હેન," પોતાની જ સાથે વાત ચાલતી હોવાથી નૌત્તમલાલ વધુ ખુશ મિજાજથી બોલ્યો કારણ કે કમળાના હાથમાં વાતનો તંતુ હોય અને તેને ફક્ત સાંભળવા સિવાય મુંગું બેસી રહેવું પડે એ તેને રૂચતું નહોતું. "હા–અલબત્ત હું એટલું તો સ્વીકારૂં છું કે કાવ્ય જો કે સામાન્યતઃ કલ્પિત સાહિત્યજ છે તથાપિ તેમાં ઇતિહાસ કરતાં પણ વધુ ઉચ્ચ અને શીલસુફીવાળી બાબતો રહેલી હોય છે. પરંતુ આ નિર્ણય માત્ર અતિ કુશળ–ચતુર મનવાળા વિશિષ્ટ કવિયોની કૃતિયોને લાગુ પાડવાનો છે. કાળીદાસ, ભવભૂતિ, માઘ વિગરે આપણા તેમજ શેકસપીઅર મિલ્ટન, ગોલ્ડસ્મિથ,

---

× Dose=માવો અર્થાત અમુક નક્કી કરેલું પ્રમાણ. જેમકે દવાનો ડોઝ. વ્યસનીઓ પણ પોતાને લેવાની વસ્તુના નક્કી કરેલા અંશને માવો કહે છે. હાલ અંગ્રેજી ભણેલા તેને ખાસ ડોઝ કહે છે.

વર્ડ્ઝવર્થ, બ્રાઉનીગ, બાયરન, ડેન્ટી, લોંગફેલો, ટેનીસન, કારલાઈલ, મીલ વિગરે અંગ્રેજ જેવા બુદ્ધિ સાગર મહાન લેખકોની કૃતિયો પણ પ્રત્યક્ષ રીતે કલ્પિત છે છતાં તે આપણને કલ્પિત લાગવાને બદલે તદ્દન કુદરતી લાગે છે. મનુષ્ય સૃષ્ટિમાં રહેલાં મહાન સત્યનું તેઓ આપણને ભાન કરાવે છે. માણસને જો અમુક અમુક આરોહણના અકસ્માત ન નડતા હોય તો પોતાનામાં કેટલી-કેવી શક્તિ રહેલી છે તે સહુ બતાવી આપ્યા વગર રહે નહિ. આ બધાં ઉપરાંત આવાં ઉત્તમ સાહિત્યના રચનારાનું લક્ષ્ય આત્મજ્ઞાન પ્રતિ હોય છે; તેમનો આશય વાચકને જ્ઞાન અને સાંત્વન-જુસ્સાનાં નિવારણનો આનંદ અનુભવવાનો હોય છે તેથી તેમની ભાષા સમજી જવામાં શ્રમ લેવો પડે છે. જેવો વિષય તેવી ભાષા; વિષય ગંભિર હોય એટલે ભાષા અવશ્ય ભારે જ હોય. ભાષા ન જાણનારને તે ભારે લાગે છે. ઘણી ભાષા તો સ્હેલી હોય છે પરંતુ તેનો ભાવાર્થ બહુ જ કઠિન લાગે છે. એ કઠિનતા શબ્દોની હોતી નથી પરંતુ વિષયની હોય છે. નવલકથાકારો જીવનનો હેતુ આ લેખી રજુ કરતા નથી કે પરમેશ્વરનું ધામ પ્રાપ્ત કરવાનો રસ્તો બતાવતા નથી; તેઓનાં લેખનો કાંતો અસભ્યતાવાળાં કે જુઠા અતિશયોક્તિ ભરેલા અને હૃદયને ડોલાવી નાખે તેવા દેખાવો અથવા વર્ણન વાળાં કે માત્ર નીતિવચન ભરેલાં હોય છે. તેઓ તેમના વાચકોમે નથી આપી શકતા દિવ્ય-પરમ જ્ઞાન કે નથી બનાવી શકતા તેમને વધુ બુદ્ધિશાળી કે ઉચ્ચતર વર્તન વિચારવાવાળા; માત્ર ઘડીભર મનરંજન કરે છે. એનું કારણ એ છે કે નવલ કથાકારોમાં અનિવાર્ય દુષણ રહેલાં હોય છે એટલે કે તેમનો ખરો આશય જ્ઞાન આપવાને બદલે માત્ર મનરંજન કરવાનો હોય છે. આ આશય ઘણો હલકો અને તિરસ્કાર્ય છે એટલું જ નહિ પરંતુ તેના ધારણ કરનારાનાં લેખન કૌશલ્ય વાળાં કામનો

જ નાશ કરનારો છે. તેમના એ આશયને અંગે તે વંચાતાં નથી તેથી તેમનો નાશ થઈ જાય છે. નવલ કથાઓ વાચવાથી નથી થતી આત્મોન્નતિ કે નથી થતી સમાજીક કે ઐહિક ઉન્નતિ. નવલ કથા વાચવાથી વિચાર કરવાની પણ કોઈ વસ્તુ લાધતી નથી કે જેથી મગજ અને હૃદયની કેલવણી કરી શકાય. ઠીક, માત્ર અલ્પ જ્ઞાનીને—નવરાંને આનંદ આપે એટલું જ.

"બીચારા નવલ કથાકારોની હવે અવનતિ થવાની! નોત્તમલાલ તેમના ઉપર જે આરોપ મૂકે છે તે વિચાર—અભિપ્રાય સાથે તમે મળતાં આવો છો, કમળા બ્હેન?" ચતુરાઈની ભરી ચંદ્રિકાએ કમળાને વ્યગ્ર થતી જોઈ ઘડીભર અટકીને પ્રશ્ન કર્યો.

"Not a bit! (કિંચિત માત્ર પણ નહિ!)" કમળાએ જવાબ દીધો. "એ તેમની ભૂલ છે—માત્ર અવજ્ઞા વૃત્તિ છે. પોતે કરે તે ઉત્તમ અને બીજા કરે તે નિરર્થક! કાવ્યના જેવી જ ઘણી નવલ કથાઓ છે. કાદમ્બરી શું છે? તે કેવી છે? નવલ કથાઓમાં ખરેખરૂં લેખન કૌશલ્ય અને ફીલસુફી પણ જોવામાં આવે છે. બધાંયમાં એ હોય છે એમ મારૂં કહેવું નથી. સરસ્વતીચંદ્ર, ગુલાબસિંહ આદિ ઘણુંય ઉમદાં નોવેલો આપણી ભાષામાં છે. શું અંગ્રેજી નોવેલો થોડાં ઉમદાં છે? કેટલાક કવિયોનાં કે નવલ કથાકારોનાં કાવ્યો અને નોવેલો નિરસ, ખાલી, ભાવ શૂન્ય, લુખાં કે બીજી રીતે હલકાં હોય તેથી કરી શું સર્વ કાવ્ય કે નવલ કથાનાં સાહિત્યને દૂષિત ઠરાવી શકાય ખરૂં? નવલ કથાકારમાં પણ કવિના જેટલું જ સત્ય અને ગાંભિર્ય હોઈ શકે છે. વાચકે જે સંભાળ રાખવાની છે તે માત્ર લેખકની પસંદગી અને કથામાં રહેલાં રહસ્યનો ભાવાર્થ સમજવા ઉપર રાખવાની છે."

"હું કમળા બ્હેન સાથે બિલકૂલ મળતી છું," ચંદ્રિકા બોલી ઉઠી; "તમે કેમ મળો છો કે નહિ, ગજેન્દ્ર ?"

"હું તમો મહિલાઓ સાથે એકમત છું," તે નમ્રતાસાથે બોલ્યો.

"કેમ નૌત્તમભાઈ," ચંદ્રિકા બોલી; "મતના અભાવે તમારો પક્ષ બિલકૂલ લુલો થઈ ગયો. આતો એક વિરૂદ્ધ ત્રણ થયા તેથી અમે જીત્યાં."

"થોડા મતવાળા જ સર્વદા વ્યાજબી હોય છે," પરાંણે હસવું લાવીને નૌત્તમલાલ બોલ્યો.

આ વિવાદ તો નજીવો જ હતો તો પણ નૌત્તમલાલના કમળાપર આવેલા ગુસ્સામાં આથી અગ્નિમાં તેલ રેડાયા માફક વૃદ્ધિ થઈ. કમળાને માન મળ્યું–તેનો પક્ષ ખેંચાયો એ તેનાથી સહન કરી શકાયું નહિ તેથી તે ગુસ્સામાં આવી ગયો. પોતાની વ્હાલી પત્ની ઉપર પણ આવો દ્વેશ ભાવ ! શું આ વિદ્વાન પુરૂષની શોભા કે લક્ષણ છે ? તે શ્યા માટે કમળા પ્રતિ આવો ઈર્ષાભાવ રાખતો તે હવે જોવામાં આવશે.


ત્યાર પછી પુરાણા ઇતિહાસ ઉપર કેટલીક વાતચિત ચાલી. ઇતિહાસ ઉપરથી એમ માલૂમ પડે છે કે કેટલાંક શહેરો, મકાનો અને જોવા લાયક સ્થળો જે આગળના રાજાઓએ કે ધનિકોએ અઢળક ધનના વ્યયે બનાવ્યાં હતાં તે બધાં આ સૃષ્ટિમાં તેમનો વખત ભોગવી હાલ નાશ થઈ ગયાં છે. તેમનાં નામ નિશાન પણ રહેલાં નથી. જેના વિશે અત્યારે તો માત્ર વાંચીને કે સાંભળીને આપણે આનંદ કે વિસ્મય પામીએ છીએ તે બધાં સામ્પ્રતમાં દૃષ્ટિ સમીપ પ્રત્યક્ષ ખડાં હોત તો આપણા આનંદ અને આશ્ચર્યમાં કેવો વધારો થાત ! હાલ

તે માટે પણ દિલગીરી છે કે ઐતિહાસિક દેખાવોનું રક્ષણ કરવાને બદલે એવા દેખાવો તોડી પાડવામાં આવે છે. ત્યાર પછી આગળના રીત રિવાજો જે સમાજને માટે હિતકર અને પવિત્ર હતા તે બધા ઉપર વિવેચન ચાલ્યું. તેમાંય અત્યારે જે સ્ત્રીઓની હરવા ફરવાની હળવા મળવાની, પુરૂષોના પરિચયમાં આવવાની, પોતાની ઉન્નતિના માર્ગ શોધવાની, નિર્દોષ આનંદ મેળવવાની, પ્રભુ લીલા જોઈ તેના વિશે વિચાર લાવવા વિગેરેની જે જે અસલની છુટો–સ્વાતંત્ર્ય છીનવી લેવામાં આવેલ છે તે ઉપર તો ખાસ વિવેચન થયું.

આ મંડળે એકી વખતે કબૂલ કર્યું કે સ્ત્રીઓને પતિ પસંદ કરવાના, હરવા ફરવાના, હળવા ભળવાના, બોલવા ચાલવાના, કેલવણી લેવાના, તેમની સાંસારિક અને આત્મિક ઉન્નતિ શોધવા વિગરેના જુલ્મવડે છીનવી લેવાએલા હકો તેમને પાછા અપાવા જોઇએ. યાજ્ઞવલ્કય, ગાર્ગી, જનક, રામચંદ્ર, કૃષ્ણ, પાંડવ, હરિશ્ચંદ્ર, વિગરેનો સમય શું બતાવી આપે છે? તે સમયે કુમારિકાવસ્થામાં પતિ પસંદ કરવાની પુરૂષો સાથે વાતચિત–સંવાદ ચલાવવાની, જાહેર કાર્યોમાં ભાગ લેવાની, વિગરે અનેક પ્રકારની સ્ત્રીઓને છુટ હતી. મૈત્રેયી યાજ્ઞવલ્કયને પરણી–સીતા રામચંદ્રને પરણી તે તેમની સ્વેચ્છા અને સ્વપસંદગીથી જ. આવા તો પુરાણોમાં અસંખ્ય દાખલા છે. ગાર્ગી વિગરે મહિલાઓ જાહેર કામોમાં ભાગ લેતી. પુરૂષો સાથે સંવાદમાં ઉતરતી. તે સમયે નહોતી આવી કફોડી સ્થિતિ કે બીચારીઓ આંગણા બહારની દુનિયાને મરતાં સુધી દેખે જ નહિ. નહોતી તે માત્ર મુંગે મોઢે પશુ સમાન વૈતરૂં કરી ઘરનો ઢરડો તાણવાની એકલી સ્થિતિમાં. અલબત્ત સ્ત્રીના માથે ગૃહકારભાર અને પુરૂષના માથે દ્રવ્યોપાર્જન આદિ વ્યવહાર–એ તો કુદરતી નિયમ છે. પરંતુ સ્ત્રીઓને તો કેદી કે ગુલામડી

સમાન જ ગણવી એવું કયાંય પણ એ સમયના ઇતિહાસ ઉપરથી જોવામાં આવતું નથી. સ્ત્રી કેલવણી અને તે વ્યક્તિની ઉચ્ચપદવી કે સમાનતા સિવાય પ્રજા ઉત્તમ થવાની વકી મૃગજળવત્ જ છે.

આવી રીતે વિવેચન કરી કેટલાક વખત પછી મંડળ વિખરાયું કારણ કે નૌત્તમલાલને તેનાં પુસ્તક સંબંધે ગજેન્દ્રની કેટલીક સલાહ લેવાની હોવાથી તેમને તેનાં અભ્યાસ ગૃહમાં એકાંત કરવાની હતી. તે બેય જણા ત્યાં ગયા. આ બે તથા તેમના બીજા કેટલાક મિત્રો સ્ત્રી ઉન્નતિ અને કેલવણી વિશે માત્ર મોઢેથી જ ફડાકા મારતા હતા એમ નહોતું પરંતુ આવી રીતે પ્રત્યક્ષ-વર્તનમાં મૂકતા હતા કે જેથી બીજા પણ જુએ. તેમનો સિદ્ધાંત કહેવા કરતાં કરી બતાવવું એ ઉત્તમ છે એવો હતો.



પરિચ્છેદ ૧૦ મો.

પુરૂષો ખાનગીમાં ગયા એટલે એ મહિલાઓ બાકી-નવરી રહી. તેમણે પણ તેમને મળેલા વખતનો સદુ-પયોગ કર્યો—સારો લાભ લીધો. આપણે આગળ જાણી ગયા છીએ કે અલ્પ સમ્પર્ક હોવા છતાં પણ આ એ લલનાઓ વચ્ચે કુદરતી રીતે સ્નેહભાવ થયો હતો.

" આપણે આપણા વખતને પણ સારો ઈન્સાફ આપશું. તમને મળવાથી—ઓળખવાથી મને અનહદ ખુશાલી થઈ છે," ચંદ્રિકા બોલી.

" મને પણ તેમ જ છે, " કમળાએ મૃદુ ઝીણા સ્વરથી જવાબ આપ્યો.

" અમને અદ્યપિ એવો ખ્યાલ બિલકુલ નહોતો. કે નૌત્તમભાઈને તમારા જેવી બુદ્ધિશાળી અર્ધાંગના છે. તમે કોઈ દિવસ તેમની સાથે આવતાં નથી એ ઉપરથી અમે ધારતાં કે તમે અશિષ્ટ ગ્રામ્ય સંસ્કારવાળાં હશો અને તે કારણથી જ નૌત્તમભાઈ તમને સાથે નહિ લાવતા હોય. પરંતુ એ ધારણા તમને મળતાં જુઠી ઠરી. અમારો ઉભયનો મત એવો છે કે સાક્ષરની સ્ત્રી હમેશાં બુદ્ધિશાળી હોવી જોઈએ. કેટલાંક એવા મતનાં માણસો પણ છે કે જેઓ માત્ર ગૃહકારભાર ઉપાડી લે એવી સ્ત્રી હોય તો બસ ગણે છે. હું કહું છું કે કેલવણીના સંસ્કાર વગરની સ્ત્રી ગૃહકારભાર પણ શું સારો ઉપાડી શકતી હશે ! સાક્ષરો કાંઈ જંગલી નથી કે તેઓ ઉંચેથી નીચે ઉતરવા ઈચ્છે

અર્થાત નિરક્ષર સ્ત્રી પસંદ કરે! નિરક્ષર સ્ત્રીના ઝાઝું સહવાસથી તેમને ચેન–આનંદ ન મળે એ સ્વાભાવિક છે. વળી તેમાં સમાજ–મિત્ર ગણનો પણ સ્વાલ છે. સાક્ષરની ભાર્યા જો કેલવણી હીન હોય તો પોતાને ત્યાં મિત્રો આવે ત્યારે તેને નિરાળી–પડદા પછવાડે જ રાખવી પડે. સ્ત્રી કાયમનો મિત્ર છે. વધુ જીવન પુરૂષોને તેના સહવાસમાં જ ગાળવાનું છે. એટલે તે જો પોતાનાથી પ્રતિકૂળ ગુણવાળી હોય તો જીવન અતિ અસહ્યજ લાગે. હું અને ગજેન્દ્ર આવાં સુખી છીએ તેનું કારણ એ જ છે કે અમારા બેયનો સ્વભાવ, વિચાર, રૂચિ, શોખ, વર્તન વિગેરે સમાન છે અને તેથી અમારે જુદા જુદા મિત્રોની જરૂર નથી. તેમના મિત્રો તે મારા અને મારા તે તેમના; અમારે ઉભય વ્યક્તિના મિત્રો છે. જ્યારે તમારો પતિ પ્રખ્યાતિ પામશે–મને ખાત્રી છે કે તે પામશે જ–ત્યારે વ્હાલી બ્હેન તમને માલૂમ પડશે કે તમારી હુંશીઆરી તેમને ઘણી જ ફાયદાકારક થશે."

કમળાએ વિચાર કર્યો કે ચંદ્રિકાને હજુ તેમનાં ખરાં જીવનની માહિતી નથી પરંતુ જો તે જાણવા પામશે તો તે વિશે તે શું કહેશે?

"હા," તેણે એટલો જ જવાબ આપ્યો. "એમ થવાને આપણે લાયક હોઇએ તે આપણું સદ્‌ભાગ્ય–તે અતિ ખુશી થવા જેવું ગણાય."

"અરે! તમારામાં તે લાયકાત કરતાં પણ અધિક છે. તમે તેમની સાથે સમાન તરીકે જ વાતો કરી શકો છો, સૂચનાઓ આપી શકો છો, અને ટીકા પણ કરી શકો છો."

ચંદ્રિકાએ પછી તેમની ગૃહ વ્યવસ્થા વિષે પુછપરછ કરી અને તેમને પાડોશ ન હોવાનું સૂચવ્યું. કમળાએ ખુલાસો કર્યો કે તેમને

પાડોશ પસંદ નહોતો તેથી ઇરાદા પૂર્વક પાડોશ ન હોય ત્યાં રહેતાં હતાં. પતિને આખો દિવસ પુસ્તક લખવાનાં કામમાં અને પત્નીને ગૃહ વ્યવસ્થા રાંખવામાં રોકાવાનું હતું. નૌત્તમલાલના કોઈ એક બીજા સાક્ષર મિત્રની એક મૂલાકાત સિવાય તેમને ત્યાં કોઈ જતું આવતું નહોતું. નૌત્તમલાલ પ્રસંગોપાત બહાર જઈ આવતો.

ચંદ્રિકાનો ભાવ કમળા ઉપર વધવા લાગ્યો. ચંદ્રિકા કમળાને તેનાં મા બાપ વિષે પુછવા લાગી. "લગ્ન પશ્ચાત શું તું તારી માને કોઈવાર મળવા જ ગઈ નથી? તેમ જ અન્ય સ્થળે પણ જવાનો તને પ્રસંગ મળ્યો નથી? નૌત્તમલાલના મિત્ર ગણમાં શું ગજેન્દ્ર સિવાય બીજો કોઈ કુટુમ્બ વાળો જ નથી? તારે ત્યાં કોઈ સ્ત્રી બેસવા ઉઠવા નથી આવતી? તેમ જ તું પોતે પણ કોઇને ત્યાં નથી જતી?" ચંદ્રિકાને આ બધા પ્રશ્નોના જવાબ મળતાં ઘણું જ લાગી આવ્યું. તેને કમળાની દયા આવી. "તને આવી રીતે ઘર બહાર ન નીકળવા દેવાનો તથા તને કોઇના સહવાસમાં પણ ન આવવા દેતાં એકાંત વાસી બનાવવાનો નૌત્તમ લાલનો શો હેતુ હશે? તને આખો દહાડો ઘરમાં એકલી ગોંધી રાખવી એ હડહડતું અયોગ્ય છે." લાગણીના ઉભરા સાથે ચંદ્રિકા બોલી.

કમળાને પણ આથી બહુ જ લાગી આવ્યું. તે ઝંખવાણી બની ગઈ. ઓશીયાળું મુખ કરી તે ચંદ્રિકા સામું તાકી રહી.

"તું મને તારી સાથે મિત્રાચારી બાંધવા દે, વ્હાલી કમળા. મારાથી બનશે તેટલું હું તારા માટે કરીશ," કમળાને આશ્લેષમાં લઈ ચુમ્બન કરી ચંદ્રિકા બોલી. સ્નેહના અંગે ચંદ્રિકા હવે કમળાને માનાર્થે બહુ વચનથી ન સંબોધતાં એક વચનનો ઉપયોગ કરવા લાગી હતી

ચંદ્રિકાએ પોતાનાં જીવનની બધી વાત કમળાને કહી સંભળાવી. તેમની મુસાફરી, સાહિત્ય શોખ, મિત્રમંડળ, પ્રતિષ્ઠિત અને મહાન પુરૂષો સાથે પરિચય વિગરે બધુંય કહ્યું. તેનાં ઘરનું વર્ણન પણ કર્યું. નૌત્તમલાલનું પુસ્તક બહાર પડી ચુકયા પછી તે બેઉ જણાંએ તેમને ત્યાં થોડા દિવસ માટે અવશ્ય રહેવા જવું એવો ચંદ્રિકાએ કમળાને આગ્રહ કર્યો. "તને બહારની દુનિયાનો બિલકૂલ અનુભવ મળ્યો નથી એ ખરેખર ખિન્ન થવા જેવું છે." એમ કહી ચંદ્રિકાએ હાલ તુરતમાં જ છેવટ એક બે દિવસ પણ તેને ત્યાં જઈ તેના સમ્પર્કનો આનંદ આપવા આગ્રહ કર્યો અને તેને ત્યાં કેટલાંક જોવા લાયક સૃષ્ટિ સૌંદર્યના દેખાવોના ચિત્રો હતાં તે જોવા આમંત્રણ કર્યું. તેમજ પોતાની પાસે કેટલાંક નોવેલો અને કાવ્યો હતાં તેમનું પણ વિવેચન કર્યું.

ચંદ્રિકાનું કહેતું કમળા શાંત ચિત્તથી સાંભળી જતી હતી. તે તેમનાં જીવનનો વિચાર કરતી હતી. તેણે પણ નૌત્તમલાલને પરણી તેમના જેવું જ જીવન ગાળવાની આશા રાખી હતી—સાહિત્ય સંવાદવાળું, બુદ્ધિ વધારવા વાળું, સામાજીક સારી સ્થિતિ વાળુ અને પતિ-પત્નિ વચ્ચે એક જીવ વાળું જીવન ગાળવાની વકી રાખી હતી. દુર્ભાગ્યે કરી નૌત્તમલાલ અને ગજેન્દ્ર વચ્ચે વિપુલ વૈરોધ્ય હતો. નૌત્તમલાલને ગજેન્દ્રના સંપ્રદાયનો બનાવવાની આશા વ્યર્થ હતી—પ્રયત્ન સમુદ્ર મંથન કરવા જેવો—ભગીરથ હતો.

"હાં, આપણા સ્નેહ ભાવના આજના દિવસને ચિર સ્મરણીય રાખવા માટે મને કાંઈક સુઝી આવ્યું છે તો તું મારી એ માગણીનો સ્વીકાર કરીશ, વ્હાલી સખી? મેં હમણાં એક 'વૈધવ્યવતી વનિતા' નામક સ્ત્રીઓને માટે બોધદાયક નવલકથા રચી છે. તેમાં વિ-

ધવાઓએ કેવું જીવન ગાળવું તેનું ચિત્ર આપેલું છે. વિધવાઓને પસાર કરવાના વખત–પ્રસંગ તેમાં સારી રીતે ગોઠવ્યા છે. વળી કેટલોક ભાગ ભાઈ ભગિની વચ્ચે ચાલેલા પત્રવ્યવ્હારનો અને કેટલોક વિધવાને આવી પડેલી વિટમ્બણાઓ–ધર્મ સંકટો અને તેમાં તેણે કરેલી ફતેહનો છે. ગજેન્દ્રે તેની એક મોટી સુંદર કવિતામાં પ્રસ્તાવના લખી આપી છે. મારી ઇચ્છા તે પુસ્તક તને અર્પણ કરવાની થઈ છે. તેમાં તને કાંઈ વાંધો છે ?"

"બિલકૂલ નહિ. તેથી હું અતિશય પ્રમુદિત અને ઉપકૃત થઇશ." કમળા હર્ષાવેશમાં બોલી. "તમે મારા પ્રત્યે બહુ જ મમતા દાખવો છો, ચંદ્રિકા બ્હેન."

કમળા ચંદ્રિકાના સ્નેહથી આકર્ષાઈ હોવાથી આવું માન મળતાં તે બહુ જ રાજી થઈ. સાહિત્ય ક્ષેત્રમાં ચંદ્રિકાએ ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. શું ચંદ્રિકાનો અસલનો આત્મા નિદ્રાવસ્થામાં બહાર નીકળી ફરવા ગયો હશે ત્યારે બ્હેન સુમતિ સ્વર્ગસ્થ થતાં તેનો આત્મા આવીને એનાં શરીરમાં પેશી જવાતો નહિ પામ્યો હોય ? જો આત્માઓ આવું કરી શકતા હોય તો તો તેમજ હોવું જોઇએ. તે સુમતિના જેવી જ નારી રત્ન હતી. સુમતિની એક મહાન ખોટ આવી પડી છે તે શું આ ચંદ્રિકા પુરી તો નહિ પાડે ? ના ના તેમ તો નહિ થઈ શકે. સુમતિ તો સાચી નારી રત્ન હતી જ્યારે આ ચંદ્રિકા તો માત્ર કલ્પિત વ્યક્તિ છે. ચંદ્રિકાનું પુસ્તક કમળાને અર્પણ થતાં તે ખ્યાતિ પામવાની હતી. નૌત્તમલાલને પણ કબૂલ કરવું પડશે કે તેની સ્ત્રી કાંઇક સ્થિતિ વાળી છે. કદાચ તેથી તેમના સંબંધમાં તફાવત પડવાની શરૂઆત તો નહિ થાય કે ? ચાલો જોઈએ કે થશે કે કેમ.

કમળા આ ખુશકારક વિચારમાં વધુવાર આનંદ પામે તે પહેલાં અભ્યાસ ખંડનું દ્વાર ઉઘડયું અને બન્ને પુરૂષો બહાર આવ્યા. ગજેન્દ્ર હીંડોળા ઉપર બેઠો. નૌત્તમલાલ પણ તેની બાજુમાં જ બેઠો. પાનની પેટી લઈ તેમણે પાન ખાધાં.

ચાહનો વખત થઈ ગયેલો હોવાથી નૌત્તમલાલને પુછી કમળા તેનાં સાધનો લેવા માટે નીચે જવા લાગી પરંતુ ત્યાં સ્ટોવના ઘોંઘાટથી ઠીક પડતું નથી એમ મિષ કાઢી નૌત્તમલાલે તેને નીચે જ ચાહ બનાવી લાવવાનું કહી કાઢી. કમળા તેનો હેતુ–ભાવાર્થ સમજી ગઈ પરંતુ તે તેના પતિ પ્રત્યે આજ્ઞાંકિત હોવાથી કાંઈ પણ બોલ્યા ચાલ્યા વગર તેની આજ્ઞા માન્ય રાખી તે પાળવા ચાલી ગઈ.



પરિચ્છેદ ૧૧ મો.

કમળા નીચે ચાહ કરતી હતી તે દરમિયાન ઉપર રહેલાં ત્રણ જણાં આનંદ વિનોદ કરતાં હતાં. ચંદ્રિકાએ કમળાનાં બહુ વખાણ કર્યાં અને " I find Kamla Bahen of different calibre than I thought her to be (હું ધારતી તેના કરતાં કમળા બ્હેન મને જુદાં બીબાંની જણાય છે), " એમ બોલી.

ચાહ આવતાં હમ્મેશ મુજબ ચારે જણાંએ સાથે બેસી પીધી. કોઈ એક બીજા મિત્રને ત્યાં એક પરગામનો સાક્ષર મિત્ર મ્હેમાન તરીકે આવેલો હોવાથી ગજેન્દ્રને તેને મળવા જવું હતું તેથી રજા માગી. રિવાજ મુજબ યોગ્ય વિનય કરા તે છુટા પડયાં. રસ્તા સુધી નૌત્તમલાલ તથા કમળા તેમને વળાવા ગયાં અને તે છેક અદૃશ્ય થયાં ત્યાં સુધી તેમની પછવાડે જોતાં ત્યાં જ ઉભાં રહ્યાં. ગજેન્દ્ર સાથે થયેલી વાતચિતની નૌત્તમલાલને કેટલીક જરૂરી બાબતોની નોંધ કરી લેવાની હતી કારણ કે જતે દહાડે તે પાછી યાદ આવે નહિ. તેથી તે કમળા સાથે કાંઈ બોલ્યા ચાલ્યા વગર ઉપર ચાલ્યો ગયો અને અભ્યાસ ખંડમાં જઈ તેનું બારણું બંધ કરી દીધું.

રસોઇનો વખત થયેલો હોવાથી કમળા તે કામમાં ગુંથાઇ. ગજેન્દ્રનાં જતાં સુધી નૌત્તમલાલના ચ્હેરા ઉપર જે હસમુખો દેખાવ હતો તે ઘરમાં આવતાં ઉડી ગયો. તેણે ત્યાં કમળાના સામી દૃષ્ટિ કરી

તો તેનો ચ્હેરો અશુભસૂચકતા સાથે કર્કશ દેખાયો હતો. કમળાએ આજ લીધેલી છુટને માટે તે રીસથી બળતો હતો. તેને ચંદ્રિકાનો સ્વભાવ પણ ગમ્યો નહોતો. તેને મન તો તે માત્ર ખુમરાણ કરી મુકવા–ધાંધલ મચાવવા–ડીંગ ચલાવવા વાળી સ્ત્રી હતી. તે કહેતો કે ગજેન્દ્ર ઉપર ચંદ્રિકા રૂપી મોટું અને અનિવાર્ય ભારણ છે.

કમળા અને નૌત્તમલાલ રાત્રે વાળુ કરી બેઠાં હતાં. નૌત્તમલાલ હમ્મેશની માફક ખુશ મિજાજથી બોલતો નહોતો.

“ તમે ચંદ્રિકા બ્હેનને માટે ઉચ્ચ–સારો વિચાર લાવતા નથી તે ખાતે હું દિલગીર છું.” કમળા બ્હીતી બ્હીતી શરૂઆત કરી બોલી. “ તે મને તેમનું એક પુસ્તક અર્પણ કરવા ઇચ્છે છે.”

નૌત્તમલાલ કમળા સામું તાકી રહ્યો. તેનું શરીર જુસ્સાથી કંપવા લાગ્યું.

“ ચંદ્રિકા તેનું પુસ્તક તને અર્પણ કરવા માગે છે! શું તું આ સત્ય કહે છે, કમળા ? ”

“ અલબત્ત, ” કમળાએ જવાબ દીધો. “ એ ઇચ્છામાં શી વિલક્ષણતા છે ? ”

“ વિલક્ષણતા ! ” આવેશમાં આવી નૌત્તમલાલ ઘોર કરી બોલ્યો. “ તે તો અતિ નિંદ્ય બેવકુફી છે. ચંદ્રિકા તેનું પુસ્તક તને અર્પણ કરે ! મારી આખી જીંદગીમાં આવી દસાડાના મલેક જેવી હડહડતી મૂર્ખાઇ વિશે કદિ પણ સાંભળ્યું નહોતું તે આ સાંભળ્યું. કેમ, તારી અક્કલ પણ તેની માફક વિદેશ ચાલી ગઈ લાગે છે ! ”

કમળાને આથી માઠું લાગ્યું અને ગુસ્સાથી તેનું મુખ લાલચોળ

થઇ ગયું. તેનાં હૃદયમાં પણ ઝણ ઝણાટ થઈ ગયો. તે બોલવા જતી હતી એવામાં નૌત્તમલાલ આગળ બોલ્યો.

"હું ધારૂં છું કે તેં તેનું કહેવું બધુંય કાને ધર્યું હશે. ચંદ્રિકા તો સાહિત્ય ક્ષેત્રમાં એક ઉદ્ધત્ત ઠગારી છે, કમ અક્કલથી છિછલ્લાઈ ભર્યું લખવા વાળી છે, કરાળ જમીનમાં પત્થરની ખાણુની અને વિષમાં અમૃત તથા પાણીમાં માંખણુ શોધવાની ટેવ વાળી છે. તેનાં લેખનો।—તેના લેખો તો વ્યર્થ અને દંભના પોટલે પોટલા વાળા છે; માત્ર અમુક પ્રકારની માહિતી કે વર્તમાન ખબરના ફરફરીઆ વર્પાદ જેવા કે માત્ર લવારા ભર્યા છે; તે માત્ર કમ અક્કલનાં અને ઘેલછા વાળાં માણુસોનું મનરંજન કરવાને માટે લાયક છે; હાનિકારક અને અવિનીત કરી નાખે એવા સ્ત્રી ભાવોથી ભરેલા છે. તું એવી સ્ત્રી સાથે ભાગીદારીની સાંકળમાં જોડાવા માગે છે તે મને પસંદ નથી. મારી પત્નીને હું તેન જેવી ગણાવા ઇચ્છતો નથી તેથી તેમાં જોડાવાની હું તને ચોખ્ખી ના પાડું છું."

તે શ્વાસ લેવા સહજ વિરમ્યો અને પાછો બોલવા મંડયો:

"માટે તું તેને ચીઠી લખી મોકલ કે અર્પણુ પત્રિકા સ્વીકારવા તારી મરજી નથી એટલે તે તેમ ન કરે."

કમળાએ સ્ત્રીનાં સ્વાતંત્ર્ય વિશે વાંચ્યું હતું. તેની તે હિમાયતી હતી તો પણ પોતાની જ્ઞાતિમાં ચાલતી આવતી પ્રથા—ધર્મને તોડવા વાળી નહોતી. પતિની સંમતિ વગર કે ઈચ્છા વિરૂદ્ધ કાંઇ કામ કરવું એ ધર્મ નથી; અને સ્ત્રીએ તેવી રીતે સંમતિ મેળવવાની દરકાર ન રાખતાં સ્વતંત્ર—સ્વેચ્છાચારી બનવું એ કમળા ગેરવ્યાજબી સમજતી. તેને ચંદ્રિકા પુસ્તક અર્પણુ કરે એવી તીવ્ર ઈચ્છા હતી છતાં તેના પ-

તિએ તેમાં સંમતિ ન આપી—ના મરજી બતાવી એટલે તે થઈ શકે જ નહિ. હિંદુ ધર્માનુસાર પુરૂષ સ્ત્રીનાં શરીર અને સર્વસ્વનો સ્વામી છે. તેમાં મન, કર્મ અને વાણિનો પણ સમાવેશ થઇ જાય છે એટલે કે સ્ત્રીનાં મન, કર્મ અને વાણિ પણ પતિની મરજી મુજબ જ થવાં જોઇએ. કમળાને આથી અંતરમાં ઘણું માઠું લાગ્યું. પોતાની પતિ પસંદગી માટે તે દિલગીર થવા લાગી. પતિની મરજી વિરૂદ્ધ સ્વતંત્ર બની કદાચ તે ચંદ્રિકાને પુસ્તક અર્પણ કરવા દેતો તેથી તેમના વચ્ચે ભેદ પડી જાય. ભેદ પડતાં જીવન વિષમ બને. એક થયેલાં જીવન હવે વ્યતિરિક્ત તો થઈ શકે તેમ નહોતાં. બીજી પ્રજા માફક હિંદુઓને છુટા છેડા કરવાની છુટ નથી. હિંદુ ધર્મ તે બાબતમાં ઘણો સખ્ત છે. એક તજી બીજો પતિ કરવો કે અરે ! એક ગયા પછી ભલેને બાલ્યાવસ્થા હોય છતાં બીજો કરવો એ હિંદુ ધર્મ પ્રમાણે મહા પાપ ગણાય છે. ધર્મ પતિને બીજી સ્ત્રી કરવાની છુટ આપે છે પરંતુ સ્ત્રીને બીજો પતિ કરવાની છુટ આપતો નથી. હાલના કેટલાક પુરૂષો અને સ્ત્રીઓ ધર્મને તે બાબતમાં અન્યાયી કે અપૂર્ણ ગણે છે અને ત્યાં સુધારો કરે છે. સ્ત્રીઓને છુટા છેડા અને પુનર્લગ્નની છુટ આપે છે. બીજા દેશો—ધર્મોમાં પુનર્લગ્ન કે છુટા છેડાની સખ્તાઈ નથી તેથી પોતાના ધર્મે કરેલી સખ્તાઈ સર્વ સામાન્ય નથી એમ તેઓ કહે છે, સર્વ સામાન્ય હોય તે જ ધર્મ. વારૂ, અત્રે એક રમુજી પ્રશ્ન ઉભો થાય છે. એકમાં છે અને બીજામાં નથી છતાં બીજામાં હોય તે ધર્મ ગણવો એ કોના ઘરનો ન્યાય ? એ કયાં સર્વ સામાન્ય બાબત થઈ ? એવે પ્રસંગે બેયને એક ત્રાજવામાં તોળી જે હિતકર હોય તે માન્ય રાખવું જોઇએ. માત્ર આપણુને આપણનું ન ગમે તેથી બીજાનું લેવું એ વ્યાજબી—ન્યાય ભર્યું નથી. બનતાં સુધી માને મૂકી મનીને ધાવવા ન જવું એ વધારે સારૂં

છે. કમળા માને ન મૂકવાના અભિપ્રાય વાળી હતી તેથી પતિની ઇચ્છાને આધિન થઈ તેની સાથે થયેલાં લગ્નને તે પોતાનાં જીવનની મુખ્ય-કેંદ્ર વસ્તુ ગણતી હતી. જો તે લગ્ન સંબંધ તુટે તો તો તેનું જીવન ધુળધાણી થઈ જાય. આ સંબંધ તે જીવનના ગાડાનાં ચક્રના માણાં માફક લેખતી. માણું (નાભિ) તુટતાં ચક્રના આરા વિખાઈ જાય અને ગાડું ન ચાલે તેમ તેનું જીવન ગાડું એ સંબંધ તુટતાં ચાલે તેમ નહોતું. કમળાને હવે માલૂમ પડયું કે તેનો પતિ ધાંધલીઓ–જુલ્મી અને દુરાગ્રહી હતો તો પણ તેની પોતાની રીતિમાં પ્રેમી હતો. તે તેને તેની પોતાની રીતિના અઢળક પ્રેમથી ચાહતો હતો. તેની મરજીમાં આવે તેવી બાબતો ઉપર કમળા સાથે વિવેચન કરી તેને સંતોષતો. કમળા આટલેથી સંતોષ માની પોતાનાં આ જીવનને વળગી રહેતી હતી; તેની ઇચ્છાને આધિન થયાં સિવાય કમળાને માટે હાલતો બીજો એ કે શ્રેયસ્કર માર્ગ નહોતો. પીઅરમાં પણ જેવું જોઇએ તેવું ઠેકાણું નહોતું કે ત્યાં જઈ જીવન ગાળી શકાય.

“બહુ સારૂં જેવી તમારી ઇચ્છા. હું કાંઈ તમારાથી ઉબળ–સ્વતંત્ર બનવા વાળો નથી,” કમળાએ શાંત મુદ્રાથી જવાબ વાળ્યો.“-ધાંધલ મચાવવાની કાંઈ જરૂર નથી. હું તેમને લખી વાળીશ કે તેમની અર્પણ પત્રિકાની માગણી તમારી મરજી–સંમતિના અભાવે હું સ્વીકારી શકું તેમ નથી. પછી કાંઈ ?”

“બસ પછી કાંઈ નહિ,” એટલું કહી નૌત્તમલાલ તેની રમા સામું તાકયો. તેના અત્યારના દેખાવ ઉપરથી તે એવી આજ્ઞાંકિત દેખાતી હતી કે તે કાંઇ પણ ઉદ્ધત્તાઇથી વર્તી હોય એમ તેને તે ઉપરથી ભાસ્યું નહિ. આ પ્રસંગે તેના મનમાં પ્રબળ રૂપ પકડયું નહિ.

તેની પત્ની તેની આજ્ઞા પાળે તેમાં શી નવાઇ ? એવું વર્ત્તન સૃષ્ટિ ક્રમ—કુદરતના કાયદા—ધર્મનો એક ભાગ છે. કમળા તેનાથી પ્રતિકૂળ થવાનો પ્રયત્ન કરે અને તેના ઉપર કાયદેસર અખ્ત્યાર ચલાવવાની તેને ફરજ આવી પડે તે તેને યોગ્ય લાગતું નહિ તેથી બાળકને જેમ દવામાં ગળપણ ભેળવી પાવામાં આવે છે તેની માફક નૌત્તમલાલને અત્યારે સુઝી આવ્યું કે કમળાને દવા પાવી છે પણ તે ગળપણ સાથે પાવી કે જેથી તે તેને કડવી લાગે નહિ એટલે કે આ પુસ્તકની અર્પણપત્રિકા ન સ્વીકારવાની આજ્ઞા તેને નાખુશ કરે તેવો છે પરંતુ એવું કરવું કે તે તેને કડવી લાગવાને બદલે મધુર લાગે. ગળપણ સાથે કટુતા પાવાની ખાતર તેણે પ્રીતિ ભર્યો ભાવ ધારણ કર્યો.

"મારી આવી ઇચ્છાથી હું તારા ઉપર કાંઇ સખ્તાઇ ગુજારૂં છું એવો વિચાર તારે લાવવાનો નથી, સમજી દયિતે. મારૂં કથન વ્યાજબી છે. હું મારાં પોતાનાં લેખનોનો ગંભિર વિચાર ધરાવું છું અને તે કારણથી જ ચંદ્રિકાની માગણી સામે વાંધો ઉઠાવું છું. મને એમ પણ લાગે છે કે તેની સાથે જો તું આવી રીતે જોડાય—એક રૂપ થાય તો તેથી મને પોતાને સખ્ત ધક્કો પહોંચે તેમ છે. દુનિયામાં હું મારી જે ગણના થવાની વકી રાખું છું તે બધી ઉડી જાય. મને દુનિયા છોકરવાદી વાળો—છિછક્કો કે નકામો ગણી કાઢે. મારા પ્રેષણ હેતુ (mission) નો વિચાર કરતાં મારી તેમ થવા દેવાની મરજી નથી. તું જાણે છે કે હાલ તૈયાર થતું પુસ્તક પ્રસિદ્ધ કરવામાં મારો ઉદ્દેશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાનો છે. તને ચંદ્રિકા પુસ્તક અર્પણ કરે તેથી મારા પહેલાં તું પ્રખ્યાતિમાં આવી જા. પુસ્તકો હમ્મેશાં પ્રતિષ્ઠિત માણસોને જ અર્પણ કરાય છે. એમ થતાં મારી આબરૂને ધક્કો પહોંચે. વળી કોઇની મદદથી પ્રતિષ્ઠા મેળવવી એ વ્યાજબી નથી. તને અત્યારે કોઇ

ઓળખતું નથી પરંતુ ચંદ્રિકાનું પુસ્તક તને અર્પણ થશે કે તને સહુ ઓળખશે પરંતુ મને ન ઓળખવાથી દુનિયા તને ઓળખવામાં મુંઝાશે અને મારા ઉપર ટીકા કરશે. પતિ હજુ દુનિયામાં દેખાતો નથી તે પહેલાં પત્ની પ્રકાશમાં આવી પડી એમ કહેશે. પતિની ઓળખાણ સિવાય પત્નીને કોઈ ઓળખી શકે જ નહિ. મને પ્રથમ ઓળખાવા દે અને પછી તું આવી અર્પણ પત્રિકાઓની મદદ વગર પણ ઓળખાણમાં આવી જઈશ. ચંદ્રિકા તને તેનું પુસ્તક અર્પણ કરી તારા ઉપર મોટો ઉપકાર કર્યો ગણશે અને તેના લીધે જ તું ઓળખાણમાં આવી એવો ફાંકો ધરાવશે. હવે તું સમજી શકીશ કે ના પાડવામાં મારો શો આશય સમાએલો છે. મારે કોઈની મદદ જોઈતી નથી. હું મદદ વગર બહાર પડવા ધારૂં છું અને મારા લીધે તું પણ દેખીતી રીતે આવીજ જવાની છું. તેથી તારાં હૃદયને ડોલાવી નાખતી મહત્વાકાંક્ષા પણ પાર પડશે. કહે જોઇએ કે પતિ મારફતે દુનિયા ઓળખે તેમાં કે કોઇ સ્ત્રી મિત્ર પુસ્તક અર્પણ કરી ઓળખાવે તેમાં તું વધારે સારૂં માને છે?"

"હવે હું તમારો ભાવ યથાર્થ સમજી ગઈ. હું આપનાથી જ ઓળખાવામાં વધુ માન સમજું છું," કમળા થોડીવાર વિચાર કરી બોલી. "તો પણ પુસ્તકો પ્રતિષ્ઠિતને જ અર્પણ કરાય એ મત સાથે મળતી આવતી નથી. પુસ્તકો સ્નેહી અને લાયક માણસ—પછી તે પ્રતિષ્ઠિત હોય કે ન હોય તોપણ અર્પી શકાય છે."

કમળા ત્યાંને ત્યાં અને તેજ ક્ષણે પોતે તેની માગણી સ્વીકારી શકતી નથી તેથી દિલગીર છે એવી મતલબની ચંદ્રિકા ઉપર પત્રિકા લખવા બેઠી. તેણે તેની આ દિલગીરી ઘણા મધુર શબ્દોમાં જણાવી. ચંદ્રિકાને માઠું લાગે એ પણ ઠીક નહિ. નૌત્તમલાલને તેનાં પોતાનાં

પુસ્તક વિશે ઉમદા—ગંભિર વિચાર હતો. તેને લોકપ્રિય થઇ પડી ખ્યાતિ મેળવવાની આકાંક્ષા હતી. આથીજ તેની સ્ત્રીનું નામ સાહિત્ય ક્ષેત્રમાં પહેલું પ્રકાશ પામે તે તેને ગમતું નહોતું. તેણે ચંદ્રિકા ઉપર લખાએલો પત્ર વાંચી જોયો નહિ. કમળાએ વાંચવા કહ્યું પણ ના પાડવાથી કમળાએ કવરમાં બીડી શીરોનામ કરી કવર ટેબલ ઉપર રાખ્યું. કામ કરવાવાળી આવે ત્યારે આ પત્ર તેની સાથે મોકલવાનો હતો.

નોત્તમલાલે કમળાને તેમના હમ્મેશના સ્નેહાદ્ર ભાવથી આલિંગનમાં લઈ ચુમ્બન લીધું અને અભ્યાસ ખંડ તરફ ચાલ્યો ગયો.

" બ્હેન સુમતિનાં લેખન કેવાં ? " કમળાએ જતાં પ્રશ્ન કર્યો.

" ઠીક છે. છેક કાઢી નાખવા જેવાં નથી. તેં તેની કવિતાઓનો 'હૃદય ઝરણાં' નાં નામથી પ્રસિદ્ધ થઈ વસંતની ભેટ તરીકે આવેલો સંગ્રહ વાંચી જોયો ? મેં તે વાંચ્યો છે. તે ઉપરથી હું સુમતિ વિશે ઉંચો અભિપ્રાય ધરાવું છું. તે ઉપરથી તેનાં આખાં જીવનનો ચિતાર જોવામાં આવે છે. "

" હા મેં તે વાંચ્યો છે. હજુ પણ વાંચું છું. બ્હેન નિવેદિતાનાં લેખન કેવાં છે ? "

" તે ઉમદાં છે. તે વાંચવાની ભલામણ કરવા જેવાં છે. મારા ગ્રંથ સંગ્રહમાં તેમનાં બે ત્રણ પુસ્તકો છે. શું તે તારા જોવામાં અધ્યપિ આવ્યાં નથી ? હા પણ તને નવલકથાઓનો રસ—ચસકો લાગ્યો છે એટલે બીજાં વાંચવા લાયક પુસ્તકોની તારે શી દરકાર હોય ! "

" મને તે વાંચવા આપશો ? " કમળા ઉપરની ટીકાથી શરમાઈ ગઈ અને તેથી થોડીવાર પછી બોલી.

"પુસ્તકો લઈ વાંચવાની તને મુળથી જ પુરતી છુટ છે. બાકી ચંદ્રિકાનાં પુસ્તકો તારે વાંચવાં નહિ. ભલે ગજેન્દ્રનાં વાંચજે અને તેમાં ન સમજે ત્યાં મને પુછી પણ જોજે. આપણે બીજાં પુસ્તકોની ક્યાં ખોટ છે કે એકલાં નોવેલો જ વાંચ વાંચ કરે છે. ક્રમવાર બધાંય વાંચવાં."

પુસ્તકો લેવા માટે કમળા તેની સાથે જ અભ્યાસ ખંડમાં જવા લાગી. નૌત્તમલાલે તેને ભૂજબંધમાં લઇ ચુમ્બન કર્યું અને આલિંગનમાં જ તેને ખંડમાં લઇ ગયો. કમળાના નવનીત જેવા મૃદુ કપોલ આથી પ્રકાશ્યા. કેવો સ્નેહ ! કેવો સુખમય દેખાવ ! જ્યાં બન્ને હૃદયોમાં પ્રેમ ન હોય ત્યાં દંપતિ શું આવા સુખના લ્હાવ લઇ શકે ખરૂં ? હૃદય ભિન્નતાથી આવી આશા રાખી શકાય ખરી ? સાક્ષર પતિ નિરક્ષર સ્ત્રી ઉપર આવો સ્નેહાદ્ર હોઇ શકે ખરો ? તે કદાચ સ્નેહ દર્શાવે પરંતુ ગ્રામ્ય ગૃહિણી તેના ભાવ સમજી શકે ખરી ? તેનો અર્થ પણ સમજી શકે નહિ. કુદરતી રીતે યોગ્યને યોગ્ય વસ્તુ મળે છે. ગ્રામ્ય સ્ત્રી હોય તો એવો ભાવ ઉપજવો પણ અસંભવિત. સ્ત્રી જો સ્નેહને માટે યોગ્ય હોય તો કુદરતી રીતે પતિને તેના ઉપર સ્નેહ આવે છે. તેમનામાં હૃદય ઐક્ય પણ ન થાય અને હૃદય ઐક્યની ગેરહાજરીમાં સ્નેહ તો સમુળગોજ ન થાય. સ્નેહ વગર સંસાર સારો ન નિવડે અને બેય જણાં પરસ્પર અસંતોષી રહી જીવન ગાળે.

પરિચ્છેદ ૧૨ મો.

નોત્તમલાલનું રાજનીતિ સંબંધી મોટું પુસ્તક હવે થોડા વખત થયાં દુનિયામાં હરતું ફરતું થઈ ગયું હતું. તેમાં તેણે રાજ ધર્મ ઉપર વિપુલ ભાષ્ય કર્યું હતું. ઉમદાં અવતરણો સાથે તેણે દરેક વિષય ઉપર અસરકારક અને સ્પષ્ટ વિવરણ કર્યું હતું. તે પુસ્તક ભારે હતું. કિમ્મત રૂપીઆ પાંચ રાખી હતી. તે ડેમી ઓક-ટેવો સાઈઝનાં છસો પાનાનું પુસ્તક હતું. તેનું પુંઠું ઘણું જ મજબૂત અને સુંદર હતું. કેટલાક તો તેનાં પુંઠાથી તેના ઉપર મોહી જતા. કેટ-લાક કહે છે કે પુંઠાથી પણ પુસ્તકની લોકો કદ્ર કરે છે. શું સુંદર ન હોય તો પાનામાં લખાએલી સારી બાબતની લોક કદ્ર ન કરે? એવાં સુંદર પુંઠા વાળાં પુસ્તકની વસ્તુ ઉમદી ન હોય તો ? તે તો દેખા-વડી પરંતુ દુરાચારી સ્ત્રી જેવું થાય. દેખાવડી સ્ત્રી તેના અંગથી મોહ પમાડે છે પરંતુ સારો પુરૂષ તેના ગુણ રૂપી વસ્તુ જાણે તો તેને ધિઃ ક્કાર્યા વગર રહેતો નથી. તે તેના દેખાવ અને નખરાંથી પુરૂષનું ચિત્ત આકર્ષે છે. મૂર્ખ—કદ્ર ન જાણવા વાળા લોકો તેથી અંજાઈ જાય છે. સગુણી સ્ત્રી કદરૂપી હોય તો પણ તેના ગુણથી સારા પુરૂષોમાં પણ માન પામે છે. પુસ્તકનું પણ એમ જ છે. આ પુસ્તકનો તેણે દીર્ઘ ઉપસંહાર લખ્યો હતો. તેમાં લગભગ દોઢસો પાનાં રોકાયાં હતાં અને તેણે ચર્ચેલા દરેક વિષય ઉપર અહીં તેના પોતાના નિરાળા—સ્વતંત્ર વિચાર દર્શાવ્યા હતા. દરેક સ્થિતિના માણસને આ પુસ્તક ઉપયોગી હતું.

સામ્પ્રત કાળમાં પ્રજાનું લક્ષ સાહિત્ય પ્રતિ જોસભેર પ્રેરાયુ છે. તેને અંગે દરેક વિષયોનાં પુસ્તકો બહાર પડે છે. નવીન સાહિત્યની શોધ ખોળ થાય છે. વાચનનો શોખ વધતાં નવલ કથાઓ પણ લખાય છે, માસિકો અને ન્યૂસપેપરોમાં લેખો લખાય છે. રાજ પ્રકરણી બાબતોનાં પુસ્તકો પણ લખાય છે. વાચન શોખ જેવો વધતો જાય છે તેમ લેખન શોખ પણ વધતો જાય છે. સ્ત્રી કેલવણી પ્રસરાતાં સ્ત્રી ઉપયોગી પુસ્તકો પણ લખાવા લાગ્યાં છે. હાલની આદિત્યપુરની પ્રજામાં રાજ પ્રકરણી ચળવળ વધુ હોવાથી નૌત્તમલાલનું આવું અપૂર્વ, બોધક અને રસપ્રદ પુસ્તક જન્મથી જ વિજય ધ્વજ ફરકાવા લાગ્યું.

ગજેન્દ્રની સલાહથી નૌત્તમલાલે તેનાં પુસ્તકની એક નકલ ત્યાંના દિવાનને ભેટ તરીકે મોકલી. દિવાન અતિ દક્ષ અને વિદ્વાન હતો. તે નાગર ગૃહસ્થ હતો. નૌત્તમલાલનાં આવડાં પુસ્તકનું વાચન તેને મન બાળકની રમત સમાન હતું. તેણે એક અઠવાડીઆમાં તો આખું પુસ્તક તીક્ષ્ણ દ્રષ્ટિથી વાંચી કાઢયું. વાંચી રહ્યા પછી તેણે નૌત્તમલાલને મમતા ભર્યો પત્ર લખ્યો. તેમાં તેણે ભેટ તરીકે મોકલેલાં પુસ્તક માટે ઉપકૃતિ માની પુસ્તકનાં વાચનથી પોતાને અતિશય આનંદ અને અનુભવ થયાનું જણાવ્યું. તેણે કહ્યું કે તે પુસ્તક ધૈર્ય યુક્ત ઉદ્યોગ અને બુદ્ધિમાન વિવરણ શક્તિનું ચિર સ્મરણીય દ્રવ્ય–ફળ હતું. તેણે તે પણ જણાવ્યું કે પોતે લેખકના સઘળા વિચારો સાથે જો કે એક મત થઈ શકતો નથી પરંતુ તેની એટલી તો ખાત્રી થઈ ચુકી છે કે પુસ્તક વાંચવા અને મનન કરવા લાયક છે એમાં તો કાંઈ શંશય રાખવા જેવું નથી. તેમાં રાજ પ્રકરણી સુધારાને ચાલુ–ટકાવી રાખવો હોય તો તે નૈતિક—ન્યાયી સિદ્ધાન્ત ઉપર હોવો જોઇએ એ વિચાર ઘણો જ ઉમદો હતો અને તેનું પ્રતિપાદન કરવામાં લેખકે જે શ્રમ સાથે ભાષાનો વ્યય

કર્યો છે તે લક્ષ ખેંચ્યા વગર રહે તેવો નથી એવી પોતાની પ્રતીતિ હોવાનું કહી તેની સાથે અન્ય અનુસંગી વિષયો પણ લેખકે ઉત્તમ રીતે ચર્ચ્યા હતા એમ જણાવી પત્ર પુરો કર્યો હતો. દિવાન જેવા મહાન પુરૂષના આ આશિષ ભર્યા અને ઉત્તેજક શબ્દોથી પુસ્તકનો વિજય દૃઢ અને મોટો જણાયો. તેનાં પુસ્તકની ધાર્યા કરતાં બમણી નકલો ખપી ગઈ અને હજુ માગણી ઉપર માગણી આવતી હતી. કેટલાંક પુસ્તકો ટપાલ દ્વારા જતાં તેથી હમેશાં તેમનો ભાર ઉપાડવાથી કંટાળી જઈ પોસ્ટમેનો અંતરથી શાપ આપતા કે ક્યારે બધાંય પુસ્તકો ખપી જાય કે તેમને રોજ ઉંચકવી પડતી થેલીઓ હલકી થાય. આ તેમને મન શાપ રૂપ પરંતુ નૌત્તમલાલને આશિષ રૂપ હતું. પોસ્ટમેનો સદાય આવી બૂમ મારે તેમાં તેનું કલ્યાણ હતું. બીજી આવૃત્તિને પણ પોસ્ટમેનોનો આવો શાપ લાગે તો તે પણ જલદી ખપી જાય. અને અંતે નૌત્તમલાલને ફાયદો થાય. તેના કેટલાક અણ સમજુ મિત્રો તો પોસ્ટમેનોના આ શાપને માટે તેમના ઉપર ફરિયાદ કરવાના હતા પરંતુ નૌત્તમલાલ તે શાપ નહિ પરંતુ આશિષ છે એવો અર્થ સમજાવી તેમને વારી રાખતો. રાજ પ્રકરણી સભાના બેય પક્ષના સભ્યોમાં આ પુસ્તક માન પામ્યું. વક્તાઓ આ પુસ્તકને ખુલાસા ભર્યાં અવતરણોની ખાણુ કહી બોલાવતા. ભાષણ કર્ત્તા આ પુસ્તકમાંથી આધાર લેતા. કોલેજોમાં અને હાઈસ્કૂલોમાં ઈનામ આપવા માટે પણ કેલવણી ખાતાંએ મંજુર કર્યું. કેટલાક તો કહેતા કે આ લેખકમાં ઈશ્વિરી બળ અને ચાતુર્ય હોવાં જોઇએ નહિતર આવું અને આવડું મોટું પુસ્તક લખાય નહિ. છ માસમાં હજાર પ્રત વાળી ત્રણે આવૃત્તિયો ખપી ગઈ અને ચોથી ત્રણ હજાર પ્રતની આવૃત્તિ પણ બહાર પડી ચૂકી હતી. પ્રેસ વાળાએ કમીસનો કાયમ રાખેલાં હોવાથી તેને છપામણીમાં ઘણો ફાયદો થતો.

ચોથી આવૃત્તિ લગભગ અડધી ખપી ગઈ એટલે માગણી શિથિલ પડવા લાગી તો પણ બધા કહેતા કે આ પુસ્તકની માગણી હજુ ઘણાં વર્ષ સુધી ચાલુ રહેશે.

રાજ પ્રકરણી ચળવળને અંગે નૌત્તમલાલનાં પુસ્તકનાં કૂદરતી રીતે અનેક અને મોટાં અવલોકન થયાં. ઉત્સુક અવલોકન કર્ત્તાઓ તેની વિદ્વતા, જ્ઞાન, બુદ્ધિ, કૌશલ્ય, સંયોજન શક્તિ, ખુબી અને રસભરી ભ.ષા શૈલિનાં મ્હોંફાટ વખાણ કરી તેનાં યશોગાનનાં બણગાં ફુંકતા હતા. તટસ્થ અને નિસ્પૃહી અવલોકન કર્ત્તાઓ માત્ર પુસ્તકમાં રહેલી ખુબી-વસ્તુનો સાચી નિષ્ઠા વાળો સાર આપી કાંઈ પણ ટીકા કરવાથી દૂર રહ્યા હતા. ખોટા ખોટા દોષ કાઢવા વાળા—છિદ્રાન્વેષણ કરવા વાળા અવલોકન કર્ત્તાઓ એ તેમની કલમોને માત્ર બીન જરૂરી ખામીઓ અને અપ્રસ્તુત ભુલો કાઢવામાં જ રોકી હતી. કેટલાક આરોપ મૂકનારાઓએ પુસ્તકને વખોડી કાઢી પોતાના વિરૂદ્ધ મત દર્શાવ્યા હતા. સંક્ષિપ્તમાં આ પુસ્તકથી વિદ્વાનો અને પંડિતો તેમ જ રાજ પ્રકરણ નિપુણ પુરૂષોમાં તીવ્ર મનોભાવ ઉદ્ભવ્યાવગર રહ્યો નહોતો.

આવા અસંખ્ય અભિપ્રાયો પૈકી એકે નૌત્તમલાલનું ખાસ ધ્યાન આકર્ષ્યું. તે લેખ "પરાગ" નામનાં આગળ પડતાં માસિકમાં નટવરસિંહની સહી વાળો હતો. લેખકે નૌત્તમલાલની ખુબીને સારૂં માન આપ્યું હતું. પુસ્તકમાં રહેલી મુખ્ય વસ્તુ—હકીકત વિષે અગણિત ટીકાઓ થઈ ચુકી હતી તેથી પોતે તેનું પુનરાવર્તન કરવાનું દુરસ્ત ધારતો નથી એમ કહી તેણે ગ્રંથ કર્ત્તાના સાવેશ સ્વર, સામાન્ય દૃષ્ટિ અને લેખનનાં સ્વરૂપ પ્રતિ તેનાં લક્ષને વધુ રોકયું હતું. ખાસ કરીને તેણે નૌત્તમલાલે પુસ્તકમાં આધુનિક પ્રજાકીય દીક્ષા—પ્રજાની રાજ પ્રકરણી ચ-

ળવળ પ્રત્યે કરેલા તિરસ્કારના ગુપ્ત પ્રવાહ, સભાસદ તરીકે કેવો પુરૂષ જોઇએ તે ઉપર કરેલી ટીકા અને રાજના સ્વતંત્ર અધિકાર વિશે કરેલી હિમાયત વિગરેની અતિ ઉત્સુક સ્તુતિ કરતાં વાચકને તે વિષયોનું ઉંડા વિચાર પૂર્વક મનન કરવાની ભલામણ કરી હતી. નોત્તમલાલે રાજહક સંરક્ષણની અને પ્રજાહક વધારવા કે જાળવવાની એકેની હિમાયત ન કરતાં આધુનિક રાજપ્રકરણનું જે વિલક્ષણ રૂપ બતાવી આપ્યું હતું તેના ઉપર નટવરાસંહે આગ્રહ પૂર્વક ભાર મૂકયો હતો. પોતાના અભિપ્રાયના ઉપસંહારમાં નટવરસિંહે નોત્તમલાલને કેટલાક પ્રશ્ન પુછ્યા હતા. તે શબ્દતઃ નીચે પ્રમાણે હતાઃ " રા. નોત્તમલાલે કલ્પેલી રાજવ્યવસ્થા હાલ આદિત્યપુરમાં પ્રચલિત છે કે કેમ ? જો ન હોય તો તે શું એવી દાખલ કરાવવા માગે છે ? જો માગતા હોય તો કેવી રીતે અને શ્યાં કારણથી ? તેમને આધુનિક પ્રજાકીય દીક્ષામાં શ્રદ્ધા નથી તો પણ તેમનામાં પ્રજાકીય લાગણી હોવાનું તેમનાં પુસ્તકની હકીકત ઉપરથી સંગીન રીતે દૃશ્યમાન થાય છે તો પ્રજાની જરૂરીઆતો કેવી રીતે સમજાવવા માગે છે? હાલની સભાને નકામી ગણે છે તો તેને બદલે તે શું કરવા માગે છે ? આ સભા તુટી જાય અને રાજ સ્વતંત્ર અધિકાર ભોગવે તેવે પ્રસંગે પ્રજાકીય મત કેવી રીતે દર્શાવવો—વર્તમાન પત્રોદ્વારા કે જાહેર પરિષદો ભરી, પત્ર લખી કે દરેક જ્ઞાતિનો મુખ્ય પુરૂષ પત્ર કે રૂબરૂ વાતચિત કરી કે કોઈ ઈતર રીતે ? તે શાની ભલામણ કરે છે ? " આટલા પ્રશ્નોના જવાબ નોત્તમલાલ એક બીજું પુસ્તક લખી પુરા પાડશે અને આગળનાં પુસ્તકમાં કરેલી કલ્પનાઓનો પ્રત્યક્ષ માર્ગ બતાવશે એવી આશા ધરાવી હતી.

આ અવલોકનથી નોત્તમલાલ બહુ રાજી થયો. આ પ્રશ્નો પક્વ બુદ્ધિનાં જ સંતાન હતા. એથી નટવરસિંહની બુદ્ધિ દેખાઈ આવતી

હતી એટલું જ નહિ પણ તેનાં મોહક ઉદ્દેશણનું પણ પ્રત્યક્ષ દર્શન થતું હતું. નોત્તમલાલને નટવરસિંહ સાથે પત્ર વ્યવહારમાં ઉતરવાની વૃત્તિ થઈ આવી પરંતુ તેનાં ઠેકાણાંની તેને માહિતી ન હોવાથી તેના ઉપર આભાર પત્ર લખી તેને કવરમાં બીજી પોસ્ટની સ્ટેમ્પ સાથે પરબીડીયું તૈયાર કર્યું અને તેના ઉપર શીરોનામ કરી પોસ્ટમાં રવાના કરવાની વિજ્ઞપ્તિ સાથે તેને એક મોટાં કવરમાં નાખી પરાગના વ્યવસ્થાપક તરફ મોકલી આપ્યું. તેનો તેને નટવરસિંહ તરફથી ખુશકારક જવાબ મળ્યો. તેમણે પરસ્પર મળવાનું નક્કી કર્યું. તે બે ત્રણવાર મળ્યા અને અલ્પ સમયમાં જ હૃદય મિત્ર બન્યા.

નટવરસિંહની ઉમ્મર ત્રીસ વર્ષની હતી. તે બી. એ; એલ. એલ. બી. થયેલો હતો. તે હાલ વિધુર હતો. તેનું કુળ ઉચ્ચ હતું. તે વિશાળ જાગીર, અઢળક લક્ષ્મી અને સુગમ્ય પ્રજ્ઞાનો સ્વામી હતો. તેને ધંધો કરવાની પરવા નહોતી પરંતુ કેલવણી પામેલો ગમે તેવો જાગીરદાર કે પૈસાદાર હોય છતાં તેણે તેની કેલવણીને વાપરવા—કટાઈ ન જતાં તાજી અને વધતી રાખવાની ખાતર અમુક ધંધો તો કરવો પડે છે. માત્ર જાગીરની ઉપજ વધારવાની કે પૈસાનું વ્યાજ મેળવવાની કાળજીથી તેની કેલવણી વપરાતી નથી. તેમ કરવાથી તો તે કટાતી જાય છે અને ધીમે ધીમે નાશ થવા પામે છે. કહેવત છે કે “ગરથ ગાંઠે અને વિદ્યા પાઠે.” વિદ્યા, હથિયાર અને ઘોડાં જો હમ્મેશ ન વપરાતાં હોય તો બગડી જાય છે અને અંતે નકામાં થઈ પડે છે. નટવરસિંહને મુંબઈમાં રહેવાનો શોખ હતો. અને વકીલાત કરવી તો હાઈકોર્ટમાં જ કરવી એવો ફાંકો હતો તેથી મુંબઈમાં વકીલાત કરવા લાગ્યો. વકીલનો ધંધો સ્હેલો નથી. તે વેસ્યા જેવો છે. તેમાં ઘરાકને રાજી રાખવાની ખુબીની તેમજ ન્યાયાધિકારીઓનાં વલણને તાબે થવાની

અને ઉપરાંત કામ કરવાની શક્તિની જરૂર હોય છે. ઘરાક ગમે તેવા હલકા વર્ગનો આવે પરંતુ તેનું સન્માન કરવું જોઇએ. કેટલાક વકીલોમાં દ્રવ્ય કઢાવવા માટે આડું અવળું સમજાવવાની અને મિષ્ટ શબ્દોથી ધૂર્તતા રૂપી કૌશલ્ય વાપરવાની ટેવ હોય છે. નટવરસિંહને આવું આવડતું નહોતું. તેને તો તે ધિઃક્કારતો. તેની પાસે સરળ અને સીધું કામ હતું. કેટલીક બાબતોમાં તે ન્યાયાધિકારીઓ સાથે પણ આખડી પડતો. ન્યાયાધિકારીઓનાં અવળાં વલણ ઉપર તે સખ્ત ટીકા કરતો. ક્ષત્રિયનો સ્વભાવ હમ્મેશાં કડક હોય છે. તેને ખુશામત કરતાં બહુ આવડતી નહિં. નટવરસિંહ ખોટી ખુશામતને પસંદ કરતો નહિ. આવાં કારણોથી તેનો ધંધો બરાબર ચાલ્યો નહિ. જે કેસમાં કાયદાથી જીતવાની આશા ન હોય છતાં અષ્ટં પષ્ટં સમજાવી પૈસા કઢાવવામાં તે અધર્મ માનતો. ન ફાવી શકાય તેવા કેસો માટે ઘરાકોને ચોખ્ખી ના પાડતો. કાયદાના—મુદ્દાના સ્વાલો ઉપર તે અસરકારક દલીલ કરતો. તેના કામમાં ઘણો કાબેલ હતો પરંતુ ઘરાક અને ન્યાયાધીશોને ખુશામતથી રાજી રાખવા એ તેને પસંદ ન હોવાથી તેનો ધંધો આગળ ચાલ્યો નહિ. લોક પ્રિયતાના અભાવે તે મુંબઈ છોડી ઘેર આવ્યો. તેની જાગીર આદિત્ય નગરની પાડોશમાં જ હતી. પોતે શહેરમાં રહેવાનો શોખીન હોવાથી આદિત્ય નગરમાં જમીન વેચાતી લઈ બહાર નદિના કિનારા ઉપર ફરતા રમ્ય બગિચા સાથે મ્હોટો મહેલાત જેવો બંગલો બંધાવ્યો હતો. તેને તેણે "સરલો ધાન" નું નામ આપ્યું હતું. આ નામ તેની પ્રેમાદ્ર પત્નીનું નામ કાયમ રાખવા ખાતર આપ્યું હતું. તેની પત્ની સરલ કુંવરબા મુંબાઇમાં પ્લેગના ઝપાટામાં આવી ગઈ હતી. તે મુંબઇને છોડી આવતો રહેતો હતો તેથી મુંબઇને તે નહિ ગમ્યું હોય તેથી તે નગરીએ તેની પત્નીને આવતાં આવતાં છીનવી લીધી

હશે ? તે કેલવણીના ઉચ્ચ સંસ્કાર વાળી હતી. તે બેય કેળવાએલાં હોવાથી તેમનામાં સાચો અને દૃઢ પ્રેમ હતો. તે એક બીજાથી એવાં સંતોષી, સુખી અને પ્રણયાદ્ર હતાં કે એક કલાકનો વિયોગ પણ તેમનાથી સહન થઈ શકતો નહિ. સરલકુંવરનાં મરણુ પછી મોટી રકમના ચાંદલા અને બેહદ કરિયાવર આપવાની કબૂલતે ઘણાં માગાં આવ્યાં પરંતુ નટવરસિંહે કોઇનો સ્વીકાર કર્યો નહિ. તેનું હૃદય મરનારીને એકલીને જ પૂર્ણતઃ અર્પિત હતું-અઘાટ વેચાણ આપેલું હતું. તે બીજાને કેમ અર્પી કે વેચી શકાય ? અર્પિત કે વેચેલી વસ્તુ પાછી કેમ કરી લેવાય ? તે ખરો દિવ્ય પ્રેમી હતો. તે વિષય પ્રેમી નહોતો. તેનો પ્રેમ આત્માનો હતો; શરીરનો નહોતો. તે બેયના આત્મા એક જ રૂપ બની ગયા હતા. ધન્ય છે આવા પ્રેમીને ! ઈશ્વરે તેની પ્રેમી પત્ની છીનવી લીધી તેથી તેનાં હૃદયને આઘાત તો થયો પરંતુ એ ઈશ્વરની આજ્ઞા-કૃતિ કહી તેથી નારાજ કે અસંતોષી થવું વ્યર્થ માનતો. ઈશ્વરની મરજીને માન્ય રાખવી જ જોઇએ. જન્મ તેનો નાશતો થવાનો છે જ. એક આંબાને ઘણાં ફળો આવે છે. તેમાં કેટલાંક સાથે પાકે છે. તેમાં પણ તે જુદે જુદે વખતે તોડાય છે. ઝાડના ધણીની મરજીમાં આવે તો કાચી કેરી પણ ઉતારી લે છે. વિશ્વ એક વૃક્ષ છે. મનુષ્યો તેનાં ફળ છે. પ્રભુ તેનો માલેક છે. તે તેની મરજીમાં પડે તે ફળ ચહે ત્યારે તોડે છે. તેને જે ગમે તે મનુષ્યને અવશ્ય ગમવું જ જોઇએ. આમાં કુદરત વિરૂદ્ધ કાંઈ થયેલું નથી. વ્હેલું મોડું મરવું એ તો સિદ્ધ છે. સિદ્ધ વસ્તુ માટે નારાજ થવાનું કારણ હોતું નથી. રાજા જે એક માનવી છે તેના હુકમને-તે આપણને ફાયદાવાળો હોય કે નુકસાનવાળો તો પણ તાબે થવું પડે છે તો પછી આતો રાજાનો રાજા અને તેનોય જે રાજા છે તેનો હુકમ કેમ કરી ફરે. મરવામાં પણ કેટ-

લોક તત્વવેત્તા કહે છે કે મીઠું સુખ રહેલું છે. મરવું તે કોનું–દેહનું કે આત્માનું ? આત્મા તો અમર છે. ગીતામાં કહ્યા મુજબ તે તો દેહ રૂપી વસ્ત્ર જીર્ણ થતાં બીજું ધારણ કરે છે. ગરીબ માણસ વસ્ત્રના ચુરેચુરા થઈ જાય ત્યાં સુધી પહેરે છે જ્યારે શ્રીમંત લોકો સારી સ્થિતિમાં હોય છતાં કાઢી નાખી નવું ધારણ કરે છે. આત્માનું પણ તેમજ છે. નટવરસિંહને સરલબા યાદ આવતી ત્યારે તે આવી રીતે તેમજ "ગણ્યું જે પ્યારૂં પ્યારાએ અતિ પ્યારૂં ગણી લેજે." એનું અનુકરણ કરી ધૈર્ય રાખતો. સરલાબાને તો તે ગુરૂ તરીકે માનવા લાગ્યો. "તે જેમ ટૂંક મુદતમાં ચુંટાઈ ગઈ તેમ હું પણ ચૂંટાઈ જઈશ માટે ચેતીને આત્મોન્નતિનો માર્ગ ગ્રહણ કરવો જોઇએ. કાળનું ચક્ર પણ ફરતું ફરતું અવાજ મારે છે કે–'રે ચેત્ય ચેત્ય ઘડિયો ઘટતી જ જાતી !' કાળ ક્યારે આવી પહોંચશે તેની કોઇને ખબર નથી. કર્યું તે કામ. આજ કાલ કરતાં ઘડિયો ઘટતી ચાલી જ જાય છે માટે ચેતવું જોઇએ. સરલા જઇને આ ઉમદું શિક્ષણ–ચેતવણી આપતી ગઈ છે." આવા વિચારે તે આત્મોન્નતિનું કાર્ય કરતો હતો અને સરલબાના વિયોગનો તાપ શાંત કરતો. સરલબાની પછવાડે તેણે સ્ત્રી કેલવણી માટે એક લાખ, અનાથાશ્રમને માટે પચાસ હજાર, ધર્માદા દવાશાળાને માટે પચાસહજાર, ગૌશાળામાં દસ હજાર, ગરાશીઆ વિધવાઓને આશ્રય આપવા માટે પચીસ હજાર, છોકરાઓની કેલવણી માટે પંદર હજાર, ગરીબની કન્યાને પરણાવવા માટે પંદર હજાર, અને બીજાં પરચુરણ લોકોપકારક કાર્યો માટે પાંત્રીસ હજાર–એમ કુલ ત્રણ લાખ રૂપીઆની સખાવત કરી હતી. તે ઉપરાંત સરલબાનું નામ આ જગતમાં અમર રાખવાની ખાતર તેણે નદીનો કેટલોક ઘાટ બંધાવ્યો હતો. તેને સહુકો "સરલ ઘાટ" નાં નામથી ઓળખતું. આ ઘાટ બંધાવવામાં લગભગ

પચાસ કે સાઠ હજાર રૂપીયા ખરચ્યા હતા. આ ઉપરાંત પુસ્તકો છપાવવામાં પણ તેણે હજારો રૂપીઆની સ્હાય આપી હતી. પોતાને ત્યાં મ્હોટો ગ્રંથ સંગ્રહ રાખતો. તેને ત્યાં લગભગ ત્રીસ કે ચાળીસ હજાર રૂપીઆનાં પુસ્તકો હતાં. તે પુસ્તકો જેને જોઇએ તેને વાંચવા દેતો. શહેરની લાયબ્રેરીમાં પણ તેણે મોટી રકમનું ડોનેસન આપ્યું હતું. લોકોની ગણત્રી પ્રમાણે જાગીર ઉપરાંત તેને પચીસ કે ત્રીસ લાખ રૂપીઆની દોલત હતી. તેના વડવા રાજગાદીએથી ભાયાત તરીકે ઉતર્યા તે વખતે અઢળક લક્ષ્મી ખેંચી ગયા હતા. તેની જાગીરમાં બે મોટાં ગાંમ હતાં. તેમની વાર્ષિક ઉપજ લગભગ ચાળીસ હજાર રૂપીઆની હતી. તેને કોઈ ભાઇઓ કે ભાગીઆ નહોતા તેથી તેનો તે એકલોજ સ્વામી હતી. તેનું કુળ લગભગ આઠ કે દશ પેઢી થયાં રાજથી જુદું થયું હતું છતાં આગળની લક્ષ્મી હજુ ટકી રહી હતી અને ઉલટો તેમાં દિનપ્રતિદિન વધારો થતો જતો હતો. સુભાગ્યે કરી તેનાં કુળમાં આજ સુધી એક જ પુત્ર ચાલ્યો આવતો હતો અને તે બધા એવા સદ્‌ગુણી અને ધર્મી થયા હતા કે લક્ષ્મીને પરમ પવિત્ર માની તેનો દુરૂપયોગ કરતા નહોતા. ઘરમાં અધર્મ પેસે ત્યારે જ લક્ષ્મી ચાલવા માંડે છે પરંતુ આ ઘરમાં એમ થયું નહોતું તેથી તે હજુ કાયમ રહી એટલું જ નહિ પરંતુ વધતી જતી હતી. તેના આ શહેરના બંગલાની કિમ્મત ફર્નિચર સહિત ભગભગ બે લાખ રૂપીઆની હતી. પોતે નિર્વંશ જવાનો હતો તેથી બને તેટલાં ધર્માદા કાર્યોમાં જ લક્ષ્મી વાપરતો. સુપાત્રોને અઢળક દાન દેતો. આ બંગલો વડિલો પાર્જિત મિલ્કતનો નહોતો પરંતુ અંગિત મિલ્કતનો હતો. તે જાણતો કે પોતાની હયાતી સુધી તેની પાસેથી લક્ષ્મી ખુટે તેમ નહેતી. વાર્ષિક ઉપજની પણ દરકાર નહોતી. વ્યાજ ખાવાની પણ આકાંક્ષા નહોતી. તેણે તેનાં

એયગામની વસ્તી પાસેથી કાંઈ પણ ન લેવાનો ઠરાવ કર્યો હતો. જરૂર પડે ત્યારે જોઇએ તેટલા પૈસા આપવા પરંતુ તે માગણીના વખતે મફત ભોગવટો ન આપ્યો હોય અને જે વીઘોટી લ્હેણી થાય તેથી વધારે નહિ તેટલી રકમ આપવાની શરતે પોતાની હયાતી સુધી વીઘોટી–કર વિગરે તમામ માફ કરી દીધું હતું. તેની વસ્તી આથી બહુ જ રાજી થઈ તેનું કલ્યાણ ઇચ્છતી.

તેનો બંગલો તેણે બંધાવેલા સરલ ઘાટની નજીકમાં જ હતો. બગિચામાં પવન ચક્કી હતી. તે નદીમાંથી પાણી ખેંચતી પવન ન હોય ત્યારે પાકા પત્થરથી બાંધેલા પ્હોળા અને ઉંડા કુવામાંથી ડંકી પંપ વડે પાણી ખેંચી બગિચાને પાવામાં આવતું; ડંકી પંપ મજુરો ચલાવતા. દેશી રિવાજ મુજબ તેણે ધોરીઆ બનાવ્યા નહોતા પરંતુ ચાર ઇંચ ડાયામીટરના નળ ગોઠવ્યા હતા. તેમાં સ્થળે સ્થળે પાણી કાઢવાના વાલ્વ રાખ્યા હતા. દર વાલ્વે હોઝ પાઇપ (કંતાનના નળ) લગાડી દરેક ઝાડને પાણી પાવામાં આવતું. ઝાડના કયારા સુંદર રીતે પાકા બાંધેલા હતા. બગિચાના મધ્ય ભાગમાં એક સુંદર અષ્ટ કોણ ચોતરફથી ખુલ્લાં મકાનમાં તેની સ્વર્ગસ્થ પ્રિયતમા સરલ કુંવરનું આરસ પહાણનું ઉમદું બાવલું ગોઠવેલું હતું. તેને ફરતો લોખંડનો કઠેરો હતો. આ બગિચો ખરેખર ઇંદ્રના આરામ સમ શોભતો હતો. દરેક ફુલ અને ફળ ઝાડ ઉપરાંત અમસ્તાં દેખાવનાં વૃક્ષો હતાં. આ એકાંત સ્થળે રહીને વાનપ્રસ્થા જીવન ગાળવા સાથે આત્માનું કલ્યાણ કરવામાં રચ્યો પચ્યો રહેતો. પરંતુ તેનામાં જે વિદ્યા હતી તે તેને નિરાંતે રહેવા દેતી નહોતી. તે જોર કરતી તેથી તેને કટાઈ જવા દેવી એ પણ તેને ગમતું નહોતું. એ અરસામાં આદિત્ય નગરમાં આ રાજ પ્રકરણી ખટપટ ઉપડતાં તે તેમાં ભાગ લેવા મંડયો. તેનો ધર્મ “ આત્મવાદ ” હતો. તે

આત્મા પરિપૂર્ણ છે, તેને ફરતાં આચ્છાદનોને લીધે તે પૂર્ણ સ્થિતિમાં વ્યક્ત દેખાતો નથી પરંતુ જ્ઞાનવડે આચ્છાદનો દૂર કરતાં તે પ્રકાશી નીકળે તેવો છે. તે જ ઇશ્વર છે. આ તેની માન્યતા હતી. તેનો મુદ્રા લેખ " Know Thyself " (તું તારા આત્માને ઓળખ) એવો હતો. તેનું વર્તન " **आत्मवत् सर्व भूतानि पश्येत्** " (સર્વ મનુષ્યો–જીવોને તે તું પોતે જ છું એમ જો.) જેવું હતું. તે મનુએ બતાવેલાં દસ લક્ષણો બરાબર પાળવામાં જ ધર્મ ગણતો.

" धृतिः क्षमा दमोऽस्तेयं शौच मिंद्रिय निग्रहः ।
धीर्विद्या सत्यम क्रोधो दशकं धर्म लक्षणं ॥ "

અર્થાત ધીરજ, ક્ષમા, દમન, ચોરી ન કરવી તે, શુચિતા, ઇન્દ્રિય નિગ્રહ, બુદ્ધિ, વિદ્યા, સત્ય અને અક્રોધ એ દશ લક્ષણ ધર્મનાં છે.

નૌત્તમલાલની માફક તે પૂજા પાઠ કરવામાં એકલામાં જ ધર્મ ન માનતો રાજ પ્રકરણી હિલચાલમાં પડયા પછી તેણે કોઈ એક રાજતંત્રના પુરા માહિતગાર વિદ્વાન તંત્રીને રાખી "રાજતંત્ર" એ નામનું વર્તમાન પત્ર મોટી રકમની પુંજી રોકી કાઢયું. પુંજી તેની અને ખર્ચ કાઢતાં લાભ રહે તે તંત્રીનો એવો ઠરાવ હતો. તે સમાજ વાદમાં આગળ પડતો ભાગ લેતો. ગરાશીઆ કોમને તો:ખાસ કરીને બને તેટલી મદદ આપતો. ગરાશીઆમાં પેઠેલા કુસંપ, દ્વેશ, કજીઆ, વ્યસન આદિ દુર્ગુણો વિગરે દૂર કરી સુધારો કરવા અને કોમની ઉન્નતિ કરવામાં તે તન મન ધનથી ભગીરથ પ્રયત્નો કરતો. ગરાશીઆ પોતાની જ કોમના–જ્ઞાતિ બાંધવો છે માટે તેમને રાજાઓએ પુરતી મદદ આપવી એવો આગ્રહ કરતો. રાજતંત્રમાં ગરાશીઆના ઉત્કર્ષ સંબંધી ઘણા લેખો આવતા. આ પત્રનો માલેક થતાં તેને દરેક રાજદ્વારી મહાન પુરૂષોના

પરિચયમાં આવવું પડયું હતું. તેનું શિક્ષણ-લખાણ એવું કડક હતું કે જો તે રાજનો કુટુમ્બી ન હોત તો તેના ઉપર ફોજદારી કેસ થયા વગર ન રહ્યા હોત અને તેને કારાગૃહમાં વાસ કરવો પડયો હોત. તેનું પત્ર પુખ્ત ઉમ્મરનું થતાં પહેલાં શિશુ અવસ્થામાં જ ઉડી ગયું. તેણે રાખેલો તંત્રી તે ખાતે જેટલી રોકડ હતી તે બધી તથા જે વેચાય તેવું હતું તે બધું ગુપ્ત રીતે વેચી પૈસા ઉપાડી પલાયન કરી ગયો. તેણે પુરતો વિશ્વાસઘાત કર્યો. નટવરસિંહે તેના ઉપર એટલો બધો વિશ્વાસ રાખ્યો તેનો તેને પસ્તાવો થયો. આમ થતાં તેણે પત્ર બંધ કર્યું. રાજ સાથે ઝઘડા કરવા એ તેને ગમ્યું નહિ એ પણ બંધ કરવાનું એક કારણ હતું. પત્ર સાથે તેનો સમાજ વાદ પ્રતિ પ્રેમ પણ સુકાઈ ગયો-વિલુપ્ત થયો.

આ નૌત્તમલાલ સાથે પિછાણ થઈ ત્યાં સુધી તે અગાઉની માફક શાંત જીવન જ ગાળતો હતો. તે દરમિયાન તેણે કોઈ પ્રકારની રાજ પ્રકરણી કે બીજી હિલચાલ કરી નહોતી. સભાસદો વારંવાર તેની ખાનગી સલાહ પુછવા જતા. તે સહુને ખુલ્લા દિલથી નિષ્કપટીપણે એક સરખી જ અને સત્ય ભરી સલાહ આપતો. થતું પણ એવું કે સભાસદો તેની સલાહનું અનુકરણ કરવાથી વિજય અને માન મેળવતા.

“ નટુભા સાહેબ, આપની કોમના પ્રતિનિધિ તરીકે આપને સભામાં દાખલ થવામાં કાંઈ વાંધો છે ? મારો વિચાર એ હિલચાલ કરવાનો છે.” એક અન્ય જ્ઞાતિના સભાસદ મિત્રે એક વખત તેને પ્રશ્ન કર્યો.

"શું તમે એમ માનો છો કે એકવાર જે વસ્તુ ઉપરનો પ્રેમ વિલીન થયો હોય તે ફરીને પાછો આવી શકે?" તેણે ધીમેથી જવાબ દીધો.

"યત્નથી કશુંય અસાધ્ય-અપ્રાપ્યસભ્ય નથી. 'દોરડીએ છેદાય છે પાકા દાળા પાણુ' એ મુજબ વધુ વખત આગ્રહ થશે તો આપનાં હૃદયને અસર થયા વગર રહેશે નહિ." મિત્ર બોલ્યો.

"થશે કે કેમ તે આપણે જોશું."



પરિચ્છેદ ૧૩ મો.

તમે નટવરસિંહજીના આપમત, સ્વચ્છંદીપણાં અને પ્રમાણ વિરૂદ્ધતા માટે તેમની હમ્મેશાં નિંદા કરો છો તેમ છતાં પણ તેમને એટલા બધા શ્યા માટે ચાહો છો ?" કમળાએ એક સમયે તેના પતિને પ્રશ્ન કર્યો.

"માનવ જાતિના પુત્રો પૈકી નટુભા એક અતિશય આપમતીઆ, સ્વચ્છંદી અને પ્રમાણ વિરૂદ્ધ છે," નૌત્તમલાલ મોટા સાદે તૂટક રીતે બોલ્યો. "તે અસંખ્ય અને ત્રાસોત્પાદક અનુભવ કરે છે પરંતુ તેથી કાંઈ શિખતા નથી. તેમને ઘણી ઠોકરો વાગેલી છે છતાં પણ તે જોવાને તેવા બેદરકાર, તર્કશાસ્ત્રના નિયમોથી ઉલટા, હમ્મેશાં છોકરવાદીવાળા અને shadow–hunter (ઓળા પાછળ ભ્રમણ કરનાર) જ રહ્યા છે. હું તેમના ઉપર શ્યા માટે આટલો બધી ચાહના–સ્નેહ ધરાવું છું તે તું જાણવા માગે છે તો સાંભળ. તેનું કારણ માત્ર એજ છે કે તેમનું વર્તન શુદ્ધ અને સ્ફાટિક મણી સમાન નિષ્કલંક–ખોડ વગરનું છે. તે એલ. એલ. બી. થયા છે છતાં નબળા છે; તો પણ તેમના મગજની કલ્પિત વાતોમાં ખુશકારક માન્યતા ધરાવનાર બુદ્ધિશાળી પુરૂષ છે. વળી તેમનામાં વફાદારી, અનુકમ્પા, હૃદય કોમળતા અને સ્વાર્પણની બીજામાં ન હોઈ શકે તેવી અપરિમિત શક્તિ રહેલી છે. આવતો કાલ્યની રાત્રિ તે આપણી સાથે ગાળવાના છે; તેમની યોગ્ય સુશ્રુષાની સર્વ સામગ્રી તું તૈયાર કરી રાખજે, વલ્લભે."

નટવરસિંહ રાજદ્વારી પુરૂષ હતો તેથી તેના સાથે સંબંધ ધરાવવાથી નૌત્તમલાલને દરેક રીતે ફાયદા થાય તેમ હતા. પોતાની રીત ભાતને અનુકુળ ન થાય તેવા સાથે નટવરસિંહ વધુ પરિચયમાં ઉતરતો નહિ. નટવરસિંહ જો કે હમ્મેશાં શાંત હતો છતાં ડોળ વગરનો તો નહોતો. ક્ષત્રિયમાં એટલી રાજસી પ્રકૃતિ હોય તે સ્વાભાવિક છે. નૌત્તમલાલ ગમે તેવો વિદ્યાવાળો હતો પરંતુ સમાજમાં બહુ રહેલો ન હોવાથી તેની રહેણી કરણીમાં અકડાઈ અને રોંચા જેવા સ્વભાવનું મિશ્રણ હતું તે હવે નટવરસિંહની દોસ્તીથી ઉડી ગયું. તેની વર્તણૂંકમાં હવે ઘણો ફેરફાર થઈ ગયો. આજ સુધી નૌત્તમલાલમાં તેની સ્થિતિનાં માણસોમાં હોય છે તેવી પોતાના સરખાઓ સાથે ઉચ્ચ પ્રકારનો ઉપહાસ કરવાની—મજાક ઉડાવવાની ટેવ નહોતી. એવી બાબતોથી તે છેક અજ્ઞાત હતો. તેની વર્તણૂંક કેવળ સીધી જ હતી. નટવરસિંહ ઉંચા કદનો પરંતુ સંગીન બાંધાવાળો હતો. સંગીન બાંધાવાળો હોય તેમાં શું આશ્ચર્ય ? તે તેની પત્નીના ચિર વિયોગથી બ્રહ્મચર્ય પાળતો હતો. વર્તન પણ ઉમદું અને પવિત્ર હતું. ક્ષત્રિય હોવાથી તે વખતો વખત આધુનિક મીલીટરી પોશાક—બ્રીચીઝ અને કોટ પહેરતો; સાફો તો મુળથી જ બાંધતો. તેને પાઘડી બાંધતાં આવડતી નહોતી. પાસે હમ્મેશાં રીવોલ્વર રાખતો. આવા બ્રીચીઝ, કોટ અને સાફાના પોશાકમાં હોય ત્યારે તે નૌત્તમલાલની મશ્કરી કરતો અને કહે તો કે "તમે લોકો નામરદ ગણાઓ છો. શસ્ત્રોથી તમે હજાર ગાઉ દૂર જાઓ. કલમ એ જ તમારૂં શસ્ત્ર. ઈશ્વરે વખત પણ તમારાં શસ્ત્રનો લાવી મૂકયો છે. અમે લોકો પણ હવે બેય પ્રકારનાં શસ્ત્રો વાપરતાં શિખતા જઇએ છીએ. વિદ્યા અને શૌર્ય એ તો અમારાં કુદરતી લક્ષણ છે. તે વગરનો ક્ષત્રિય ગણાય જ નહિ." નૌત્તમલાલ પણ હવે આવી બાબ-

તોથી વાકેફ થઈ ગયો હતો. નટવરસિંહના આ ઉપહાસના જવાબમાં તે ખડખડ હસતો અને કહેતો–" તમારી મરદાઈ તમારે ત્યાં જ રાખો જો મરદ હોતો તમારી જે અત્યારે અવનતિ આવી પડી છે તે આવત નહિ. હાલ તો બધા કેવળ નિરક્ષર, મૂર્ખ, દ્વેષી, કુસંપી અને વ્યસન ગ્રસ્ત થયા છે. દારિદ્રય બધું તમારી જ્ઞાતિમાં જ એકઠું થયું છે. રાત પડતાં ડેલીઓ બંધ કરી સુઈ જાઓ છો. તમારા કરતાં તો અમે સારા છીએ કે એમ કરતા નથી. ભલે તલવાર બંદુક વાપરતાં ન આવડે તેથી શું થઈ ગયું. અમે જાત મ્હેનતથી કામ કરી લઇએ પરંતુ તમે તો બાપુ થયા એટલે બે જણા હાથ પકડે ત્યારે પેશાબ કરવા પણ જઈ શકો. આવી સ્થિતિ છે ત્યાં તમે શું હથિયાર વાપરી શકવાના હતા! અલબત્ત મને તમારી જ્ઞાતિ પ્રતિ ઘણી જ લાગણી છે તમારી જ્ઞાતિની આવી વિષમ સ્થિતિ જોઈ મને બહુ જ દિલગીરી થાય છે પરંતુ તમને તમારાંની પરવા નહિ તો પછી અમને શાની હોય? તમે જ તમારાંને ધુતકારી કાઢો છો, અંદરો અંદર કલહવાદમાં ઉતરો છો, માત્ર થોડીક જમીન કે પૈસાની ખાતર ખૂન કરતાં પણ ડરતા નથી, પોતાની સ્થિતિ સુધારવાને યત્ન કરતા નથી, દિનપ્રતિદિન કરજ કરી એશ આરામ ભોગવો છો તો પછી બીજાં તમારો શો સારો વિચાર લાવે? રાજા તમારા પોતાના છે પરંતુ તેમની આગળ તમારી ગણના નથી થતી અને અમારી જ થાય છે. આ બધી બાબતોના સુધારા કરો ત્યારે તમે ખરા. ત્યારે જ તમારી જ્ઞાતિ જે હાલ અંધકારમાં છે તે પ્રકાશમાં આવશે." નટવરસિંહને આથી બહુ લાગી આવતું પરંતુ તે બીચારો એકલો શું કરે? તે તો તેનાથી બનતું કર્યો જતો હતો. નૌત્તમલાલ આ સિવાય બીજા પણ સખ્ત શબ્દો વડે તેની જ્ઞાતિની મશ્કરી કરતો પરંતુ તે બેઉ વચ્ચે મિત્રાચારી–સ્નેહ હોવાથી

તેને કાંઈ માઠું લાગી આવતું નહિ. નટવરસિંહને બળિષ્ટ, તેજવાન અને તંદુરસ્ત જોઈ નૌત્તમલાલના મનમાં પોતાની જ્ઞાતિ પ્રતિ તિરસ્કાર છુટતો. તે કહેતો કે પુરૂષનામાં ચારે વર્ણના ગુણ હોવા જોઇએ. તો જ તે પરિપૂર્ણ ગણાય. એ ગુણ પ્રસંગોપાત બહુ જ કામના થઈ પડે. નટવરસિંહમાં લગભગ ચારે વર્ણના ગુણ હતા; તેમાં ક્ષત્રિયના ગુણ પ્રાધાન્ય ભોગવતા હતા. સ્વજાતિ ગુણ પ્રાધાન્ય ભોગવે એ તો સ્વાભાવિક છે પરંતુ માણસનામાં દરેક ગુણ હોવા જોઇએ. નૌત્તમલાલની બકરી જેવી જ્ઞાતિના નરમ ગુણનાં પરિણામે તે તેની શક્તિ માત્ર કલમમાં જ બતાવી શકતો અને તલવારમાં બતાવી શકતો નહોતો તેથી દિલગીર થતો; તો પણ તે રાજી થતો કે–" તલવાર વાળામાં મગજ શક્તિ નથી હોતી તે મારામાં છે." તેના તે વિચારના ઉત્તરમાં નટવરસિંહ કહેતો કે અંગ શક્તિ સિવાય એકલી મગજ શક્તિ શા કામની ? બેય હોય તો કેવું કામ કરે ? પોતાનામાં બેય હોવાથી તે મગરૂબ હતો બેય વિનાનો દેહ માત્ર ઢરડા કરવા જેવો–આયૂષ પુરૂં કરવા જેવો છે. નૌત્તમલાલ તે માન્ય રાખતો. નટવરસિંહ તેની જાતિના સ્વભાવ પ્રમાણે કડક નહોતાં સભ્ય અને નમ્ર હતો. તે શું વિદ્યાનું પરિણામ તો નહિ હોય કે ? નૌત્તમલાલ વખતો વખત તેની બીજી રીતે પણ મજાક ઉડાવતો. તે કહેતોઃ" આપણા પ્રિય મિત્ર નટુભા સાહેબની ઢબ ગૌરવવાળી છે. તેમનુ માથું કેવું મૃદુતા સાથે નમે છે; સ્વર કેવો માધુર્ય ભર્યો છે; તે કેવા ઉત્સુક અને કંટાળા વગરના છે; ઉશ્કેરાઈ જાય છતાં ઘોંઘાટ ન કરી મૂકતાં શાંત રહે છે. ચાલવાનો ચટકો પણ કેવો સુંદર છે; સ્મિત ચપળ અને હાથનો લટકો કેવો ભપકાદાર છે. ટાપટીપીઆ પણ કેવા છે–કપડાંની જાત અને સીલાઈ, બૂટ, મોજાં, ફટકા કેવા ભપકાદાર છે. આ બધાં તેમની અસર કર્યા વગર રહેતાં નથી."

નટવરસિંહનો આવવાનો વખત થતાં તે આવી પહોંચ્યો. પ્રવેશ કરતાં જ નૌત્તમલાલ તેને ખરા ભાવ-પુરા સ્નેહથી આધુનિક ઢબમાં હસ્તાલિંગન કરી મળ્યો. બેય મિત્રો દિવાનખાનામાં જઈ ખુરશીઓ પર બેઠા. નટવરસિંહ વાનપ્રસ્થાશ્રમ ગાળતો હોવાથી અને તેની ધાર્મિક વૃત્તિ પણ ઉચ્ચ હોવાથી નૌત્તમલાલ કોઈ કોઈવાર તેને સેઈન્ટ× નટવરસિંહ કહીને બોલાવતો. નટવરસિંહનું સમગ્ર જીવન અત્યુત્તમ હતું પૈસા પુષ્કળ હોવાથી તેને ધનોપાર્જન કરવાની અપેક્ષા નહોતી. તે જે કામ કરતો તે શુદ્ધ બુદ્ધિ પૂર્વક પરાર્થે તરીકે કરતો. દરેક મનુષ્યનાં સારાંમાં ભાગ લેતો; અભદ્રથી દૂર રહેતો. એકાંત જીવનને અંગે તેનામાં વાંચવાનો શોખ વધતાં તેની વિચાર શક્તિ ખીલી નીકળી હતી; અગાઉની માફક નહોતી. હવે તો તે દરેક બાબતનો ઉંડો-ઝીણો વિચાર કરી જોતો.

કમળા તેની ઓઝલ કે મર્યાદ રાખતી નહિ. તે તેની સાથે છુટથી બોલતી ચાલતી અને બેસતી ઉઠતી. નૌત્તમલાલની ગેરહાજરીમાં પણ તેઓ પુરતી છુટથી બેસી વાતો કરતાં. મુંબઈમાં રહેવાથી અને ઉચ્ચ જ્ઞાતિના મિત્રોના સમ્પર્કથી નટવરસિંહમાં તેની પોતાની જ્ઞાતિના પ્રથાના કરતાં અન્ય સુધરેલી ઉચ્ચ જ્ઞાતિની પ્રથાના સંસ્કાર વધારે પડયા હતા. તે કમળાને કમળા બ્હેન કહી બોલાવતો. કમળા તેને પોતાની જ્ઞાતિમાં બોલાવાય તેમ નટુભાઈ કહીને બોલાવતી. નટવરસિંહની જ્ઞાતિમાં ટુંકા નામથી બોલાવવો હોય તો નટુભા કે નટુભા ભાઈ કહીને બોલાવાય. કમળા નટુભા ભાઇને બદલે નટુભાઈ કહી બોલાવતી તે તેને વધારે પસંદ હતું. કમળાને તે પૂર્ણ સભ્યતા અને વિવેકવાળો માલૂમ

× Saint=સાધુ પુરૂષ. પુરૂષને આ પદવી ઘણી જ ઉત્તમ છે.

પડયો હતો તો પણ કમળાના જોવામાં આવતું કે તેના ઉપર નટવરસિંહ બહુ ભાવ કે મમતા દર્શાવતો નહોતો. એક બેવાર તો કમળાને લાગ્યું કે નૌત્તમલાલ સ્ત્રી વાળો હતો તે નટવરસિંહને ગમતું નહોતું અને કંટાળા વાળું લાગતું. નટવરસિંહ ઉપર પોતાના વિશે અસર કરાવવાનો શ્રમ કમળાએ વ્હોરી લીધો નહોતો. ગજેન્દ્ર અને ચંદ્રિકાના બનાવ પછી બીજા આગળ પોતાના સ્વતંત્ર વિચાર વ્યક્ત કરવાનું કમળાએ બિલકૂલ છોડી દીધું હતું. નટવરસિંહની દૃષ્ટિમાં કમળા ઉત્તમ ગૃહ વ્યવસ્થા રાખવાવાળી, સુઘડતા અને સ્વચ્છતા વાળી, ચપળ, ચાલાક, બુદ્ધિશીળ, ઉમદા નમ્ર સ્વભાવ અને આચાર વિચારવાળી, આશાંકિત, વિવેક અને વિનય શીળ, પવિત્ર, પ્રમાણિક, તેના તથા તેના પાતના મિત્રોની ઉત્તમ સુશ્રુષા કરવા માટે સદા તત્પર રહેનારી અને ચિંતા રાખનારી અને સર્વાંશે ઉત્તમ અર્ધાંગનાના આબેહુબ આદર્શવાળી જણાઈ ચુકી હતી. તે સ્વતંત્ર વિચારવાળી અને બહુ વિદ્વાન હતી એમ તે હજુ પ્રસંગના અભાવે જાણી શક્યો નહોતો. માત્ર તે ઉત્તમ પ્રકારના લેખો પણ વાંચીને સમજી શકતી એટલું જાણવા પામ્યો હતો. ગજેન્દ્ર અને ચંદ્રિકાની માફક તેમના વચ્ચે વિવેચન ચલાવવાનો સમય હજુ કોઇવાર આવ્યો નહોતો.

નૌત્તમલાલ અને નટવરસિંહ વચ્ચેની મૈત્રીય શૃંખલા દિનપ્રતિદિન વધુ સજડ બનતી જતી હતી. તે બેય મિત્રો હવે રાજદ્વારી બન્યા હતા. રાજદ્વારી બાબતો ઉપર તેઓ વારંવાર દીર્ઘ વિવેચનો ચલાવતા. તેને પરિણામે નૌત્તમલાલે એક “રાજા અને પ્રજાના રાજકીય અધિકાર” એ નામનું નાનું પુસ્તક લખી બહાર પાડયું હતું. તેણે નટવરસિંહે અગાઉ “પરાગ” માં પુછેલા પ્રશ્નોના જવાબ પણ લખીને તૈયાર કર્યા હતા. તેનું પણ સારૂં પુસ્તક થયું હતું. આપણે જાણીએ

ણીએ કે તે મુળથી જ પ્રજાની સ્વતંત્ર સત્તાના મતથી વિરૂદ્ધ હતો તેથી તેણે આ હમણાં બહાર પાડેલાં પુસ્તકમાં પ્રજાની સત્તા સામે સંગીન અને શાસ્ત્રીય આધાર વાળા વિચાર દર્શાવી ખુદ રાજને જ સ્વતંત્ર સત્તા હોવી જોઇએ એવું પ્રતિપાદન કર્યું હતું. વળી તેણે એ પણ કહ્યું હતું કે રાજા ઘોર અન્યાય કરે તો પ્રજાએ રાજાની સામે ન થતાં તેને સમજાવવો. રાજનાં કોઈ કાર્યથી પ્રજા નારાજ થાય એ રાજની પણ શોભા નહિ પરંતુ પ્રજાએ રાજાની સામે થવું એ અધર્મ છે. આ પુસ્તક વિશે પણ બે મત હતા—કેટલાક વખાણતા અને કેટલાક ધિઃક્કારતા તદપિ બેઉ પક્ષના વાચકોએ તેને ખરીદ કર્યું હતું. આ પુસ્તક પણ આગલાંની માફક મોટા જથ્થામાં ખપી ગયું હતું. આની પ્રથમ થી જ પાંચ હજાર નકલો કરી હતી અને કિમત માત્ર એક રૂપીઓ જ રાખી હતી. નૌત્તમલાલના વિચાર એવા શાસ્ત્રોક્ત અને સંગીન હતા કે બેય પક્ષમાં તેની તારીફ થતી. જેની હિમાયત કરી હતી તે પક્ષ કરે તેમાં તો કાંઈ નવાઈ નહિ પરંતુ સામા પક્ષવાળા પણ તેને માન્ય રાખતા. માત્ર તે પ્રમાણે “ મારૂં ઉંહું ” ન મૂકવાની ખાતર ન વર્તતા એટલું જ. નૌત્તમલાલ જે આ બધું લખતો તે પોતાનાં—આદિત્ય નગરનાં રાજ્ય વિશે જ કરતો. તદપિ બીજાં રાજ્યોમાં અને સરકારી અમલદારો તથા પ્રજામાં તેનાં પુસ્તકો માન પામ્યાં હતાં. સરકારી અમલદારો કોઈ બાબતો ઉપર ખાનગી રીતે નૌત્તમલાલના વિચાર પણ મંગાવતા. તે તેમને ખુશીથી આપતો.

નટવરસિંહ તેને આ એકાંત વાસ તજી સારાં કુટુમ્બોના લતામાં રહેવા જવા કહેતો. નૌત્તમલાલને તેમ કરવું ગમતું નહોતું. તે કહેતો કેઃ—“ વસતિના ખીચબામાં રહેવાથી તંદુરસ્તીને જફા પહોંચે છે તેની સાથે પુસ્તકો લખવાને જે ધીરજ અને શાંતિની જરૂર તે મળતી નથી.

લેખકથી આજુબાજુના ઘોંઘાટમાં કામ કરી શકાય નહિ. નકામા માણસો આવે જાય તે પણ મને રૂચતું નથી. લેખકને સર્વદા એકાંત વાસ જ પસંદ હોય છે. સમાનતા વાળા મિત્રો આવે ત્યારે તો આનંદ આવે પરંતુ નકામા આવીને બેસે અને તેમની ટેવ મુજબ કુથલી કે ગપ્પાં સપ્પાં મારે તે મને બિલકૂલ ગમે જ નહિ. લેખકો હમ્મેશાં આપ મતલબીઆ-સ્વાર્થી જ હોય છે તેમ હું હોઉં તેમાં કાંઈ નવાઈ નથી. નકામી અને અપ્રાસંગિક વાતો કરવામાં કાળ ગાળવો એ આપણને પોસાય નહિ." આવાં કારણોથી તે આ પરૂં તજી ગામમાં જવાની ના પાડતો. નટવરસિંહે પણ તે કબૂલ રાખ્યું.

નૌત્તમલાલ નટવરસિંહના પ્રશ્નોના જવાબનું પુસ્તક બહાર પાડે તે પહેલાં તેને એક આવરણ આવી પડયું. આથી સાહિત્ય પ્રવૃત્તિમાં પણ અવરોધ થયો. આ અંતરાય તેની સાસુના સ્વર્ગવાસથી પડયો.



પરિચ્છેદ ૧૪ મો.

કમળાની મા જો કે તેનાં ભાગ્યની ફરિયાદ કરવાં હજુ સુધી બંધ પડી નહોતી છતાં શરીરે તો જેમની તેમ અને તંદુરસ્ત હતી. કેટલાક વખતથી તેને હૃદય વ્યાધિ લાગુ પડયો હતો. તેને પરિણામે તે ત્વરિત ગતિમાં—અલ્પ સમયમાં જ નિર્બળ થતી ગઈ. વ્યાધિએ ગંભિર રૂપ પકડવાથી જીવવાની આશા ન રહેતાં તેણે નૌત્તમલાલ ઉપર કમળાને વગર ઢીલે મોકલી આપવાનો પત્ર લખાવી મોકલ્યો. તે ઉપરથી તાબડતોબ તૈયાર થઈ કમળા તેના તેજ દહાડે તેનાં પીઅર ઉપડી ગઈ.

તે વખતસર પહોંચી તો ખરી. પત્ર લખ્યા પછી વ્યાધિએ ઉગ્રતર રૂપ પકડયું હતું. કમળાને જોતાં જ મણીકુંવરે તેને ઓળખી કાઢી. મણીકુંવરનો કમળા ઉપર એટલો બધો સ્નેહ હતો—પરણ્યા પછી તો વધુ થયો હતો—કે તે પથારીમાંથી બેઠી થઈ શકતી નહોતી છતાં કમળાનું નામ સાંભળી તેનામાં વિદ્યુત્ સમાન જોર આવ્યું અને બેઠી થઈ ગઈ. તેણે કમળાનો કુમળો હાથ કપાળે લગાડી પછી ઉન્હા ઓષ્ટે ખૂબ ચુમ્યો. એટલું કરીને તે તુરત જ પડી ગઈ અને "પ્રભુ તારૂં રક્ષણ કરે" એવો ઉદ્ગાર કાઢી છેક અવાચક થઈ ગઈ. થોડીવાર લગી તો તે કમળાના સામું ટગરટગર તાકી રહી. બોલવાનો યત્ન કરતી પણ ઓષ્ટ ઉઘડતા નહોતા. આ પ્રમાણે થોડીવાર કરી તેનાં નેત્ર મીંચાયાં અને તે પંચત્વને પામી ગઈ.

થોડીવાર પછી તપાસતાં આત્મા ચાલ્યો ગયેલો માલૂમ પડયો. કમળાનાં હૃદય ઉપર આથી ભારે ધક્કો પહોંચ્યો. સરિતાનાં પુરની માફક તેની આંખ્યોમાં અશ્રુનાં પુર આવ્યાં. તે બેચેન બની ગઈ. લગ્નથી પડેલા માતાના વિયોગનો વિચાર આવતાં તેને ઘણું દુઃખ થયું. તે પોતાની માને સાથે રાખવા નૌત્તમલાલને રોજ આગ્રહ કરતી. ખ્યાતિ પામ્યા પછી તેડાવી લેશું એવું નૌત્તમલાલે મહા મહેનતનાં ફળે વચન આપ્યું હતું. તેમ થતાં પહેલાં તો તે બીચારી ચાલી ગઈ અને કમળાને ઇચ્છિત પ્રસંગ ન મળ્યો તેથી તે બહુ જ ખેદ પામી. કમળાને પોતાની મા આવી રીતે એકલી અને પોતાની ચાકરી સેવા પામ્યા વગર મરી ગઈ તેથી બહુજ ખોટું લાગ્યું. તેની માની તે દયા ખાવા લાગી. મણી કમળા નૌત્તમલાલને પરણે તેથી વિરૂદ્ધ હતી છતાં કમળાએ તેને આગ્રહ કરી હા પડાવી અને પોતાની એકલીનીજ મરજીથી પરણી. મણી તેના વિચાર પ્રમાણે પોતાની ના ક્ષન્તવ્ય હોવાનું માનતી. કમળા પણ હવે તે માન્યતામાં ભાગ લેવા લાગી. મા બાપની સેવા એ એક મોટું પુણ્ય છે. તે પુણ્ય કમળાથી ન કરી શકાયું તેથી તેને સંતાપ ઉપજ્યો, તે મન સાથે વાત કરવા લાગી. “મારી બાની મરજી વિરૂદ્ધ મેં આ લગ્ન કર્યું તે શું ડહાપણનું કામ છે? લગ્ન પછી માને કોઈ દિવસ મળી કે જોઈ નહિ તે ઠીક કર્યું કહેવાય? શું હું પ્રસંગોપાત આવી શકું તેમ નહોતી? મારા પતિએ મારી માનો આવી રીતે તિરસ્કાર કર્યો અને મેં તેમાં ભાગ લીધો એ મેં મને પોતાનેજ નુકસાન નથી કર્યું? પતિની આજ્ઞા પાળવાની ખાતર મેં આ બધું કર્યું. જો મેં આગ્રહ કર્યો—હઠ પકડી હોત તો મારી માને મળવા આવવા દેવામાં તે ના પાડી શકત નહિ. હિંદુ પત્નીએ પતિની મરજી પ્રમાણે જ વર્તવું જોઇએ અને તેમ

કરી હું તેમને તાબે રહી છું. તેમણે પણ મારી તાબેદારીનો શું અવળો અર્થ લીધો નથી? મારાં વશ વર્તીપણાંનો તેમણે શું દુરૂપયોગ નથી કર્યો કે ગેરલાભ નથી લીધો? તેમની સાથે લગ્ન કરવાથી મને થયેલી ના ઉમેદીનાં કારણો પૈકી આ એક છે." કમળાને આ બાબતના જેમ જેમ વધુ વિચાર આવવા લાગ્યા તેમ તેમ તે તેની માની મરજી વિરૂદ્ધ વર્તન રાખવાની આ શિક્ષા છે એમ દૃઢતઃ માનવા લાગી.

કમળા શરમ અને શોકથી ભરેલાં હૃદય સાથે તેનાં પીઅરમાં ફરવા લાગી. તે જેમ જેમ આજુબાજુની વસ્તુઓ, ઘર, કુટુમ્બી, સગાં વ્હાલાં, જ્ઞાતિજનાં, ઓળખીતાં વિગેરેને વધુ વધુ જોતી ગઇ તેમ તેમ તેની ઉદાસી-નિરાનંદીપણામાં વધારો થવા લાગ્યો. ઘરમાં તેની મા જે દેવો રાખી પૂજા કરતી તેમણે તેનું લક્ષ વધુ રોકયું. નૌત્તમલાલના બોધથી તે મૂર્તિ પૂજા ન કરતી. આ પત્થર કે ધાતુની દેવોની મૂર્તિયો જોતી ત્યારે તેને થતું કે નૌત્તમલાલનો સંગ થયા અગાઉ તે તેમની પૂજા પુરા ભાવથી કરતી પરંતુ જ્યારથી થયો ત્યારથી બંધ પડી ગઈ હતી. એ દેવોજ રૂઠયા હોવા જોઇએ! પતિનું પણ વકી રાખ્યા જેટલું સુખ મળતું નથી; તેમજ માતાનો સદા વિયોગ જ રહ્યો અને તેની સુશ્રુષા કરવાનું પુણ્ય પણ થઈ શકયું નહિ. આ બધું પૂજા મૂકી દેવાનું પરિણામ છે એવો વિચાર લાવી તે પસ્તાવા લાગી.

કમળાએ પીઅરમાં સહુની સાથે પોતાની ઓળખાણ તાજી કરી. તે બધાં તેના પ્રત્યે માયા, મર્યાદા અને ખાતર રાખતાં તેથી તે ખુશી થતી. તેની માની કાણે-લોકીકે અથવા ખરખરે આવનારાં બધાં તેને તેની જીવન હકીકત પુછતાં. સહુ તેને હવે એ ગામમાં આવી રહેવા આગ્રહ કરતાં. તે બધાને કહેતી કે તેનો પતિ લેખકનો ધંધો ચલા-

વતો હોવાથી રાજધાનીનું શહેર છોડી અહીં રહેવા આવવું અશક્ય હતું. એ સાંભળી આગ્રહ કરનારાં દિલગીર થતાં, " માની હયાતીમાં ન આવી તે ગેરહાજરીમાં હવે શું આવવાની હતી ! " બધાંની દિલગીરી ખરા ભાવથી અને કમળાનું હિત ઇચ્છવા તરીકેની હતી. માતાની ખરાં દિલની મરજીની ગેરહાજરી છતાં લગ્ન કરવાથી આવો અંતર આવી પડયો હતો. એવો પણ વખત હતો કે કમળા આ માતૃગૃહ પ્રતિ તિરસ્કાર વર્ષાવતી. પરંતુ હવે તેને તેનો અર્થ જુદોજ થઈ પડયો હતો.

નૌત્તમલાલને પણ આવા પ્રસંગે આવ્યા વગર ન ચાલે. દુનિયામાં ટીકા થાય તથા વ્યવહાર દૃષ્ટિમાં ખોટું દેખાય તેથી આવ્યો. તેનાં સસરામાં તેને ધાર્યા કરતાં વધુ માન મળ્યું. તેણે શોક ધારણ કરવાની ખાતર તમામ વસ્ત્ર સફેદ રાખ્યાં હતાં. માણસોને આ પોશાકની સારી અસર થઇ, સહુ તેની આગતા સ્વાગતા કરતું. તેનાં પુસ્તકોને લીધે તેની ખ્યાતિ આ ગામમાં પ્રકાસ્યા વગર રહી નહોતી. બધા તેને મહાન પુરૂષ તરીકે લેખવા લાગ્યા હતા. તેની જગ્યાએ આવેલા નવા હેડમાસ્તર સાથે તેને મિત્રાચારી થઈ. બેય જણા એક બીજાને ત્યાં જતા આવતા અને કેલવણી સંબંધી વિચાર અને વિવેચન વિનિમય કરી આનંદ કરતા. તેનાં એ પુસ્તકોની એકેકી નકલ હાઇસ્કૂલની લાયબ્રેરીને ભેટ આપી તેની યાદગીરી રાખવા હેડ માસ્તરે માગણી કરી જે નૌત્તમલાલે ઘણી જ ખુશી પૂર્વક સ્વીકારી.

એક વાર કમળા અને નૌત્તમલાલ મણી કુંવરની વાત કરતાં બેઠાં હતાં.

" તારી માના સંબંધમાં, વ્હાલી," નૌત્તમલાલે બોલવાની શરૂ-

આત કરી, "હવે મને ભાન થાય છે કે હું તેમના પ્રત્યે ગેરવ્યાજબી રીતે સખ્ત હતો. તેમણે તારા સંબંધી તેમની ફરજ બરાબર અદા કરી હતી. તને જન્મ દીધો, પાળી પોષી મોટી કરી–તેમાં કેટલાં કષ્ટ વેઠયાં હશે?–ભણાવી ગણાવી અને તને એક ઉત્તમ ગૃહિણી તરીકે તૈયાર કરી. પુત્રીને આવી સ્થિતિમાં લાવવી એ પોતાનાં સુખને માટે નહિ પરંતુ બીજાનાં–જામાત્રનાં સુખને માટે છે તેથી તે એક પ્રકારનો પરોપકાર છે. તે જુના મતવાળાં હતાં અને પોતાને ન ગમે તેમાં શ્રદ્ધા ન રાખતાં તો પણ ઘણાંજ સારાં સ્ત્રી હતાં. પોતાને ન ગમે તેમાં આસ્થા ન હોય એ તો સ્વાભાવિક છે. મારે તેમની ઉમ્મર, સ્વભાવ અને તારા ઉપરના બેહદ સ્નેહનો વિચાર કરવો જોઇતો હતો. ન કર્યો તે મારી મોટી ભૂલ થઈ છે. હવે મને પસ્તાવો થાય છે. હું હવે અગાઉ કરતાં તેમના વિશે ઘણો સારો વિચાર ધરાવું છું. આપણી અત્યારની–આ વાત જો તે સાંભળે તો હું ધારૂં છું કે તેથી તેમને શાંતિ થાય અને મને માફી આપ્યા વગર રહે નહિ."

નૌત્તમલાલના તેની સાસુ વિશે આ અભિપ્રાયમાં સત્ય–ખરો હૃદયભાવ સમાએલો હતો. તે મરી ગઈ પરંતુ તેને ફાયદો કરતી ગઈ હતી. તેની બધી મિલ્કત વારસામાં કમળાને મળી અને તેને મળી તે નૌત્તમલાલનેજ મળી. કમળાની મા પાસે સારો પૈસો હતો. આશરે સાત આઠ હજાર રૂપીઆની કિમ્મતના દાગીના, આશરે બે હજાર રૂપીઆની કિમ્મતનું રાચરચીલું, પાંચ હજારની કિમ્મતનાં ઘર અને લગભગ પાંચ હજાર રૂપીઆ રોકડા નીકળ્યા હતા. પુસ્તકોની જબરી ખપત થતાં તેને જો કે પાંચ છ હજાર રૂપીઆની પ્રાપ્તિ થઈ હતી. પોતાના પૈસા પણ બધા વપરાઈ ગયા નહોતા અને આટલી આ મ-

ફકત વધી. લગભગ એક માસ સુધી ત્યાં રહ્યા અને આખા ગામની પ્રીતિ અને માન મેળવ્યું. કમળાની મા પછવાડે તેમણે ધાર્મિક ક્રિયાઓ ઘણી સારી કરી. જ્ઞાતિ ભોજનમાં પણ ઘણી સારી આબરૂ મેળવી. “ડોશી ભાગ્યશાળી કે તેમને આવી દિકરી અને આવા જમાઈ છે.” એમ સહુ કહેવા લાગ્યું. તમામ સામાન સંભાળ પૂ-ર્વક પેક કરી તે આદિત્ય નગર મોકલી દીધો. ઘર સારા ભાડુતને ભાડે આપ્યું અને તે પોતાને ઘેર આખાં ગામની આશિષો સાથે ઉપડી ગયાં.

હાલનાં ન્હાનકડાં ઘરમાં કમળાનાં પીઅરથી આવેલો સામાન ગો-ઠવી શકાય તેમ નહોતું. કારણ કે ઘરના પ્રમાણમાં તેમનો પોતાનો પણ સામાન હતો. કમળાનો પિતા સુધરેલો હોવાથી તેણે સારૂં ફર્નિ-ચર એકઠું કર્યું હતું. કમળાની માએ તે બિલકૂલ વેચી નાખવાનો ઇ-રાદો કર્યો નહોતો. જતે દહાડે કમળાને કામ આવશે એમ ધારી સારી રીતે સાચવી રાખ્યું હતું. કેવી ભલી ડોશી ? તેમજ તેને ભૂખ નહોતી કે સામાન વેચી ઉદર પોષણ કરવાનું હોય. નૌત્તમલાલની પિછાણુ હવે શહેરમાં ઘણી જ ફેલાઈ ગઈ હતી. તેને ત્યાં હમ્મેશા ઘણા પુરૂષો બે-સવા ઉઠવા આવતા. તેમજ તેની સામાજીક સ્થિતિ સારી થતાં કમળા પાસે સ્ત્રીઓ પણ બેસવા આવતી. આથી તેમને સંકડાશ જણાવા લાગી અને તેને નવું ઘર લેવાની ફરજ પડી. નટવરસિંહની સાથે હવે મિ-ત્રાચારી ઘણીજ ગાઢ થઈ ગઈ હતી તેથી તેને ત્યાં પ્રસંગોપાત કમ-ળાસહિત તે જતો. નટવરસિંહનો બંગલો નજીક પડે એવી રીતે તેણે ઘર શોધી કાઢયું.

આ નવું ઘર વિશાળ અને ભપકાદાર હતું. તેમાં પોતાનું તથા

માને ત્યાંથી આવેલું ફર્નિચર બરાબર ગોઠવવાની કમળાને છુટ મળી. આધુનિક સુધારાનાં ફર્નિચર ઉપરાંત દેશી ફર્નિચર–વાસણ કુસણ, પટારા–પેટીઓ વિગરે ઘણું આવ્યું હતું. સારાં સારાં મહાન સ્ત્રી પુરૂષોનાં ચિત્રો પણ હતાં. કમળાનાપિતાનાં કેટલાંક કિમતી પુસ્તકો પણ હતાં. નૌત્તમલાલને દિવાનખાનું, અભ્યાસખંડ, શયનખંડ, મહિલાખંડ વિગરે જાતની તમામ સારી સગવડ આ ઘરમાં મળી. તેનાં દિવાનખાનામાં પચાસ ખુરસીઓ રાખવા જેટલી જગ્યા હતી. કમળાએ ઘણા ભપકા અને ખુબીથી ફર્નિચરની ગોઠવણ કરી. નૌત્તમલાલ આ ઘરથી બહુ જ પ્રસન્ન થયો. તેણે એ ઘરમાંથી કોઈ દહાડો ન નીકળવાનો નિશ્ચય કર્યો. હમ્મેશાં મિત્રો આવતા, સંવાદો ચાલતા તેના આનંદ સાથે સગવડવાળું ઘર અને કમળા જેવી ઉમદી ભાર્યા હતી. નૌત્તમલાલ આ બધું જોઈ હવે પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યો. પુસ્તકો દિનપ્રતિદિન વધુ સંખ્યામાં ખપવાં લાગ્યાં. તેનાં વેચાણથી પુષ્કળ પૈસો પેદા થયો. આબરૂ મળી. કેટલાક શ્રીમંત અને આબરૂદાર મિત્ર થયા. સાસુની પણ સારી મિલ્કત મળી–સંક્ષિપ્તમાં તેના ઘરમાં હવે લક્ષ્મી દેવીની સારી દૃષ્ટિ પડી. ભાગ્યદેવી પણ કૃપાવંત થઇ. જ્યાં જુએ ત્યાં ફતેહ. આથી માણસને વધુ સારૂં સુખ કયું હોઈ શકે ભલા?

પરિચ્છેદ ૧૫ મો.

નૌત્તમલાલ અને નટવરસિંહ વચ્ચે હવે સહોદર કરતાં પણ વધુ સજડ સ્નેહ થઈ ગયો હતો. આપણે જાણીએ છીએ કે નટવરસિંહની સ્થિતિ નૌત્તમલાલ કરતાં ઘણી જ ચઢીઆતી હતી છતાં તેમના વચ્ચે કાંઈ ભેદ નહોતો. તેમની ઉમ્મરમાં બહુ તફાવત નહોતો. નટવરસિંહ દેખીતી રીતે નૌત્તમલાલ કરતાં મોટો હતો તદપિ નૌત્તમલાલને તે મોટા ભાઈ સમાન ગણી માન આપતો. માન વિદ્યાને છે; પૈસાને નથી. પૈસાને પણ નથી એમ નથી પરંતુ વિદ્વાન ધનિક કરતાં વિદ્વાનને વધુ માન આપે છે. નૌત્તમલાલ પણ નટવરસિંહનું પૂર્ણતઃ માન જાળવતો. તે જાણતો કે ગમે તેમ પણ નટવરસિંહ રાજવંશી છે અને શ્રીમંત તમજ પૈસાદાર છે; તેની સ્થિતિ સાથે પોતાની સ્થિતિ સરખાવી શકાય નહિ. શહેરમાં અને રાજમાં નટવરસિંહની વગ ઘણી હતી. નટવરસિંહની ઇચ્છા નૌત્તમલાલને સહુ મહાન પુરૂષો સાથે અંગિત ઓળખાણ કરાવવાની હતી પરંતુ નૌત્તમલાલ ઘર છોડી બહાર ન નીકળતો. તેથી નટવરસિંહ તેવા મિત્રોને નૌત્તમલાલને ઘેર લાવતો. સહુ પાસે તે નૌત્તમલાલનાં મ્હોંફાટ વખાણ કરતો. તે કહેતો કે નૌત્તમલાલ ઉગતા સૂર્ય જેવો છે. આધુનિક પરિસ્થિતિનો તથા હિલચાલનો અપ્રસિદ્ધ ઉપદેશક—ખરેખરો પેગમ્બર છે. વિશ્વમાં રહેલા સંદિગ્ધ વિષયોને માટે સત્ય શોધી બતાવવાવાળો છે. તેની સાથે ઓળખાણ કરવા સરખી છે. તેની સાથે ઓળખાણ કરવી એ પરમોત્કૃષ્ઠ વસ્તુ છે. તેને ત્યાં જવું એ કા-

શીની પવિત્ર યાત્રા કરવા સરખું છે. તેને ત્યાં દર અઠવાડીએ ભરાતાં ખાનગી સંમેલનમાં ભળવું એ ઇન્દ્રની કચેરીમાં બેસવા જેવું છે. નટવરસિંહ મારફતે નૌત્તમલાલને કેટલાક મહાન અને વિદ્વાન પુરૂષો સાથે ઓળખાણ થતાં સહુએ નિયમસર એકત્ર થઈ વિવાદ ચલાવવા સારૂ એક "સન્મિત્ર વિવાદ મંડળ" નામની સંસ્થા સ્થાપી. સંસ્થાનાં મકાન તરીકે હાલમાં તો નૌત્તમલાલનાં દિવાનખાનાને ઉપયોગમાં લેવાનું ઠરાવ્યું. કેટલાક સભ્યો દાખલ થયા હતા અને એક બીજાની વગથી કેટલાક દાખલ થતા જતા હતા. દર શનિવારની રાત્રે સંમેલન ભરવાનું ઠરાવ્યું હતું. ગજેન્દ્ર પણ આમાં ભાગ લેતો. એમાં ભાગ લેવાની હજુ સ્ત્રીઓને છુટ આપવામાં આવી નહોતી. કમળાએ પુસ્તકની અર્પણ પત્રિકા સ્વીકારવાની ના પાડી તે દિવસથી ચંદ્રિકા કમળાને ત્યાં આવતી અટકી ગઈ હતી તેમજ તેમની સાથે કોઈ જાતનો સંસર્ગ કે વ્યવ્હાર પણ રાખતી નહોતી.

કમળાનાં અંતરમાં આથી ઝીણું ઝીણું દુઃખ લાગતું પરંતુ તે વાત નૌત્તમલાલને કરવાની તે હિમ્મત ધરી શકતી નહોતી.

એકવાર નૌત્તમલાલને ત્યાં ભરાતું સંમેલન વિસર્જન થતાં નૌત્તમલાલ અને નટવરસિંહ બધા સભ્યો સાથે સડક સુધી જઈ પાછા ઘરમાં આવ્યા. કોઈ કોઈ વખત નટવરસિંહ પોતાને ત્યાં નજતાં નૌત્તમલાલને ત્યાં જ રહેતો. તેમને તો હવે એક કુટુમ્બ જેવું જ થઈ ગયું હતું. નવાં ઘરમાં જેવી જોઇએ તેવી સગવડ હતી. એક ખંડ ખાસ નટવરસિંહ માટે ઈલાયદો રાખવામાં આવ્યો હતો. તેને "નટવર મઢી" નું નામ આપવામાં આવ્યું હતું.

"આ બધો તમારો જ પ્રતાપ છે, મારા વ્હાલા સેક્રેટરી નટવરસિંહજી," નોત્તમલાલ નીચેના હોલમાં જઈ બોલ્યો. "તમારી મહેરબાની, ચિંતા અને સતત પ્રયાસ ન હોતતો આ શહેરમાં મને કોઈ ઓળખત નહિ."

પછી બેય જણા કમળાના વાંચન ખંડ તરફ ગયા. કમળા વિરામાસનમાં પડી પડી નવલકથા વાંચતી હતી. તે ગૂજરાતી—દ્વિવેદી-આકૃત મૃદુલા હતી. તેનાં પતિ તથા નટવરસિંહના પ્રવેશથી તે ચમકી ગઈ. પુસ્તક એક બાજુ રાખી તે સ્વસ્થ થઈ બેઠી.

"વારૂ," તે બોલી, "સભાનું કામ પુરૂં થયું?"

"અતિશય ભપકા સાથે પુરૂં થયું. પરંતુ આટલા બધા વખત સુધી તમે એકલાંએ શું કર્યું, કમળા બ્હેન? આજ હરરોજ કરતાં સહજ વધારે મોડું થયું છે ખરૂં કે?" નટવરસિંહ બોલ્યો, ગાઢ પરિચય થતાં કમળા હવે તેની સાથે પુરતી છુટ લેતી. તે બેય સગાં ભાઈ બ્હેન તરીકે જ વર્તતાં.

"પત્નીને એકલી મૂકી સ્વાર્થી પતિ પોતાના મિત્રો સાથે બેસી આનંદ કરતા હોય ત્યારે મારા જેવી એકલી પડેલી પત્ની શું કરે? તમે શાની વકી રાખો છો? વખતને ગમે તે રીતે કામે જ લગાડે ને! પતિ મિત્રો સાથે આનંદ કરે ત્યારે પત્ની રોઇને આંખો રાતી જ કરે કે કાંઈ બીજું!" કમળાએ છેલ્લા શબ્દો સાથે સહજ વક્રોક્તિ વાપરી.

"પત્ની એ પુરૂષને મહા પીડા છે," નોત્તમલાલ નટવરસિંહનો હાથ પકડી બોલ્યો. "તમે વાન પ્રસ્થ ધારણ કર્યું છે તેથી હું બહુજ

સંતુષ્ટ છું. મને પણ તેજ અવસ્થા ગમે છે. પરંતુ વળગેલો વળગાડ કાંઈ દૂર કરાય છે ! કહેવત છે કે 'પરણ્યા પછી પુરૂષ ઉપર વિપત્તિયો આવવા માંડે છે.' એ ખોટું નથી. એ અનુભવીનું કથન છે. અનુભવી કહે તે સાચું માનવું અને તેના ઉપર વિશ્વાસ રાખવો." નૌત્તમલાલ સહજ સ્મિત સાથે ઉપહાસના રૂપમાં બોલ્યો.

નટવરસિંહ સહજ હસ્યો. તેની ચળકતી આંખ્યોમાં આવેલો અસંતોષનો આવિર્ભાવ કમળાના કળવા બહાર ગયો નહિ. બેશક, નૌત્તમલાલનું એ કહેવત નટવરસિંહને ગમ્યું નહોતું. સ્ત્રી વગરનું જીવન વ્યર્થ હોવાનું તે માનતો. સ્ત્રી વગર સંસારની પરાકાષ્ટાએ પહોંચી શકાતું નથી. સ્ત્રી પુરૂષાર્થ સધાવનાર છે. સ્ત્રી વગરનું ગૃહ ઉજ્જડ જણાય છે. સ્ત્રી એ ઘરનો અતિ ઉત્કૃષ્ટ શણગાર છે આ બધું સુઘડ અને સદ્‌ગુણી સ્ત્રી હોય તો જ. કુભાર્યા હોય ત્યાં તો નહિ. નટવરસિંહનો સ્ત્રી સંબંધી આવો અભિપ્રાય હતો. સ્ત્રી મોટામાં મોટું આશ્વાસન છે. તેને સરલબાની ખોટ જણાતી હતી. માત્ર હૃદય તે અંગનાને અર્પિત હોઈ બીજી સ્ત્રીનો વિચાર લાવી શકતું નહોતું.

આ વખને ચાંદની બરાબર ખીલી નીકળી હતી. આખી સૃષ્ટિને શાંતિનો પાઠ પઢાવતો નિશાકર અમૃત ધારાઓ વર્ષાવી રહ્યો હતો. તારલા પણ વિષ્ણુપદમાંથી ડોકીઆં કરી રહ્યા હતા. ઝાઝાં મ્હોં રળીઆમણાની માફક ચંદ્ર પણ તારા રાશિથી વધુ શોભતો હતો. લશ્કર વિનાનો સેનાપતિ શોભતો નથી. તેમ તારા વગર શશિ પણ શોભતો નથી. આવો આલ્હાદપ્રદ દેખાવ જોઈ નૌત્તમલાલની ઈચ્છા સહજ ચાંદનીમાં ફરવાની થઈ. નૌત્તમલાલ અમસ્તો ફરવા ન જતો પરંતુ શુકલપક્ષમાં તેને ત્યાં ભરાતું સંમેલન વીખરાતું ત્યારે થોડીવાર ચાંદનીમાં

ફરી થાક ઉતારી પાછો તાજો થઈ આવતો. નિશાકરમાંથી છુટતી અમૃત ધારાઓ તળે સ્નાન કરવાથી તેનું હૃદય પ્રફુલ્લ થઈ જતું. શરીર સ્ફુર્તિમાં આવી જતું અને મિજાજ ખુશાલી ભર્યો થઈ જતો. મગજ અને આત્માને પણ શાંતિ મળતી.

તે બેય જણા સહજ ફરવા ગયા અને કમળા ત્યાંથી ઉઠી મેડી ઉપર ગઈ. સભા ભરાતાં ચીજો અવ્યવસ્થિત થઇ ગઇ હતી તેથી આડું અવળું પડેલું બધું એકઠું કરી સૌસૌની જગ્યાએ સારી સ્થિતિમાં ગોઠવવા લાગી. ખુરશી, પુસ્તકો, કાગળો, જાજમ અને બીજી વસ્તુઓ જ્યાં જેને ફાવે ત્યાં ગમે તેવી સ્થિતિમાં પડતી મૂકી સભ્યો વિખરાયા હતા. કમળાએ તે બધું દુરસ્ત કરી જાજમને પણ બ્રશવતી સાફ કરી. જાજમ સાવરણીથી તો બરાબર સાફ થાય નહિ તેથી જાજમ સાફ કરવા સારૂ તે મોટો બ્રશ રાખતી. ટેબલ ઉપર રૂમાલવતી ઝાટકીને સાફ કર્યું. પુસ્તકો, કલમ, ખડીઆ વિગરે સમેટીને સારી સ્થિતિમાં મૂક્યાં. નૌત્તમલાલનાં અભ્યાસ ખંડ ઉપર પણ સભ્યો હલ્લો કર્યા વગર રહ્યા નહોતા. ત્યાં પણ જઈ કેટલાંક પુસ્તકો, કાગળો આદિ વિંખી મૂક્યા હતા તે એકઠા કરી સહુના સ્થળે સરખા કરીને મૂક્યા. ત્યાર પછી ત્રણે જણાની પથારીઓ કરી. પોતાની અને નૌત્તમલાલની તેમનાં ખંડમાં અને નટવરસિંહની તેના ઈલાયદા ખંડમાં કરી. ત્યાર પછી કમળા નીચે આવી. મોટાં ઘરમાં સાફસુફ કરવાનું–બધું સુઅવસ્થામાં રાખવા વિગરેનું કામ કમળા એકલીથી થઈ શકતું નહિ તેમજ સ્થિતિ પણ સારી થઇ હતી તેથી એક સ્ત્રી નોકર રાખી હતી. કમળાની અંગિત દેખરેખ નીચે તે સ્ત્રી શ્રમવાળું કામ કરતી એટલે કમળાને એટલી નિરાંત મળતી. આ અન્નાની ચાકરડી સાથે કમળા

બહુ વાતો ન કરતી. સુધરેલી સન્નારીને ગ્રામ્ય વનિતાનો સહવાસ ક્યાંથી ગમે! એવો સહવાસ તો રાજ મહેલાતોમાં કેદ રહેલી રાણીઓને ગમે. તેમને આખો દહાડો ચાકરડીઓ સાથેજ કામ હોય છે. સારી—કેળવાએલી સ્ત્રીનો સહવાસ તેને દુર્લભ હોય છે. એવી સ્ત્રીઓ દરબારી જનાનામાં ભાગ્યેજ જાય છે. તેમજ તેમનાં જવાથી રાણીને ગમ્મત પણ પડે નહિ. ખવાસણો—દુતી ચાકરડીઓ સાથે આખો દહાડો ઠઠ્ઠા મશ્કરી, શૃંગારિક વાતો કરી આનંદ લેવાતો હોય ત્યાં આવી ઉમદી સ્ત્રીઓ તેમને જોઇતો આનંદ તો આપી શકે નહિ એટલે ક્યાંથી ગમે! જેવું માણસ તેવો તેનો સહવાસ. જેવાંને તેવાં વગર રસ—આનંદ આવેજ નહિ.

લગ્ન કરતી વખતે કમળાને સમાજમાં ભળવા દેવાનો નૌત્તમલાલને ખ્યાલ આવ્યો નહોતો. તેમ કરવું પડશે કે જોઇએ એવી તેણે કલ્પના પણ કરી નહોતી. તેણે મોટું ઘર લીધું, સાહિત્યની દુનિયામાં નામના કાઢતાં સામાજીક સ્થિતિ પણ સુધરી છતાં કમળાએ સમાજમાં ભળવું જોઇએ એવો વિચાર તેને આવ્યો નહિ. તે સામાજીક વિચારવાળો નહોતો તે થયોજ નહિ. કમળાનો ચંદ્રિકાએ તો ત્યાગ કર્યો પરંતુ નૌત્તમલાલના બીજા મિત્રોની સ્ત્રીઓ કમળા પાસે બેસવા ઉઠવા આવતી. કમળા પાસે એક વખત આવતાં બધીઓને કમળા પાસે રોજ આવવાની વૃત્તિ થયાં કરતી. આ બધું છતાં કમળાને નૌત્તમલાલ કોઇને ત્યાં જવા દેતો નહિ. પોતે ન જતો એટલે તેને ક્યાંથી જવા દે! તેનામાં એવો વિવેક નહોતો. તેને ત્યાં સ્ત્રી સમાજની મોટી સંખ્યા તો ભાગ્યેજ એકઠી થઈ હશે. માત્ર છુટી છવાઈ સ્ત્રીઓ આવતી. પુરૂષો પણ એકઠા થતા નહિ. અપવાદ તરીકે માત્ર

શનિવારની રાત્રે આ "સન્મિત્ર વિવાદ મંડળ" એકઠું થતું, આ મંડળ પણ વિલક્ષણ રીતિવાળું હતું કારણ કે આખી સૃષ્ટિ આરામ-નિદ્રા લહે ત્યારે આ મંડળ કામ કરે ! તેઓ એમ સમજતા કે વિશ્વનો આધાર તેમના જેવા ઉપરજ રહેલો છે.

કમળાનાં જીવનમાં આગળ કરતાં કાંઇ ફેરફાર થવા પામ્યો નહિ. તેના પતિના અલ્પ અવકાશના વખત સિવાય તેને ઈતર પ્રકારનો સહવાસ મળતો નહોતો. ફેર માત્ર એટલોજ કે અગાઉ કોઈ સ્ત્રી તેને ત્યાં ન આવતી તે હવે કોઈ કોઇ દહાડો કોઇ આવતી અને મ્હેનતવાળું કામ ચાકરડી કરતી. ચાકરડી તેમની જ્ઞાતિની જ વૃદ્ધ વિધવા હતી એ ઠીક હતું. કમળાને રસોઇનાં કામથી ફારક થવાની ઇચ્છા થતી પરંતુ નોત્તમલાલને બીજાના હાથની રસોઇ પસંદ પડતી નહિ. વળી તેનું કેટલુંક અંગિત કામ પણ કમળાને પોતાનેજ કરવું પડતું. બીજું કરે તે તેને ન ગોઠતું. આ બધું કામ કમળા એવી ચપળતા અને સુઘડતાથી કરતી કે નોત્તમલાલને કચવાવાનો એકે પ્રસંગ આપ્યો નહોતો. રોજીંદુ કામ નિયમસર તૈયાર થાય તેમાં શી નવાઇ પરંતુ નોત્તમલાલ કોઇ નવું કામ ચીંધે તે પણ ત્વરા અને સારી રીતે તૈયાર થઇ જતું. નોત્તમલાલ ઉપરથી તો જો કે અક્રોધ, સરળતા, મૃદુતા વિગેરે ગુણોનો ડોળ રાખતો પરંતુ તે પોતાની ઇચ્છા પ્રમાણે થવામાં સહજ ફેરફાર કે વિલંબ થાય તો સહસા તપી જતો. કમળાનો વાચવા લખવાનો શોખ તો દિન પ્રતિદિન વધતો જ જતો હતો. ગમે તેમ કરીને પણ તે વાંચવાનો અને લખવાનો અવકાશ મેળવતા. કામનો આવડો ભારે બોજો હોવા છતાં તે તેનાથી ગાંજતી કે હારી જતી નહિ કે ન બતાવતા તે પ્રતિ અણગમો કે તિરસ્કાર તેય કરતી અને વાંચવું લખવું પણ તેટલાંજ પ્રમાણમાં કરતી. તેણે

કેટલીક ન્હાની ન્હાની નવલ કથાઓ લખીને તૈયાર કરી રાખી હતી. વખત આવતાં તે પ્રકાશમાં મૂકવાનો તેનો ઇરાદો હતો. અશિષ્ટ વિચાર વાળી વિધવા ચાકરડી સાથે ગપ્પાં સપ્પાં મારી દિવસ ગાળવા કરતાં વાચન લેખન તેને પ્રિયતર હતું. તે કહેતી કે એવી ગ્રામ્ય સ્ત્રીના સહવાસથી કેલવણીના સંસ્કાર ધીમે ધીમે ખસવા લાગે. તેવી સ્ત્રી શી સારી શિખામણ કે બુદ્ધિ આપે! તેનાં અજ્ઞાનને અંગે તેના આચાર વિચાર પણ તેવાજ હોય તેથી બુદ્ધિ અને શિખામણ પણ તેવીજ આપે! જેવી તે હોય તેવી તે બીજાને બનાવે. " You are known by the Company you keep. " અર્થાત તેના મિત્રો-સહવાસી ઉપરથી માણસની પરિક્ષા થાય છે. જેવા જેના મિત્ર તેવું તેનું જીવન સમજવું. આ વિચારેજ કમળા ચાકરડીની સંગતિથી દૂર રહેતી.

કમળાને પોતાની લાગણીઓનું પૃથક્કરણ કરવાથી આશ્ચર્ય સાથે માલૂમ પડયું કે નૌત્તમલાલમાં જે રીસ હતી તે હવે ધીમે ધીમે નાબુદ થતી જતી હતી. કોઇ કોઇવાર તે પોતાનાં ભાગ્યથી સંતોષ માનતી. નૌત્તમલાલની જીવન યોજનામાં કાંઈ નહિ તો છેવટ દ્રઢતા-અનુરોધીપણાંનો તો ગુણ હતો જ. કમળા ઉપર રહેલો ભાર હમ્મેશાં ઓછો થતો જતો હતો. આથી તે મગરૂબ થતી. તેનામાં સામે થવાની કે ફરિયાદ કરવાની નૈતિક હિમ્મત નહોતી. મુંગે મોઢે બધુંય કામ ઉપાડતી જતી. કહેવત છે કે " ધીરજનાં ફળ મીઠાં છે. " તે મુજબ ધીરજસહ જોંસરી તાણ્યે જવાથી પ્રભુ ધીમે ધીમે ભાર ઘટાડતો જતો હતો. નૌત્તમલાલ તેની સાથે માયા વગર નિર્દયપણે કે નિયમ વિરૂદ્ધ વર્તે છે એવો તેને કદિ વિચાર આવતો નહિ. નૌત્તમલાલ કદાચ તપી જતો તો તે મીઠા શબ્દોથી તેને શાંત કરી મનાવી

દેતી. તેના મનમાં જો કે તેથી સંતાપ થતો તથાપિ સંતોષ રાખી કામ ચલાવતી.

સાધારણ સામાજીક સંબંધ–સમ્પર્ક પ્રતિ કમળાની ચિત્તવૃતિ આકર્ષાતી નહિ. તેની ખરી અભિલાષા માત્ર પોતે બુદ્ધિશાળી છે એવી લોકમાન્યતા લવરાવવાની, સાક્ષરોની દુનિયામાં ભિન્ન પ્રકારની અને સ્વતંત્ર વિચારવાળી વિદ્વાન વનિતાનું સ્થાન મેળવવાની અને તે નૌત્તમલાલના જેવીજ તો નહિ તોપણ સારી બુદ્ધિશાળી અને ઉમદા વિચારવાળી છે એવી લોક–દુનિયાને મોઢે હા પડાવવાની હતી. સમાજમાં માત્ર અંગભૂતની પદવી કરતાં તેમાં અગ્રગણ્ય હોવાનું તેને ગમતું. નૌત્તમલાલ તેની આ અભિલાષા પુરી કરવા માટે પ્રયત્નો કરવાની ના પાડતો અને તેવી આશાઓ છોડી દેવાની ઉલટી ફરજ પાડતો. કમળાએ પતિની આજ્ઞાને અધિન થઈ તેમ કરવાનું સ્વીકાર્યું હતું. પરિણામ એ આવ્યું કે પોતાને ત્યાં પ્રસંગોપાત મુલાકાત લેવા આવનારાં સાથે તે જો કે ખરા ભાવપુરઃસર અને નમ્રતાપૂર્વક વર્તતી, શાંત અને ખુશમિજાજમાં રહેતી છતાં પોતાને ત્યાં કોઈ સ્ત્રી બેસવા આવે તે તેને ગમતું નહિ. તેમાં તેનો પતિ રાજી નહોતો તેથી પોતે એવડી રાજી ન રહેતી. પતિની ઇચ્છા પ્રમાણેજ તે વર્તતી. મીઆંના ચાંદે ચાંદ કરતી. તેમ કર્યા વગર દામ્પત્ય સ્નેહ ટકી શકે નહિ. મતવિરૂદ્ધતા થતાં તેઓ પરસ્પર નારાજ થઈ જાય એવી તે ભીતિ રાખતી. પ્રાતમની પ્રીતિ એજ આ દુનિયામાં સૌથી મોટી વસ્તુ હોવાનું તે માનતી. કોઈને બહુ ભાવ ન બતાવતી કે જેથી તેઓ ફરી આવવાની વૃત્તિ કરે. આવનારાં પણ તુરતજ સમજી જતાં કે તેને તેમનાથી કે તેમની સાથે વાર્તાલાપ કરવાથી ગમ્મત પડતી

નહોતી. તોપણુ કેટલીક તો તેની પરમ ઉપાસક થઈ પડી. કમળાની ના મરજી જોતાં છતાં તે તો આવ્યાંજ કરતી. કમળા આનંદી, હસમુખી, ઉચ્ચ સંસ્કારવાળી અને કોઇ સાથે બહુ મમતા ન બતાવવાવાળી છે એમ તેના સહવાસમાં આવેલાંની વાયકા હતી. આથી તેની પાસે બેસવા આવવાવાળાં ધીમે ધીમે અટકી ગયાં. કમળાને તે બાબતની કાંઈ પરવા નહોતી. પરવા માત્ર પતિની ઇચ્છા પ્રમાણે વર્તવાની હતી. તેના પ્રત્યે આવનારી સ્ત્રીઓ નારાજ થઈ ફરી ન આવતી તેથી તે ઉલટી રાજી થતી. જે આવતી તે માત્ર કમળાની વિદ્વતા, સ્વભાવ અને ગુણથી મોહિત થઈ પડેલી આવતી. કમળા પુરતું માન ન આપતી:તેની પણ તેમને દરકાર નહોતી. કમળા મનમાં તો સમજતી કે પોતાને માટે સ્ત્રીઓ સારો અભિપ્રાય ધરાવતી નથી તે ખોટું છે તેમજ સારો અભિપ્રાય ધરાવવાની અભિલાષા પણ હતી પરંતુ પતિ વશ કમળાનું કાંઇ ચાલતું નહોતું.

તેમના આવા પ્રકારના સંસારથી આખરે તેમના વચ્ચે પ્રપંચ યુક્ત અનુરાગ ધરાવવાનો ભાવ ઉત્પન્ન થયો. નોત્તમલાલના પ્રપંચ ભર્યા—ખરાં દિલ વગરના ઉપર ચોટીઆ આનંદ, રમુજ, ગિરાની મધુરતા, વિચારો, મમતા, સ્નેહ, વિગરેથી કમળા તે બધાંને પ્રપંચી જાણતાં છતાં તેમનાથી સંતોષ માનતી. પોતે પણ એવો પ્રપંચ શીખી ગઈ પરંતુ વાપરતાં તેની હિમ્મત ચાલતી નહોતી. તેમના વચ્ચે રહેલો ઉંડો પ્રેમ કાંઈ આથી ઓછો થયો નહોતો. માત્ર બહારનો દેખાવ આવો થયો હતો. આખરે તેમનું લગ્ન છેક નાઉમેદી ભર્યું નિવડયું નહોતું. તેમનું દંપતિ બીજાં દંપતિયોના મોટા ભાગ કરતાં વધારે સુખી હતું.

કેટલીકવાર તો નટવરસિંહના વિચાર પોતાના વિશે કેવા હશે તેના વિચારમાં કમળા પડી જતી. નૌત્તમલાલમાં દેખાતા પ્રપંચથી તેનું અંતર જે અદ્યપિ તદ્દન વિશુદ્ધ હતું તેમાં આવો શંકા ભાવ જન્મવા પામી ગયો. "તે તેમની (નૌત્તમલાલની) બુદ્ધિ પ્રભાવના ખરેખરા ભક્ત છે એટલે મને તો નકામી કે નિર્જીવ ગણતા હશે કે કેમ?" આ શંકા તેને વારંવાર આવતી. નટવરસિંહ તેનાં પોતાનાં સદન કરતાં અહીં વધારે વખત ગાળતો. નૌત્તમલાલના અભ્યાસ ખંડમાં કોઇને પ્રવેશ કરવાની છુટ નહોતી તે તેને હતી. કોઈવાર નૌત્તમલાલને અભ્યાસખંડમાં જોઇ તે તેને હરકત પહોંચાડવા ન જતાં કમળા પાસે જઇને બેસતો. તે ખુબીદાર નમ્રતા સાથે વાત કરતો. તેની રીતભાત જો કે મનોરંજક અને મધુર હતી છતાં તે પોતાની ટીકાને ખરેખર સ્વીકારતો તેથી કે પોતાને એકાંતવાસ વસમો ન લાગે તેથી માત્ર આનંદ આપવાજ આવીને બેસતો તેનો ભેદ કમળા સમજી શકતી નહોતી. તોપણ નટવરસિંહ તેને તથા તેના પતિને માટે એક સુખાનંદ-સાંત્વન અને હિમ્મત આપનાર સ્હાયકર્ત્તા હતો એમ માનતી.

"તમારા કરતાં નટુભાઈ મારી વધારે કદ્ર કરે છે," તે કોઈ કોઇવાર નૌત્તમલાલને કહેતી. "તેમણે આજ મારી સાથે એક કલાક સુધી બેસીને વાતો કરી. તેમને મારા વિચાર ન ગમતા હોય કે તે મને તમારી માફક તુચ્છકારી કાઢતા હોય તો કાંઈ બેસે ખરા કે? મારા આવા ભગીરથ પ્રયાસો છતાં તમે મને ગણત્રીમાં ન લીધી તે નજ લીધી. તમે અભિમાની છો. એક તમે પોતેજ બુદ્ધિશાળી અને વિદ્યાવાળા છો અને બીજું કોઇ નથી એમ તમે ફાંકો રાખી ફરો

છો. આપ આખા હશો તો અમે અડધાં પણ હોઇશું, સમજ્યા પ્રાણનાથ. એવાં નહોત તો તમને પરણુતજ નહિ. શું તમે ગ્રામ્ય સ્ત્રીને ગમશો ખરા કે ? તે બીચારી તમારાથી સો ગાઉ દૂર ન્હાસી જાય. એવી મળી હોત તો તમને પણ ભાન થાત ! નટુભાઈ બુદ્ધિવાનને તુરતજ ઓળખી કાઢનારા છે. તમે તો તમારા મિજાજ–અભિમાનમાં તણાયા જાઓ છો.”

પોતાની પ્રેમદાના મુખમાંથી આવા શબ્દો સાંભળી તે ખૂબ હસતો. મનમાં તો સમજતો કે કમળાનું કહેવું ખોટું નથી. શ્યા કારણથી જાણ્યા છતાં કમળાને ગણત્રીમાં લેતો હતો એવું નહિ બતાવતો હોય ? તેનો કાંઇક હેતુ હશે ખરો.



પરિચ્છેદ ૧૬ મો.

નૌત્તમલાલનું બીજું પુસ્તક પણ ઝપાટાબંધ ખપી ગયું. તેને બીજી આવૃત્તિ કરવાની જરૂર પડી. આ ન્હાનાં પુસ્તક વિશે ન્યૂસપેપરો વિગેરેમાં સારાં અવલોકન આવતાં. બ્રીટીશ હદમાં બહાર પડતાં રાજપક્ષાવલંબી પત્રો કહેતાં કે જો કે આ પુસ્તક ખાસ આદિત્ય નગરનાં સામ્પ્રત રાજપ્રકરણ સંબંધે છે પરંતુ તે ઉપરથી બ્રીટીશ પ્રજાને પણ ઘણું જાણવાનું મળી આવે છે અને તે પુસ્તક પુરતું ઉપયોગી છે. આદિત્ય નગરની પ્રજા બ્રિટીશ હિંદુસ્થાનની પ્રજાની માફક રાજપ્રકરણમાં કુલ સત્તા મેળવવા માગતી હતી. નૌત્તમલાલનાં પુસ્તકમાં આ વિષય ઉપર વિપુલ વિવરણ કરવામાં આવેલું હતું. આ પુસ્તકમાં તેણે પ્રજાની સત્તા તોડી પાડવાની અને રાજની સત્તાને છેક સ્વતંત્ર અને બળવત્તર બનાવવાની હિમાયત કરી હતી. તેણે કહ્યું હતું કે પ્રજાની સત્તા એટલે શું ? પ્રજા પોતાની પસંદગી પ્રમાણે સભ્યો નીમે અને તે સભ્યો માત્ર પ્રજાનુંજ તાણે એ કે કાંઈ બીજું? પરંતુ પ્રજા સભ્યની પસંદગીમાં ભુલ તો કરે તેવા નથીકે ? લેખક આ પ્રશ્નનો જવાબ હાલ તો મુલતવી રાખે છે પરંતુ આ વિશે પ્રજાના વિચાર જાણ્યા પછી આપશે. રાજની કુદરતી સત્તા પ્રજાના હાથમાં જતાં કાગડે હંશનાં પીછાં ધારણ કરવા જેવું તો નહિ થાય કે ? આ પ્રશ્નનો ખાસ ઉત્તર આપવાની જરૂર નહોતી. અર્ધાં વાક્યનો

ભાવાર્થે પ્રશ્ન રૂપે છે અને બાકીનાંનો તેના જવાબરૂપેજ છે એમ તેના શબ્દો સ્પષ્ટ બતાવી આપે છે. શાસ્ત્રોમાં રાજાને માટે જે પ્રજાનું રક્ષણ કરવાનો ધર્મ બતાવેલો છે તેને અંગેજ રાજને સત્તા મળેલી છે અને તેમ કરવાની ફરજ અદા કરવામાં સત્તા વાપરવાની છે–તો શું પ્રજા એ ફરજ વ્હોરી અને સત્તા ભોગવવાને લાયક છે ખરી કે? શું પ્રજા લડી શકશે ખરી કે જેથી પોતાના દેશને બીજાની ચડાઈઓથી બચાવે? પ્રજા એક સંપ થઇ શકશે ખરી? રાજા ને રાજા માનવો કે પ્રજાનો મોટા પગારવાળો નોકર? પ્રજામાં રાજા તરીકેનાં સ્વાભાવિક લક્ષણ છે? રાજા એક બાજુ રહે અને પ્રજા રાજ ચલાવતાં શોભશે ખરી? રક્ષિતને રક્ષક થવું અને રક્ષકને રક્ષિત કરવો એ કેટલા વખત સુધી ટકી રહેશે? આવા આવા અનેક પ્રશ્નો તેણે તેનાં પુસ્તકમાં ઉભા કરી રજુ કર્યા હતા. જવાબ દેવાનો પ્રયત્ન ન કરતાં તેણે તે મોકુફ રાખ્યા હતા. તે પ્રથમ પ્રજા પાસેથી જવાબ માગતો હતો. તેના આ પ્રશ્નોની રાજસત્તા મેળવવાની ઇચ્છા રાખનારી પ્રજાને સારા લાગતા હશે ખરા? તે બધા પ્રજામત વિરૂદ્ધજ હતા. આવું છતાં તેનું પુસ્તક પ્રજામાં કેમ વધુ વધુ ખપતું જતું હતું? આથી પ્રજાને પોતાના મતના આધાર શોધી કાઢવાની તક મળતી તેથી. આપણા વિચારની વિરૂદ્ધ બીજો વિચાર જાણ્યા વગર આપણા વિચારના આધાર શોધવાની આપણને જરૂર રહેતી નથી તેમ આમાં પણ હતું. પ્રજા મતાવલંબી પુરૂષો આ પ્રશ્નોનું ચિંતન કરી પોતાના બચાવની ગડમથલમાં પડી ગયા હતા.

તરૂણ વર્ગને તો આ પુસ્તક નવી ગીતા સમાન થઇ પડયું હતું. આમાંથી તેમને ઘણુંજ શિખવાનું, વિચારવાનું, મળે તેમ હતું.

પુસ્તકની ભાષા પણ એવી સુંદર અને સહેલી હતી કે બધા તેના ભાષા ઉપરના કાબુથી પણ હેરત પામતા.

આપણે જાણીએ છીએ કે નૌત્તમલાલ પ્રસંગોપાત છુટા લેખો આપવા પણ ચુકતો નહિ. અમુક માસિકમાં તેના લેખો નિયમસર આવ્યાજ કરતા. લેખો માત્ર "નૌત્તમલાલ"નાં નામથીજ લખતો એટલે આ પુસ્તકો લખનાર નૌત્તમલાલ તેજ હશે કે કેમ તેનો લોકો વિચાર કરતા. માસિકના તંત્રીઓ પણ એવી દુગ્ધામાં આવી જતા. તંત્રીઓએ નૌત્તમલાલને કોઈ દહાડો નજરે દીઠો નહોતો. માત્ર પત્ર વ્યવહારથી જાણતા. પરંતુ જ્યારે બધાને માલૂમ પડી ગયું કે લેખો અને આ પુસ્તકો બધાંયનો લેખક એકનો એકજ અને આજ નૌત્તમલાલ હતો ત્યારે તેની પ્રશંસાનો પાર રહ્યો નહિ. તેના લેખો જો કે રાજપ્રકરણ સંબંધી નહોતા પરંતુ બીજા વિષયો પર હતા તથાપિ તે મહા ગંભિર અને પ્રતિભા ભર્યા હતા. તેનામાં આવું ચોતરફનું જ્ઞાન છે એ જાણી વિદ્વાનો દિગ્મૂઢ બની જતા. જીવનહેતુ સમાજ–ધર્મ–ભાષા–કેલવણી–જ્ઞાન–ઉદ્યોગ હુન્નર વિગેરે ઉપર તે ઘણા સરસ લેખો મોકલતો. ત્યાર પછી તેને ઘણા તંત્રીઓ અને વિદ્વાન પુરૂષો મળવા આવવા લાગ્યા. સહુની સાથે વિચાર વિનિમય કરતાં બધા તેને કોઇ અલૌકિક પ્રતિભાવાળો પુરૂષ કહેતા. સહુ તેને ત્યાં આવતા. તે ભાગ્યેજ કોઇને ત્યાં જતો. મિત્રો વધારવામાં નટવરસિંહ કાંઈ કચાશ રાખતો નહિ. લેખો અને પુસ્તકો બેયનો લખનાર આ એકજ નૌત્તમલાલ હતો એ ખબર દુનિયાને ઝાઝી તો નટવરસિંહે પાડી હતી. નૌત્તમલાલને જેમ જેમ મહાન પુરૂષો મળવા આવતા ગયા તેમ તેમ આ ખબર વધુ પ્રસરાતી ગઈ.

નૌત્તમલાલને મળવા આવનાર વિદ્વાન પુરૂષો પૈકી એક મુંબઇનો શાંતિકુમાર નામનો ગ્રેજ્યુએટ હતો. તેણે મુંબઈ જઇ એક આગળ પડતાં દૈનિક પત્રમાં નૌત્તમલાલ સંબંધી આર્ટીકલ લખ્યો હતો. તેમાં તેણે નૌતમલાલના વિચાર, કલ્પના, લેખન અને વિવાદ-શક્તિ, પ્રજ્ઞા વિગેરેની સ્તુતિ કરી હતી. મુંબઇમાં શાંતિકુમારની આબરૂ ઘણી સારી હતી. તે સામાજીક પુરૂષ હતો. તેણે આર્ટીકલમાં જણાવ્યું હતું કે નૌત્તમલાલ સાથે તેને થયેલા ચાર કલાકના સહવાસથી તે એક મહાન પુરૂષ હોવાનું તેને જણાઇ આવ્યું હતું અને તે આદિત્ય નગર છોડી મુંબઈ આવે એમ ઇચ્છિયું હતું. આ લેખના ઉતારા આદિત્યનગરમાં પ્રકટ થતાં પત્રોમાં પણ લેવામાં આવ્યા હતા અને તે લેખ ઉપર કેટલાક ખાસ લેખ પણ હતા.

નૌત્તમલાલના લેખો પ્રતિ દુનિયાનો ભાવ વધતો ગયો તેની સાથે તેને પોતાને ઓળખવાની પણ લોક ઉત્કંઠા વધવા લાગી. અંગ્રેજી પત્રોની માફક દેશીપત્રો આવા પ્રખ્યાત પુરૂષોના ફોટા પ્રસિદ્ધ કરી અને નીચે તેમની જીવનરેખા લખી તેમને વિશ્વમાં ઓળખાવી શકતાં નથી. એ એક દેશી પત્રોમાં મોટી ખામી છે. નૌત્તમલાલને મશહુર કરવામાં સન્મિત્ર વિવાદ મંડળે સારૂં કામ બજાવ્યું હતું. તે તો એક ઇશ્વિરના નવા અવતાર તરીકે મનાવા લાગ્યો. તે લોકમાન્ય નૌત્તમલાલ તરીકે કહેવાવા અને ઓળખાવા લાગ્યો. તેનાં ખાનગી જીવન વિશે પણ વર્ત્તમાનપત્રોમાં આર્ટીકલો આવતા. તે દિવસમાં કેટલા કલાક કામ કરતો, શું ખાતો, શું બોલતો, તેને ત્યાં કોણ કોણ મળવા જતું, કેમ અને ક્યાં બેસતા, કેટલીવાર વાતો કરતા, તે બહાર ક્યાં ફરવા જતો વિગેરે બાબતો જાહેરમાં મૂકાતી. તેમાં કમળ:ની હકીકત પણ ન રહી જતી. તેને પણ ઉચ્ચ સંસ્કારી, માયાળુ,

પ્રજ્ઞાશીળ અને વિદ્વાન મહિલા તરીકે આલેખવામાં આવતી. પરંતુ તે અતડી અને જેવી જોઇએ તેવી મિલનસાર ન રહેતી. કોઈની સાથે બહુ ભળતી નહિ. તેના જેવી સ્ત્રીઓને ત્યાં પણ એ બેસવા ઉઠવા જતી નહિ તેમજ તેને ત્યાં કોઈ આવે તો ખરાં દિલથી વર્તતી નહિ. તેને સમાજ પ્રત્યે આવો તિરસ્કાર હોવાનું શું કારણુ હશે ? અતડાપણું અને એકાંતવાસ એજ તેનું અવતાર લક્ષ્ય હશે ? કમળા વિશે આવા કેટલાક પ્રશ્નો ઉઠતા.

કેટલાક કે તેમનાં ખાનગી જીવનથી થોડું ઘણું જાણવા પામ્યાં હતાં તે કહેતાં કે કમળા સમાજ પ્રતિ અતડી રહેતી તેનો સઘળો દોષ નોત્તમલાલનો છે. તે તેને સમાજમાં આગળ પડતો ભાગ લેવા દેતો નથી. તે તેને પછાત રાખી તેના ઉપર:જુલ્મ ગુજારે છે. આવું કહેનારામાં વધુ ભાગે ગજેન્દ્ર અને ચંદ્રિકા હતાં કારણ કે તેઓને બીજા કરતાં એ માહિતી વિશેષ હતી. કેટલાક કહેતા કે નોત્તમલાલની આ રીત કેવળ અહંવાદ ભરેલી હતી. તેનાં આવાં વર્તન માટે કેટલાક તો તેને મોઢા ઉપર ઝાડતા. પરંતુ નોત્તમલાલને તેની કશી અસર થતી નહિ. કાંતો તેમનાં કહેવાંનો અર્થ તે બીજી રીતે કરતો હશે અગર બધું મશ્કરીમાં ઉડાવી દેતો હશે. કમળા હમ્મેશની માફક રમુજી, રમતીઆળ અને કામમાં પ્રવૃત્ત રહેતી. તેમના વિશે દુનિયા શું કહે છે તેની તેઓ દરકાર કરતાં હતાં કે નહિ તેની અટકળ કાઢવી અસંભવિત હતી.

નોત્તમલાલની ખ્યાતિ તેનાં શિખરે પહોંચતાં નટવરસિંહે તેને પેલું ત્રીજું પુસ્તક જે અદ્યપિ વિસ્મૃત હતું તે બહાર પાડવા સૂચના કરી. બેય જણે તે થોડા વખતમાં પ્રસિદ્ધ કરવાનો નિર્ણય કર્યો.

ત્યાર પછી જાહેર વક્તા તરીકે બહાર પડવાની નટવરસિંહે નૌત્તમલાલને સૂચના કરી. નૌત્તમલાલનો પણ એજ ઇરાદો હતો પરંતુ જ્યાં સુધી દુનિયા તેના વિચાર ન સ્વીકારે ત્યાં સુધી જાહેર ભાષણ કરવાનું સાહસ ન વ્હોરવું એમ તેણે ધાર્યું હતું. નટવરસિંહે તેને એ ડહાપણ કર્યાનું જણાવી હવે લોકો તેનો અભિપ્રાય માન્ય રાખશે એવી વકી બતાવી. જાહેર ભાષણો કરવાનો પણ તેમણે નિર્ણય કર્યો.

ભાષણોનો વિષય નક્કી કરવામાં નૌત્તમલાલને સહજ શ્રમ પડયો. ઇતિહાસ એ તો કેવળ વિદ્યાલયને ઉપયોગી; ઉદ્યોગ હુન્નર–એ તો અર્થશાસ્ત્ર રૂપી દરિયો ડોળવા જેવો વિષય; તત્વજ્ઞાન–એ તો પારિભાષિક વિષય. તો પછી કયો વિષય ઠરાવવો ? છેવટે તેણે "સાહિત્યનો સંદેશો યાને ઇશ્વિરી આદેશ" એ વિષય નક્કી કર્યો. આ ઉપરથી ભાષણો કેવાં થશે એ સુસ્પષ્ટ જણાઇ રહે તેવું હતું.

આ ભાષણો મફત આપવાથી તેમની કિમ્મત અંકાશે નહિ; તે તો હવામાં ઉડી જશે, મફત મળેલી વસ્તુની જેવી જોઇએ તેવી ગણના થતી નથી. પૈસા ખર્ચવાથીજ વસ્તુની કિમ્મત જણાય છે. અનુભવ પણ પૈસા અગર બીજા પ્રકારનાં ખર્ચ વગર થતો નથી. આ કારણથી ભાષણો સાંભળવા માટે અમુક પુરૂષોનેજ અને અમુક ફી લઇનેજ આવવા દેવાનું તેમણે નક્કી કર્યું. ઘણાં માણસો એકઠાં થાય તેમની બેસવાની સગવડવાળું મકાન મેળવવાની જરૂર હતી. શોધતાં શોધતાં નટવરસિંહને નાટકશાળાનો વિચાર સુઝી આવ્યો. ત્યાં બધા પ્રકારની સગવડ થાય તેમ હતી. હમ્મેશ બપોરના બેથી પાંચનો ટાઇમ રાખવો અને જણ દીઠ ત્રણ રૂપીઆ ફી લેવી. બેઠક એવી ગોઠવવી કે સહુ સરખી રીતે સાંભળી શકે અને ભાષણ કર-

નારને પણ ટેજ ઉપર ઉભા રહેવાની પુરતી સગવડ રહે. નટવરસિંહે તાબડતોબ જઈ નાટકશાળાના માલેક સાથે ખુરશીઓ સહિત ભાડાંનો ઠરાવ કર્યો. ત્યાર પછી છાપખાનામાં જઈ ભાષણોના પ્રોગ્રામનાં હેન્ડબીલો છાપવા આપ્યાં. ત્યાંથી હમ્મેશ હેંડબીલોની વ્હેંચણી કરવા માટે એક માણસનો બંદોબસ્ત કર્યો. તેની સાથે ઓછામાં ઓછાં દસ બાર માણસો કામે લગાડી આખાં શહેરમાં અને થોડીવારમાં હેન્ડબીલો વ્હેંચી આપવાં એવો કરાર કર્યો. તેણે આવી નૌત્તમલાલને આ સઘળી ગોઠવણનું નિવેદન કર્યું. નૌત્તમલાલ તેથી બહુ જ ખુશી થયો અને હવે તેનાં ભાષણોના મુદ્દા અને ક્રમ તૈયાર કરવા લાગ્યો.

આખાં શહેરમાં હેન્ડબીલો વ્હેંચાઈ ગયાં. ઘણાં માણસો ભાષણ સાંભળવા જવાને તૈયાર થયાં. નટવરસિંહ જમીને તુરતજ સભાની ગોઠવણ કરવામાં રોકાયો હતો. તે વખત દરમિયાન નૌત્તમલાલે તેને કરવાનાં ભાષણનું ખોખું તૈયાર કરી કાઢયું.

પરિચ્છેદ ૧૭ મો.

ભાષણ શરૂ કરતાં પહેલાં નૌત્તમલાલે નટવરસિંહને સમજાવ્યું કે તેનો ઇરાદો આજ 'જીવન એટલે શું તે' સમજાવવાનો હતો.

"હું જાતિ, ધર્મ સંપ્રદાય કે પક્ષના તફાવતને ધ્યાનમાં લેવાનો નથી. હું જે જીવન વિશે કહેવાનો છું તે સમગ્ર પ્રજા—માનવ જાતિને લગતું છે."

ગોઠવણ ફતેહમંદ નિવડશે એવી આશા નહોતી કારણ કે દુનિયાની ટેવ છે કે સહુ મફત મળે તો લેવા જાય. પૈસા ખર્ચવાથી છેટા રહે. આમાં તો વળી ભારે ફી રાખી હતી તેથી ખાસ પૈસાદાર અને આવા વિષયનું જ્ઞાન મેળવવાની ઉત્કંઠા ધરાવવાવાળા સિવાય બીજા આવે એવી વકી નહોતી. ફી રાખવાનો હેતુ એ હતો કે ભાષણ કાંઈ નિર્જીવ નહોતાં પરંતુ તે વિદ્વતાભર્યાં કિમ્મતી હતાં. તે સાંભળવાને શ્રોતા પણ વિદ્વાન કે સાધારણ સમજણવાળા જોઇએ. અજ્ઞાનીને તો તેમાં સળ સુઝે તેમ નહોતું, એમને તો "ભેંસ આગળ ભાગવત" જેવું હતું. આથીજ જેને આવાં ભાષણો સાંભળવાનો ખાસ શોખ—ગરજ હોય અને જે એ વિષયને સમજી શકે તેવા હોય તેજ આવે. આવા પુરૂષો જ્ઞાન પ્રાપ્તિ માટે પૈસા ખર્ચવાની દરકાર રાખે નહિ. નટવરસિંહને પૂર્ણ હિમ્મત હતી કે ફતેહ

અવશ્ય થવાની છે કારણ કે વર્તમાનમાં મનુષ્યોમાં વિદ્યા સાહિત્યનો શોખ વધેલો હોવાથી શોખીન પુરૂષો આ વિષયની ખાસ કદ્ર બુજ્યા વગર રહે તેમ નહોતા. છુટક એક દિવસ માટે ત્રણ રૂપીઆ અને આખા કોર્સ (સમયક્રમ)ની ઉધડ દસ રૂપીઆની ફી રાખી હતી. ભાષણ ચાર કે પાંચ દિવસ ચાલવાનો સંભવ હતો. નૌત્તમલાલે કહ્યું કે સાંગોપાંગ સાંભળે તેને કાંઇકિ લાભ કે કન્સેસન મળવું જોઇએ અને તેથીજ ઉધડ ફી લેવાનું નક્કી કર્યું હતું. નૌત્તમલાલને હાલમાં નિવૃત્તિ હતી. નિવૃત્તિ તેને પસંદ નહોતી કારણ કે નિવૃત્તિને તે હાનિકારક ગણતો. તે કહેતો કે “ પ્રમાદનું પરિણામ ઘણું અનિષ્ટ આવે છે. “ પ્રમાદથી જીવન ભ્રષ્ટ બની જાય છે. પ્રમાદી પુરૂષ અવનવા અશુભ વિચારો લાવે છે, કહેવત છે કે ‘ નવરો બેઠો નખોદ વાળે. ’ રાગ, વિષય, ક્રોધ વિગરે નવરાશનાંજ પરિણામ છે. ”

આદિત્ય નગરમાં નૌત્તમલાલ ઘણી ખ્યાતિ પામ્યો હતો તેથી તેનાં ભાષણ સાંભળવાની બધાને ઘણી ઉત્કંઠા હતી. તેના મિત્રોએ તેનાં એવાં વખાણ કર્યાં હતાં કે ફતેહ ચોકસ હતી. શ્રોતાની સંખ્યાનું પરિણામ ધાર્યા કરતાં ઘણુંજ સારૂં આવ્યું. સ્ત્રીઓની ગેલેરી પણ ચિકાર હતી. આદિત્ય નગરમાં સ્ત્રીઓ પણ આવા વિષયો ઉપર શોખ ધરાવે છે એ જોઈ કેટલાક વિસ્મય પામતા. સ્ટેજ ઉપર નૌત્તમલાલ માટે એક ટેબલ ખુરશી ગોઠવ્યાં હતાં. પછવાડેના ખાનગી ભાગમાંથી નૌત્તમલાલ પોતાનો પાઠ ભજવવા માટે એકટરની માફક તેની બેઠકે આવ્યો. શ્રોતા મંડળ તરફ દૃષ્ટિ કરી તો તેમની સંખ્યા જોઈ તેનાં આશ્ચર્યનો પાર રહ્યો નહિ. ઉમદું–નવું નાટક થતું ને ઉત્સાહી જોવાવાળા આવતા તેના કરતાં આજના શ્રોતાઓની સંખ્યા મોટી હતી. સર્વ ખુરશીઓ રોકાઈ ગઈ છતાં શ્રોતા આવવા લાગ્યા.

તેથી બેય બાજુમાં ખુરશીઓની સીધી-લાંબી બબ્બે આવલિયો ગો-ઠવવાની ફરજ પડી. ટીકેટો વેચવામાં નટવરસિંહ હતો. લગભગ બે હજાર ઉપરાંત પ્રેક્ષકો-શ્રોતાઓ ભરાયા હતા.

નૌત્તમલાલ આવીને તેની જગ્યાએ ઉભો રહ્યો કે શ્રોતાવૃંદમાં શાંતિએ તેનું રાજ્ય જમાવી દીધું. સહુ નૌત્તમલાલને ટસી ટસીને જોવા લાગ્યા. આજ સુધી નૌત્તમલાલને નજરે જોવાની લોકોને જે આકાંક્ષા હતી તે અત્યારે પુરી થઇ. અત્યારનો દેખાવ જનક રાજાને ત્યાં મુનિયો-વિદ્વાનોની સભા ભરાતી અને તેમાં બેય વ્યક્તિનાં મનુષ્ય આવાને બેસતાં એના જેવો હતો. શહેરનાં લગભગ તમામ સંભાવિત નરનારીઓએ આ સભામાં હાજરી આપી હતી.

શ્રોતાની આટલી મોટી સંખ્યા એકત્ર થવાની આશા રાખી ન-હોતી તેથી આટલી સંખ્યા જોઈ તે ઘણોજ સંતુષ્ટ અને ઉપકૃત થયો છે એવો કેટલોક વિવેક કરી નૌત્તમલાલે પોતાનું ભાષણ શરૂ કર્યું. સ્થળ સંકોચને લીધે હવે ટીકેટ ઓફીસ બંધ કરવાની ફરજ પડી. મકાન બહાર પણ મોટી સંખ્યામાં લોકો એકઠાં થયાં હતાં. શ્રોતા-વર્ગમાં દરેક જ્ઞાતિના પુરૂષો હતા.

નૌત્તમલાલની સ્પષ્ટ, સરળ અને મધુર વાણીથી શ્રોતા ચકિત થયા. તેની વાકપટુતા અદ્દ્ભૂત અને અસરકારક હતી. તેની વિરામ લેવાની, ભાર દેવાની, ઉદ્દેશીને કહેવાની અને બીજાં સુંદર અને અસ-રકારક અભિનય કરવાની છટા ઓહો-ઉમદી હતી. તેનો એકે શબ્દ કોઇથી વગર સાંભળ્યો ન.જતો. તેનાં ભાષણમાં તે મહાન કવિયો, લેખકો, પુરૂષો, શાસ્ત્રો, ઇતિહાસ વિગરેનાં પ્રમાણ આપતો.

પાંચ વાગતાં ભાષણ બંધ કરવામાં આવ્યું. "હજુ ચાલવા

દ્યો ! ચાલવા દ્યો ! શાબાશ ! શાબાશ !" ના પોકાર થઈ રહ્યા. શ્રોતા વર્ગ બહુજ સંતુષ્ટ થયેલો જણાતો હતો. કેટલાક પત્રોના અધિપતિયો પણ આવેલા હોવાથી ભાષણની ટુંક નોંધ લેતા જતા હતા. ભાષણની શરૂઆત થતાં શ્રોતાઓની જે મુદ્રાઓ હતી તેમાં અલૌકિક–વિદ્યુત સમાન અસર થવાથી બધી ઉદ્દીપ્ત થઇ રહી હતી. ભાષણ દરમિયાન કેટલાક ખુલાસા પણ પુછાતા. નૌત્તમલાલે અત્યારે યાજ્ઞવલ્કયનું રૂપ ધારણ કર્યું. હતું. જનક રાજાને ત્યાં સુવર્ણથી શણગારી એક હજાર ગાયો રાખી જે સહુથી શ્રેષ્ટ બ્રાહ્મણ હોય તે લઇ જાય એમ કહેવામાં આવતાં સહુને મુંગા જોઈ યાજ્ઞવલ્કય બહાર પડયા હતા. તેમના ગુરૂ વૈશંપાયન મુનિ પણ ત્યાં હાજર હતા. ગુરૂ પણ શ્રેષ્ટ બ્રાહ્મણ તરીકે બહાર પડવાની હિમ્મત ધરાવી શક્યા નહોતા તે તેમના શિષ્યે ભીડવાથી તે બહુજ ગુસ્સે થયા અને યાજ્ઞવલ્કય સાથે પોતાનો સંબંધ તોડી નાખ્યો. ત્યારથી વૈશંપાયને લખેલ યજુર્વેદને કૃષ્ણ યજુર્વેદ ઠરાવી યાજ્ઞવલ્કયે પોતે શુકલ યજુર્વેદ તરીકે નવો લખ્યો છે. તે સભામાં યાજ્ઞવલ્કયે શ્રેષ્ટ બ્રાહ્મણ હોવાનું કહેવાથી તેમને સહુ મહા કઠિનમાં કઠિન પ્રશ્નો પુછી હરાવવા માગતા હતા પરંતુ યાજ્ઞવલ્કય તે બધાને હેરત પમાડનારા જવાબ દેતા હતા અને ઉલટા બીજાને હરાવતા હતા તેમ આ નૌત્તમલાલ પણ સહુના પ્રશ્નોના હિમ્મતભેર અને સ્વીકારજ કરવા પડે એવા જવાબ આપતો હતો. પૃચ્છકો તેના જવાબથી સંતોષ પામી તેનાં વખાણ કરતા.

સભા વિસર્જિત થયા પછી રસ્તા ઉપર જતાં શ્રોતા ભિન્ન ભિન્ન પ્રકારની વાતો ચલાવતા હતા. કેટલાક તો પોતે ભાષણ ઉપરથી શું સમજ્યા કે શિખ્યા તે પણ કહી શકવાની સ્થિતિમાં નહોતા. કેટલાક તેની નૈસર્ગિકતાની સ્તુતિ કરતા. કેટલાક તેની વાક્પટુતા,

શૈલિ, સરળતાનાં મ્હોંફાટ વખાણ કરતા. કેટલાકે તો ભાષણ થઈ રહે તે દિવસે શહેરમાં જાહેર તહેવાર પાળી નૌત્તમલાલનો વરઘોડો કાઢી તેને માન આપવાની યોજના કરવા માંડી. આવી રીતે અનેક પ્રકારના વિચારો ચલાવતા શ્રોતા સહુ સહુને ઘેર ગયા. કેટલાક તો રાત્રે નિદ્રા તજી નૌત્તમલાલના શબ્દોનું પરાવર્ત્તન કરવા લાગ્યા.

નૌત્તમલાલ અને તેના નટવરસિંહ આદિ મિત્રો પણ બહુજ સમુલ્લાસમાં આવી ગયા. તેમના હૃદયાર્ણવ હર્ષ વીચિયોથી ઉભરાઈ જતા હતા.

બીચારી કમળાને આ ભાષણો સાંભળવાનો લાભ લેવાની તક આપવામાં આવી નહોતી. તેને ઘણી ઉત્કંઠા હતી પરંતુ નૌત્તમલાલ તેને કોઇને ઘેર પણ ન જવા દેતો તે આવી ગંજાવર સભામાં માથું કાઢવા દે એ તો અસંભવિત હતું. સભાની ટીકિટો લખીને તૈયાર કરવામાં તેણે સારો ભાગ લીધો હતો. તેની આ સેવાની કદ્ર નટવરસિંહ કર્યા વગર રહ્યો નહોતો. કહ્યાગરી તો કમળા જેવી કોઈ ભાગ્યેજ જન્મશે ! તેણે નૌત્તમલાલનાં ભાષણનો ટુંક સાર તેના મોઢેથી અગાઉ સાંભળી લીધો હતો તોપણ પુરેપુરૂં ભાષણ સાંભળવાની તેની જીજ્ઞાસા બંધ પડી નહોતી.

નૌત્તમલાલ જાહેર ભાષણ આપતો હતો ત્યારે કમળા કારાગૃહ રૂપી ઘરમાંજ હતી. તેને તો રાણીની સ્થિતિ હતી. રાજા ગમે ત્યાં હરે ફરે, જાહેર કાર્યોમાં ભાગ લે અને રાણી કારાગૃહ ભોગવે ! કેવો અન્યાય ! ક્ષત્રિય જ્ઞાતિમાં સ્ત્રી થઈ અવતરવું એ ઈશ્વરે કારાગૃહની કેદની કરેલી શિક્ષાજ માનવી કે બીજું કાંઈ ! કારાગૃહ તો સારૂં કે ત્યાં કેદીઓને કામ કરવા કે બીજા કામ માટે બહાર કાઢવામાં આવે

છે પરંતુ આ કારાગૃહમાંથી તો બહાર નીકળવાનુંજ નહિ! ખડકી-ડેલી બહાર શેરી કેવી છે તે ભાગ્યેજ દીઠી હોય! આતો ગુંગળાવી મારવાનો બ્લૅકહૉલ (અંધકારમય ખંડ) જ! પોતાની સ્ત્રીઓને કુદરતના દેખાવોથી અપરિચિત રાખવાથી, બીજાં સામાજીક, સાંસારિક અથવા વ્યવહારિક જ્ઞાનથી અંધારામાં રાખવાથી શું પાપ થતું નથી? તેમના મનુષ્યત્વના હક્કો શીરજોરીથી છીનવી લેવા એ શું પાપ નથી? યોગ્ય-લાયક હોય છતાં તેને એવા બધા લાભ ન લેવા દેવા એ શું અન્યાય કે એકલપેટાપણું નથી? કોઈ મનુષ્યના નૈતિક છુટ ભોગવવાના હક છીનવી લેવા એ ઘણુંજ ગેરવ્યાજબી અને પાપાચરણ જેવું છે.

કમળાએ તેના આટલા લાંબા એકાંતવાસ દરમિયાન ઘણી વાર્તાઓ અને કાવ્યો લખી છાનામાનાં રાખી મૂક્યાં હતાં. આજના એકાંત વાસને પણ સારી રીતે કામમાં લગાડયો. હિંદુ સ્ત્રીને માથે પતિની દરેક આજ્ઞા પાળવાની ફરજ રહેલી હોવાથી નૌત્તમલાલની આજ્ઞા મુજબ વર્તવામાં કમળા સંતુષ્ટ રહેતી. સુભાગ્યે કરી થોડા દિવસ થયાં નટવરસિંહની સ્હાય-લડાઇ-સલાહથી નૌત્તમલાલ કમળા ઉપર જુલ્મ ગુજારતો બંધ થયો હતો. તોપણ તે એટલેજ અંશે કે અવકાશ વખતે કમળા સાથે બેસી વિવાદ ચલાવી તેને રાજી કરતો. કોઈ સ્ત્રીઓ બેસવા આવતી તેમાં અગાઉની માફક સખ્તાઇ ન રાખતો તથાપિ બહાર જવા દેવાની તો બાધાજ! એટલું નહોતું તે મળતાં કમળા તેમાં શુક્રેઇલાહી માનતી. નૌત્તમલાલના મિત્રોની સંખ્યા વધવાથી તેમની સ્ત્રીઓ કમળા પાસે બેસવા આવતી અને તેને તેમને ત્યાં જવાનો પણ આગ્રહ કરતી. નટવરસિંહ કહે ત્યારે વળી કોઇ કોઈવાર જવા દેતો. કમળાનું ભાગ્ય હવે તેના તરફ વળ્યું જણાતું

હતું. અગાઉ કરતાં નૌત્તમલાલ હવે કમળાના વધુ સહવાસમાં રહેતો અને તેને કેટલીક સામાજીક હળવા મળવાની પણ છુટ આપતો તેથી તે બહુજ પ્રસન્ન રહેતી. કમળાની આશાઓ હવે ફળિભૂત થવાની પ્રણાલિકા તરફ વળી હતી. તેને આટલી બધી પછાત રાખવામાં તેનો હેતુ માત્ર શાંત જીવન ગાળી પુસ્તકો લખી પ્રથમ પોતાની ખ્યાતિ મેળવવાનોજ હતો. જેમ જેમ તેની અભિલાષા પૂર્ણ થતી ગઈ એ-ટલે જેમ જેમ તે ખ્યાતિ પામતો ગયો તેમ તેમ તે તેનો જુલ્મ ઓછો કરતો ગયો સ્વાર્થ વગર તેણે કમળાને આવી રીતે પછાત રાખી નહોતી. કમળાની બુદ્ધિ સારી હતી અને તે વિચક્ષણ હતી તે તે પરણ્યાઃપહેલાંથીજ જાણતો અને એ પણ જાણતો કે તે તેના પહેલાં નામના કાઢે તેવી હતી પરંતુ માત્ર પોતાનેજ પ્રથમ પ્રખ્યાતિ મેળવવી હતી તેથી તેના ઉપર આવો દાબ કરી પછાત રાખતો. પોતે શું કરે છે તેથી તે અજ્ઞાત નહોતો પરંતુ આ કાર-ણથી તે આવી રીતે ઈરાદા પૂર્વક કરતો. પોતાના સ્વાર્થને અંગે તેને આવી વર્તણુંક રાખ્યા વગર છુટકો નહોતો. સ્ત્રીઓના હકો તે બરા-બર સમજતો. કમળાની ઉમેદ બર લાવવાનો હવે ઈશ્વિરે વખત આપ્યો હતો. કમળાની ઉમેદ એક વિદ્વાન–બુદ્ધિશાળી સ્ત્રી તરીકે બહાર પડવાની હતી. તેણે પંદર નાની નાની નવલકથાઓ, બે કાવ્યો લખી તૈયાર રાખ્યાં હતાં. તેમજ કેટલાક લેખોનો પણ સંગ્રહ હતો. એક નાનું પુસ્તક તે હજુ તેની માનાં મર્યું પછી લખતી હતી. તેના વિચાર કેટલીક સ્ત્રી સમાજ સંબંધી બાબતોમાં તો નૌત્તમલા-લને પણ ટક્કર મારે તેવા હતા. ધન્ય છે આવી અબળા રત્નને !

પરિચ્છેદ ૧૮ મો.

—x—x—

નૌત્તમલાલનાં ભાષણોનો આજ છેલ્લો દિવસ હતો. વચલા ત્રણે દિવસ પહેલા દિવસની માફકજ બન્યું હતું. એજ પ્રકારની વાતો, એજ અભિપ્રાયો, એજ પ્રશંસા, વિગેરે ચાલ્યું હતું. લડાઈ વખતે જેમ બંદુકોની નળીઓના મોઢામાંથી તીડની માફક ગોળીઓ નીકળીપડે છે તેમ ભાષણ પુરૂં થઇ રહેતાં દરેક શ્રોતાના મુખમાંથી હર્ષ અને વક્તાની સ્તુતિના પોકાર નીકળી પડ્યા. કેટલાક અગ્રગણ્ય પુરૂષો ઉભા રહ્યા અને બીજા ધીમે ધીમે બહાર નીકળવા લાગ્યા. રોકાએલા પૈકી એક જણે નૌત્તમલાલનો તેની પત્ની સહિત વરઘોડો કાઢવાની દરખાસ્ત મૂકી. બધાએ તે કબૂલ કરી નૌત્તમલાલને તેનો સ્વીકાર કરવાનો આગ્રહ કર્યો. આ પ્રથમ દરખાસ્ત મૂકનાર આદિત્ય નગરની રાજ પ્રકરણી સભાનો અગ્રગણ્ય સભ્ય હતો. તે લગભગ પંચોતેર હજાર રૂપીઆની વાર્ષિક ઉપજવાળાં સાત ગામનો તાલુકદાર હતો. તેના ગામોમાં આદિત્ય નગરના મહારાજા સાહેબે તેને બ્રીટીશ રાજ તળે આવેલાં દેશી રાજ્યોને પાંચમા કલાસનો અધિકાર મળેલો છે તેટલો આપ્યો હતો. તે આ સભાના સભ્ય તરીકે નિમાતાં આદિત્ય નગરમાં આવીને રહેતો હતો. તે રાજનો સગો હોવાથી તેને સ્ટેટ તરફથી ઉમદી મહેલાત રહેવા માટે આપી હતી. તે આધુનિક સુધારાનો હિમાયતી હતો. તેનું વય લગભગ પાંત્રીસ વર્ષનું હતું. તે ગ્રે-

જ્યુએટ થયા પછી વિલાયત જઈ એલ્. એલ. ડી. થવા સાથે બેરી-સ્ટર થઇ આવ્યો હતો. પોતાના તાલુકાની વ્યવસ્થા તે કુશળ કાર-ભારી રાખી ચલાવતો. તેનો કારભારી પણ બી. એ. એલ્. એલ્. બી. થયેલો હતો. વિદ્વાન રાજાને વિદ્વાન કારભારી ગમે તેમાં શી નવાઈ! તેના તાલુકાના નોકરોને તે મોટા પગાર આપતો. એક કાર-ભારી એક ન્યાયાધીશ, એક પોલીસ અમલદાર, બે વહીવટદારો, એક એકાઉન્ટન્ટના સ્ટાફ ઉપરાંત કેટલાક કારકૂનો હતા. બધા અમલ-દારો દક્ષ અને નિપુણ હતા. આવી હકીકત છતાં પોતે પણ તાલુ-કાની દેખરેખ સારી રીતે રાખતો. દરમાસે ત્યાં જઈ કેટલાંક પોતાના હાથથીજ કરવાનાં કામ કરી આવતો. જરૂરી કામના કાગળો આદિત્ય નગર ઘોડેસ્વારો સાથે લાવવા લઈ જવામાં આવતા અને કારભારી પ્રસંગોપાત તેની પાસે આવી જતો. તેના કારભારી ઉપર તેને વિશ્વાસ પુરો હતો. કારભારી પણ અતિશય પ્રમાણિક અને સત્યશીળ હતો. શેઠની શ્રદ્ધાને અંગે ચાકરમાં વફાદારી હોય તેમાં શી નવાઇ! રાજા કારભારી ઉપર વિશ્વાસ રાખે તો કારભારી વફાદાર થાય છે. શંકા કરતાં વિશ્વાસ ઘણોંજ ઉમદો છે. તેના તાલુકાની રૈયતને રાજકાજમાં વચ્ચે પડવાના કાંઇ હક નહોતા છતાં એવા હક ધરાવનારી આદિત્ય નગરની પ્રજા કરતાં ત્યાંની વસતિ પોતાને વધુ સુખી અને આબાદ માનતી. આ તાલુકદાર સભ્યનું નામ રસિકમણીસિંહજી હતું. તેની ઓળખાણ થતાં નૌત્તમલાલે તેને હસ્તાલિંગન સાથે યોગ્ય વિનય કર્યો. નટવરસિંહ સાથે રસિકમણીસિંહને સારી મિત્રાચારી હતી. નટ-વરસિંહે તેની આગળ નૌત્તમલાલની અત્યંત પ્રશંસા કરી હતી. નૌત્ત-મલાલે તો ઘરચોડામાં ફરી ફજેત થવા જેવું ગણી આનાકાની કરવા માંડી પરંતુ નટવરસિંહે તે ના પાડતો રહ્યો અને તેની વતી હા પાડી

દીધી અને તેને તેની પત્ની સહિત વરઘોડામાં લાવવાનું કામ પોતાના માથે ઉપાડી લીધું. નટવરસિંહ હવે કમળાનો અસંતોષ સમજી ગયો હતો તેથી તેને પુરેપુરી સંતોષવાની ચિંતામાં હતો. આ તક તેને ઘણી સારી મળી આવી. નટવરસિંહે હા પાડી દેવાથી નૌત્તમલાલથી કાંઈ બોલી શકાયું નહિ. તે તેનાથી ઉબળ થવાની સ્થિતિમાં નહોતો. પોતાનો મિત્ર કરે તે કબૂલ રાખવુંજ જોઈએ. તોજ મિત્રાચારી–સ્નેહ ટકી શકે નહિતર તેમાં વિઘ્ન આવે. રોકાએલા શ્રોતા પોતાની ઈચ્છા પાર પડતાં ઘણાજ ખુશી થયા અને નૌત્તમલાલ સાથે હૃદય પૂર્વક હસ્તા લિંગન કરી સહુ ત્યાંથી વિખરાયા. ત્યાર પછી તેમણે તેજ દહાડે રસિકમણીસિંહજીનાં પ્રમુખપણાં નીચે એક ખાનગી મીટીંગ ભરી વરઘોડો કેવી રીતે કાઢવો, તેમાં શું શું કરવું, કેટલું ખર્ચ કરવું, તે કેવી રીતે વસુલ કરવું વિગરે નક્કી કરી ખર્ચનો ફાળો કર્યો.

આખા ગામમાં નૌત્તમલાલનો વિજયધ્વજ ફરકતો હતો. ચૌટે, ચકલે તેનીજ વાતો થતી હતી. ફી ભરી સાંભળવા આવેલા ફી કરતાં વધુ મળ્યાનું કહી પોતાનો સંતોષ જાહેર કરતા હતા. તેની પ્રશંસા છેક મહારાજા સાહેબ અને તેમનાં જનાનખાનાં સુધી પહોંચી ગઈ. આદિત્ય નગરમાં જનાના સંબંધમાં પ્રાચીન–એકજ રાણી પરણવાનો રિવાજ હતો. રાણી સાહેબ સારી કેલવણી પામેલાં હતાં. તેમને હરવા, ફરવા. જાહેર ક્રિયાઓમાં ભાગ લેવા, વિદ્વાન સ્ત્રીઓને બોલાવી વાતોચિતો કરવા વિગરેની સંપૂર્ણ છુટ હતી. મહારાણી સાહેબ પણ મહિલા ઉત્કર્ષનાં પક્ષવાદી હતાં. તે સ્ત્રી કેલવણી અને સ્ત્રીના હકોની પુરી હિમાયત કરતાં હતાં. નૌતમલાલનાં રાજદ્વારી, સાહિત્ય,

અને સાંસારિક કૌશલ્યથી તે ચકિત થયાં. મહારાજા સાહેબે નૌત્તમલાલને ખાનગીમાં મળવાનું નક્કી કર્યું.

નૌત્તમલાલ અને નટવરસિંહ સભામાંથી સીધા ઘેર ગયા. કમળા તેમની રાહ જોતી હતી. ચાહ પણ તૈયાર કરી વાળી. નટવરસિંહે કમળા આગળ જઈ તેમના વરઘોડાની વધામણી ખાધી. વધામણીનાં ઇનામ તરીકે કમળાએ શુદ્ધ ભાવથી ઉપકાર માનવા સાથે આશિષ આપી. કમળા જેવી સ્ત્રી બીજું શું આપે! ત્રણે જણાં સાથે ચાહ પીવા બેઠાં. નટવરસિંહે આ ભાષણોની કુલ ઉપજ અને ખર્ચનો હિસાબ તૈયાર કરી વાળ્યો હતો. તેણે હિસાબ રજુ કર્યો અને ખર્ચ કાઢતાં પચ્ચીસ હજારનો ચોખ્ખો નફો બતાવ્યો. આ રકમ તેણે નૌત્તમલાલને ખાતે બેન્કમાં જમે કરાવી હતી. બેન્કની પહોંચ તેણે નૌત્તમલાલના હાથમાં મૂકી. નૌત્તમલાલ પાસે પુસ્તકો વેચાતાં તેની ઉપજના લગભગ વીસ હજાર રૂપીઆ થયા હતા. તે બધા અગાઉના સાથે આ બેન્કમાંજ જમે હતા. બેન્કમાં આજ તેના ખાતે સાઠ હજાર રૂપીઆ જમા હતા. શું એ જેવી તેવી મુડી ગણાય! નૌત્તમલાલ તથા કમળાએ તે બધો પ્રતાપ નટવરસિંહનો ગણી તેનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો.

“નટુભાઈ તમે નહોત તો અમારૂં શું થાત?” કમળા ઉપકૃતિ દર્શાવતી ગદ્‌ગદ્ કંઠે બોલી.

“એ વિચાર ખોટો છે. કોઈ શું કરી દે છે! કરવાવાળો માત્ર જગનિયંતા અને આપણાં સત્કર્મજ છે. તમારી વિદ્વતા, નીતિ અને સત્કર્મને અંગે લક્ષ્મી આવે તેમાં શી વિલક્ષણતા!” નટવરસિંહ બોલ્યો.

આજે સન્મિત્ર વિવાદ મંડળને મળવાનો ક્રમ હતો પરંતુ તે માંડી વાળી નૌત્તમલાલે આરામ લેવાનું ધાર્યું.

નટવરસિંહે કમળાને ભાષણની સઘળી હકીકત વિદિત કરી. આ બધા શુભ સમાચારનું શ્રવણ કરી કમળા જેટલી સુખી અને પ્રમુદિત થઇ તેટલી તેની આખી જીંદગીમાં કોઇવાર થઇ નહોતી. નૌત્તમલાલની અભિલાષા હવે પૂર્ણતાનાં શૃંગે પહોંચી ગઇ હતી તેથી કમળાને પછાત રાખવાના સઘળા વિચાર હવે તેનાં હૃદયમાંથી દૂર થઈ ગયા. કમળાનાં ધૈર્યે તેને કેવી સ્હાય આપી? આજ સુધી ધૈર્ય રાખી તેણે પતિની આજ્ઞા કેવી પાળી હતી? તેનું જીવન બીજી મહિલાઓ માટે કેવું શિખામણ રૂપ થઈ પડયું હતું? પતિ સાથે વરઘોડામાં ફરવાથી તેની ખ્યાતિ મેળવવાની આકાંક્ષા શું હવે પુરી નહિ થાય? શું તે હવે છુટ મળતાં મહિલા મંડળમાં માન પામી પ્રમુખ સ્થાન નહિ ભોગવે? ઇશ્વિરે તેને હવે બધુંય મેળવવાની તક આપી.

ચાહ પી નટવરસિંહ તેને ત્યાં ગયો. દંપતિ એકલું રહ્યું.

નૌત્તમલાલ ઉંડા વિચારમાં બેઠો હતો. તે અચચુચ બોલી ઉઠયો. "વ્હાલી, તું મને માફી આપીશ કે નહિ?"

"શાની માફી પ્રાણનાથ?

"મેં તને આજ સુધી કારાગૃહમાં રાખી તારા સઘળા હકો છીનવી લીધા છે. તને એક ગુલામડી કરતાં પણ અધમતર સ્થિતિમાં રાખી છે. તારા ઉપર મેં ન છાજતી સખ્તાઇ વાપરી છે. તારી આશાના રોપાને મેં ઉખેળી નાખ્યા છે. તારી વિદૂતા અને ખ્યાતિના

સૂર્યને મેં રાહુ બની ઘેર્યો છે. તારાં સુખને દુર્ગમાં કેદ કર્યું છે. તારાં જીવનને નાઉમેદી ભર્યું—અકારૂં બનાવ્યું છે. તારાં હૃદયમાં ચિંતાનું બીજ વાવ્યું છે. અહા! તે બધું તું અદ્યપિ મુંગે મોઢે સહન કરતી આવી છું. તારી ફરજ અદા કરવામાં તેં ન્યૂનતા રાખી નથી—બલ્કે તેથી પણ વધારે કર્યું છે. મારો સગવડ તથા સુખની ખાતર તેં કેવાં કેવાં સ્વાર્પણ કર્યાં છે; કેવી કાળજી રાખી છે. મારી મરજી, આજ્ઞા, જુલ્મને તું કેવી તાબે થઈ છું. અફસોસ! એ બધાંનો મને હવે પસ્તાવો થાય છે. એ બધું મેં ઇરાદાપૂર્વક કર્યું છે. હું તારી કિમ્મત બરાબર સમજું છું પરંતુ મારા સ્વાર્થને અંગે મારે તે બધું કરવું પડયું છે. તું સ્ત્રી કર્તવ્ય નિષ્ઠાના આદર્શરૂપ છે. તારા જેટલો સ્નેહ મારા જેવાં વર્તનવાળા પતિ ઉપર અન્ય મહિલા ભાગ્યેજ રાખી શકે. મેં તારા અને તારી મા વચ્ચેના સહવાસને પણ લૂંટી લીધો હતો. વ્હાલી તારી આવી તાબેદારીએ મને ઉંડું અને ઘણું શિક્ષણ આપેલું છે. મારી ગુરૂ થઇ છું. તારાથી મને બેહદ જ્ઞાન મળ્યું છે. તેથી છેવટ **क्षन्तव्यो हं दयित प्रणये !**—એજ કહી શકું છું.'


"વ્હાલા, વ્હાલા! હું આવા શબ્દોને માટે બિલકૂલ લાયક નથી. મેં જે કર્યું છે તે માત્ર મારી ફરજ અદા કરવા ઉપરાંત બીજું કાંઇ કર્યું નથી. આપનો સ્વાર્થ એ મ્હારો પહેલો સ્વાર્થ. પ્રથમ પતિ અને પછી પત્ની. આપ સુખી તો હું પહેલીજ સુખી. હું તો આપની દરેક સ્થિતિની ભાગીઅણ. જો હું આપની દરેક સ્થિતિથી સંતોષ માની તેમાં ભાગ ન લઉં તો મેં મારી ફરજનો અનાદર કર્યો કહેવાય. આપને આવી રીતે પશ્ચાતાપ કરવો ઘટતો નથી. હું આપને અર્પણ થઇ ચુકી છું. આપની ઇચ્છાને અધીન રહેવાનોજ મારો અધિકાર છે. આપની સેવા એજ મારા માટે મિષ્ટ મેવા છે. આપની

સ્નેહદૃષ્ટિ એજ મારૂં પરમસુખ. મેહ વિના વિશ્વ દુઃખી તેમ આપના નેહરૂપી મેહ વિના હું દુઃખી; આપજ મારૂં સર્વસ્વ. મારૂં જીવન આપનાં જીવન સાથે જોડાએલું છે. મારૂં કલ્યાણ આપને પ્રસન્ન રાખવામાંજ સમાએલું છે."

"પરંતુ દયિતે! મને એક બીજી ચિંતા થાય છે," નૌત્તમલાલ બોલ્યો. "આપણને હજુ ઇશ્વરે એકે સંતાન આપ્યું નથી. તને પણ આવો વિચાર આવતો હશે. હું જાણું છું કે બાળકો ઇચ્છિવાં એ સ્ત્રીઓનો સ્વભાવ છે. તને એવી ઇચ્છા થતી હોય તેમાં કાંઇ આશ્ચર્ય નથી. તને અત્યાર સુધી ભોગવેલી કારાગૃહ જેવી કેદ અસહ્ય લાગતી; પરંતુ એકાદ શિશુ તારા ઉત્સંગમાં રમતું હોત તો તને એ કાંઈ જણાત નહિ. કેમ ખરૂં કે નહિ, રસિકા?"

છેલ્લું વાક્ય બોલી તેણે કમળાને પરિષ્વજમાં લઈ પુરા ભાવથી ચુમી. તે આગળ બોલવા જતો હતો પરંતુ કમળાએ તેના ઉત્સંગમાં સુતાં સુતાં તેના ઓષ્ટ ઉપર તેની કુમળી હથેલીઓ વડે સીલ માર્યો.

"વ્હાલા," તે ગણગણી, "મને તમારા સ્નેહ સિવાય બીજી કાંઈ તૃષ્ણા નથી."



પરિચ્છેદ ૧૯ મો.

બીજે દિવસે સવારે આઠ વાગ્યે નૌતમલાલ તથા કમળાને રસિકમણીસિંહજીને ત્યાં જવાનું હતું. વરઘોડો ત્યાંથી ચડાવવાનું નક્કી કર્યું હતું. તેથી તે બેય જણાં વ્હેલાં પરવાર્યાં. સાત વાગતાં નટવરસિંહ ગાડી લઈ આવ્યો. તેમાં ચાર મોટી ટ્રંકો હતી. ટ્રંકો સહિત તે ઘરમાં ગયો. તે કમળા સન્મુખ મૂકાવી બોલ્યોઃ " આ પેટીઓ તેમની અંદરની સઘળી વસ્તુઓ સહિત હું તમને ભેટ આપું છું, કમળા બ્હેન. માટે તેનો સ્વીકાર કરો."

કમળાએ તે પેટીઓ ઉઘાડી જોઇ તો તેમાં સ્ત્રીને પહેરવાનાં જરી, રેશમ અને મખમલનાં કપડાં હતાં. તેની સાથે ઘરેણાની એક મોટી પેટી હતી. તે ઉઘાડી જોયું તો તેમાં ઉમદા અને કિમ્મતી દાગીના હતા. નટવરસિંહે ખુલાસો કર્યો કે તે બધાં તેની સ્વર્ગસ્થ અર્ધાંગનાનાં હતાં. તેને નિરૂપયોગી હતાં તેથી તેણે કમળા બ્હેનને આપી દેવાં એ ઉચિત ધાર્યું.

કપડાં આશરે ચાળીસ જોડી હતાં. તે બધાં કમળાને બરાબર થાય તેવાં હતાં. નટવરસિંહની પત્નીનો પોશાક તે મુંબઈમાં રહેતી હોવાથી કમળાના જેવોજ સાડી, પોલકાં વિગરેનો હતો; કપડાંની કિમ્મત લગભગ દસ હજાર રૂપીઆની અને દાગીના લગભગ પચાસ હજાર રૂપીઆના હતા. આપણે જાણીએ છીએ કે તેની પાસે પુષ્કળ

ધન હતું તેથી તેની પત્ની માટે આવાં કપડાં અને દાગીના હોય તેમાં વિસ્મયકારક નહોતું. તેમજ તે બધાં તે કમળાને આપે તો તેથી તેને કાંઈ જણાય તેમ નહોતું.

કેટલીક આનાકાની કરી અત્યાગ્રહ થતાં સ્વીકાર્યાં. પોતાનાં ઉમદાં તથાપિ આથી હલકાં કપડાં કાઢી નાખી કમળાએ આમાંથી એક સૌથી ભારે સૂટ (જોડી) ધારણ કર્યો. દાગીના પણ આછ-કલાઇ ન જણાય તેટલા પહેર્યા. તેને કિમ્મતી વસ્ત્રાભુષણ ધારણ કરવાનો શોખ નહોતો. તેને સદા સાદાં કપડાંજ ગમતાં. નટવરસિં-હના આગ્રહથી તેણે આજ આવાં ભારે વસ્ત્રાભુષણ પહેર્યાં હતાં. નટ-વરસિંહને આટલી બધી ઉદારતા દાખવવાનું શું કારણ હશે ? તે ઉમદા ગુણવાળો હતો. કમળા તથા નૌત્તમલાલ સાથે તેને સહોદર સમાન સ્નેહ થઇ ગયો હતો. બ્હેનને સ્નેહની નિશાની દાખલ આપે એ સ્વાભાવિક હતું. વળી તે વિધુર અને સંતતિહીણ હતો અને ફરી લગ્ન કરવું નહોતું એટલે કપડાં પડ્યાં પડ્યાં સડી જાય તેમ હતું તેથી કમળાને આપી તે બધાંનો સદુપયોગ કરવાનો હતો. તેની અ-ઢળક લક્ષ્મી આવા સદુપયોગમાંજ વાપરવાનું તેણે ધાર્યું હતું. તેની સ્થિતિ નૌત્તમલાલ જેવાને તો પોતાને ત્યાં નોકર રાખવાની હતી છતાં પોતાની સ્થિતિ–પદવીનો વિચાર કર્યા વગર તે તેના નાનાભાઈ તરીકે વર્તતો. એનું કારણ માત્ર નૌત્તમલાલમાં વિદ્યાને અંગે તેના કરતાં મોટાઇ હતી. **विद्या राजसु पूजिता न तु धनं** એ ભતૃ-હરિના શબ્દોને નૌત્તમલાલની આ ફતેહ સાચા ઠરાવતી હતી.

રસિકમણીસિંહને ત્યાંથી લૅન્ડૉ ગાડી આવતાં નૌત્તમલાલ, કમળા અને નટવરસિંહ તેમાં આરૂઢ થઈ ઉપડી ગયા. છત્રી પાડી નાખી

હતી. કમળાની અજાણી આંખ્યોને નવું નવું જોવાનો લાગ મળ્યો. તેને તો આજથી નવા અવતાર જેવું થયું. ધમધમાટ કરતી ગાડી રસિકમણીસિંહજીને ત્યાં જઈ ઉભી રહી. તેની ઇમારત ભવ્ય અને ભપકાદાર હતી. આખી ઇમારત અને રસ્તાના થોડાક ભાગમાં ધ્વજા પતાકા અને બીજી સુંદર વસ્તુઓથી શણગાર કરવામાં આવ્યો હતો. ગાડી દ્વાર સમીપ જઈ ઉભી રહેતાં રસિકમણીસિંહજી તથા કેટલાક મિત્રો તેમને લેવા સારૂ દ્વાર સુધી સામા આવ્યા. ત્યાંથી તે બધા એક વિશાળ અને ભપકાદાર દિવાનખાનામાં ગયાં. ઉમદું ફર્નિચર ગોઠવેલું હતું. જુના રાજશાહી રિવાજ મુજબ છતમાં ઝુમ્મર આદિ બીલોરી કાચની શૃંગાર વસ્તુઓ લટકાવેલી હતી. શેત્રંજીઓ પણ સુંદર અને કિમ્મતી હતી. ત્યાં લગભગ સાઠ મોટા મોટા પુરૂષો એકઠા થયા હતા. કેટલાકની પત્નીઓ પણ સાથે આવી હતી. રસિકમણીસિંહજીની અર્ધાંગના પ્રગલ્ભ કુંવરબા બધીઓ સાથે બેસી વાતો કરતી હતી સ્ત્રીઓ બાજુના હોલમાં હતી. બે હોલની વચ્ચમાં આવેલું બારણું બંધ કરવામાં આવેલું નહોતું કારણ કે આ ગૃહે બીજાની માફક પડદાનો રિવાજ નહોતો. સારાં માણસો અને મિત્ર મંડળ સાથે બોલવા ચાલવામાં પ્રગલ્ભ કુંવરને વાંધો નહોતો. આ મેળાવડામાં વ્યક્તિ કે પંક્તિ ભેદ નહોતો. સહુ પોતાનાં ખરાં સગપણ સિવાય ભ્રાતા ભગિનીના સંબંધથી વર્તતાં. કમળા સહુને ઉત્સાહ અને હર્ષ સાથે મળી. તેનાં વાક્ચાતુર્યથી તેની બધી ભગિનીઓ ચકિત થઇ. કમળા અત્યારે તેનામાં રહેલી સઘળી ખુબીનો વ્યય કરતી હતી. આવી મહાન મહિલા આદિત્યનગરના એક ખુણામાં પ્રકાશ્યા વિના પડી રહી એ કેવો ઘોર ગજબ! માત્ર દૃષ્ટિ વિનિમયથીજ સહુનો તેના પ્રત્યે અનન્ય સ્નેહ થઈ ગયો. ચાહ નાસ્તો આવતાં સહુએ

લીધો. એટલામાં બહાર વાજિંત્રો વિગેરે તૈયાર થઈ ગયાં. વરઘોડામાં સાથે જવા સારૂ કેટલાંક માણસો આવીને રાહ જોતાં ઉભાં હતાં. ચાહ નાસ્તો અને પાન લેવાઇ રહ્યા બાદ સ્ત્રીઓ અને પુરૂષો એકજ હોલમાં એકઠાં થયાં. નૌત્તમલાલ અને કમળાને સુંદર ફુલના હાર આરોપવામાં આવ્યા અને અત્તર લગાવી સુગંધી પાણી છાંટવામાં આવ્યું. એકત્ર થયેલાં સર્વને અત્તર વિગેરે આપવામાં આવ્યું.

થોડીવારે કમળા તથા નૌત્તમલાલ એક ભારે કિમ્મતના દરબારી રથમાં બેઠાં હતાં. બીજા હોદ્દેદાર પુરૂષો સહુ સહુની ગાડીઓમાં અને મહિલાઓ પણ ગાડીઓમાં બેઠી હતી. આગળ પાછળ અસંખ્ય માણસોની ઠઠ હતી. વાજાં મધુર સ્વરથી વાગતાં હતાં. રાજ્યનું બેન્ડ સર્વનાં મન હરી લેતું. કેટલીક મેડીઓના જરૂખામાં બેસી સ્ત્રી પુરૂષો આ વરઘોડો નિહાળતાં હતાં. સ્થળે સ્થળે તેમના ઉપર છુટાં પુષ્પ, પુષ્પના દડા, ગજરા, સુગંધી જળ વિગરેની વૃષ્ટિ થતી હતી. આ વરઘોડાને સામાજીક વરઘોડાનું અભિધાન આપવામાં આવ્યું હતું. સર્વ લોકોમાં આનંદ વર્તી રહ્યો હતો. આખા શહેરમાં ફરી વરઘોડો આશરે ચાર કલાક પછી રસિકમણીસિંહજીની મહેલાતે પાછો આવી પહોંચ્યો. જમવાનું આમંત્રણ આપ્યા વગરના મિત્રો વિખરાયા. ગજેન્દ્ર અને ચંદ્રિકા આ મેળાવડામાંથી દૂર રહ્યાં નહોતાં. કમળા ચંદ્રિકાને મળી ત્યારે બેય સખીઓનાં હૃદય ભરાઇ આવ્યાં. નેત્રદ્વારા હૃદયનો ભાવ વ્યક્ત થયો હતો. બન્ને સખીઓ પૂર્ણ સ્નેહ ભાવથી પરસ્પર આલિંગીને મળી. ગજેન્દ્ર અને ચંદ્રિકાને સાથે જમવાનું આમંત્રણ હતું. રસિકમણીસિંહજીનાં રસોડાં આગળ મોટી ચોકડી બાંધેલી હતી. તેને ત્યાં ઉચ્ચ જ્ઞાતિના મિત્રો અવારનવાર આવતા અને જમવા રોકાતા. તેમજ તેને ત્યાં ઘણીવાર મિત્રોને ભોજન

આપવામાં આવતાં તેથી આ મોટી ચોકડી કરાવવી પડી હતી. બધાયને માટે સુંદર અને સુંવાળા બબ્બે પાટલા હારબંધ ગોઠવવામાં આવ્યા હતા, સહુને ચાંદીનાં વાસણોમાં પીરસવામાં આવ્યું હતું. ભોજન પણ હુંશીઆર રસોયાના હાથથી તૈયાર કરાવવામાં આવ્યું હતું. સ્ત્રીઓ અને પુરૂષોની હારો જુદી જુદી હતી. જ્ઞાતિ ભેદને અંગે દરેક જ્ઞાતિ વચ્ચે અમુક અંતર રાખવામાં આવેલું હતું. અહીં શંભુમેળા જેવી સ્થિતિ નહોતી. તેથી આ બધાં વિરૂદ્ધ મતનાં હતાં. તેઓ કહેતા કે તેઓ જ્ઞાતિ રિવાજનો પરિત્યાગ કરી સાથે બેસી જમવાની મૂર્ખતા નથી કરતા તેથી શું તેમના વચ્ચે સ્નેહ નથી થતો કે સાથે બેસી ભોજન ન કર્યું કહેવાય! એક સ્થળે બેસી જમીએ એટલે તે સાથેજ ભોજન લીધું કહેવાય. કાંઇ નજીક બેસી જમતાં એક બીજાંનો સ્પર્શ કરે તોજ સાથે ભોજન લીધું કહેવાય એમ નથી. આ બધા જુદી જુદી જ્ઞાતિયોના હતા છતાં આવી રીતે સાથે ભોજન લેતા અને તેમનામાં સમાજવાદ પૂર્ણતઃ પ્રકાશતો હતો. પાટલા સહુ સહુની જ્ઞાતિ અને દરજ્જાના પ્રમાણમાં ગોઠવાયા હતા.

પૂર્ણ સ્વાદથી જમી સહુ દિવાનખાનામાં ગયાં. ત્યાં પાનસોપારી ખાઈ એકવાર ફરીથી અત્તર ગુલાબ વ્હેંચાયા પછી આ સામાજીક સંમેલન વિસર્જિત થયું.



પરિચ્છેદ ૨૦ મો.

નોત્તમલાલ અને કમળા એયની પ્રશંસા હવે આખા ગામમાં ફેલાઇ રહી.

કમળા એક દિવસે તેના હૉલમાં તેના કબાટ આગળ બેઠી હતી તે વખતે નટવરસિંહ ત્યાં અચાનક જઈ ચડયો. કપાટની એક અભેરાઇમાં કમળાએ લખેલાં નોવેલો–કાવ્યો–લેખો વિગરેનાં હસ્ત લિખિત પૃષ્ટોનો એક મોટો થોકડો પડેલો હતો. તે પૈકી એક લઇ કમળા અમરતી વાચતી હતી એવામાં નટવરસિંહ ત્યાં જઇને ઉભો રહ્યો હતો. તે એવો અચબુચ ગયો કે કમળા ચેતી શકી નહિ.

"શું છે એ કમળા બ્હેન?" તેણે કમળાના હસ્તાક્ષર ઓળખી પ્રશ્ન કર્યો.

"એ તો મારૂં લખેલું 'હૃદયાદ્વૈત' નામનું નોવેલ છે," કમળા અચકાતી અચકાતી બોલી. તેણે જવાબ ઉડાવવાનો પ્રયત્ન કર્યો પણ તે ચાલી શક્યો નહિ.

"જોઉં" કહીને નટવરસિંહે તે હાથમાં લીધી અને વાંચવા લાગ્યો. તેના ચ્હેરા ઉપર જુદા જુદા રંગ આવીને બદલાવા લાગ્યા.

"શું આ નવલકથા તમારી લખેલી છે? તે બહુજ સારી છે!"

"એવાં તો અનેક છે!" કમળાથી અંતર્જ્ઞાન વગર એકાએક

બોલી જવાયું. તેનો તેને પસ્તાવો થયો પરંતુ મોઢામાંથી નીકળી ગયા પછી પાછા ખેંચી શકાય નહિ.

"શું કહોછો તમે કમળા બ્હેન!"

હવે કબૂલ કર્યું તો બધુંય કરવું એમ ધારી કમળાએ કાંઈ વાત ગુપ્ત ન રાખતાં બધીય કરી અને બધાં પુસ્તકો બતાવ્યાં. નટવરસિંહ આથી હેરત પામી ગયો.

"પરંતુ આ બધાં તમે લખ્યાં ક્યારે?"

"શું તમે એમ જાણો છો કે મારા પતિ મને એકલી મૂકતા ત્યારે હું માત્ર મારાં એકાંત વાસના સંતાપનાજ વિચાર લાવી શૂન્ય મૌનધારી બેસી રહેતી હતી? ના મેં મારા સઘળા વખતનો વાંચવા લખવામાં સદુપયોગ કર્યો છે. તે ચિડાય એટલા સારૂં મેં આ વાત કોઈ દહાડો કાઢી નથી. તેમજ આ બધાં હું સંભાળ–સાવચેતીપૂર્વક છાનાં રાખતી."

નટવરસિંહ આથી બહુજ પ્રસન્ન થયો અને નૌત્તમલાલને બોલાવ્યો. નૌત્તમલાલ આવ્યો તો તેણે કમળાનાં લખેલાં પુસ્તકોનો જથ્થો તેના સામે મૂકી કહ્યું કે—"એ બધાં કમળા બ્હેને લખ્યાં છે. તેમનામાં કેવી અદ્દભૂત–અલૌકિક શક્તિ છે!"

નૌત્તમલાલ એક પછી એક પુસ્તક ઉપાડી નામ વાંચતો ગયો. એ કાવ્યો સિવાય બધીએ ન્હાની અને રસિક નવલકથાઓ હતી. તેમનાં નામ આપણે વાચકથી છાનાં રાખશું નહિ. તે નીચે પ્રમાણે હતાં:—

નવલકથાઓઃ—

૧ પતિવ્રતા પાર્વતી.
૨ સદ્દગુણી સરોજ.
૩ સ્નેહી સરલા.
૪ ચાલાક ચંદ્રિકા.
૫ બુદ્ધિવંત બાલસુંદરી.
૬ નમ્ર નર્મદા.
૭ હ્રદયાદ્વૈત.
૮ સંસાર નિઃશ્રેણી.
૯ ઉચ્ચ નારી જીવન.
૧૦ પ્રેમ અને ભક્તિ.
૧૧ મહિલા મહત્વ.
૧૨ પરોપકારી પદ્મા.
૧૩ પતિ અને પત્ની.
૧૪ માતા અને બાળ.
૧૫ નિર્દોષ નલિનીકુંવર.

કાવ્યોઃ—(૧) સતી સાવિત્રી. (૨) અબળાનો અવસાન.

મારી મોંઘેરી મણી—આ ચોપડી હજુ અપૂર્ણ હતી. તેમાં તેની માના જીવન વૃત્તાંત, સ્નેહ, વિગેરેનું ઉમેદી રીતે આળખેલું ચિત્ર હતું. આ તેની માના મર્ણ પછી તેણે લખવા માંડયું હતું.

આ બધી જોઈ તેમાંની કેટલીકનાં અમુક પાનાં વાંચ્યાં તો તેમાં **યથાનામા તથાગુણા** જેવાંજ ચિત્ર પાડેલાં દીઠાં અને તેથી નોત્તમલાલના અચંબાનો પાર રહ્યો નહિ.

“કમળા આટલી બધી મહેનતુ અને ઉત્સુક લેખક છે તેની તો મને આજેજ ખબર પડે છે,” નટવરસિંહ સામું જોઈ તે બોલ્યો.

કમળાના લેખોનો સંગ્રહ પણ તે જોઇ ગયો અને કમળા સામું કુતૂહલ સાથે તાકી રહ્યો.

“તે બહાર પડવાને માટે અમસ્તાં આકાંક્ષા નહિ રાખતાં હોય,” નટવરસિંહે જવાબ દીધો.

નટવરસિંહે આ બધાં પુસ્તકોની હજાર હજાર નકલ મુફત છપાવી આપવાનું વચન આપ્યું અને તે લઈ ગયો.

ત્યાર પછી થોડીવાર સાથે બેસી આનંદગોષ્ટિ કરી નટવરસિંહ ગયો. તે સીધોજ પ્રેસવાળા પાસે ગયો અને ઉપર પ્રમાણે નકલો તૈયાર કરવાની વરદી આપી.

ક્રમે ક્રમે ચાર ચાર પાંચ પાંચ દિવસને અંતરે પુસ્તકો તૈયાર થવા લાગ્યાં. જેમ જેમ તૈયાર થતાં ગયાં તેમ તે પ્રસિદ્ધ થઈ વેચાવા પણ લાગ્યાં.

કમળાનાં બધાંય પુસ્તકોને સર્વત્ર આવકાર મળ્યો. હજાર હજાર નકલો તો જોતજોતામાં ખપી ગઈ અને બીજી આવૃત્તિયો બહાર પાડવી પડી.

કમળાનાં પુસ્તકો વાંચી તેની ભાષા, લખવાની છટા, જ્ઞાન, વિચાર વિગરેથી લોકો છક થઈ ગયા. તેની પણ તેના પતિના જેટલીજ નામના થઈ. ન્યૂસપેપરોમાં તેના માટે ઉમદા અભિપ્રાયો પ્રકટ થવા લાગ્યા.

કમળાને ત્યાં હવે અસંખ્ય સ્ત્રી મિત્રો બેસવા ઉઠવા આવતી. તે પણ બધે જતી. કમળાની સામાજીક સ્થિતિ હવે ઘણીજ વધી ગઇ. તેને સર્વત્ર માન મળતું.

ચંદ્રિકાની સાથે તેને મિત્રાચારી પાછી તાજી થઈ. ચંદ્રિકા તો પડી પાથરી કમળા પાસેજ રહેતી. તે તો તેનાથી ઘેલી બની ગઇ હતી.

ચંદ્રિકાએ થોડા દિવસમાં "કળાવાન કમળા" એ નામનુ પુસ્તક લખી બહાર પાડયું. તેમાં કમળાની જીવનરેખા સારી રીતે આપવા ઉપરાંત કમળાનાં ઉપરોક્ત પુસ્તકોનું સંક્ષિપ્તમાં અવલોકન કર્યું હતું. કમળાની લખવાની ખુબી એવી હતી કે દરેક પુસ્તકમાં જેવું તેનું નામ તેવીજ તેમાં રસપ્રદ હકીકત હતી. આ પુસ્તક તેણે કમળાને અર્પણ કર્યું.

"કેમ હવે તો અર્પણ પત્રિકા સ્વીકારવાને કાંઇ બાધ નથીને?" સંમતિ મેળવતી વખતે ચંદ્રિકા સહજ ઉપહાસથી બોલી હતી.

"ના બ્હેન ના. રાઇનાં પડ રાત્રે ગયાં. એ યુગ હવે ગયો. આપણે તો હવે નવા યુગ કે નવા અવતારમાં આવ્યાં છીએ." કમળાએ હસીને જવાબ આપ્યો હતો.

ચંદ્રિકાનાં આ પુસ્તકનું પણ સારૂં સન્માન થયું.

કમળા હવે સ્વર્ગીય જીવન ગાળવા લાગી. નૌત્તમલાલ તેને લેશ માત્ર પણ આડે આવતો નહોતો. વળી તેને નટવરસિંહ જેવાનું ઉપરાણું હતું.

આ સામાજીક વરઘોડા પછી નૌતમલાલે આધુનિક રાજદ્વારી ચળવળ અને સાહિત્યના ઉત્કર્ષમાં આગળ પડતો જાહેર ભાગ લેવા માંડયો. હવે તેને લક્ષ્મીની કામના રહી નહોતી. જય, કીર્તિ, લક્ષ્મી ઇત્યાદિની મુમુક્ષા તો હવે દૂર થઇ ગઇ હતી. તેણે રાજદ્વારી અને બીજા આત્મવાદના વિષયો ઉપર બીજાં ત્રણ પુસ્તકો લખી કાઢયાં. તેમનાં વેચાણથી તે વીસ હજાર રૂપીઆ કમાયો. તેનાં પુસ્તકોની હજુ ઘરાકી ચાલુજ હતી. પ્રેસવાળાનાં પણ ભાગ્ય ખુલ્લી ગયાં હતાં. તેઓ તેનાંજ પુસ્તકો છાપવામાં નવરા થતા નહિ. દરેક પુસ્તકની

આવૃત્તિ ઉપર આવૃત્તિની જરૂર પડતી. સર્વત્ર નૌત્તમલાલ નૌતમલાલ થઇ રહ્યો હતો. તેનાં યશગાન ગવાતાં હતાં. પેપરોમાં તેનાં જાહેર જીવન વિશે લીડરો (તંત્રીના મુખ્ય લેખો) આવતા. તેની કેટલીક તો કવિતાઓ થઇ હતી.

નટવરસિંહ સિવાય બીજા બધા કરતાં તેમને રસિકમણીસિંહજી અને તેમનાં રાણી પ્રગલ્ભ કુંવરબા સાથે અતિશય ગાઢ સંબંધ થયો. એક બીજાં પ્રસંગોપાત એક બીજાને ત્યાં જઈ આનંદ કરતાં. રસિકમણીસિંહની સ્થિતિ ઘણીજ જબરી હતી છતાં તે આમની સાથે સમાનતાપૂર્વક વર્તતાં. નટવરસિંહને તે બધાં નૌતમલાલે તેને આપેલાં " સેઇન્ટ નટવરસિંહજી "નાં નામથીજ બોલાવતાં.

નટવરસિંહે તેની નદીના કિનારા ઉપરની અંગિત મિલ્કત–બંગલો, ઉદ્યાન અને તેમાંની બધી જંગમ મિલ્કત નૌત્તમલાલ અને કમુળાગૌરીનાં સંયુક્ત સ્વામીત્વથી અર્પણ કરી દીધી. પોતે તેમની સાથે રહેતો. મિલ્કતની માલેકી નૌત્તમ કમળાની હતી. તેની જાગીરની દરકાર રાખવા જેવું નહોતું. તે જીવે ત્યાં સુધી ખેડુતોને મફત આપી દીધી હતી, પોતાને ખાનગી વાપરવા માટે જે પૈસા જોતા તે ત્યાંથી મંગાવી લેતો. તેણે પણ સાહિત્યની ઉત્તમ સેવા બજાવી હતી અને હજુ બજાવ્યો જતો હતો. તે કાંઈ ન્હાનો સુનો લેખક નહોતો. તેમાંય વળી નૌત્તમલાલની તાલીમ મળી એટલે કહેવુંજ શું ! તે ગ્રંથ લખવા કરતાં અવલોકન કરવાનું કામ વધુ પસંદ કરતો. તેથી વાચન વિસ્તૃત રાખી સારાં પુસ્તકોનાં અવલોકન લખતો.

ઉપસંહાર.

રસિકમણીસિંહજી આદિત્યનગરની રાજપ્રકરણી સભામાં રાજપક્ષાવલંબી સભ્ય હતા. નૌત્તમલાલ પણ તેજ વિચારના હતા તેથી તેમને બહુ સારો મેળ થયો. રાજ્યના દિવાન સાથે પણ નૌત્તમલાલને હવે રસિકમણીસિંહજી મારફતે સારો સંબંધ થઇ ગયો હતો. તે ત્રણે જણા પ્રસંગોપાત રસિકમણીસિંહજીને ત્યાં મળી રાજ્ય સંબંધી વિચાર ચલાવતા. આ સભા સ્થાપી મહારાજા સાહેબ પણ પસ્તાયા હતા. હાલ તો સભાનું છેક પડી ભાગ્યું હતું. કાંઇ કામકાજ કરવામાં આવતું નહોતું. મહારાજા સાહેબ આ સભાને કાઢી નાખવાનો વિચાર કરતા હતા. પેલા ત્રણ રાજદ્વારી પુરૂષો પણ ભેગા થઇ વખતો વખત એજ મસલત ચલાવતા હતા. એક દિવસ ત્રણે જણાની મહારાજા સાહેબે મૂલાકાત લઇ તેમની સલાહ માગી. તેઓ પણ સદા એજ વિચાર ચલાવતા હતા એવું તેમણે નિવેદન કરતાં મહારાજા સાહેબ તેથી બહુજ પ્રસન્ન થયા.

તે વખતે મહારાજા સાહેબે નૌત્તમલાલને દરબારી નોકરીમાં દાખલ કરવાની ઇચ્છા જણાવી. રસિકમણીસિંહજીને પણ મોટો હોદ્દો આપવાની ઇચ્છા જણાવી. કેટલીકવાર એ સંબંધી વાતચિત ચાલ્યા બાદ રસિકમણીસિંહજીને માસિક પાંચ હજારના પગારથી નાયબ દિવાન અને નૌત્તમલાલને બે હજારના પગારથી ચીફ સેક્રેટરીની જગ્યા આપવાનું નક્કી થયું. બેઉ જણાએ તે સ્વીકારી અને આ સભા નાબુદ કરી તેમણે રાજપ્રકરણ હાથ લેવાનું માથે લીધું.

સભાનું વિલોપન થઈ ગયું. દિવાન, નાયબ દિવાન અને ચીફ સેક્રેટરી હવે રાજપ્રકરણ તેમના હાથમાં લઈ ચલાવવા લાગ્યા. નૌત્તમલાલે પૂર્ણ શાસ્ત્રોકત રીતિથી રાજપ્રકરણ ચલાવવું શરૂ કર્યું. રાજા પ્રજા બન્ને આ સભાને વિસરી જઈ નૌત્તમલાલની નવીન રાજનીતિથી સંતુષ્ટ થયા. પ્રજા એથી સંતુષ્ટ થઈ એટલે તેને સભા વિલુપ્ત થતાં કાંઈ ખળભળાટ કરવાની ગરજ રહી નહિ. રાજા પ્રજા વચ્ચે ગાઢ સ્નેહ અને પૂજ્યભાવનાં મુળ દૃઢ થયાં. આ નવીન રીતિ "નૌત્તમ રાજનીતિ"થી ઓળખાવા લાગી. બીજાં કેટલાંક દેશી રાજ્યો જ્યાં સભાઓથી કામ ન થતું ત્યાં પણ તેનું અનુકરણ થવા લાગ્યું.

એક દિવસ સાંજે "સરલોદ્યાન"ની અગાસીમાં બેસી નૌત્તમલાલ, નટવરસિંહ અને કમળાગૌરી પુષ્પ પરિમળથી મિશ્રિત થયેલી અનિલ લહરીઓનો ઉપભોગ કરતાં બેઠાં હતાં. નૌત્તમલાલ અને કમળાનું દમ્પતિ હવે દામ્પત્ય અને સાંસારિક સુખની પરાકાષ્ટાએ પહોંચી ગયું હતું. કમળાની મા આ બધું જોવા જીવી હોત તો તે કેવી રાજી થતી હોત !

સાહિત્ય અને તેનાં ઉપાંગો વિશે તે અત્યારે બેઠાં બેઠાં વિવેચન ચલાવતાં હતાં. કમળાને હવે તો વિવેચન કરવાની પૂર્ણ સ્વતંત્રતા મળી ચુકી હતી.

તે બોલી: "મારા અભિપ્રાય પ્રમાણે સાક્ષર પુરૂષના માથા ઉપર સર્વ વ્યક્તિને એકજ પિતાનાં બાળકો તરીકે વર્તવાની પ્રેરણા કરવાનું અને તેમને ખરા જીવન હેતુને સમજાવવાનું ઈશ્વર પ્રત્યે કર્ત્તવ્ય–ઋણ રહેલું છે. બુદ્ધિવંતને વિશ્વની વસ્તુસ્થિતિ સાથે ગાઢ પરિચય હોવો જોઇએ. તે સિવાય તેઓ પોતાનો ઉપદેશ બરાબર

કરી શકે નહિ. પોતાનું આ કર્ત્તવ્ય બજાવી આ ઋણુ વસુલ આપી કૃતકૃત્ય થવું એજ જીવન સાફલ્ય છે. સાહિત્યજ ખરૂં ઉપદેશનું સાધન છે. સાહિત્યમાં સર્વ વસ્તુ સમાએલી છે. તેના વડેજ સર્વ વસ્તુ પ્રાપ્ત થઇ શકે છે. સાહિત્ય ઉપાસક થવું એ દિવ્ય જીવન ગાળવા જેવું છે. સાહિત્યને કોઈ વસ્તુ અગમ્ય નથી. ટુંકામાં કહીશ કે સાહિત્ય એજ વિશ્વનો ખરો આધાર છે. એના અભ્યાસથીજ ઇશ્વર પ્રાપ્તિ થાય છે. સાહિત્યમાં ઈશ્વર છે અને ઈશ્વર સાહિત્યમાં છે.”

સમાપ્ત.

